# મારું વીલ અને વારસો



: લેખક :

પં. શ્રીરામ શર્મા આચાર્ય

# મારું વીલ અને વારસો

: લેખક :

પં. શ્રીરામ શર્મા આચાર્ય

: પ્રકાશક :
યુગનિર્માણ યોજના
ગાયત્રી તપોભૂમિ, મથુરા
શાખા : અમદાવાદ

સુધારેલી આવૃત્તિ : ૨૦૦૬ કિંમત રૂા. ૧૮

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | આ જીવનયાત્રાના ગંભીર પર્યવેક્ષણની જરૂર | ૫ |
| ૨. | જીવનના સૌભાગ્યનો સૂર્યોદય | ૯ |
| ૩. | સમર્થ ગુરુની પ્રાપ્તિ - એક અનુપમ સુયોગ | ૧૬ |
| ૪. | માર્ગદર્શક દ્વારા ભાવિ જીવનક્રમ સંબંધી નિર્દેશ | ૨૦ |
| ૫. | સોંપવામાં આવેલા કાર્યક્રમોનું તનમનથી પાલન | ૨૫ |
| ૬. | ગુરુદેવનું પ્રથમ તેડું, ડગલે ને પગલે પરીક્ષા | ૩૬ |
| ૭. | ઋષિતંત્ર સાથે દુર્ગમ હિમાલયમાં સાક્ષાત્કાર | ૪૭ |
| ૮. | ભાવિ રૂપરેખાનું સ્પષ્ટીકરણ | ૫૧ |
| ૯. | અણઘડ મન હાર્યું, હું જીત્યો | ૫૮ |
| ૧૦. | પ્રવાસનું બીજું ચરણ તથા કાર્યક્ષેત્રનું નિર્ધારણ | ૬૩ |
| ૧૧. | વિચારક્રાંતિનું બીજારોપણ, ફરીથી હિમાલયનું આમંત્રણ | ૭૪ |
| ૧૨. | મથુરાના કેટલાક રહસ્યમય પ્રસંગો | ૭૮ |
| ૧૩. | મહામાનવ બનવાની વિદ્યા જે હું શીખ્યો અને અપનાવી | ૮૨ |
| ૧૪. | ઉપાસનાનું સાચું સ્વરૂપ | ૮૩ |
| ૧૫. | જીવનસાધના ક્યારેય અસફળ થઈ નથી | ૮૯ |
| ૧૬. | ત્રીજી હિમાલય યાત્રા- ઋષિ પરંપરાનું બીજારોપણ | ૧૦૩ |
| ૧૭. | બ્રાહ્મણ મન અને ઋષિકાર્ય | ૧૨૨ |

| | | |
|---|---|---|
| ૧૮. | મારી પ્રત્યક્ષ સિદ્ધિઓ | ૧૩૫ |
| ૧૯. | ચોથો અને છેલ્લો નિર્દેશ | ૧૪૩ |
| ૨૦. | સ્થૂળનું સૂક્ષ્મમાં પરિવર્તન : સૂક્ષ્મીકરણ | ૧૫૬ |
| ૨૧. | આજે હું આ કરી રહ્યો છું | ૧૬૪ |
| ૨૨. | જીવનના ઉત્તરાર્ધનાં કેટલાંક મહત્ત્વપૂર્ણ નિર્ધારણ | ૧૭૯ |
| ૨૩. | આત્મીયજનોને અનુરોધ અને આશ્વાસન | ૧૯૪ |

# ૧. આ જીવનયાત્રાના ગંભીર પર્યવેક્ષણની જરૂર

સારાં અથવા ખરાબ ક્ષેત્રોમાં વિશિષ્ટ સ્થાન ધરાવતી વ્યક્તિઓની જીવનચર્યા સાથે જોડાયેલ ઘટનાક્રમ જાણવાની ઈચ્છા દરેકને થાય છે. કુતૂહલની સાથેસાથે એમાં એક એવો ભાવ હોય છે કે એમાંથી આપણને કામ લાગે એવું કંઈક મળે. ગમે તે હોય, પણ કથાસાહિત્ય સાથે જીવનચર્યાનો ઘનિષ્ઠ સંબંધ છે. તે રોચક પણ લાગે છે અને અનુભવ પ્રદાન કરવાની દૃષ્ટિએ પણ ઉપયોગી બને છે.

મારી બાબતમાં પણ અવારનવાર લોકો આવી પૂછપરછ કરતા રહે છે, પરંતુ એ જણાવવાનું હું ટાળી દેતો હતો. જે પ્રત્યક્ષ જીવનચર્યા છે તે બધા જાણે છે. લોકો તો જાદુ યા ચમત્કાર જાણવા ઈચ્છે છે. હું સિદ્ધપુરુષ હોવાથી તથા અનેક લોકોને મારી પાસે આવવાથી લાભ મળ્યો છે એ કારણે એ રહસ્યો જાણવાની ઉત્સુકતા છે. ખરેખર તો જ્યાં સુધી જીવતો રહીશ ત્યાં સુધી તો એ બધી વાતો માત્ર કિંવદંતીઓ જ બની રહેશે, કારણ કે મેં પ્રતિબંધ લાદી દીધો છે કે આવી વાતો રહસ્યના પડદા પાછળ જ રહે. જો એ દૃષ્ટિએ કોઈ મારી જીવનચર્યા વાંચવા ઈચ્છતું હોય તો તેણે પહેલાં મારી જીવનચર્યાનાં તત્ત્વદર્શનને સમજવું જોઈએ. કશુંક અલૌકિક અને વિલક્ષણ શોધનારાઓને પણ મારો જીવનક્રમ સમજવાથી નવી દિશા મળશે.

મારા જીવનવૃત્તાંતમાં કુતૂહલ તથા અતિવાદ ન હોવા છતાં સારગર્ભિત એવું ઘણું છે, જેનાથી અધ્યાત્મવિજ્ઞાનના વાસ્તવિક સ્વરૂપ અને એના સુનિશ્ચિત ફળને સમજવામાં મદદ મળે છે. અધ્યાત્મનું સાચું સ્વરૂપ ન જાણવાના કારણે લોકો એટલી બધી ભ્રમણાઓમાં ફસાય છે કે એના લીધે મળતી નિરાશાના કારણે તેઓ શ્રદ્ધા જ ગુમાવી બેસે છે અને એને પાખંડ માનવા લાગે છે. આજે આવા નાસ્તિકોની સંખ્યા ઘણી મોટી છે. તેઓ એકવાર ઉત્સાહપૂર્વક પૂજાપાઠ કરતા હતા એના બદલે હવે ગમે તેમ વેઠ ઉતારીને માત્ર ચિહ્નપૂજા કરે છે. એમનો આનંદ અને ઉત્સાહ મરી પરવાર્યો છે. આમ થવાનું કારણ એમને નિષ્ફળતા મળી

તે છે. ઉપાસનાનાં ફળ અને પરિણામ વિશે તેમણે સાંભળ્યું અને વાંચ્યું હતું એમાંનું કંઈ જ પ્રાપ્ત થયું નહિ. તો પછી વિશ્વાસ ટકે પણ કેવી રીતે ?

મારી જીવનગાથા બધા જિજ્ઞાસુઓ માટે પ્રકાશસ્તંભનું કામ કરી શકે છે. એ એક બુદ્ધિજીવી તથા યથાર્થવાદી માનવ દ્વારા અપનાવાયેલી કાર્યપદ્ધતિ છે. એમાં છળકપટ જેવું કશું નથી. અસફળતાનું કલંક પણ એના પર લાગતું નથી. આવી પરિસ્થિતિમાં જે માણસ ગંભીરતાપૂર્વક એ સમજવાનો પ્રયત્ન કરે કે યોગ્ય લક્ષ્ય સુધી પહોંચવાનો સાચો માર્ગ આ જ છે. ટૂંકો રસ્તો અપનાવવાની ખટપટમાં ન પડ્યા હોત તો નિરાશા, ખીજ અને થાક હાથમાં ન આવત અથવા તો આ સોદો મોંઘો સમજીને એમાં હાથ ન નાખ્યો હોત. જો મેળવવું જ હતું તો એનું મૂલ્ય ચૂકવવાનું સાહસ પહેલેથી જ ભેગું કરવામાં આવ્યું હોત. આવો અવસર એમને મળ્યો નહિ એને જ દુર્ભાગ્ય કહી શકાય. જો મારા જીવનને વાંચ્યું હોત, એની સાથે આરંભથી અંત સુધી ગૂંથાયેલ અધ્યાત્મ તત્ત્વદર્શન અને ક્રિયાવિધાનને સમજવાનો અવસર મળ્યો હોત તો ચોક્કસ ભયગ્રસ્ત નાસ્તિકોની સંખ્યા આજના જેટલી વધારે ન હોત.

એક બીજો વર્ગ છે - વિવેકદૃષ્ટિવાળા યથાર્થવાદીઓનો. તેમને ઋષિપરંપરામાં વિશ્વાસ છે અને સાચા મનથી તેઓ માને છે કે એ ઋષિઓ આત્મબળસંપન્ન હતા. એ વિભૂતિઓથી એમણે પોતાનું, બીજાઓનું અને સમસ્ત વિશ્વનું ભલું કર્યું હતું. ભૌતિકવિજ્ઞાનની સરખામણીમાં અધ્યાત્મ-વિજ્ઞાનને જેઓ શ્રેષ્ઠ માને છે તેમને એવી જિજ્ઞાસા હોય છે કે અધ્યાત્મનું વાસ્તવિક સ્વરૂપ અને વિધાન શું છે ? જો કે આમ તો બધી બોરવાળીઓ પોતાનાં બોરને મીઠાં ગણાવે છે, પણ કથની ઉપર વિશ્વાસ ન રાખનારાઓ ઉપલબ્ધિઓની ગણતરી કરે છે ત્યારે ખબર પડે છે કે કોણ કેટલા પાણીમાં છે.

સાચી કાર્યપદ્ધતિ, સાચા લોકો દ્વારા, સારાં પ્રયોજનો માટે અપનાવવામાં આવે ત્યારે એનું પરિણામ પણ સારું જ આવવું જોઈએ. આના આધારે જેઓ ઋષિપરંપરાના અધ્યાત્મનું સ્વરૂપ સમજવા માગતા હોય તેઓ મારી જીવનચર્યા શરૂઆતથી અંત સુધી વાંચીને કસોટી કરી

શકે છે. છેલ્લાં ૬૦ વર્ષોમાંનું પ્રત્યેક વર્ષ આ પ્રયોજન પાછળ વીત્યું છે. એનું પરિણામ પણ ખુલ્લી કિતાબની જેમ સૌની સામે છે. એના પર ગંભીર દષ્ટિપાત કરતાં માલૂમ પડે છે કે સાચું પરિણામ મેળવનારાઓએ સાચો માર્ગ અપનાવ્યો હશે. આવો અદ્‌ભુત માર્ગ બીજાઓ માટે પણ અનુકરણીય બની શકે. આત્મવિદ્યા અને અધ્યાત્મવિજ્ઞાનની ગરિમાથી જેઓ પ્રભાવિત છે, આ બંનેને પુનર્જીવિત થયેલાં જોવા ઈચ્છે છે. પ્રતિપાદનોને પરિણામની કસોટી પર કસવા ઈચ્છે છે. તેમને મારી જીવનચર્યાનાં પૃષ્ઠોનું પર્યવેક્ષણ કરવાથી સંતોષ અને સમાધાન પ્રાપ્ત થઈ શકશે.

પ્રત્યક્ષ ઘટનાઓની દષ્ટિએ પ્રકાશિત કરવામાં આવતા કેટલાક પ્રસંગોને બાદ કરતાં મારા જીવનમાં કોઈ ખાસ વિવિધતા કે વિચિત્રતા નથી. કોઈ કૌતુક યા જાદુ-ચમત્કારની પણ કોઈ ગુંજાઈશ નથી. એક સુવ્યવસ્થિત અને સુનિશ્ચિત ક્રમમાં નિષ્ઠાપૂર્વક સમય પસાર થતો રહ્યો છે. આથી એમાં વિચિત્રતા શોધવા જનારને નિરાશ થવું પડે, પરંતુ જેઓ ઘટનાઓની પાછળ કામ કરનાર તથ્યો અને રહસ્યોમાં રસ લેશે એમને એટલું કરવાથી પણ અધ્યાત્મ તથા સનાતન ધર્મના પરંપરાગત પ્રવાહનો પરિચય થઈ જશે અને તેઓ સમજી શકશે કે સફળતા યા નિષ્ફળતાનું કારણ શું છે ? ક્રિયાકાંડને જ સર્વસ્વ માની બેસવું અને વ્યક્તિત્વની શુદ્ધિ તરફ, પાત્રતા કેળવવા તરફ ધ્યાન ન આપવું એ જ એક એવું કારણ છે જેના લીધે ઉપાસનામાં નિરાશા આવી અને અધ્યાત્મ ઉપહાસાસ્પદ અને બદનામ બન્યું. મારાં કાર્યો સામાન્ય છે, પરંતુ એની પાછળ બ્રહ્મતેજસને વધારનાર અને એને કંઈક કરવા માટે સમર્થ બનાવનાર પૃષ્ઠભૂમિનો સમાવેશ છે.

જીવનચર્યાના ઘટનાપરક વિસ્તારથી કુતૂહલ વધવા સિવાય બીજો કોઈ લાભ નથી. કામની વાત એ છે કે આ ક્રિયાઓની સાથે જોડાયેલ અંતઃદષ્ટિ અને એવી આંતરિક તત્પરતાનો સમાવેશ કે જે નાનકડા બીજને ખાતરપાણીની જરૂરિયાત પૂરી કરતાં કરતાં વિશાળ વૃક્ષ બનાવવામાં સમર્થ બનતી રહી. વસ્તુતઃ સાધકનું વ્યક્તિત્વ જ સાધનાક્રમમાં પ્રાણ ફૂંકે છે. એના વગર ક્રિયાકાંડો કરવા એ બાળરમત જેવું છે.

તુલસીના રામ, સૂરદાસના કૃષ્ણ, ચૈતન્યનું કીર્તન, મીરાંનું ગાયન, રામકૃષ્ણ પરમહંસનું પૂજન - આ બધાં માત્ર ક્રિયાકાંડ કરવાથી જ સફળ નહોતાં થયાં. એવું બીજા અસંખ્ય લોકો કરે છે, પણ એમને ઉપહાસ સિવાય બીજું કંઈ પ્રાપ્ત થયું નથી. વાલ્મીકિએ જીવનચર્યા બદલી નાખી તો ઊંધું નામ જપવા છતાં પણ તેઓ મહાન ઋષિ બની શક્યા. અજામિલ, અંગુલિમાલ, ગણિકા આમ્રપાલી એ બધાએ માત્ર અમુક અક્ષરોના જપ જ નહોતા કર્યા, પરંતુ પોતાની જીવનચર્યા પણ અધ્યાત્મના આદર્શો પ્રમાણે બદલી નાખી હતી.

આજે તો લોકો અમુક જપ, ક્રિયાકાંડ, સ્તવન વગેરે કરીને ભગવાનને કંઈક ભેટ અર્પણ કરવી તેને જ પોતાના કર્તવ્યની ઈતિશ્રી માની બેઠા છે. આત્મિક પ્રગતિ માટે અનિવાર્ય એવાં ચિંતન, ચરિત્ર અને વ્યવહારને આદર્શ અને શ્રેષ્ઠ બનાવવાનો તો પ્રયત્ન જ નથી કરતા. મારી સાધનાપદ્ધતિમાં આ ભૂલ ન થાય તેનું શરૂઆતથી જ ધ્યાન રાખવામાં આવ્યું. તેથી તે યથાર્થવાદી પણ છે અને બધા લોકો માટે ઉપયોગી પણ છે. આ દૃષ્ટિકોણને નજર સમક્ષ રાખીને જ મારી જીવનચર્યા વાંચવી જોઈએ.

⊙

# ૨. જીવનના સૌભાગ્યનો સૂર્યોદય

મારા જીવનનું પંચોતેરમું વર્ષ પૂરું થઈ ગયું. આટલા લાંબા સમયગાળામાં માત્ર એક જ કામ કરવાનું મન થયું અને એની પાછળ મંડી પડ્યો. એ કામ હતું. 'સાધનાથી સિદ્ધિ'નું અન્વેષણ-પર્યવેક્ષણ. જેવી રીતે વૈજ્ઞાનિકોએ આખી જિંદગી ગાળીને શોધખોળો કરી અને એ દ્વારા આખી માનવજાતિની મહાન સેવા કરી, એ જ રીતે મને લાગ્યું કે પુરાતનકાળથી ચાલી આવતી 'સાધનાથી સિદ્ધિ'ની પ્રક્રિયાનો સિદ્ધાંત સાચો છે કે ખોટો એની કસોટી કરવી જોઈએ. એનું પરીક્ષણ બીજાઓના બદલે મારી પોતાની ઉપર જ કરવું જોઈએ. આવા વિચાર દસ વર્ષની ઉંમરથી આવવા લાગ્યા તથા પંદર વર્ષની ઉંમર સુધી મનમાં ઘુમરાતા રહ્યા. આ દરમિયાન બનેલી ઘટનાઓનો પરિચય આપવાનો હોય તો એટલું જ કહી શકું કે મારા પિતાજીએ એમની સાથે અભ્યાસ કરનાર મહામના પંડિત મદનમોહન માલવિયાજી પાસે મારા ઉપનયન સંસ્કાર કરાવ્યા. એને જ "ગાયત્રી દીક્ષા" ગણવામાં આવી. ગામની પ્રાથમિક શાળામાં અભ્યાસ કર્યો. પિતાજીએ જ 'લઘુકૌમુદી' તથા 'સિદ્ધાંત કૌમુદી'ની મદદથી વ્યાકરણ ભણાવ્યું. તેઓ શ્રીમદ્ભાગવતની કથાઓ કરવા રાજામહારાજાઓને ત્યાં જતા હતા. મને પણ સાથે લઈ જતા. આ રીતે આખા ભાગવતનું વૃત્તાંત યાદ રહી ગયું.

આ દરમિયાન લગ્ન પણ થઈ ગયું. પત્ની અનુશાસનપ્રિય, પરિશ્રમી, સેવાભાવી અને મારા નિર્ણયોમાં સાથ આપે તેવી હતી. બસ, માની લેવું જોઈએ કે પંદર વર્ષ પૂરાં થયાં.

સંધ્યાવંદન મારો નિયમિત ક્રમ હતો. માલવિયાજીએ ગાયત્રી મંત્રની વિધિવત્ દીક્ષા આપી હતી અને કહ્યું હતું કે 'આ બ્રાહ્મણની કામધેનુ છે. એનો સતત જપ કરતો રહેજે. પાંચ માળા અનિવાર્ય, જેટલી વધારે થાય તેટલી ઉત્તમ' - એ આદેશનું હું સતત પાલન કરતો રહ્યો.

ભગવાનની અનુકંપા પંદર વર્ષની ઉંમરે જ મારી ઉપર અનાયાસે વરસી અને એવો જ સુયોગ બનતો ગયો જે વિધાતા દ્વારા મારા માટે પૂર્વાયોજિત હતો. બચપણમાં વિચારેલા સંકલ્પને પ્રયાસરૂપે પરિણત થવાનો સુયોગ મળી ગયો.

પંદર વર્ષની ઉંમર હતી. પ્રાતઃકાળની ઉપાસના ચાલી રહી હતી. વસંત પર્વનો દિવસ હતો. એ દિવસે બ્રાહ્મમુહૂર્તમાં મારી ઓરડીમાં જ પ્રકાશપુંજનાં દર્શન થયાં. આંખો ચોળીને જોયું કે આ ભ્રમ તો નથી ? પ્રકાશ પ્રત્યક્ષ હતો. એવો વિચાર આવ્યો કે કોઈ ભૂતપ્રેત કે દેવદાનવની આકૃતિ તો નથી ? ધ્યાનથી જોવા છતાં પણ એવું કાંઈ લાગ્યું નહિ. એક બાજુ વિસ્મય થતું હતું તો બીજી બાજુ ડર પણ લાગતો હતો. હું સ્તબ્ધ હતો.

પ્રકાશ વચ્ચે એક યોગીનું સૂક્ષ્મ શરીર દેખાયું. સૂક્ષ્મ એટલા માટે કે એમની છબી તો દેખાતી હતી, પણ તે પ્રકાશપુંજની વચ્ચે અધ્ધર લટકતી હતી. આ કોણ છે ? આશ્ચર્ય થયું.

એ છબીએ બોલવાનું શરૂ કર્યું અને કહ્યું, "હું તારી સાથે ત્રણ જન્મથી જોડાયેલો છું. તને માર્ગદર્શન આપતો આવ્યો છું. તારું બચપણ પૂરું થતાં જ આ વખતે પણ જરૂરી માર્ગદર્શન આપવા આવ્યો છું. કદાચ તને પૂર્વજન્મોની સ્મૃતિ નથી તેથી ભય અને આશ્ચર્ય થાય છે. તારા પાછલા જન્મોનું વિવરણ જો અને તારી શંકાનું નિવારણ કર." એમની અનુકંપા થઈ અને યોગનિદ્રા જેવાં ઝોકાં આવવા લાગ્યાં. હું બેસી રહ્યો, પરંતુ સ્થિતિ એવી થઈ ગઈ કે જાણે હું ઊંઘતો હોઉં. તંદ્રા જેવું આવવા લાગ્યું. યોગનિદ્રા કેવી હોય એનો અનુભવ મને જીવનમાં પહેલીવાર થયો. આવી સ્થિતિને જ જાગૃત સમાધિ પણ કહે છે. આ સ્થિતિમાં ડૂબકી મારતાં જ એક પછી એક એમ પાછલા ત્રણ જન્મોનાં દૃશ્યો મને એવાં ક્રમશઃ દેખાવા માંડ્યાં કે જાણે એ કોઈ સ્વપ્ન નથી પણ પ્રત્યક્ષ બનતી ઘટનાઓ જ છે. ત્રણ જન્મોની ત્રણ ફિલ્મો આંખો આગળથી પંસાર થઈ ગઈ.

આજે યાદ આવે છે કે જે સિદ્ધપુરુષે મારી પંદર વર્ષની ઉંમરે ઘેર પધારીને પૂજાની ઓરડીમાં પ્રકાશના રૂપમાં દર્શન આપ્યાં હતાં, એમનું

દર્શન કરતાં જ મનમાં તે વખતે અનેક પ્રશ્નો ઊભા થયા હતા. સામાન્ય રીતે જિજ્ઞાસુ લોકો સદ્‌ગુરુની શોધમાં ઠેરઠેર ભટકે છે. જેને તેને પૂછે છે. કોઈ કામના હોય તો તે પૂરી કરવા વરદાન માગે છે, પણ મારી સાથે જે ઘટનાઓ બની રહી હતી તે આનાથી બિલકુલ વિપરીત હતી. માલવિયાજી પાસે ગાયત્રી મંત્રની દીક્ષા તો પિતાજીએ આઠ વર્ષની ઉંમરે જ અપાવી દીધી હતી. એને જ પ્રાણદીક્ષા ગણાવી હતી. ગુરુ કરવાની વાત ત્યાં જ પતી ગઈ હતી.બીજા કોઈ ગુરુ મળવાની તો કદી કલ્પના જ નહોતી આવી, છતાં અનાયાસે એ લાભ કેવી રીતે મળ્યો જેના વિશે અનેક કિંવદંતીઓ સાંભળીને મને પણ આશ્ચર્ય થયું.

શિષ્યો ગુરુઓની શોધમાં ફરતા હોય છે. વિનંતી કરે છે. ક્યારેક તેમનાં દર્શન કે મુલાકાત થઈ જાય તો પોતાને ભાગ્યશાળી માને છે. એમની પાસે કંઈક મેળવવાની આશા રાખે છે, તો પછી એવું ક્યું કારણ છે કે મને અનાયાસે જ આવા સિદ્ધપુરુષની કૃપા પ્રાપ્ત થઈ ? આ કોઈ છળકપટ તો નથી ? ભૂતપ્રેત એકાએક દેખા દે છે અને એમની મુલાકાત થાય તે કોઈ અશુભ-અનિષ્ટનું કારણ માનવામાં આવે છે. દર્શન થયા પછી મનમાં આ જ વિચારો આવવા લાગ્યા. શંકા થઈ કે વિપત્તિમાં ફસાવવા માટે કોઈ અશુભ તત્ત્વ તો પાછળ નથી પડ્યું ને ?

મારી આ દ્વિધાને તેઓ સમજી ગયા, છતાં ગુસ્સે ન થયા. પરંતુ વસ્તુસ્થિતિને જાણ્યા પછી જ કોઈ નિષ્કર્ષ પર પહોંચવાની અને તે પછી જ આગળ પગલાં ભરવાની વાત એમને ગમી. આ બાબત એમની પ્રસન્ન મુખમુદ્રા જોઈને સ્પષ્ટ સમજી શકાતી હતી. કારણ પૂછીને સમય વેડફવા કરતાં પોતાનો પરિચય, આવવાનું કારણ અને પૂર્વજન્મોની સ્મૃતિ તાજી કરાવીને વિશેષ પ્રયોજન માટે મને પસંદ કરવાનો હેતુ પોતે જ મને સમજાવી દેવો તે તેમને યોગ્ય લાગ્યું. કોઈ આપણે ઘેર આવે ત્યારે એનો પરિચય અને આવવાનું કારણ પૂછવાનો એક રિવાજ પણ છે. કોઈ મોટા માણસ જેને ઘેર જાય તેને પણ સમાજમાં લોકો મોટો ગણે છે. આ કારણે કોઈ હલકા માણસને ઘેર જવાથી તો મહામાનવનું મહત્ત્વ પણ ઘટે છે અને કોઈ તર્કબુદ્ધિવાળા

માણસના મનમાં આવું બનવા પાછળ કોઈ કારણ હશે જ એવી શંકા ચોક્કસ થાય છે.

પૂજાની ઓરડીમાં પ્રકાશપુંજના સ્વરૂપે રહેલા એ માનવે કહ્યું, "તારું વિચારવું બરાબર છે. દેવાત્માઓ જેની સાથે સંબંધ બાંધે છે તેમની કસોટી કરે છે. પોતાની શક્તિ અને સમય ખર્ચતાં પહેલાં તપાસ પણ કરે છે. જે ઈચ્છે તેની આગળ પ્રગટ થતા રહે અને તેની ઈચ્છા પૂરી કરવા માંડે એવું નથી બનતું. સુપાત્ર-કુપાત્રને ઓળખ્યા વગર ગમે તેની સાથે સંબંધ બાંધવો એ કોઈ બુદ્ધિમાન અને સામર્થ્યવાન મનુષ્ય માટે કદી શક્ય બનતું નથી. ઘણા લોકો એવું વિચારે છે ખરા કે કોઈ સંપન્ન મહામાનવ સાથે સંબંધ બાંધવામાં લાભ છે, પણ તેઓ ભૂલી જાય છે કે સામી વ્યક્તિ પોતાનું સામર્થ્ય કોઈ નકામા માણસ માટે શું કરવા ગુમાવે?

"હું સૂક્ષ્મ દૃષ્ટિએ એવા સત્પાત્રની શોધ કરતો હતો, જેને સામયિક લોકકલ્યાણ માટે પસંદ કરી શકાય. મારું આ સૂક્ષ્મ શરીર છે. સૂક્ષ્મ શરીરથી સ્થૂળ કાર્યો થતાં નથી. એ માટે કોઈ સ્થૂળ શરીરધારીને માધ્યમ બનાવવો પડે છે અને શસ્ત્રની જેમ તેનો ઉપયોગ કરવો પડે છે. આ વિષમ સમય છે. એમાં મનુષ્યનું અહિત થવાની ઘણી મોટી સંભાવનાઓ છે. એના સમાધાન માટે જ તને માધ્યમ બનાવવાનો છે. તારામાં જે ઊણપ છે તેને દૂર કરવાની છે. મારે તને માર્ગદર્શન અને સહયોગ આપવાનો છે. એટલા માટે હું તારી પાસે આવ્યો છું. અત્યાર સુધી તું તારા સામાન્ય જીવનથી જ પરિચિત હતો. પોતાને સામાન્ય વ્યક્તિ જ માનતો હતો. તારી દ્વિધાનું એક કારણ એ પણ છે. તારી પાત્રતાનું વર્ણન કરું તો પણ કદાચ તારી શંકાનું નિવારણ ન થાય. કોઈ બીજાની વાત પર અનાયાસ વિશ્વાસ રાખીએ એવો સમય પણ ક્યાં છે ? એટલા માટે તને તારા પાછલા ત્રણ જન્મોની જાણકારી આપી."

ત્રણેય પૂર્વજન્મોનું જન્મથી માંડી મૃત્યુ સુધીનું વિસ્તૃત વિવરણ દર્શાવ્યા પછી તેમણે એ પણ બતાવ્યું કે તેઓ આ ત્રણેય જન્મમાં કઈ રીતે સાથે રહ્યા અને સહાયક બન્યા.

તેઓ બોલ્યા, "આ તારો દિવ્ય જન્મ છે. તારા આ જન્મમાં પણ હું તારો સહાયક રહીશ. અત્યારે જે જરૂરી છે તે કામ તારી પાસે કરાવીશ. સૂક્ષ્મ શરીરધારીઓ પ્રત્યક્ષ જનસંપર્ક કરી શકતા નથી અને ઘટનાક્રમ સ્થૂળ શરીરધારીઓથી સંપન્ન થતો નથી. આથી યોગીઓએ એમની મદદ લેવી પડે છે."

તારાં લગ્ન થઈ ગયાં તે ઠીક થયું. આ સમય એવો છે, જેમાં એકલા રહેવાથી લાભ ઓછો અને જોખમ વધારે છે. પ્રાચીનકાળમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, સૂર્ય, ગણેશ, ઈન્દ્ર બધાને પત્નીઓ હતી. સાતેય ઋષિઓને પણ પત્નીઓ હતી, કારણ કે ગુરુકુલ અને આરણ્યક કક્ષાના આશ્રમો ચલાવવા માટે માતાની પણ જરૂર પડે છે અને પિતાની પણ. ભોજન, વસ્ત્ર, નિવાસ, પ્રેમ વગેરે માટે માતા જોઈએ અને અનુશાસન, અધ્યાપન, અનુદાન આ બધું પિતા તરફથી મળે છે. ગુરુ જ પિતા છે અને ગુરુપત્ની જ માતા છે. ઋષિપરંપરાના નિર્વાહ માટે આ ઉચિત અને જરૂરી પણ છે. આજકાલ ભજનના નામે જે રીતે આળસુ લોકો સંત હોવાનો ઢોંગ કરીને પોતાની માયાજાળ ફેલાવે છે તે જોતાં તારાં લગ્ન થવાથી હું પ્રસન્ન થયો છું. એમાં વચ્ચે વ્યવધાન તો આવી શકે છે, પણ ફરીથી તને પૂર્વજન્મની તારી સહયોગિની પત્નીના સ્વરૂપે મળશે, જે આજીવન તારી સાથે રહીને મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવશે. પાછલા બે જન્મોમાં તારે પત્ની સાથે રહેવું પડ્યું છે. એવું ન વિચારતો કે એનાથી તારા કામમાં અવરોધ આવશે. વસ્તુતઃ એનાથી આજની પરિસ્થિતિઓમાં તો સુવિધા રહેશે જ તથા યુગપરિવર્તનમાં પણ મદદ મળશે.

એ પાવન દિવસ વસંત પર્વનો દિવસ હતો. પ્રાતઃ બ્રાહ્મમુહૂર્તનો સમય હતો. રોજની જેમ સંધ્યાવંદનનો ક્રમ ચાલી રહ્યો હતો. પ્રકાશપુંજના રૂપમાં દેવાત્માનું દિવ્ય દર્શન, એ કુતૂહલથી મનમાં જાગેલી જિજ્ઞાસા અને એના સમાધાનનો આ ઉપક્રમ ચાલી રહ્યો હતો. એક નવો ભાવ જાગ્યો-ઘનિષ્ઠ આત્મીયતાનો. એમની મહાનતા, અનુકંપા અને સાથેસાથે મારી પોતાની કૃતજ્ઞતાનો. આ સ્થિતિએ મારા મનનો કાયાકલ્પ કરી દીધો. હજી ગઈકાલ સુધી જે પરિવાર પોતાનો લાગતો હતો તે હવે

પારકો લાગવા માંડ્યો અને જે પ્રકાશપુંજ હજુ હમણાં જ મારી સમક્ષ ઉપસ્થિત થયો તે જ જાણે કે મારો આત્મા છે એવું લાગવા માંડ્યું. એમની સાથે મારો ભૂતકાળ જોડાયેલો હતો અને હવે જેટલા દિવસ જીવવાનું છે એ સમય પણ એમની સાથે જોડાયેલો રહેશે. પોતાના તરફથી કંઈ જ કહેવાનું નહિ, કોઈ ઈચ્છા રાખવાની નહિ, પરંતુ જે આદેશ મળે તેનું પ્રાણના ભોગે પણ પાલન કરવાનું, આનું જ નામ સમર્પણ છે. તે દિવસે મેં એ પ્રકાશપુંજ દેવાત્માને સમર્પણ કર્યું અને એમને માત્ર માર્ગદર્શક જ નહિ પરંતુ ભગવાન જેવા ગણ્યા. આ સંબંધ નિભાવતાં લગભગ ૬૦ વર્ષ થયાં. કોઈ તર્કબુદ્ધિ વાપર્યા વગર કે કોઈપણ જાતની ક્ષતિ વગર એમના એક જ ઈશારા પર એક જ માર્ગ પર આગળ વધતો રહ્યો છું. એ કામ શક્ય છે કે નહિ. મારાથી એ થશે કે નહિ થાય, એનું પરિણામ શું આવશે આ બધામાંથી એકેય પ્રશ્ન મારા મનમાં કદી ઉપસ્થિત થયો નથી.

એ દિવસ મને એક નવી વાત સમજાઈ કે સિદ્ધપુરુષોની અનુકંપા માત્ર લોકહિત માટે, સત્પ્રવૃત્તિઓના સંવર્ધન માટે જ હોય છે. તેમનાં કોઈ સગાંસંબધી હોતાં નથી કે નથી હોતો કોઈ વિરોધી. કોઈને ખ્યાતિ, સંપત્તિ યા તો કીર્તિ અપાવવા માટે એમની કૃપા કદી વરસતી નથી. વિરાટ બ્રહ્મ-વિશ્વમાનવ જ એમનો આરાધ્ય હોય છે. એના જ કામમાં પોતાનાં સ્વજનોને તેઓ જોડે છે. મારી આ નવોદિત માન્યતાની પાછળ રામકૃષ્ણ-વિવેકાનંદ, સમર્થ રામદાસ-શિવાજી, ચાણક્ય-ચંદ્રગુપ્ત, ગાંધી - વિનોબા, બુદ્ધ- અશોક વગેરેનો ગુરુ-શિષ્ય સંબંધ યાદ આવ્યો. જ્યાં આત્મીયતા જેવું કશું ન હોય અને માત્ર સિદ્ધિ-ચમત્કાર કોઈ કૌતુક દેખાડવા યા શીખવવાની પ્રવૃત્તિ ચાલતી હોય તો સમજવું જોઈએ કે ત્યાં ગુરુ અને શિષ્યની ક્ષુદ્ર પ્રવૃત્તિ છે અને માત્ર જાદુગર જેવો બાલિશ ખેલ થઈ રહ્યો છે. ગંધબાબા જેને જે ગમે તે ફૂલ સુંઘાડતા હતા. વાઘબાબા પોતાની ઝૂંપડીમાં વાઘ બોલાવીને બેસાડતા હતા. સમાધિબાબા કેટલાય દિવસો સુધી જમીનમાં દટાઈ રહેતા હતા. સિદ્ધબાબા આગંતુકોની મનોકામના પૂરી કરતા હતા. આવી અનેક સાંભળેલી વાતો મારા

મગજમાં ચકરાવા માંડી અને સમજાયું કે જો આ ઘટનાઓ પાછળ મેસ્મેરીજમ કક્ષાની જાદુગરી જ હોય તો એ લોકો 'મહાન' કેવી રીતે બની શકે? ઠંડા પ્રદેશમાં ગુફામાં રહેવું એ બાબત પણ કુતૂહલવર્ધક જ છે. જે કામ કોઈ સામાન્ય મનુષ્ય ન કરી શકે તે કોઈ એક કરામતની જેમ કરી દેખાડે તો તેમાં માત્ર કહેવા પૂરતી જ સિદ્ધિ છે. મૌન રહેવું, હાથ પર મૂકીને ભોજન કરવું. એક હાથ ઊંચો રાખવો. હીંચકા પર પડી રહેવું વગેરે ચમત્કારો બતાવનારા માત્ર જાદુગર જ સિદ્ધ થઈ શકે, પરંતુ જો કોઈ સાચો સિદ્ધ અથવા શિષ્ય હશે તો તેણે લોકકલ્યાણ માટે જીવન જીવનારા પુરાતનકાળના ઋષિઓના રાજમાર્ગ પર જ ચાલવું પડ્યું હશે. આધુનિક યુગમાં પણ વિવેકાનંદ, દયાનંદ, કબીર, ચૈતન્ય, સમર્થ વગેરેને પણ એ માર્ગે જ ચાલવું પડ્યું હશે. ભગવાન માત્ર પોતાનું નામ જપવાથી જ પ્રસન્ન નથી થતા. એને પૂજા કે પ્રસાદની જરૂર નથી. જેઓ એમના આ વિશ્વરૂપી બાગને સુરમ્ય અને સુવિકસિત કરવા પ્રયત્ન કરે છે તેમના જ નામ-જપ સાર્થક છે. આવા વિચાર મારા મનમાં એ જ વસંત પર્વના દિવસે આખો દિવસ આવતા રહ્યા. કારણ કે એમણે સ્પષ્ટ કહ્યું હતું કે "પાત્રતામાં જે કમી છે તેને પૂરી કરવાની સાથેસાથે લોકમંગલનું કાર્ય પણ કરવાનું છે. એક પછી બીજું એમ નહિ, પણ બંને સાથેસાથે." ચોવીસ વર્ષ એની સાથે ઉપાસનાક્રમ સમજાવ્યો. ગાયત્રી પુરશ્ચરણોની શૃંખલા બતાવી. પાલન કરવા માટેના નિયમો બતાવ્યા. સાથેસાથે સ્વતંત્રતા-સંગ્રામમાં એક સાચા સ્વયંસેવક તરીકે કામ કરતા રહેવાનું પણ કહ્યું.

એ દિવસે એમણે મારો આખો જીવનક્રમ કઈ રીતે ચાલવો જોઈએ એનું સ્વરૂપ તથા સંપૂર્ણ વિવરણ બતાવ્યું. એટલું જ નહિ સ્વયં લગામ હાથમાં લઈને મને એ પ્રમાણે ચલાવ્યો પણ ખરો. માત્ર ચલાવ્યો જ નહિ, દરેક પ્રયત્નને સફળ પણ બનાવ્યો.

એ દિવસે મેં સાચા મનથી એમને સમર્પણ કર્યું. વાણીએ નહિ, આત્માએ, "જે કાંઈ મારી પાસે છે તે તમારા નિમિત્તે અર્પણ. ભગવાનને મેં જોયા નથી, પરંતુ તે જે કલ્યાણ કરી શકે તે જ આપ

પણ કરી રહ્યા છો. તેથી આપ મારા ભગવાન છો. આજે આપે જે જીવન જીવવાનો ક્રમ બતાવ્યો છે એમાં રતીભાર પ્રમાદ નહિ કરું."

એ દિવસે એમણે ભાવિ જીવનસંબંધી થોડીક બાબતો વિસ્તારપૂર્વક સમજાવી. (૧) ગાયત્રી મહાશક્તિનાં ચોવીસ વર્ષમાં ચોવીસ મહાપુરશ્ચરણ (૨) અખંડ ઘીનો દીવો રાખવો (૩) ચોવીસ વર્ષમાં તથા તે પછી પણ અમુક અમુક સમયે માર્ગદર્શન માટે ચાર વખત હિમાલયમાં મારા સ્થાનમાં આવવું અને લગભગ છ માસ મારી નજીકના ક્ષેત્રમાં રહેવું.

આ સંદર્ભમાં હજુ વધારે વિસ્તૃત વિવરણ એમને બતાવવું હતું તે બતાવી દીધું. સુજ્ઞ વાચકો માટે આટલી જાણકારી પૂરતી છે. એમના આદેશ પ્રમાણે બધાં કામ જીવનભર ચાલતાં રહ્યાં અને એવી ઉપલબ્ધિઓ હસ્તગત થતી ગઈ, જેણે મને આજે આ સ્થિતિએ લાવીને બેસાડ્યો છે.

## ૩. સમર્થ ગુરુની પ્રાપ્તિ - એક અનુપમ સુયોગ

રામકૃષ્ણ વિવેકાનંદને શોધતા એમને ઘેર ગયા હતા. શિવાજીને સમર્થ ગુરુ રામદાસે શોધ્યા હતા. ચાણક્ય ચંદ્રગુપ્તને પકડી લાવ્યા હતા. મારી બાબતમાં પણ આવું જ છે. મારા માર્ગદર્શક સૂક્ષ્મ શરીરથી મારી ૧૫ વર્ષની ઉંમરે મારે ઘેર આવ્યા હતા અને આસ્થા જગાવીને એમણે મને એક વિશિષ્ટ દિશા તરફ વાળ્યો.

વિચારું છું કે જ્યારે અસંખ્ય લોકો સદ્ગુરુની શોધમાં ફરે છે અને ધૂર્ત લોકો દ્વારા મુંડાઈને ખાલી હાથે પાછા ફરે છે, ત્યારે બીજી બાજુ એક દિવ્યશક્તિ વગર બોલાવ્યે સ્વેચ્છાપૂર્વક મારે ઘરે આવે અને અનુગ્રહ વરસાવે એનું કારણ કદાચ મારી પાત્રતા જ હશે. એનો ઉત્તર એક જ હોઈ શકે છે - જન્માંતરોથી પાત્રતા વિકસિત કરવાનો પ્રયાસ.

આ કામ એકદમ થતું નથી. વ્રતશીલ બનીને લાંબા સમય સુધી કુસંસ્કારો સામે લડવું પડે છે.

સંકલ્પ, ધૈર્ય અને શ્રદ્ધાનો ત્રિવિધ સુયોગ અપનાવવાથી મનોભૂમિ એવી બને છે જેથી અધ્યાત્મના દિવ્ય અવતરણને ધારણ કરી શકાય. આ પાત્રતા જ શિષ્યત્વ છે, જેની પૂર્તિ ગમે ત્યાંથી પણ થઈ શકે છે. પાત્રતા વિકસિત કરવામાં સમય લાગે છે, ગુરુ મળવામાં નહિ. એકલવ્યના માટીના દ્રોણાચાર્ય અસલી કરતાં પણ વધારે શક્તિશાળી પુરવાર થયા હતા. કબીરજી અછૂત હોવાથી જ્યારે રામાનંદે દીક્ષા આપવાનો ઈન્કાર કરી દીધો ત્યારે તેમણે એક યુક્તિ શોધી કાઢી. કાશીઘાટ પર જ્યાં રોજ રામાનંદ સ્નાન કરવા જતા હતા તેનાં પગથિયાં પર પ્રભાત થતાં પહેલાં જ કબીરજી સૂઈ ગયા. રામાનંદનો પગ અંધારામાં કબીરજીની છાતી ઉપર પડ્યો. આથી રામાનંદના મુખમાંથી રામનામ નીકળી ગયું. કબીરે આને જ દીક્ષા સંસ્કાર માની લીધા અને રામનામને મંત્ર માન્યો તથા રામાનંદને પોતાના ગુરુ કહેવા લાગ્યા. આ શ્રદ્ધાનો વિષય છે. જો પથ્થરની પ્રતિમા દેવ બની શકતી હોય તો શ્રદ્ધાના બળે કોઈ ઉપયુક્ત વ્યક્તિત્વને ગુરુ કેમ ન બનાવાય? એ માટે વિધિવત્ સંસ્કાર કરાવવા જ પડે તે જરૂરી નથી.

અધ્યાત્મ પ્રયોજનો માટે ગુરુ કક્ષાના સહાયકની જરૂર એટલા માટે પડે છે કે એમણે પિતા અને શિક્ષક એ બંનેની જવાબદારી નિભાવવી પડે છે. પિતા પોતાની કમાણીનો એક અંશ બાળકને આપી બધી જ સાધનસામગ્રી લાવી આપે છે. શિક્ષક એના જ્ઞાનમાં વૃદ્ધિ કરે છે. બંનેના સહયોગથી જ બાળકોનો નિર્વાહ અને શિક્ષણ ચાલે છે. ભૌતિક નિર્વાહની આવશ્યકતા તો પિતા પણ પૂરી કરી શકે છે, પરંતુ આત્મિક ક્ષેત્રમાં પ્રગતિ માટે જે વસ્તુઓની જરૂર છે એમાં મનઃસ્થિતિ પ્રમાણે માર્ગદર્શન કરવા તથા સોંપેલું કાર્ય કરી શકવા માટે જરૂરી શક્તિ ગુરુ પોતાના સંચિત તપ ભંડારમાંથી કાઢીને પોતાના શિષ્યને આપે છે. એના વગર અનાથ બાળકની જેમ શિષ્ય એકાકી પુરુષાર્થના બળે પોતાને જે કરવું જોઈએ તેટલું કરી શકતો નથી. આ જ કારણે, 'ગુરુ બિનુ હોહિ ન જ્ઞાન' ની ઉક્તિ અધ્યાત્મ ક્ષેત્રમાં વિશેષરૂપે વપરાય છે.

બીજા લોકો ગુરુની શોધ કરતા ફરે છે, પરંતુ સુયોગ્ય ગુરુ સુધી પહોંચ્યા પછી પણ નિરાશ થાય છે. સ્વાભાવિક છે કે ઘોર પરિશ્રમ અને અનેક કષ્ટો સહન કરીને મેળવેલી કમાણી એવા કુપાત્રને વિલાસ, અહંકાર, અપવ્યય વગેરે માટે આપી શકાય નહિ. આપનારમાં એટલી બુદ્ધિ તો હોય છે કે લેનારની પ્રામાણિકતા ક્યા સ્તરની છે, જે આપવામાં આવી રહ્યું છે તેનો ઉપયોગ ક્યા કામમાં થશે તે તપાસી શકે. જે લોકો આ કસોટીમાં ખોટા સાબિત થાય છે તેમને એ દિવ્ય અનુગ્રહ મળતો નથી. એમને તો એવા જ લોકો મૂંડે છે કે જેમની પાસે આપવા માટે કંઈ હોતું નથી. માત્ર શિકારને ફસાવીને ગમે તે બહાને તેની પાસેથી દાનદક્ષિણા મુંડતા રહે છે. આનંદની વાત એ છે કે આ ઉપહાસાસ્પદ પ્રચલિત કુચક્રમાં મારે ન ફસાવું પડ્યું. હિમાલયની એક સત્તા અનાયાસ જ મને માર્ગદર્શન આપવા સામે ચાલીને મારે ઘેર આવી. મારું જીવન ધન્ય બની ગયું.

મને એટલા સમર્થ ગુરુ અનાયાસ જ કેવી રીતે મળ્યા ? આ પ્રશ્નનો એક જ ઉત્તર છે કે લાંબા સમયથી જન્મજન્માંતરોમાં પાત્રતા મેળવવા ધૈર્યપૂર્વક કરેલી તૈયારી કરવામાં આવી. ઉતાવળ કરવામાં આવી નહોતી. વાતોમાં ફસાઈને કોઈ ગુરુનું ખિસ્સું કાપી લેવા જેવી ઉસ્તાદી કરવામાં આવી નહોતી,પરંતુ પ્રતીક્ષા કરવામાં આવી હતી કે પોતાના ગંદા નાળાને કોઈ પવિત્ર સરિતામાં ભેળવી દઈને પોતાના અસ્તિત્વનું એમાં સમાપન કરી દેવું. કોઈ ભૌતિક પ્રયોજન માટે આ સુયોગની પ્રતીક્ષા કરવામાં નહોતી આવી, પરંતુ વારંવાર એ વિચારાતું રહ્યું કે જીવન સંપદાની શ્રદ્ધાંજલિ કોઈ દેવતાનાં ચરણોમાં સમર્પિત કરીને ધન્ય બનીએ.

મહર્ષિ દયાનંદે પોતાના ગુરુ વિરજાનંદની ઈચ્છા પ્રમાણે પોતાના જીવનનો ત્યાગ કર્યો હતો. વિવેકાનંદ પોતાની બધી ઈચ્છાઓ છોડીને ગુરુને સંતોષ થાય એવાં કષ્ટસાધ્ય કાર્યો કરવામાં પ્રવૃત્ત થયા હતા. એ જ સાચી ગુરુભક્તિ અને ગુરુદક્ષિણા છે. હનુમાને રામ આગળ સમર્પણ કરીને પ્રત્યક્ષ રીતે તો બધું ખોયું જ હતું, પણ પરોક્ષ રીતે તેઓ સંત સમાન બની ગયા હતા અને માત્ર રામ જ કરી શકે તે કાર્યો તેમણે કર્યાં

હતાં. સમુદ્ર ઓળંગવો, પર્વત ઉખાડી લાવવો, લંકા સળગાવવી એ બધું બિચારા હનુમાનજી કરી શકે એમ નહોતા. તેઓ તો પોતાના માલિક સુગ્રીવને વાલીના અત્યાચારમાંથી પણ છોડાવી શકતા નહોતા. એમણે કરેલા સમર્પણે જ બંને વચ્ચે એકાત્મકતા ઉત્પન્ન કરી દીધી. ગંદી ગટરમાં થોડું ગંગાજળ રેડીએ તો તે પણ ગંદકી બની જશે, પરંતુ જો વહેતી ગંગામાં થોડી ગંદકી ભળી જાય તો તે ગંદકીનું અસ્તિત્વ રહેશે નહિ. તે ગંગાજળ બની જશે. જેઓ પોતે સમર્થ નથી તેઓ સમર્થો પ્રત્યે સમર્પિત થઈને એમના જેવા શક્તિશાળી બની ગયા છે. ઈંધણ જ્યારે આગમાં પડે ત્યારે તેની એ જ સ્થિતિ રહેતી નથી, પણ તે પણ અગ્નિ સમાન પ્રખર બની જાય છે, તે તદ્રૂપ બની જાય છે.

શ્રદ્ધાનું કેન્દ્ર ભગવાન છે અને એને જ પ્રાપ્ત કરવાનો હોય છે, પરંતુ એ અદૃશ્યની સાથે સંબંધ જોડવા માટે કોઈ દૃશ્ય પ્રતીકની મદદ લેવી પડે છે. આ કાર્ય દેવની મૂર્તિ દ્વારા પણ સંપન્ન કરી શકાય છે અને જો દેહધારી ગુરુ આ સ્તરના હોય તો આવશ્યકતા પૂર્ણ કરાવી શકે છે.

મારા આ મનોરથો અનાયાસ જ પૂરા થઈ ગયા. અનાયાસ એટલા માટે કે એના માટે પાછલા જન્મોથી પાત્રતા ઉત્પન્ન કરવાની સાધના શરૂ કરી દેવામાં આવી હતી. કુંડલિની જાગરણ, ઈશ્વરદર્શન, સ્વર્ગમુક્તિ વગેરે તો બહુ પાછળની બાબત છે. સૌથી પહેલાં તો દૈવી અનુદાનો મેળવી શકવાની ક્ષમતા પ્રાપ્ત કરવી પડે છે. નહિ તો જે વજન ઊંચકી ન શકાય, જે ભોજન પચી ન શકે તે ઊલટું વધારે મોટી આફત ઊભી કરે છે.

પ્રથમ મિલનના દિવસે સમર્પણ કરવામાં આવ્યું અને સાચું છે કે જૂઠું તેની પરીક્ષા તે જ વખતે શરૂ થઈ. બે બાબતો વિશેષરૂપે કહેવામાં આવી, “સંસારી લોકો શું કરે છે અને કહે છે એ તરફ ધ્યાન ન આપતાં નિર્ધારિત લક્ષ્ય તરફ એકાકી સાહસના બળે ચાલતા રહેવું. બીજું એ કે પોતાને વધારે પવિત્ર અને પ્રખર બનાવવા માટે તપશ્ચર્યા કરવામાં લાગી જવું. ચોવીસ વર્ષમાં ૨૪ ગાયત્રી મહાપુરશ્ચરણની સાથે જવની રોટલી

અને છાશ પર નિર્વાહ કરવાનું અનુશાસન રાખ્યું. સામર્થ્યનો વિકાસ થતાં જ અધ્યાત્મ માર્ગના સાધકોને જે મળે છે તે બધું જ પ્રાપ્ત થશે, પરંતુ તે મળશે વિશુદ્ધ પરમાર્થ માટે, તુચ્છ સ્વાર્થ સાધવામાં એ દૈવી અનુદાનોનો ઉપયોગ ન કરવો." વસંત પર્વનો આ દિવસ ગુરુ અનુશાસનને ધારણ કરવાનો દિવસ મારા માટે નવો જન્મ બની ગયો. યાચકોની ખોટ નથી. સત્પાત્રો માટે બધું લુંટાવી દેનાર સહૃદય મહામાનવોની પણ ખોટ નથી. કૃષ્ણે સુદામા માટે બધું લુંટાવી દીધું હતું. સદ્‌ગુરુની પ્રાપ્તિ મારા જીવનનું અનન્ય અને પરમ સૌભાગ્ય બની રહ્યું.

⊙

# ૪. માર્ગદર્શક દ્વારા ભાવિ જીવનક્રમ સંબંધી નિર્દેશ

મારો અનુભવ એવો રહ્યો છે જેટલી ઉત્સુકતા સાધકોને સિદ્ધપુરુષ શોધવાની હોય છે એનાથી અનેકગણી ઉત્કંઠા સિદ્ધપુરુષને સુપાત્ર સાધકો શોધવાની હોય છે.સાધક સુપાત્ર જોઈએ. જેણે પોતાનું ચિંતન, ચરિત્ર અને વ્યવહાર શુદ્ધ બનાવી લીધા હોય તે જ સાચો સાધક છે. એણે માર્ગદર્શક શોધવા નથી પડતા,પરંતુ તેઓ પોતે દોડતા એની પાસે આવે છે અને આંગળી પકડીને એને આગળ ચાલવાનો રસ્તો બતાવે છે. જ્યાં તેઓ લથડી પડે છે ત્યાં ખોળામાં બેસાડીને, ખભા પર બેસાડીને રસ્તો પાર કરાવે છે. મારી બાબતમાં આવું જ બન્યું છે. ઘેર બેઠા પધારીને મને વધારે સામર્થ્યવાન બનાવવા માટે ૨૪ વર્ષનાં ગાયત્રી મહાપુરશ્ચરણ એમણે કરાવ્યાં તથા એની પૂર્ણાહુતિમાં હજાર કુંડી ગાયત્રી યજ્ઞ સંપન્ન કરાવ્યો. ધર્મતંત્રથી લોકશિક્ષણ માટે એક લાખ અપરિચિત વ્યક્તિઓને માત્ર પરિચિત જ નહિ, પરંતુ ઘનિષ્ઠ બનાવીને ખભેખભો મિલાવીને ચાલવા યોગ્ય બનાવી દીધા.

પોતાના પ્રથમ દર્શન વખતે જ ચોવીસ મહાપુરશ્ચરણ પૂરાં કરવાની તથા ચાર વખત એક એક વર્ષ માટે હિમાલય બોલાવવાની વાત ગુરુદેવે કહી હતી.

મને હિમાલય વારંવાર બોલાવવાનાં અનેક કારણ હતાં. એમાંનું એક એ કે સૂમસામ પ્રકૃતિના સાંનિધ્યમાં, પ્રાણીઓ તથા સગવડોના અભાવમાં આત્માને એકલતા સાલતી તો નથી ? બીજું એ કે આ ક્ષેત્રમાં રહેનારાં હિંસક પશુઓની સાથે મિત્રતા કેળવવા જેટલી આત્મીયતાનો વિકાસ થયો છે કે નહિ. ત્રીજું એ કે એ આખું ક્ષેત્ર દેવાત્મા છે. એમાં ઋષિઓએ માનવ શરીરમાં રહીને દેવત્વ વધાર્યું અને દેવમાનવરૂપે એવી ભૂમિકાઓ નિભાવી, જે સાધન અને સહયોગના અભાવે સામાન્ય માણસ માટે નિભાવવી શક્ય ન હતી. એનો મને પ્રત્યક્ષ ખ્યાલ આપવાનો હતો.

એમનો મૂક નિર્દેશ એ હતો કે પ્રાપ્ત કરેલા આત્મબળનો ઉપયોગ ભવિષ્યમાં એવાં પ્રયોજનો માટે મારે એકસાથે કરવાનો છે જે ઋષિઓએ સમયાંતરે તત્કાલીન સમસ્યાઓના ઉકેલ માટે પોતાના પ્રબળ પુરુષાર્થથી સંપન્ન કર્યાં હતાં. આ સમય એવો છે, જેમાં અસંખ્ય અભાવોની એકસાથે પૂર્તિ કરવાની છે. સાથેસાથે એકસામટી આવી પડેલી વિપત્તિઓની સામે ઝઝૂમવાનું છે. આ બંને કાર્યો આ ઉત્તરાખંડ કુરુક્ષેત્રમાં ભૂતકાળમાં સંપન્ન થયાં છે. પુરાતન દેવતાઓ-ઋષિઓમાંથી કેટલાક આંશિક રૂપે સફળ આવનારી જવાબદારીઓની પહેલેથી જાણકારી મળી જાય અને પૂર્વજો કઈ રીતે દાવપેચ અજમાવીને વિજય મેળવતા હતા, એ જાણી લેવાથી કંઈક સરળતા રહે. આ ત્રણેય પ્રયોજન સમજવા, અપનાવવા અને પરીક્ષામાં ઉત્તીર્ણ થવા માટે જ મારી ભાવિ હિમાલય યાત્રાઓ થવાની છે એવો એમનો નિર્દેશ હતો. આગળ એમણે બતાવ્યું કે, "અમારા લોકોની જેમ તારે પણ સૂક્ષ્મ શરીરથી અત્યંત મહત્ત્વપૂર્ણ કામ કરવાનાં છે. એનો પૂર્વાભાસ કરવા માટે તારે એ શીખવું પડશે કે સ્થૂળ શરીરથી હિમાલયના ક્યા ભાગમાં કેટલા સમય સુધી કેવી રીતે રહી શકાય છે અને નિર્ધારિત ઉદ્દેશને પૂર્ણ કરવામાં સંલગ્ન રહી શકાય છે."

સામાન્ય ઠંડી-ગરમીની ઋતુમાં જીવનજરૂરી બધી જ વસ્તુઓ મળી જાય છે. શરીર પર પણ ઋતુઓની અસહ્ય અસર થતી નથી, પરંતુ

હિમાલયક્ષેત્રના  સગવડ વગરના પ્રદેશમાં સ્વલ્પ સાધનોની મદદથી કઈ રીતે રહી શકાય એ પણ એક કલા છે, સાધના છે. જેવી રીતે નટ શરીરની સાધના કરીને અનેક પ્રકારના ખેલોનો અભ્યાસ કરે છે. એવી જ રીતે તદ્દન એકલા રહેવાનો એ અભ્યાસ છે. પાંદડાં અને કંદમૂળની મદદથી નિર્વાહ કરવો પડે છે અને હિંસક પ્રાણીઓ વચ્ચે રહીને પોતાના પ્રાણ બચાવવા પડે છે.

જ્યાં સુધી સ્થૂળ શરીર હોય ત્યાં સુધી બધી ઝંઝટ રહે છે  સૂક્ષ્મ શરીરમાં જતા રહ્યા પછી સ્થૂળ શરીરની જે જરૂરિયાત હોય છે તે બધી ટળી જાય છે, ઠંડી-ગરમીથી બચવું, ભૂખતરસ મટાડવી, નિદ્રા અને થાકનો ભાર – આ બધી ઝંઝટ એ સ્થિતિમાં રહે છે.પગે ચાલીને માણસ થોડેક દૂર સુધી જ જઈ શકે છે, પરંતુ સૂક્ષ્મ શરીર દ્વારા એક દિવસમાં સેંકડો યોજનનો પ્રવાસ થઈ શકે છે. એકસાથે એક મુખથી હજારો વ્યક્તિઓના અંતઃકરણ સુધી પોતાનો સંદેશ પહોંચાડી શકાય છે. સૂક્ષ્મ શરીરધારી બીજાઓને એટલી બધી મદદ કરી શકે છે જે સ્થૂળ શરીરથી શક્ય નથી. એથી સિદ્ધપુરુષો સૂક્ષ્મ શરીર દ્વારા કામ કરે છે. એમની સાધનાઓ પણ સ્થૂળ શરીરવાળા માનવો કરતાં જુદી હોય છે.

સ્થૂળ શરીરધારીઓની સીમા નાની હોય છે. એમની ઘણીખરી શક્તિ તો શરીરની જરૂરિયાતો પૂરી કરવામાં તથા દુર્બળતા, રુગ્ણતા, જીર્ણતા વગેરે અવરોધોને દૂર કરવામાં ખર્ચાઈ જાય છે, પરંતુ સ્થૂળ શરીરનો લાભ એ છે કે પ્રત્યક્ષ દેખી શકાય એવું કાર્ય તો સ્થૂળ શરીરથી જ થઈ શકે છે. એ કક્ષાની વ્યક્તિઓ સાથે હળવુંમળવું, આદાનપ્રદાન કરવું તે શરીરની મદદથી જ થઈ શકે છે. આથી લોકો સાથે સંપર્ક ચાલુ રાખવા માટે પ્રત્યક્ષ શરીર પાસેથી જ કામ લેવું પડે છે. તે જીર્ણ થતાં અશક્ત થઈ જાય છે અને તેનો ત્યાગ કરવો પડે છે. આવી સ્થિતિમાં એના દ્વારા શરૂ કરેલાં કાર્યો અધૂરાં રહી જાય છે. આથી જેમણે લાંબા સમય સુધી રહેવું હોય અને મહત્ત્વપૂર્ણ વ્યક્તિઓનાં અંતરમાં પ્રેરણાઓ તથા ક્ષમતાઓ ભરીને તેમની પાસે મોટાં કામો કરાવતાં રહેવું હોય એમણે સૂક્ષ્મ શરીરમાં જ પ્રવેશ કરવો પડે છે.

"જ્યાં સુધી તારા સ્થૂળ શરીરની જરૂર હશે ત્યાં સુધી તે કામ કરશે. ત્યારબાદ એ છોડીને સૂક્ષ્મ શરીરમાં જવું પડશે. તે વખતે તારી સાધનાઓ જુદી હશે અને ક્ષમતાઓ અનેકગણી વધી ગઈ હશે. વિશિષ્ટ વ્યક્તિઓ સાથે સંપર્ક રહેશે. મોટાં કાર્યો આ રીતે થઈ શકશે."

ગુરુદેવે કહ્યું, "ઉચિત સમયે તારો પરિચય દેવાત્મા હિમાલય ક્ષેત્ર સાથે કરાવવો પડશે. ગોમુખની નીચે સુધી સંત મહાપુરુષો સ્થૂળ શરીરમાં નિવાસ કરે છે. આ ક્ષેત્રમાં પણ અનેક પ્રકારની મુશ્કેલીઓ છે. એમની વચ્ચે રહેવાનો અભ્યાસ કરવા માટે એક વરસ ત્યાં નિવાસ કરવાની યોજના બનાવી છે. આ ઉપરાંત હિમાલયનું હૃદય જેને અધ્યાત્મનું ધ્રુવકેન્દ્ર કહે છે, તેમાં ચાર ચાર દિવસ રોકાવું પડશે, આપણે સાથે જ રહીશું. સ્થૂળ શરીર જેવી સૂક્ષ્મ શરીરની સ્થિતિ બનાવતા રહીશું. ત્યાં કોણ રહે છે, કઈ સ્થિતિમાં રહે છે. તારે કઈ સ્થિતિમાં રહેવું પડશે એની પણ તને ખબર પડી જશે. બંને શરીરોનો – બંને ક્ષેત્રોનો અનુભવ ક્રમશઃ વધતો રહેતાં તું એવી સ્થિતિમાં પહોંચી જઈશ કે જેમાં ઋષિઓ પોતાના નિર્ધારિત સંકલ્પને પૂર્ણ કરવામાં મગ્ન રહે છે. ટૂંકમાં, તને ચાર વખત બોલાવવાનો ઉદ્દેશ્ય આ જ છે. એ માટે જે અભ્યાસ કરવો પડશે, જે પરીક્ષા પાસ કરવી પડશે એ ઉદ્દેશ્ય પણ તને બોલાવવા પાછળ રહેલો છે. તારી અહીંની પુરશ્ચરણ સાધનામાં એ વિશિષ્ટ પ્રયોગથી કોઈ વિઘ્ન નહિ આવે.

સૂક્ષ્મ શરીરધારીઓ એ ક્ષેત્રમાં આજે નિવાસ કરે છે. હિમયુગ પછી પરિસ્થિતિઓ બદલાઈ ગઈ છે. જ્યાં ધરતીનું સ્વર્ગ હતું ત્યાંનું વાતાવરણ હવે દેવતાઓ માટે ઉપયુક્ત રહ્યું નથી. તેથી તેઓ અંતરિક્ષમાં રહે છે.

પૂર્વકાળમાં ઋષિગણ ગોમુખથી હૃષિકેશ સુધી પોતપોતાની રુચિ અને સુવિધા મુજબ રહેતા હતા. તે ક્ષેત્ર અત્યારે પર્યટકો, તીર્થયાત્રીઓ અને વ્યવસાયી મનુષ્યોથી ભરાઈ ગયું છે. આથી તેને એમના માટે છોડી દેવામાં આવ્યું છે. અનેક દેવમંદિર ત્યાં બની ગયાં છે, જેથી યાત્રીઓનું કુતૂહલ, પુરાતનકાળનો ઈતિહાસ અને ત્યાંના નિવાસીઓનો નિર્વાહ ચાલતો રહે.

મને જણાવવામાં આવ્યું છે કે થિયોસોફીની સંસ્થાપિકા બ્લેવેટ્સ્કી સિદ્ધ પુરુષ હતાં. એવી માન્યતા છે કે તેઓ સ્થૂળ શરીરમાં રહીને પણ સૂક્ષ્મ શરીરધારીઓ સાથે સંપર્ક રાખતાં હતાં. એમણે પોતાનાં પુસ્તકોમાં લખ્યું છે કે દુર્ગમ હિમાલયમાં "અદૃશ્ય સિદ્ધ પુરુષોની પાર્લમેન્ટ' છે. એ જ રીતે એ ક્ષેત્રના દિવ્ય નિવાસીઓને 'અદૃશ્ય સહાયક' પણ કહેવામાં આવ્યા છે. ગુરુદેવે કહ્યું, "એ બધું સાચું છે. તું તારાં દિવ્ય ચક્ષુઓથી એ બધું હું જ્યાં રહું છું એ હિમાલય ક્ષેત્રમાં જોઈ શકીશ." તિબેટક્ષેત્ર એ વખતે હિમાલયની હદમાં આવતું. હવે તે સીમા ઘટી ગઈ છે, છતાં પણ બ્લેવેટ્સ્કીનું કથન સાચું છે. સ્થૂળ શરીરધારી તે જોઈ શકતા નથી, પણ મને મારા માર્ગદર્શક ગુરુદેવની મદદથી એ જોવાનું આશ્વાસન મળી ગયું.

ગુરુદેવે કહ્યું, "મારા બોલાવવાની પ્રતીક્ષા કરતો રહેજે. જ્યારે પરીક્ષાની સ્થિતિ માટે ઉપયુક્તતા અને જરૂરિયાત સમજાશે ત્યારે જ બોલાવવામાં આવશે. પોતાના તરફથી એની ઈચ્છા કે પ્રતીક્ષા ન કરીશ. પોતાની જાતે જિજ્ઞાસાવશ એ તરફ પ્રયાણ કરીશ નહિ. એ બધું નિરર્થક જશે. તારા સમર્પણ પછી એ જવાબદારી મારી બની જાય છે." આટલું કહીને તેઓ અંતર્ધ્યાન થઈ ગયા.

# ૫. સોંપવામાં આવેલા કાર્યક્રમોનું

# તન મનથી પાલન

આ પ્રથમ સાક્ષાત્કાર વખતે માર્ગદર્શક સત્તાએ ત્રણ કાર્યક્રમ સોંપ્યા હતા. બધા જ નિયમ-ઉપનિયમ સાથે ૨૪ વર્ષમાં ૨૪ ગાયત્રી મહાપુરશ્ચરણ પૂરાં કરવાનાં હતાં. સાથેસાથે ઘીનો અખંડ દીવો પણ રાખવાનો હતો. મારી પાત્રતામાં ક્રમશઃ ઊણપો દૂર કરવાની સાથેસાથે લોકમંગલનું કાર્ય કરવા માટે સાહિત્ય-સર્જન કરવું તે બીજી મહત્ત્વપૂર્ણ જવાબદારી હતી. આ માટે ઊંડો અભ્યાસ પણ કરવાનો હતો, જે એકાગ્રતાની સાધના હતી. સાથેસાથે જનસંપર્કનું કામ પણ કરવાનું હતું, જેથી ભાવિ કાર્યક્ષેત્રને નજરમાં રાખીને મારી સંગઠન શક્તિનો વિકાસ થાય. ત્રીજી મહત્ત્વની જવાબદારી હતી સ્વતંત્રતા-સંગ્રામમાં એક સ્વયંસેવક સૈનિકની ભૂમિકા નિભાવવાની. આમ જોઈએ તો બધી જ જવાબદારીઓ શૈલી અને સ્વરૂપની દૃષ્ટિએ એકબીજાથી વિરોધી હતી, પરંતુ સાધના અને સ્વાધ્યાયની પ્રગતિમાં આ બધામાંથી કોઈ અવરોધરૂપ બની નથી. એ દરમિયાન બે વાર તો મારે હિમાલય જવું પડ્યું, છતાં પણ બધાં જ કાર્યો એકસાથે એવી સરસ રીતે થતાં ગયાં કે એ માટે મને જ આશ્ચર્ય થાય છે. એનું શ્રેય એ માર્ગદર્શક દૈવી સત્તાના ફાળે જાય છે, જેમણે મારા જીવનનું સુકાન શરૂઆતથી જ પોતાના હાથમાં લઈ લીધું હતું તથા સતત રક્ષણ કરવાનું આશ્વાસન આપ્યું હતું.

ઋષિ દૃષ્ટિકોણની દીક્ષા જે દિવસે મળી તે દિવસ એ પણ કહી દેવામાં આવ્યું કે આ પરિવાર સંબદ્ધ તો છે, પણ વિજાતીય દ્રવ્ય જેવો છે એટલે કે એનાથી બચવા જેવું છે. એના માટે કોઈ તર્ક કે દલીલોનો વિચાર સુધ્ધાં કરવો નહિ. આથી સાંભળવાનું બધાનું, પણ કરવાનું પોતાના મનનું ધાર્યું. એમની સલાહને, આગ્રહને, દબાણને જો મહત્ત્વ આપ્યું અને એ સ્વીકારી લીધું તો પછી લક્ષ્ય સુધી પહોંચવું બહુ મુશ્કેલ બની જશે. શ્રેય અને પ્રેયની દિશાઓ એકબીજાની વિરુદ્ધ જાય છે. બંનેમાંથી એકને જ અપનાવી શકાય છે. સંસાર પ્રસન્ન થશે તો આત્મા રુઠશે અને

જો આત્માને સંતુષ્ટ કરવામાં આવશે તો સંસારની, સ્વજનોની નારાજગી સહન કરવી પડશે. સામાન્ય રીતે આવું જ થતું રહેશે. ભાગ્યે જ કોઈ એવું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે, જ્યારે સંબંધીઓએ આદર્શવાદિતા અપનાવવા માટે અનુમોદન આપ્યું હોય. આત્માને તો અનેકવાર સંસારની સામે ઝૂકવું પડ્યું છે.ઊંચા નિશ્ચયો બદલવા પડ્યા છે અને જૂના ઢાંચામાં પાછા આવવું પડ્યું છે.

આ મુશ્કેલી મારી સામે પહેલા દિવસથી જ આવી. વસંત પર્વના દિવસે જ્યારે નવો જન્મ મળ્યો તે જ દિવસે નવો કાર્યક્રમ પણ મળ્યો. પુરશ્ચરણોની શૃંખલાની સાથેસાથે આહારવિહારનાં તપસ્વી કક્ષાનાં બંધનો પણ લાગુ પડ્યાં. ધમાલ મચી ગઈ. જેણે સાંભળ્યું તે બધાં પોતપોતાની રીતે સમજાવવા લાગ્યાં. મીઠા અને કડવા શબ્દોની વર્ષા થવા લાગી. બધાનું મંતવ્ય એક જ હતું કે જે રીતે બધા લોકો જીવન જીવે છે, કમાય છે, ખાય છે, પીવે છે એ જ રસ્તો યોગ્ય છે. એમાં મુશ્કેલી પડે એવાં ડગલાં ન ભરવાં જોઈએ. જો કે પિતાની સંપત્તિ એટલી બધી હતી કે તેનાથી ત્રણ પેઢી સુધી ઘેર બેઠાં જ ગુજરાન ચાલી શકે, પણ એ દલીલને કોઈ સાંભળવા પણ તૈયાર ન થયું. નવું કમાઓ, નવું ખાઓ. જે છે એને ભવિષ્ય માટે, કુટુંબીઓ માટે જમા રાખો. બધા લોકો પોતપોતાના શબ્દોમાં એક જ વાત કહેતા હતા. સાંભળનાર હું એકલો જ, કહેનારા સેંકડો. દરેકને ક્યાં સુધી અને શું જવાબ આપવો ?અંતે હારીને ગાંધીજીના ત્રણ ગુરુઓમાંથી એકને મારા પણ ગુરુ બનાવી લીધા. મૌન રહેવાથી રાહત મળી. 'ભગવાનની પ્રેરણા' એમ કહી દેવાથી થોડું કામ ચાલી જતું, કારણ કે એની સામે એમની પાસે કોઈ નક્કર દલીલો નહોતી. નાસ્તિકતા સુધી જવાની યા તો અંતઃપ્રેરણાનું ખંડન કરવા જેવી દલીલો કરવાનું એમનામાંથી કોઈ શીખ્યું નહોતું. આથી વાત ટાઢી પડી ગઈ. મેં મારું વ્રત એવી રીતે ચાલું કરી દીધું જાણે કે મારે કોઈને જવાબ જ આપવાનો નહોતો. કોઈની સલાહ પણ લેવાની નહોતી. અત્યારે વિચારું છું કે જો એટલી દૃઢતા ન રાખી હોત તો નાવ બેચાર ઝોલાં ખાઈને ડૂબી ગઈ હોત. જે સાધનાના બળે આજે મારું પોતાનું અને બીજાઓનું કંઈક ભલું થઈ

શક્યું છે તેનો અવસર જ ન આવત. ઈશ્વરની સાથે એ સંબંધ બંધાત જ નહિ જે પવિત્રતા અને પ્રખરતા મેળવ્યા સિવાય બાંધી ન શકાય.

આ પછી બીજી પરીક્ષા બચપણમાં જ જ્યારે કોંગ્રેસનું અસહકારનું આંદોલન શરૂ થયું ત્યારે મારી સામે આવી. ગાંધીજીએ સત્યાગ્રહના આંદોલનનું બ્યૂગલ વગાડ્યું. દેશભક્તોને આહ્વાન કર્યું અને જેલમાં જવા માટે તથા ગોળીઓ ખાવા માટે ઘેરથી નીકળી જવાનું કહ્યું.

મેં અંતરાત્માનો પોકાર સાંભળ્યો અને સમજ્યો કે આ ઐતિહાસિક અવસર છે. ગમે તેમ થાય પણ એ ચૂકવો ન જોઈએ. મારે સત્યાગ્રહીઓની સેનામાં ભરતી થઈ જ જવું જોઈએ. મારી મરજીથી એ માટે ભરતી કેન્દ્રમાં નામ લખાવી દીધું. સાધનસંપન્ન ઘર છોડીને મીઠાના સત્યાગ્રહ માટે નિર્ધારિત મોરચે જવાનું હતું. એ દિવસોમાં ગોળીઓ છૂટવાની ચર્ચા બહુ જોરશોરથી ચાલતી હતી. કાળાપાણીની લાંબી સજાઓ થશે એવી પણ અફવાઓ થતી. આવી અફવાઓ સરકારના ભાડૂતી પ્રચારકો જોરશોરથી ફેલાવતા હતા, જેથી કોઈ સત્યાગ્રહી ન બને. ઘરના લોકો એ માટે તેમને રોકે. મારી બાબતમાં પણ આમ જ બન્યું. સમાચાર જાણતાં જ મિત્રો, પડોશીઓ, સંબંધીઓ, કુટુંબીઓ બધાં જ આ વિપત્તિમાંથી બચવા માટે ભારે દબાણ કરવા લાગ્યાં. એમની દૃષ્ટિએ તો જાણે આ આત્મહત્યા જેવો પ્રયત્ન હતો.

વાત વધતાં વધતાં છેલ્લી હદે પહોંચી. કોઈએ અનશનની ધમકી આપી. તો કોઈએ મરી જવાની. મારાં માતાજીને કોઈએ મને એવું કહેવાનું શીખવાડ્યું કે બાપદાદાની સંપત્તિ મને નહિ આપે ને બીજા ભાઈઓને વહેંચી દેશે. ભાઈઓએ કહ્યું, “પછી ઘર સાથે તારો કોઈ સંબંધ નહિ રહે અને તને ઘરમાં નહિ પેસવા દઈએ.” આ ઉપરાંત પણ ઘણી ધમકીઓ મળી. તને ઉઠાવીને લઈ જઈશું અને ડાકુઓના નિયંત્રણમાં રહેવાની તને ફરજ પાડીશું.

આ કડવીમીઠી ધમકીઓ હું શાંતિથી સાંભળતો રહ્યો. અંતરાત્મા સામે એક જ પ્રશ્ન રહ્યો કે સમયનો પોકાર મહાન છે કે સ્વજનોનું દબાણ ? અંતરાત્માની પ્રેરણા મોટી છે કે મનને ડગાવી મૂકનાર દ્વિધાયુક્ત સ્થિતિ ? અંતિમ નિર્ણય કોની પાસે કરાવું ? આત્મા અને

પરમાત્મા બેને જ સાક્ષી માનીને એમના નિર્ણયને અંતિમ નિર્ણય માનવાનું નક્કી કર્યું.

આ સંદર્ભમાં પ્રહ્‌લાદની ફિલ્મ મનઃચક્ષુ આગળ દેખાવા લાગી. એ પૂરી નહોતી થઈ તે પહેલાં તો ધ્રુવની વાત મસ્તકમાં ઘૂમવા માંડી. એનો અંત આવે તે પહેલાં પાર્વતીનો નિશ્ચય ઊછળીને આગળ આવ્યો. આ શરૂઆત થયા પછી તો મહામાનવોની, વીર બલિદાનીઓની, સંતસુધારક અને શહીદોની અનેક કથાઓ નજર સમક્ષ આવવા માંડી. એમાંથી કોઈના કુટુંબીઓએ, મિત્રો કે સંબંધીઓએ એમના સાચા ત્યાગનું સમર્થન કર્યું નહોતું. તેઓ પોતાના એકલાના આત્મબળની મદદથી જ પોતાની ફરજ અદા કરવાના નિશ્ચયમાં અડગ રહ્યા.પછી પોતાની આસપાસના લોકો શું કહે છે અને શું કરે છે એ વિચારવું વ્યર્થ છે. એમની વાતો સાંભળવાથી આદર્શોનું પાલન નહિ થઈ શકે. જો આદર્શો નિભાવવા હોય તો પોતાના મનની ઈચ્છાઓ, લાલસા સામે ઝઝૂમવું પડશે. એટલું જ નહિ, પણ જેઓ માત્ર પેટ અને પ્રજનનના કુચક્રમાં ફરે છે અને બીજાને ફરવાની સલાહ આપે છે એ લોકોની સલાહની ઉપેક્ષા કરવી પડશે.

નિર્ણય આત્માના પક્ષે ગયો. હું અનેક વિરોધ અને બંધનોને તોડીને લપાતો-છુપાતો નિર્દિષ્ટ સ્થાને પહોંચ્યો અને સત્યાગ્રહીની ભૂમિકા નિભાવતાં જેલમાં ગયો. જે કાલ્પનિક ભયનો આતંક ઊભો કરવામાં આવ્યો હતો તેમાંથી એક પણ ચરિતાર્થ ન થયો.

બીજી એક ઘટના આ બંને પ્રયોજનો માટે વધારે સાહસ આપતી રહી. ગામમાં એક વૃદ્ધ ઝાડુવાળી ઘાથી પીડાતી હતી. ઝાડા પણ થઈ રહ્યા હતા. ઘામાં કીડા પડી ગયા હતા. ખૂબ ચીસો પાડતી હતી, પણ તે અછૂત હોવાને કારણે કોઈ એને ઘેર જતું નહોતું. મેં એક ચિકિત્સકને આનો ઈલાજ પૂછ્યો. મેં એકલાએ જ એની દવાઓની વ્યવસ્થા કરી અને એને ઘેર નિયમિતરૂપે જવા માંડ્યો. તેની દવા કરવા માટે, તેની સારવાર કરવા માટે તથા ભોજન આપવા માટે પણ. આ બધાં કાર્યો મેં મારા માથે લીધાં. મહેતરાણીના ઘરમાં જવું. એનાં મળમૂત્રવાળાં કપડાં ધોવાં એ આજથી ૭૫ વર્ષ પહેલાં તો જાણે મોટો ગુનો હતો. નાત

બહાર મૂકવામાં આવ્યો. ઘરવાળાંએ પણ ઘરમાં પેસવા ન દીધો. ગામના ચોરે પડી રહેતો અને ઘરવાળાં જે કાંઈ આપી જતાં એ ખાઈને ગુજરાન ચલાવતો. આટલું થવા છતાં પણ મેં મહેતરાણીની સેવા ન છોડી. પંદર દિવસ સુધી તે ચાલી. પછી તે સારી થઈ ગઈ. તે જ્યાં સુધી જીવી ત્યાં સુધી મને ભગવાન કહેતી રહી. એ વખતે ૧૩ વર્ષની ઉંમરમાં પણ એકલો હતો. આખું ઘર અને ગામ બધાં એકબાજુ. એમની સામે લડતો રહ્યો. હાર્યો નહિ. હવે તો ઉંમર પણ થોડી વધી હતી. હવે શા માટે હારું?

સ્વતંત્રતા-સંગ્રામ માટે કેટલીયવાર જેલયાત્રા, ૨૪ મહાપુરશ્ચરણોનું વ્રત, એની સાથેસાથે મેહેતરાણીની સેવાસાધના આ ત્રણ પરીક્ષાઓ મારે નાની ઉંમરે જ પસાર કરવી પડી. આંતરિક દુર્બળતા અને સંબંધીઓના સાથે બેવડા મોરચે લડ્યો. એ આત્મવિજયના પરિણામે જ આત્મબળનો સંગ્રહ કરવામાં વધારે લાભ મેળવવાની તક મળી. એ બધી ઘટનાઓથી મારું મનોબળ મજબૂત બનતું ગયું તથા જેનો મને સંકલ્પ લેવડાવામાં આવ્યો હતો, તે બધા જ કાર્યક્રમોનું પાલન મારાથી થતું ગયું.

મહાપુરશ્ચરણોની શૃંખલા નિયમિત રીતે ચાલતી રહી. જે દિવસે ગુરુદેવના આદેશથી એ સાધનાનો શુભારંભ કર્યો હતો એ જ દિવસે અખંડ ઘીના દીવાની પણ સ્થાપના કરી હતી. એની જવાબદારી મારાં ધર્મપત્નીએ સંભાળી કે જેમને હું માતાજી કહીને બોલાવું છું. નાના બાળકની જેમ અખંડ જ્યોતિનું ધ્યાન રાખવું પડતું હતું. નહિ તો ગમે ત્યારે ઓલવાઈ જાય. એ અખંડ દીપક આટલા લાંબા સમયથી કોઈ પણ પ્રકારની મુશ્કેલી વગર સતત જલતો રહ્યો છે. એના પ્રકાશમાં બેસીને જ્યારે પણ સાધના કરું છું તો મનમાં અનાયાસ જ દિવ્ય ભાવનાઓ ઊભરાતી રહે છે. ક્યારેક કોઈ સમસ્યાનો ઉકેલ લાવવો મારી સામાન્ય બુદ્ધિ માટે શક્ય ન બને ત્યારે એ અખંડ જ્યોતિનાં પ્રકાશ કિરણો અનાયાસ જ એ સમસ્યાઓનો ઉકેલ લાવી દે છે.

રોજ ૬૬ માળાના જપ. ગાયત્રી માતાના ચિત્રનું ધૂપ, દીપ, નૈવેદ્ય, અક્ષત, પુષ્પ અને જળથી પૂજનની સાથેસાથે પ્રાતઃકાળના ઊગતા સવિતાદેવનું ધ્યાન. અંતમાં સૂર્યાર્ઘ દાન. આટલી નાનકડી વિધિવ્યવસ્થા

અપનાવવામાં આવી. એની સાથે બીજમંત્ર-સંપુટ વગેરેનું કોઈ તાંત્રિક વિધિવિધાન જોડવામાં નથી આવ્યું, પરંતુ શ્રદ્ધા અતૂટ રહી. સામે રહેલા ગાયત્રી માતાના ચિત્ર પ્રત્યે અસીમ શ્રદ્ધા ઊમટતી રહી. જાણે સાક્ષાત્ એ પોતે જ સામે બેઠાં હોય એમ લાગતું. ક્યારેક ક્યારેક તેમના પાલવમાં મોં છુપાવી પ્રેમાશ્રુ વહાવવાનું મન થતું હતું. ક્યારેય એવું નથી બન્યું કે સાધનામાં મન ન લાગ્યું હોય યા ક્યાંક બીજે ગયું હોય. તન્મયતા નિરંતર ગાઢ બનતી રહી. સમય પૂરો થતો ત્યારે જુદું એલાર્મ વાગતું. નહિ તો ઊઠવાનું મન જ થતું નહોતું. ઉપાસનામાં એકેય દિવસ વિઘ્ન આવ્યું નથી.

આવું જ અધ્યયનની બાબતમાં પણ બન્યું છે. એના માટે જુદો સમય ફાળવવો નથી પડ્યો. કોંગ્રેસનાં કાર્યો માટે ખૂબ દૂરદૂર જવું પડતું. જ્યારે વાતચીત કે કાર્યક્રમનો સમય થતો ત્યારે વાંચવાનું બંધ થઈ જતું અને જેવું ચાલવાનું શરૂ થતું કે તરત જ વાંચવાનું પણ શરૂ થઈ જતું. પુસ્તક સાઈઝનાં ૪૦ પાન દર કલાકે વાંચવાની ઝડપ હતી. દરરોજ ઓછામાં ઓછા બે કલાક વાંચવા મળી જતું. કોઈવાર વધારે સમય પણ મળતો. આ રીતે બે કલાકમાં ૮૦ પાન, મહિનામાં ૨૪૦૦ પાન, વર્ષમાં ૨૮ હજાર પાન, ૬૦ વર્ષમાં મેં સાડાઅઢાર લાખ પાન મારી અભિરુચિનાં વાંચ્યાં છે. લગભગ ૩ હજાર પાન નિત્ય વિહંગમ રૂપે વાંચી લેવાં તે મારા માટે સ્નાન અને ભોજનની જેમ સહેલી બાબત રહી છે. આ ક્રમ ૬૦ વર્ષ કરતાંય વધુ સમયથી ચાલતો આવ્યો છે અને એટલા દિવસોમાં મારે જરૂરી વિષયોનાં પુસ્તકોનાં અસંખ્ય પૃષ્ઠો વાંચી નાંખ્યાં. મહાપુરશ્ચરણો પૂરાં થતાં તે પછી વધારે સમય મળવા લાગ્યો. ત્યારે મેં ભારતનાં જુદાં જુદાં પુસ્તકાલયોમાં જઈને ગ્રંથો-પાંડુલિપિઓનું અધ્યયન કર્યું. એ મારા માટે અમૂલ્ય ભંડાર બની ગયાં.

મનોરંજન માટે મેં કદી એક પાન પણ નથી વાંચ્યું. પોતાના વિષયમાં જાણે મારે પ્રવીણતાની ઉપાધિ પ્રાપ્ત કરવાની હોય એટલી તન્મયતાથી વાંચ્યું છે. આથી વાંચેલા વિષયો મનમાં એકાકાર થઈ ગયા. જ્યારે પણ કોઈ લેખ લખતો અથવા તો વાર્તાલાપમાં કોઈ ગંભીર વિષય પર ચર્ચા કરતો હતો ત્યારે વાંચેલું અનાયાસ જ યાદ આવી જતું. લોકો મારી

પાછળ કહેતા કે, "આ તો હરતો-ફરતો એન્સાઈક્લોપીડિયા" છે. 'અખંડ જ્યોતિ' પત્રિકાના લેખ વાંચનારાઓને એમાં એટલા બધા સંદર્ભો મળે છે કે તેઓ આશ્ચર્યચકિત થઈ જાય છે અને વિચારે છે કે એક લેખ માટે કોણ જાણે કેટલાં પુસ્તકો અને સામયિકોની સામગ્રી એકઠી કરવામાં આવી છે ! આ બાબત 'યુગ નિર્માણ યોજના' તથા 'યુગશક્તિ' સામયિકોની બાબતમાં પણ છે, પરંતુ સાચી વાત તો એટલી જ છે કે મેં જેટલું વાંચ્યું છે તે મન લગાવીને વાંચ્યું છે અને ઉપયોગી હોય એટલું જ વાંચ્યું છે. આથી લખતી વખતે બધા સંદર્ભો અનાયાસે જ સ્મૃતિપટ ઉપર આવી જાય છે. એ ખરેખર તો મેં તન્મયતાથી કરેલી સાધનાનો જ ચમત્કાર છે.

મારા વતનમાં પ્રાથમિક શાળા હતી. સરકારી સ્કૂલની દૃષ્ટિએ તો આટલું જ ભણ્યો છું. સંસ્કૃત અમારી વંશપરંપરાથી ચાલી આવતી ભાષા છે. પિતાજી સંસ્કૃતના પ્રકાંડ વિદ્વાન હતા. ભાઈઓ પણ એવા હતા. બધાની રુચિ પણ એ તરફ જ હતી. અમારા બાપદાદાનો ધંધો પુરાણોની કથા કહેવાનો તથા પુરોહિત કર્મ કરવાનો છે. તેથી તેનું પણ પૂરતું જ્ઞાન મળી ગયું. આચાર્ય કક્ષાના વિદ્યાર્થીઓને પણ મેં ભણાવ્યા છે, જ્યારે મારી પાસે એવી ડિગ્રીધારી યોગ્યતા નહોતી.

આ પછી બીજી ભાષાઓ ભણવાની વાત મનોરંજક છે. જેલમાં લોખંડનાં પતરાં પર કાંકરાથી અંગ્રેજી લખવાનું શરૂ કર્યું. એક દૈનિક પેપર 'લિડર' જેલમાં હાથમાં આવી ગયું. એનાથી ભણવાનું શરૂ કર્યું. સાથીઓને પૂછી લેતો. આ રીતે એક વર્ષ પછી જ્યારે જેલમાંથી છૂટ્યો તો અંગ્રેજીની સારી એવી યોગ્યતા પ્રાપ્ત કરી ચૂક્યો હતો. અંદરોઅંદરની ચર્ચાથી દરેક વખતની જેલયાત્રામાં અંગ્રેજીનું શબ્દભંડોળ વધતું ગયું અને ધીરે ધીરે વ્યાકરણ પણ શીખી લીધું. બદલામાં મેં મિત્રોને સંસ્કૃત અને રૂઢિપ્રયોગોવાળી હિન્દુસ્તાની ભાષા શીખવી દીધી. બીજી ભાષાઓનાં સામયિકો તથા શબ્દકોશની મદદથી રસ્તે ચાલતાં ચાલતાં બીજી ભાષાઓ પણ શીખી લીધી. ગાયત્રીને બુદ્ધિની દેવી કહેવાય છે. બીજાઓને એવો લાભ મળ્યો કે નહિ તેની મને ખબર નથી, પરંતુ મરા

માટે તો આ ચમત્કારિક લાભ પ્રત્યક્ષ છે. 'અખંડ જ્યોતિ' ની સંસ્કૃતિનિષ્ઠ હિન્દીએ હિન્દીના પ્રાધ્યાપકોને પણ માર્ગદર્શન આપ્યું છે. આ બધું જ્યારે હું જોઉં છું ત્યારે એ મહાપ્રજ્ઞાને જ એનું શ્રેય આપું છું. અત્યંત વ્યસ્તતા રહેવા છતાંય જ્ઞાનની વિભૂતિ આટલી બધી માત્રામાં હસ્તગત થઈ ગઈ એનાથી મને પૂર્ણ સંતોષ થાય છે અને બીજાઓને આશ્ચર્ય.

ગુરુદેવના આદેશનું પાલન કરવા માટે મેં કોંગ્રેસના સત્યાગ્રહમાં ભાગ તો લીધો, પણ શરૂઆતમાં તો દ્વિધા જ રહી કે જ્યારે ૨૪ વર્ષનો એક સંકલ્પ કરવામાં આવ્યો હતો ત્યારે ૫ અને ૧૯ વર્ષના એમ બે ભાગ શા માટે પાડવામાં આવ્યા ? આંદોલનમાં તો હજારો સ્વયંસેવકો હતા, તો જો હું એકલો એમાં ન હોત તો તેનાથી શું બગડી જવાનું હતું?

મારી દ્વિધાને ગુરુદેવ સાક્ષાત્કાર વખતે જ જાણી ગયા હતા. જ્યારે સંગ્રામમાં જવાનો સમય આવ્યો ત્યારે તેમની પરાવાણીથી માર્ગદર્શન મળ્યું કે, 'યુગધર્મનું પોતાનું મહત્ત્વ છે. એને સમયનો પોકાર માનીને બીજાં આવશ્યક કાર્યો છોડીને પણ જેમ આગ લાગે ત્યારે બધાં કામ પડતાં મૂકીને પાણી લઈને દોડીએ છીએ એવી રીતે દોડી જવું જોઈએ. ભવિષ્યમાં તારે જનસંપર્કનાં અનેક કાર્યો કરવાનાં છે અને એ માટે જુદી જુદી જાતના લોકો સાથે સંપર્ક સાધવાનો બીજો કોઈ અવસર આવવાનો નથી. આ એક એવા ઉદ્દેશને પૂરો કરવાનું પ્રથમ ચરણ છે, જે માટે ભવિષ્યમાં ખૂબ શ્રમ અને સમય ખર્ચવો પડશે. શરૂઆતના દિવસોમાં જે પાઠ ભણ્યા હતા, પૂર્વજન્મોમાં જેનો અભ્યાસ કર્યો હતો એનું રિહર્સલ કરવાનો અવસર પણ મળી જશે. આ બધાં કાર્યો પોતાના અંગત લાભની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ નથી. સમયની માગ તો એનાથી જ પૂરી થાય છે.

વ્યાવહારિક જીવનમાં તને ચાર પાઠ ભણાવવાના છે : (૧) સમજદારી (૨) ઈમાનદારી (૩) જવાબદારી (૪) બહાદુરીઃ આ ચારેયની મદદથી જ સાચું વ્યક્તિત્વ ખીલે છે અને પ્રતિભા તથા પરાક્રમનો વિકાસ થાય છે. હથિયારો બુઠ્ઠાં તો નથી થઈ ગયાં. જૂનાં પાઠ ક્યાંક ભુલાઈ તો નથી ગયા એની તપાસ નવેસરથી થઈ જશે. આ દૃષ્ટિએ તથા ભાવિ ક્રિયા પદ્ધતિની રૂપરેખા સમજવા માટે તારે સ્વતંત્રતા-સંગ્રામમાં ભાગ લેવો જરૂરી છે."

દેશ માટે મેં શું કર્યું, કેટલાં કષ્ટો સહન કર્યાં. સોંપેલાં કાર્યોને કેટલી ખૂબીપૂર્વક નિભાવ્યાં એ બધાની ચર્ચા અહીં કરવી તે તદ્દન અપ્રાસંગિક ગણાશે. એ જાણવાની જેને જરૂર લાગે તે પરિજન ઉત્તરપ્રદેશ સરકારના માહિતી વિભાગ દ્વારા પ્રકાશિત 'આગ્રા સંભાગકે સ્વતંત્રતા સંગ્રામ સેનાની' પુસ્તક વાંચી લે. એમાં અનેક મહત્ત્વપૂર્ણ કાર્યોની સાથે મારો ઉલ્લેખ છે. 'શ્રીરામ મત્ત' એ મારું તે વખતનું પ્રચલિત નામ છે. અહીં તો ફક્ત એ ધ્યાનમાં રાખવાનું છે કે મારા માર્ગદર્શકે મારા હિતનો ખ્યાલ મનમાં રાખીને આ આદેશ આપ્યો.

આ દસ વર્ષોમાં જેલમાં તથા જેલની બહાર અનેક પ્રકૃતિના લોકો સાથે મળવાનું થયું. સ્વતંત્રતા-સંગ્રામના સમયે જનજાગૃતિ ચરમસીમાએ હતી. શૂરવીર, સાહસિક, સંકલ્પબળવાળા અનેક લોકો સંપર્કમાં આવ્યા, જેમની પાસેથી હું ઘણું શીખ્યો છું. જનસમુદાયને લાભાન્વિત કરવા અને નૈતિક ક્રાન્તિ જેવા મોટા કાર્ય માટે મારા પ્રશંસક, સમર્થક, સહયોગી બનાવવા માટે કઈ રીતિનીતિ અપનાવવી જોઈએ એ મને માત્ર બે જ વર્ષમાં શીખવા મળ્યું, નહિ તો આ માટે આખી જિંદગી ગાળવા છતાંય આવો સુયોગ પ્રાપ્ત ન થાત. વિચિત્ર પ્રકારની વિચિત્ર પ્રકૃતિઓનું અધ્યયન કરવાની એટલી તક મળી જેટલી દેશના મોટા ભાગનો પ્રવાસ કરવાથી મળી શકે. મારા મનમાંથી ઘર, ગૃહસ્થી તથા મારાં અને પારકાંનો મોહ છૂટી ગયો અને એ મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ એટલી પ્રસન્નતાપૂર્વક જીવન જીવ્યો કે તેનાથી મને શક્તિ ઉપર વિશ્વાસ થતો ગયો. સૌથી મોટી બાબત તો એ છે કે મારો સ્વભાવ સ્વયંસેવક જેવો બનતો ગયો, જેનાથી આજે આ ચરમ અવસ્થાએ પહોંચ્યા પછી પણ હું વિનમ્ર રહ્યો છું. મારી દ્વિધાનું સમાધાન એ વખતે બનેલા સ્વતંત્રતા-સંગ્રામના પ્રસંગોથી થઈ ગયું કે મને શા માટે બે ભાગમાં અનુષ્ઠાન કરાવવામાં આવ્યું હતું.

કોંગ્રેસ સ્થાપનાને એક શતાબ્દી થઈ ગઈ. પણ જે કોંગ્રેસમાં મેં કામ કર્યું હતું તે અલગ હતી. એમાં કામ કરવાના મને વિલક્ષણ અનુભવો થયા છે. અનેક મૂર્ધન્ય પ્રતિભાઓ સાથે સંપર્ક સાધવાની તકો અનાયાસ મળતી રહી. હમેશાં વિનમ્ર અને અનુશાસનરત સ્વયંસેવકની હેસિયતથી

જ હું રહ્યો.આથી મૂર્ધન્ય નેતાઓની સેવામાં કોઈ વિનમ્ર સ્વયંસેવકોની જરૂર પડતી તો મને જ પ્રથમ નંબર આપવામાં આવતો. ઉંમર પણ એને યોગ્ય હતી. આ સંપર્કથી હું મોટી મોટી વિશેષતાઓ શીખ્યો. અવસર મળતાં એમની સાથે રહેવાનો પણ સુયોગ પ્રાપ્ત થયો. સાબરમતી આશ્રમમાં ગાંધીજીની સાથે અને પવનાર આશ્રમમાં વિનોબાની સાથે રહેવાનો લાભ મળ્યો છે. બીજાઓ એમની પાસે રહેવા છતાં દર્શન માત્ર કરતા હતા અથવા તો ત્યાં રહીને પાછા ફરતા, જ્યારે મેં તો એમના સંપર્કથી ઘણું જાણ્યું છે અને શીખ્યો છું. એ બધાની સ્મૃતિઓનો ઉલ્લેખ કરવો અહીં અપ્રસ્તુત ગણાશે, પણ કેટલીક ઘટનાઓ એવી છે જે મારા માટે કલ્પવૃક્ષની જેમ મહત્ત્વની સાબિત થઈ.

સન ૧૯૩૩ ની વાત છે. કલકત્તામાં ઈન્ડિયન નેશનલ કોંગ્રેસનું અધિવેશન હતું. તે વખતે કોંગ્રેસ ગેરકાયદેસર હતી. જે તેમાં જતા તેમને પકડવામાં આવતા. એમાં જનાર ઉપર ગોળીઓ પણ છોડવામાં આવી. એમાં જે આગેવાનો હતા તેમને બર્દવાન રેલવે સ્ટેશન પર પકડી લેવામાં આવ્યા અને ઈસ્ટ ઈન્ડિયા કંપનીના જમાનામાં ગોરાઓ માટે બનાવવામાં આવેલી એક ખાસ જેલ (આસનસોલ) માં મોકલી આપવામાં આવ્યા. એમાં હું પણ આગ્રા જિલ્લાના મારા ત્રણ સાથીઓ સાથે પકડાયો હતો. અહીં અમારી સાથે મદનમોહન માલવિયાજી ઉપરાંત ગાંધીજીના પુત્ર દેવદાસ ગાંધી, શ્રી જવાહરલાલ નહેરુની માતા સ્વરૂપરાણી, રફી અહમદ કિડવાઈ, ચંદ્રભાન ગુપ્તા, કનૈયાલાલ ખાદીવાલા, જગનપ્રસાદ રાવત વગેરે મૂર્ધન્ય લોકો હતા. ત્યાં અમે જ્યાં સુધી રહ્યા ત્યાં સુધી સાંજે રોજ મહામના માલવિયાજીનું ભાષણ થતું હતું. માલવિયાજી તથા માતા સ્વરૂપરાણી બધાની સાથે સગાં બાળકો જેવો વ્યવહાર રાખતાં હતાં. એક દિવસ એમણે પોતાના ભાષણમાં એ વાત પર બહુ ભાર મૂક્યો કે આપણે આંદોલનને આગળ વધારવા માટે દરેક પુરુષ પાસેથી એક પૈસો અને દરેક સ્ત્રી પાસેથી એક મુઠ્ઠી અનાજ માગી લાવવું જોઈએ, જેથી બધાને લાગે કે કોંગ્રેસ અમારી છે. અમારા પૈસાથી બનેલી છે. બધાને એમાં પોતાપણું લાગશે અને મુઠ્ઠીભર ફંડથી

કોંગ્રેસ આર્થિક રીતે સધ્ધર થઈ જશે. આ બાબત બીજાઓ માટે મહત્ત્વની ન હતી, પણ મેં એ ગાંઠે બાંધી લીધી. ઋષિઓનો આધાર આ 'ભિક્ષા' જ હતી. એના જ આધારે તેઓ મોટાં મોટાં ગુરુકુળો અને આરણ્યકો ચલાવતા હતા. મને ભવિષ્યમાં ખૂબ મોટાં કાર્યો કરવાનો ગુરુદેવે સંકેત આપ્યો હતો. એના માટે પૈસા ક્યાંથી આવશે એની ચિંતા મને રહ્યા કરતી હતી. આ વખતે જેલમાં એનો ઉપાય મળી ગયો. જેલમાંથી છૂટ્યા પછી જ્યારે મોટાં કાર્યો પૂરાં કરવાની જવાબદારી માથે આવી ત્યારે એ ફોર્મ્યુલાનો ઉપયોગ કર્યો. દરરોજ દસ પૈસા અથવા એક મુઠ્ઠી અનાજ અંશદાનના રૂપમાં લેવાનું રાખ્યું અને એ રીતે અત્યાર સુધી લાખો નહિ, પણ કરોડો રૂપિયા ખર્ચવામાં આવ્યા છે.

કોંગ્રેસ ગાયત્રીની જેમ મારી જીવનધારા રહી. જ્યારે સ્વરાજ્ય મળી ગયું ત્યારે મેં એવાં કાર્યો પાછળ ધ્યાન આપવા માંડ્યું કે સાચા અર્થમાં સ્વરાજ મળે.રાજનેતાઓએ દેશની આર્થિક અને રાજકીય સ્થિતિ સંભાળવી જોઈએ, પણ નૈતિક ક્રાન્તિ, બૌદ્ધિક ક્રાન્તિ અને સામાજિક ક્રાન્તિ તેનાથી વધારે મહત્ત્વની છે. એને મારા જેવા લોકો જ પૂર્ણ કરી શકે. આ ધર્મતંત્રની જવાબદારી છે.

મારા આ નવા કાર્યક્રમ માટે મારા બધા ગુરુજનોના આશીર્વાદ લીધા અને કોંગ્રેસનો એક જ કાર્યક્રમ મારા માથે લીધો. એ છે ખાદી પહેરવી, આ ઉપરાંત જે દિવસે સ્વરાજ મળ્યું ત્યારથી બીજા બધા કાર્યક્રમોમાંથી ખસી ગયો. આની પાછળ બાપુના આશીર્વાદ હતા. દૈવી સત્તા તરફથી મને મળેલો એ નિર્દેશ હતો. લગભગ ૨૦ વર્ષ સુધી સતત કામ કરતા રહેવાથી જ્યારે મિત્રોએ સ્વતંત્રતા-સંગ્રામના સેનાનીના નાતે નિર્વાહની રકમ લેવા માટેનું ફોર્મ મોકલ્યું તો મેં હસીને સ્પષ્ટ ઈન્કાર કરી દીધો. મને રાજનીતિ ક્ષેત્રમાં શ્રીરામ મત્ત અથવા મત્તજી એવા નામથી ઓળખવામાં આવે છે. જે લોકો જાણે છે, તે વખતના જે મૂર્ધન્યો જીવે છે તેમને ખબર છે કે આચાર્યજી(મત્તજી) કોંગ્રેસના આધારસ્તંભ હતા અને મુશ્કેલમાં મુશ્કેલ કામમાં આગલી હરોળમાં ઊભા રહ્યા હતા, પરંતુ જ્યારે શ્રેય લેવાનો પ્રશ્ન આવ્યો ત્યારે તેમણે તેમની જાતને પડદા પાછળ રાખી.

ત્રણેય કાર્યો યથાવતપૂર્ણ તત્પરતા અને તન્મયતાપૂર્વક પૂર્ણ કર્યા અને સાથેસાથે જ્યારે ગુરુદેવે હિમાલય બોલાવ્યો ત્યારે જતો રહ્યો. વચલા ગાળાના બે આમંત્રણોમાં એમણે મને છ-છ મહિના રોક્યો. ત્યારે એમણે કહ્યું, 'કોંગ્રેસનું કામ સ્વતંત્રતા પ્રાપ્તિની દૃષ્ટિએ અત્યારે જરૂરી છે તેથી તારે અહીં છ મહિના રોકાવું પર્યાપ્ત છે.' એ મહિનામાં છ મહિનામાં મારી પાસે શું કરાવવામાં આવ્યું તથા શું કહેવામાં આવ્યું તે બધાએ જાણવું જરૂરી નથી.દૃશ્ય જીવનના જ અસંખ્ય પ્રસંગો એવા છે જેને હું અલૌકિક તથા દૈવી શક્તિની કૃપાનો પ્રસાદ માનું છું.એને યાદ કરીને કૃતકૃત્ય થઈ જાઉં છું.

⊙

# ૬. ગુરુદેવનું પ્રથમ તેડું,

## ડગલે ને પગલે પરીક્ષા

ગુરુદેવ દ્વારા મને હિમાલય બોલાવવાની વાત મત્સ્યાવતારની જેમ વધતી ગઈ. પુરાણની કથા એવી છે કે બ્રહ્માજીના કમંડળમાં ક્યાંકથી એક માછલીનું બચ્ચું આવી ગયું. હથેળીમાં આચમન માટે કમંડળ લીધું તો જોતજોતામાં તે હથેળી જેટલી લાંબી થઈ ગઈ. બ્રહ્માજીએ એને ઘડામાં નાંખી દીધી.ક્ષણવારમાં તો તે એનાથીય બમણી થઈ ગઈ. બ્રહ્માજીએ એને પાસેના તળાવમાં નાંખી દીધી, તો એમાં પણ તે સમાઈ નહિ. ત્યાર પછી એને સમુદ્રમાં નાંખી. તો એ સમુદ્ર જેટલી વિશાળ બની ગઈ ત્યારે બ્રહ્માજીને એ માછલી નહિ પણ ભગવાનનો અવતાર છે એનું જ્ઞાન થયું. એમણે એમની સ્તુતિ કરી અને આદેશ માગ્યો. વાત પૂરી થયા પછી મત્સ્યાવતાર અદૃશ્ય થયા અને જે કાર્ય માટે તેઓ પ્રગટ થયા હતા તે કાર્ય સુંદર રીતે પૂર્ણ થયું.

મારી સાથેનો ઘટનાક્રમ પણ બરાબર એવો જ રહ્યો છે. ગુરુદેવે પરોક્ષ રૂપે મહામના માલવિયાજી પાસે ગુરુદીક્ષા અપાવી ત્યારથી જ આધ્યાત્મિક જીવનની શરૂઆત થઈ હતી. જનોઈ આપી હતી અને ગાયત્રી મંત્રની નિયમિત ઉપાસના કરવાનું વિધિવિધાન બતાવ્યું હતું. નાની ઉંમર હતી, પણ એનું વિધિવત્ પાલન કર્યું. કોઈ દિવસ એવો નથી ગયો જે ખાલી ગયો હોય. 'સાધના નહિ તો ભોજન નહિ' એ સિદ્ધાંત અપનાવ્યો. તે આજ સુધી બરાબર રીતે ચાલ્યો છે અને વિશ્વાસ છે કે જીવનના અંતિમ દિન સુધી ચોક્કસ ચાલશે.

એ પછી પ્રકાશના સ્વરૂપમાં ગુરુદેવનો સાક્ષાત્કાર થયો. તેમણે આત્માને બ્રાહ્મણ બનાવવા માટે ૨૪ વર્ષની ગાયત્રી પુરશ્ચરણ સાધના બતાવી. તે પણ યોગ્ય સમયે પૂરી થઈ. એ દરમિયાન બેટરી ચાર્જ કરાવવા માટે તથા પરીક્ષા આપવા માટે વારંવાર હિમાલય આવવાનો આદેશ મળ્યો. સાથેસાથે દરેક યાત્રા વખતે એક એક વર્ષ અથવા એનાથી ઓછો સમય દુર્ગમ હિમાલયમાં રહેવાનો નિર્દેશ પણ મળ્યો. તે ક્રમ પણ સારી રીતે ચાલ્યો. પરીક્ષામાં પાસ થતાં નવી જવાબદારી પણ ખભા પર લદાઈ. એટલું જ નહિ, એ નિભાવવા માટે અનુદાન પણ મળ્યું કે જેથી દુર્બળ બાળક લથડી ન જાય. જ્યાં ગબડી જવા જેવી સ્થિતિ ઊભી થઈ ત્યાં મારા માર્ગદર્શકે ગોદમાં ઊંચકી લીધો.

એક વર્ષ પણ નહોતું થયું ને એટલામાં બિનતારી સંદેશો મારા અંતરાલમાં હિમાલયનું આમંત્રણ લઈઆવ્યો. ઉત્સુકતા તો હતી, પણ ઉતાવળ નહોતી. જે નથી જોયું એ જોવાની ઉત્કંઠા તથા જે અનુભવ મળ્યો નથી તે પ્રાપ્ત કરવાની આકાંક્ષા માત્ર હતી. સાથેસાથે જેમાં બીજા લોકો ત્યાં જતા નથી એવી ઋતુનો તથા ઠંડી, આહાર, સૂમસામ નિર્જનતા, હિંસક પ્રાણીઓ વગેરે કેટલાય ભય મનમાં ઊભા થતા, પરંતુ છેવટે વિજય પ્રગતિનો થયો. સાહસની જીત થઈ. સંચિત કુસંસ્કારોમાં એક અજાણ્યો ડર પણ હતો. એમ પણ થતું હતું કે સુરક્ષિત રહીને સુવિધાપૂર્વક જીવવું કારણ કે ઘરની પરિસ્થિતિ સારી હતી. બંને વૃત્તિઓ વચ્ચે કૌરવો અને પાંડવોની લડાઈ જેવું

મહાભારત ચાલ્યું, પણ એ બધું ૨૪ કલાકથી વધારે ટક્યું નહિ. બીજા જ દિવસે હું યાત્રા માટે નીકળી પડ્યો. ઘરનાંને એના પ્રયોજનની જાણ કરી. ઊલટી સલાહ આપનારા પણ ચૂપ રહ્યા. તેઓ જાણતા હતા કે મારો નિર્ણય બદલાતો નથી.

અઘરી પરીક્ષા આપવી અને શ્રેષ્ઠ પુરસ્કાર મેળવવો એ ક્રમ મારા જીવનમાં ચાલતો આવ્યો છે. પુરસ્કારની સાથે આગળનું નવું વિરાટ કદમ ભરવાનું પ્રોત્સાહન પણ મળતું. મારા મત્સ્યાવતારનો આ જ ક્રમ ચાલતો આવ્યો છે.

પ્રથમવાર હિમાલય જવાનું થયું ત્યારે એ પ્રથમ સત્સંગ હતો. હિમાલય દૂરથી તો પહેલાંય જોયો હતો, પરંતુ ત્યાં રહેવામાં કઈ કઈ પરિસ્થિતિઓનો સામનો કરવો પડે એની કોઈ માહિતી મને નહોતી. એ અનુભવ પહેલી વાર જ થયો. સંદેશો આવતાં જ જવાની તૈયારી કરી. માત્ર દેવપ્રયાગથી ઉત્તરકાશી સુધી એ વખતે સડક અને મોટરની વ્યવસ્થા હતી. એ પછીના આખા રસ્તે પગપાળા પ્રવાસ કરવો પડતો હતો. હૃષીકેશથી દેવપ્રયાગ સુધી પણ પગપાળા યાત્રા કરવી પડતી હતી. ખભા અને પીઠ ઉપર કેટલો સામાન લાદીને ચાલી શકાય એનો અનુભવ નહોતો. આથી થોડો વધારે સામાન લઈ લીધો. ઊંચકીને ચાલવું પડ્યું ત્યારે ખબર પડી કે એ ભારે છે. એટલો સામાન લઈને પગપાળા કોઈ યાત્રી ચાલી ન શકે. આથી શક્તિ બહારની વસ્તુઓ રસ્તે બીજા યાત્રીઓને વહેંચતાં વહેંચતાં જેટલું ખાસ જરૂરી હોય અને ઊંચકી શકાય તેટલું જ રહેવા દીધું.

આ યાત્રામાં ગુરુદેવ એક જ પરીક્ષા લેવા ઈચ્છતા હતા કે વિપરીત પરિસ્થિતિઓનો સામનો કરવા જેટલી મનઃસ્થિતિ પક્વ બની છે કે નહિ. આથી ધાર્યા કરતાં યાત્રા વધારે મુશ્કેલ બનતી ગઈ. બીજો કોઈ હોત તો ગભરાઈ જાત. તે કાં તો પાછો વળી જાત અથવા બીમાર પડી જાત, પરંતુ ગુરુદેવ મને શીખવવા માગતા હતા કે જો મનઃસ્થિતિ મજબૂત હોય તો પરિસ્થિતિઓનો સામનો કરી શકાય અને તેને અનુકૂળ બનાવી શકાય અથવા તો સહન કરી શકાય. મહત્ત્વપૂર્ણ સફળતા મેળવવા માટે મનુષ્યે એટલા મજબૂત થવું જ જોઈએ.

એમ કહેવાય છે કે જ્યારે ધરતીનું સ્વર્ગ અથવા હૃદય કહેવાતો હિમાલયનો ભાગ દેવોનું નિવાસસ્થાન હતો ત્યારે ઋષિઓ ગોમુખથી નીચે અને હૃષીકેશની ઉપરના ભાગમાં રહેતા હતા, પરંતુ હિમયુગ પછી પરિસ્થિતિઓ એકદમ બદલાઈ ગઈ. દેવતાઓએ કારણ શરીર ધારણ કરી લીધાં અને અંતરિક્ષમાં વિચરણ કરવા લાગ્યા. પુરાતનકાળના ઋષિઓ ગોમુખથી ઉપર જતા રહ્યા. નીચેનો ભાગ હવે સહેલાણીઓ માટે રહ્યો છે. ત્યાં ક્યાંક ક્યાંક સાધુબાવાઓની ઝૂંપડીઓ જોવા મળે છે. પણ જેને ઋષિ કહી શકાય એવા મળવા મુશ્કેલ નથી.

મેં એવું પણ સાંભળ્યું હતું કે હિમાલયની યાત્રામાં રસ્તે આવતી ગુફાઓમાં સિદ્ધયોગીઓ રહે છે. એવું કંઈ જોવા મળ્યું નહિ. જોયું કે નિર્વાહ તથા આજીવિકાની દૃષ્ટિએ તે મુશ્કેલીઓથી ભરેલું ક્ષેત્ર છે. આથી ત્યાં મનમોજી લોકો આવે છે તો ખરા, પણ કોઈ રહેતા નથી. જે સાધુ સંત મળ્યા એમની મુલાકાત થતાં ખબર પડી કે તેઓ પણ જિજ્ઞાસાવશ યા કોઈની પાસેથી કંઈક મળી જાય એ આશાએ ત્યાં આવ્યા હતા. એમનામાં ઊંચું તત્ત્વજ્ઞાન પણ નહોતું કે નહોતી તપસ્વી જેવી એમની દિનચર્યા. થોડીવાર પાસે બેસતાં તેઓ પોતાની જરૂરિયાતો વ્યક્ત કરતા હતા.આવા લોકો બીજાને શું આપી શકે એમ વિચારીને સિદ્ધપુરુષોની શોધમાં લોકો નકામા ભટકે છે એમ માનીને આગળ વધ્યો. યાત્રીઓને આધ્યાત્મિક સંતોષ સહેજ પણ નહિ થતો હોય એમ વિચારીને મન દુઃખી થયું.

એમના કરતાં તો મને પથ્થરો પર દુકાન માંડીને બેઠેલા પહાડી દુકાનદારો સારા લાગ્યા. તેઓ ભોળા અને ભલા હતા. લોટ, ચોખા, દાળ વગેરે ખરીદીએ તો તેઓ રાંધવાનાં વાસણો ગણ્યા વગર અને ભાડું લીધા વગર જ આપતા હતા. મોટેભાગે તેઓ ચા વેચતા હતા. બીડી, દીવાસળી, ચણા, ગોળ, સાતુ, બટાટા વગેરે વસ્તુઓ યાત્રીઓને મળતી હતી. યાત્રીઓ શ્રદ્ધાળુ તો હતા, પણ ગરીબ હતા. એમના કામની વસ્તુઓ જ દુકાનો પર વેચાતી હતી. ત્યાંના બનેલા કંબલ રાત ગાળવા પૂરતા ભાડે મળતા હતા.

ઠંડીની ઋતુ અને પગપાળા ચાલવું એ બંને પરીક્ષાઓ અઘરી હતી. એ ક્ષેત્રમાં રહેનારા સાધુ સંન્યાસીઓ એ ઋતુમાં ગુજારાની વ્યવસ્થા કરવા માટે નીચેના ગરમ પ્રદેશોમાં ઊતરી આવે છે. જ્યાં ઠંડી વધુ છે ત્યાંના ગામવાસીઓ પણ પશુઓ ચરાવવા નીચેના પ્રદેશમાં ઊતરી આવે છે. ગામડાંઓમાં સન્નાટો છવાઈ જાય છે. આવી મુશ્કેલ પરિસ્થિતિઓમાં મારે ઉત્તરકાશીથી નંદનવન સુધીની યાત્રા પગપાળા પૂરી કરવાની હતી. દરેક દૃષ્ટિએ આ યાત્રા ખૂબ મુશ્કેલ હતી.

સ્થાન તદ્દન એકાકી હતું. રહેવા જમવાની કોઈ વ્યવસ્થા નહોતી. વન્યપશુઓ નિર્ભીકપણે ફરતાં હતાં. આ બધી સ્થિતિ બહુ કષ્ટદાયક હતી. તે વખતે ખૂબ ઠંડી પડતી હતી. સૂર્ય ઊંચા પહાડોની પાછળ છુપાઈ રહેવાના કારણે લગભગ દસ વાગ્યે દેખાય અને લગભગ બે વાગ્યે શિખરોની પાછળ સંતાઈ જાય. શિખરો પર તો તાપ દેખાય પણ જમીન ઉપર મધ્યમ પ્રકારનું અંધારું. રસ્તામાં ભાગ્યે જ કોઈ માણસ ભટકાઈ જાય. જેમને કોઈ ખાસ કામ હોય અથવા તો કોઈનું મૃત્યુ થયું હોય તો જ તેઓ બહાર નીકળતા. દરેક રીતે તે ક્ષેત્ર મારા માટે નિર્જન હતું. મારા સહચરો હતા છાતીમાં ધડકતું હૃદય અને અનેક વિચારો કરતું મન. આવી પરિસ્થિતિમાં લાંબી યાત્રા મારાથી થાય છે કે નહિ તેની કસોટી થઈ રહી હતી. હૃદયે નિશ્ચય કર્યો કે જેટલા દિવસ શ્વાસ ચાલવાનો છે તેટલા દિવસ અવશ્ય ચાલશે. ત્યાં સુધી તો કોઈ મારી શકવાનું નથી. મન કહેતું કે વૃક્ષો અને વનસ્પતિમાં પણ જીવન છે. એમની ઉપર પક્ષીઓ રહે છે. પાણીમાં જળચરો હાજર છે. જંગલમાં વન્ય પશુઓ ફરે છે. બધાં જ ખુલ્લા શરીરે અને બધાં જ પાછાં એકલાં. જ્યારે આટલાં બધાં પ્રાણીઓ આ વિસ્તારમાં રહે છે તો તારા માટે બધું સૂમસામ કેવી રીતે ગણાય ? પોતાની જાતને સંકુચિત ન બનાવ. જો 'વસુધૈવ કુટુંબકમ્' માં માનતો હોય તો આટલાં બધાં પ્રાણીઓ હોવા છતાં તું એકલો કેવી રીતે ? મનુષ્યોને જ પ્રાણી શા માટે માને છે ? આ બધાં પ્રાણીઓ શું તારાં નથી ? જો તારાં હોય તો પછી સૂનું કેમ લાગે છે ?

મારી યાત્રા ચાલતી રહી. સાથેસાથે ચિંતન પણ ચાલતું રહ્યું. એકલા રહેવામાં મન પર ભાર રહે છે, કારણ કે માણસ હમેશાં સમૂહમાં રહેવા ટેવાયેલો છે. એકલવાયાપણાથી એને ડર લાગે છે. અંધારું પણ ડરનું એક મોટું કારણ હોય છે. મનુષ્ય આખો દિવસ પ્રકાશમાં રહે છે. રાત્રે દીવો સળગાવે છે. જ્યારે ઊંઘ આવે છે ત્યારે જ બિલકુલ અંધારું થાય છે. એમાં પણ સૂમસામ અંધકારમાં જેટલો ડર લાગે છે તેટલો બીજા કોઈ સમયે લાગતો નથી.

એકાકીપણામાં ખાસ કરીને મનુષ્યના મનને ડર લાગે છે. યોગીએ આ ડરથી નિવૃત્ત થવું જોઈએ. 'અભય'ને અધ્યાત્મનો અત્યંત મહત્ત્વનો ગુણ માનવામાં આવ્યો છે. એ જો એનામાં ન હોય તો એણે ગૃહસ્થની જેમ સાધન સરંજામ એકઠો કરીને સંરક્ષણની વ્યવસ્થા કરીને રહવું પડે છે. મન કાચું બનીરહે છે.

હિમાલય ક્ષેત્રમાં એકલતાનું બીજું સંકટ એ છે કે ત્યાં ખાસ કરીને હિંસક પશુઓનો ડર લાગે છે. કોલાહલ વગરના ક્ષેત્રમાં જ તેઓ વિચરે છે. રાત્રિ જ એમના માટે ભોજન શોધવાનો સમય છે. દિવસે વિરોધનો સામનો કરવાનો ડર તો એમને પણ લાગે છે.

રાત્રે અંધારામાં એકલા હોઈએ ત્યારે હિંસક પશુઓનો મુકાબલો થવો એક સંકટ છે. સંકટ જ નહિ, મોત સાથે બાથ ભીડવા જેવું છે. કોલાહલ અને વસતી ન હોવાથી હિંસક પશુઓ દિવસે પણ પાણી પીવા યા તો શિકાર શોધવા નીકળી પડે છે. આ બધી પરિસ્થિતિઓનો સામનો મારે મારી યાત્રા વખતે કરવો પડ્યો હતો.

યાત્રામાં જ્યાં રાત વિતાવવી પડી ત્યાં સાપ રખડતા હતા અને અજગર ફૂંફાડા મારતા હતા. નાની જાતના વાઘ ત્યાં ઘણા હોય છે. એમનામાં બબર સિંહની તુલનામાં વધુ સ્ફૂર્તિ હોય છે. શરીરના પ્રમાણમાં એમનામાં તાકાત ઓછી હોય છે. તેથી તે નાનાં જાનવરો ઉપર હાથ અજમાવે છે. શાકાહારી પ્રાણીઓમાં પહાડી રીંછ આક્રમણખોર હોય છે. શિવાલિકની ટેકરીઓ તથા હિમાલયના નીચલા પ્રદેશમાં જંગલી હાથીઓ પણ રહે છે. એ બધાનો સ્વભાવ એવો હોય

છે કે એમની અને આપણી નજર એક ન થાય અને જો એમને આપણે છેડીએ નહિ તો તેઓ પોતાના રસ્તે ચાલ્યાં જાય છે. નહિ તો સહેજ પણ ભય અથવા ક્રોધનો ભાવ એમના મનમાં જાગે તો તેઓ આક્રમણ કરે છે.

અજગર, સાપ, મોટી ગરોળી, રીંછ, ચિત્તા, દીપડા, હાથી વગેરે સાથે યાત્રીઓની અવારનવાર મુલાકાત થાય છે. લોકોનો મોટો સમૂહ હોય તો તેઓ રસ્તો છોડીને એક બાજુ થઈને નીકળી જાય છે, પરંતુ જો કોઈ મનુષ્ય યા પશુ એકલું સામે આવે તો તેઓ બચતાં નથી. એવે વખતે મનુષ્યે જ એમના માટે રસ્તો છોડવો પડે છે, નહિ તો તેઓ આક્રમણ કરે જ.

આવી મુલાકાતો કે સામનો તો રાત દિવસમાં થઈને લગભગ પંદર-વીસ વખત તો થઈ જતો હતો. માણસને એકલો જોઈને તેઓ નિર્ભય થઈને ચાલતાં હતાં અને રસ્તો છોડતાં નહોતાં. આથી મારે જ એમને રસ્તો કરી આપવો પડતો. આ બધું લખવા-વાંચવામાં તો સહેલું લાગે, પણ ખરેખર જ્યારે એવું બને ત્યારે છક્કા છૂટી જાય. કારણ કે એ પ્રાણીઓ સાક્ષાત્ મૃત્યુ સ્વરૂપે સામે આવતાં હતાં. ક્યારેક તો મારી સાથેસાથે જ ચાલતાં તો ક્યારેક પાછળ પાછળ આવતાં. શરીરને મોત સૌથી વધુ બિહામણું લાગે છે. હિંસક પશુઓ તથા આક્રમણવૃત્તિ ધરાવનાર જંગલી નર નીલ (ગાય) પણ આક્રમણખોર હોય છે. ભલે કદાચ તેઓ આક્રમણ ન કરે તો પણ એટલો બધો ડર લાગતો કે જાણે સાક્ષાત્ મોતની ક્ષણ આવી ગઈ હોય. એકાદવાર આવું બને તો તો ઠીક, પણ લગભગ દર કલાકે એકવાર મોતનો ભેટો થતો અને દર વખતે પ્રાણ નીકળી જવાનો ડર લાગતો. એ પરિસ્થિતિનો સામનો કરવો ખૂબ મુશ્કેલ હતો. હૃદય ધડકવા માંડતું. હજુ તો ધડકન બંધ ન થઈ હોય તે પહેલાં બીજી નવી મુસીબત સામે આવતી અને ફરી પાછું હૃદય ધડકવા માંડતું. એ પ્રાણીઓ એકલાં નહોતાં, ઝુંડનાં ઝુંડ સામે આવતાં. જો તેઓ એક એક જ બચકું ભરે તો ક્ષણવારમાં આપણું અસ્તિત્વ નષ્ટ થઈ જાય.

પરંતુ અહીં પણ વિવેક વાપરવો પડ્યો. સાહસ કરવું પડ્યું. મોત મોટું હોય છે, પણ તે જીવન કરતાં મોટું નથી હોતું. આપણી અંદર

નિર્ભયતા અને મૈત્રીની ભાવના હોય તો હિંસક પ્રાણીઓની હિંસા પણ ઠંડીગાર બની જાય છે અને તેમનો સ્વભાવ બદલાઈ જાય છે. આખા પ્રવાસ દરમિયાન લગભગ ત્રણસોથી ચારસો વખત આવી બિહામણી મુલાકાતો થઈ. લથડતા સાહસને દર વખત સંભાળવું પડ્યું. મૈત્રી અને નિશ્ચિંતતાનો ભાવ રાખવો પડ્યો. મૃત્યુ વિશે વિચારવું પડ્યું કે એનો પણ એક સમય હોય છે. જો અહીં આ રીતે જ મરવાનું હશે તો પછી એનાથી ડરવાને બદલે હસતાં હસતાં એનો સામનો શા માટે ન કરવો ? એવા વિચાર મનમાં આવ્યા તો નહિ, પણ બળપૂર્વક કરવા પડ્યા. આખો રસ્તો બિહામણો હતો. અંધારું, એકલતા અને મૃત્યુ ત્રણેયના દૂતો ભેગા થઈને મને ડરાવવાનો પ્રયત્ન કરતા રહ્યા અને મને પાછા ફરવાની સલાહ આપતા રહ્યા, છતાં સંકલ્પશક્તિએ સાથ આપતી રહી અને યાત્રા આગળ વધતી રહી.

પરીક્ષાનું એક પ્રશ્નપત્ર એવું હતું કે નિર્જનતાનો, એકલતાનો ડર લાગે છે કે નહિ ? થોડાક જ દિવસોમાં દિલ મજબૂત થઈ ગયું અને એ ક્ષેત્રમાં રહેનારાં પ્રાણીઓ પોતાનાં લાગવાં માંડ્યાં. ડર તો કોણ જાણે ક્યાં ગાયબ થઈ ગયો તેની ખબર ન પડી. સૂનકાર સુંદર લાગવા માંડ્યો. મને કહ્યું કે પ્રથમ પ્રશ્નપત્રમાં ઉત્તીર્ણ થવાની શરૂઆત થઈ ગઈ. આગળ વધવામાં દ્વિધા પેદા થતી હતી તે પણ દૂર થઈ ગઈ.

બીજું પ્રશ્નપત્ર હતું ઠંડી ઋતુનું. વિચાર કર્યો કે મોં, નાક, આંખો, માથું, કાન, હાથ વગેરે ખુલ્લાં રહે છે. ટેવ પડી ગઈ છે તેથી એમને ઠંડી નથી લાગતી. તો પછી બીજે શાથી લાગે ? ઉત્તરધ્રુવ, નોર્વે, ફિનલેન્ડમાં હમેશાં તાપમાન શૂન્યથી નીચે રહે છે. ત્યાં એસ્કિમો અને બીજી જાતિના લોકો રહે છે. તો અહીં તો દસબાર હજાર ફૂટની જ ઊંચાઈ છે. અહીં ઠંડીથી બચવાનો ઉપાય શોધી શકાય. ત્યાં રહેતા એક માણસ પાસેથી તે ઉપાય જડી ગયો. પહાડમાં ગુફાઓ હોય છે. તે ધાર્યા કરતાં ગરમ હોય છે. કેટલીક ખાસ પ્રકારની ઝાડી એવી હોય છે જે લીલી હોય છતાં સરસ્ર સળગે છે. લાંગડા, માર્ચા વગેરે શાકભાજી જંગલોમાં ઊગે છે. તે કાચી ખાઈ શકાય છે. ભોજપત્રના થડ પર ઊગેલી ગાંઠોને ઉકાળવામાં આવે

તો એવી ચા બને છે કે જેનાથી ઠંડી ઊડી જાય. પેટમાં ઢીંચણ અને માથું અડકાડીને ટૂંટિયું વાળીને બેસવાથી પણ ઠંડી ઓછી લાગે છે. ઠંડી ખૂબ છે એવું મનથી જો વિચારીએ તો વધારે ઠંડી લાગે છે. નાનાં છોકરાંને થોડાંક કપડાં હોય તોય ઠંડી નથી લાગતી. એમને કોઈ પરેશાની નથી થતી. ઠંડી વધુ લાગવાનું કારણ માનસિક છે. વૃદ્ધ, બીમારો માટે ન કહી શકાય, પરંતુ જુવાન માણસ ઠંડીથી મરી જતો નથી. આ બધી વાતો સમજાઈ ગઈ અને એ બધા ઉપાયો અજમાવતાં ઠંડી પણ સહન થવા લાગી. બીજી પણ એક વાત એ છે કે ઠંડી ઠંડી એવું રટણ કરવાના બદલે મનમાં ઉત્સાહ પેદા થાય એવી કોઈ વાત વિચારીએ તો પણ ઠંડી લાગતી નથી. એટલી મહત્ત્વપૂર્ણ વાતો એ વિસ્તારની સમસ્યાઓનો સામનો કરવાથી શીખવા મળી.

વળી જંગલી હિંસક પ્રાણીઓની વાત બાકી રહી ગઈ. તેઓ મોટેભાગે રાત્રે જ નીકળે છે. એમની આંખો ચમકે છે. મનુષ્યથી બધાં પ્રાણીઓ -સિંહ પણ ડરે છે. જો આપણે પોતે એમનાથી ન ડરીએ, એમને છેડીએ નહિ તો તેઓ મનુષ્ય પર આક્રમણ કરતાં નથી. એમનાં મિત્ર બનીને રહે છે.

શરૂઆતમાં મને આવો ડર લાગતો હતો, પછી સરકસનાં પ્રાણીઓને શીખવનારા માણસો યાદ આવ્યા. તેઓ એમને કેટલા બધા ખેલ શીખવે છે ! ટાન્ઝાનિયાની એક યુરોપિયન મહિલાની વાત વાંચી હતી. 'બોર્ન ફ્રી' જેનો પતિ વનવિભાગનો કર્મચારી હતો, તેની પત્નીએ પતિની મદદથી માબાપથી વિખૂટાં પડેલાં સિંહનાં બે બચ્ચાં પાળ્યાં હતાં.તે મોટાં થઈ ગયાં, છતાં ખોળામાં સૂતાં હતાં. આપણા મનમાં જબરદસ્ત નિર્ભયતા યા પ્રેમભાવના હોય તો ગીચ જંગલોમાં પણ આનંદથી રહી શકાય. વનવાસી ભીલ લોકો લગભગ એ વિસ્તારમાં જ રહે છે. એમને ત્યાં રહેવામાં બીક લાગતી નથી કે જોખમ પણ લાગતું નથી. આ બધાં ઉદાહરણો યાદ કરવાથી નિર્ભયતા આવી ગઈ અને વિચાર્યું કે એક દિવસ એવો આવશે જ્યારે હું જંગલમાં ઝૂંપડી બનાવીને રહીશ અને ગાય તથા વાઘ એક જ ઘાટ પર પાણી પીતાં હશે.

મન નિર્બળ પણ હોય અને સમજાવીએ તો સમર્થ પણ બની જાય છે. મેં એ નિર્જન જંગલમાં મનમાંથી ભય દૂર કરીને યાત્રા ચાલુ રાખી. અનુકૂળ પરિસ્થિતિની અપેક્ષા રાખવાના બદલે મનઃસ્થિતિને મજબૂત બનાવવાનું વિચાર્યું. મનને એ દિશામાં વાળતો ગયો અને જે પ્રતિકૂળતાઓ શરૂઆતમાં ખૂબ બિહામણી લાગી હતી તે હવે બિલકુલ સરળ અને સ્વાભાવિક લાગવા માંડી.

મન ધીરે ધીરે એ વીસ દિવસની યાત્રામાં કાબૂમાં આવી ગયું. એ ક્ષેત્ર એવું લાગવા માંડ્યું જાણે કે હું ત્યાં પેદા થયો હતો અને ત્યાં જ મરવાનું છે.

ગંગોત્રી સુધી રાહદારીઓ દ્વારા બનેલો ભયંકર રસ્તો છે. ગોમુખ સુધી એ વખતે માત્ર એક પગદંડી હતી. એના પછી મુશ્કેલી હતી. તપોવન ખૂબ ઊંચાઈ પર છે. રસ્તો પણ નથી. અંતઃપ્રેરણા અથવા તો ભાગ્યના ભરોસે ચાલવું પડે છે. તપોવનનો વિસ્તાર ચોરસ છે. એ પછી પહાડીઓની એક ઊંચી શૃંખલા છે. એ પછી નંદનવન આવે છે. મને અહીં બોલાવવામાં આવ્યો હતો. સમયસર પહોંચી ગયો. જોયું તો ગુરુદેવ ત્યાં ઊભા હતા. આનંદની સીમા ન રહી. મારા આનંદની તથા એમના આનંદની. તેઓ પહેલીવાર મારે ઘેર આવ્યા હતા. આ વખતે હું તેમના ઘેર આવ્યો. આ ક્રમ જીવનભર ચાલતો રહે એમાં જ અમારા સંબંધની સાર્થકતા છે.

આ વખતે ત્રણ પરીક્ષાઓ થવાની હતી. સાથી વગર કામ ચલાવવાનું. ઋતુઓના પ્રકોપની તિતિક્ષા સહન કરવી અને હિંસક પશુઓની સાથે રહેવા છતાં વિચલિત ન થવું. ત્રણેયમાં હું પાસ થયો છું એમ મેં માન્યું અને મારા પરીક્ષકે પણ એવું જ માન્યું.

વાતચીતનો ક્રમ તો થોડીવારમાં જ પૂરો થઈ ગયો. "અધ્યાત્મશક્તિ પ્રાપ્ત કરવા માટે પ્રચંડ મનોબળ મેળવવું. પ્રતિકૂળતાઓને દબાવી દઈ અનુકૂળતામાં ફેરવી નાખવી, વાઘ-સિંહથી તો શું પણ મોતથી પણ ન બીવું એવી સ્થિતિ ઋષિકલ્પ આત્માઓ માટે તો એકદમ જરૂરી છે. તારે આવી પરિસ્થિતિઓમાં જ જીવનનો મોટો ભાગ પસાર કરવાનો છે."

એ વખતની વાત પૂરી થઈ ગઈ. જે ગુફામાં તેઓ રહેતા હતા ત્યાં સુધી લઈ ગયા. ઈશારાથી બતાવેલા સ્થાને સૂઈ ગયો. એટલી ગાઢ નિદ્રા આવી કે રોજ કરતાં બમણી કે ત્રણગણી ઊંઘ આવી ગઈ હોય તો આશ્ચર્ય નહિ. આખા રસ્તાનો થાક આ રીતે દૂર થઈ ગયો. જાણે કે હું બિલકુલ ચાલ્યો જ ન હોઉં !

ત્યાં વહેતા ઝરણામાં સ્નાન કર્યું. સંધ્યાવંદન પણ કર્યું. જીવનમાં પહેલીવાર બ્રહ્મકમળ અને દેવકંદ જોયાં. બ્રહ્મકમળ એવું હોય છે કે જેની સુગંધથી થોડીવારમાં જ ઊંઘ યા તો યોગનિદ્રા આવી જાય છે. દેવકંદ શક્કરિયાંની જેમ જમીનમાંથી નીકળે છે. તેનો સ્વાદ શિંગોડાં જેવો હોય છે. તે પાકું થાય ત્યારે લગભગ પાંચ શેરનું થાય. એનાથી એક સપ્તાહ સુધી ક્ષુધા તૃપ્ત થઈ શકે છે. ગુરુદેવની આ જ બે પહેલી પ્રત્યક્ષ ભેટસોગાદો હતી. એક શારીરિક થાક દૂર કરવા અને બીજી મનમાં ઉમંગ ભરવા માટે.

એ પછી તપોવન તરફ નજર કરી. આખા વિસ્તારમાં ફૂલોનો - મખમલનો ગાલીચો હતો. એ વખતે ભારે હિમવર્ષા નહોતી થઈ. જ્યારે બરફ પડે છે ત્યારે એ બધાં ફૂલો પાકીને જમીન ઉપર ખરી પડે છે - બીજા વર્ષે ઊગવા માટે.

⊙

# ૭. ઋષિતંત્ર સાથે દુર્ગમ હિમાલયમાં સાક્ષાત્કાર

નંદનવનમાં પહેલો દિવસ ત્યાંનું પ્રાકૃતિક સૌંદર્ય નિહાળવામાં તથા એમાં પરમ સત્તાનાં દર્શન કરવામાં પસાર થઈ ગયો. ખબર ન પડી કે ક્યારે સૂર્ય આથમી ગયો અને રાત પડી ગઈ. પરોક્ષ રૂપે નિર્દેશ મળ્યો. નજીકની એક નક્કી કરેલી ગુફામાં જઈને સૂવાનો. મને લાગતું હતું કે એમાં સૂવાનો નહિ, પરંતુ સ્થૂળ શરીર પર ઠંડીનો પ્રકોપ ન થાય એ માટે સુરક્ષિત સ્થળે પહોંચવાનો ઉદ્દેશ્ય હતો. રાત્રે ફરીથી ગુરુદેવનાં દર્શન થવાની સંભાવના હતી. એવું થયું પણ ખરું.

એ રાત્રે એકાએક ગુરુદેવ ગુફામાં આવી પહોંચ્યા. પૂર્ણિમા હતી. ચંદ્રમાનો સુંદર પ્રકાશ આખા હિમાલય પર ફેલાઈ રહ્યો હતો. તે વખતે એવું લાગ્યું કે હિમાલય સોનાનો છે. દૂર દૂર બરફના ટુકડા વરસી રહ્યા હતા. એવું લાગતું હતું કે જાણે સોનું વરસી રહ્યું છે. માર્ગદર્શકના આવવાથી મારી ચારે બાજુ ગરમીનું એક વર્તુળ બની ગયું. નહિ તો રાત્રિના સમયે એ વિકટ ઠંડી અને પવનના સૂસવાટામાં બહાર નીકળવું શક્ય નહોતું. દુઃસાહસ કરવા જતાં એવા વાતાવરણમાં શરીર જકડાઈ જાય એમ હતું.

કોઈ વિશિષ્ટ પ્રયોજન માટે જ કૃપા થઈ છે એવું હું પહેલેથી જ સમજી ગયો હતો. આથી આ સમયે આવવાનું કારણ પૂછવાની જરૂર ન પડી. એમની પાછળ પાછળ ચાલવા માંડ્યું. પગ જાણે જમીનથી અધ્ધર હતા એમ લાગતું હતું. આજે એ જાણ્યું કે ઉપર હવામાં ઊડવાની, અંતરિક્ષમાં ચાલવાની સિદ્ધિની શું જરૂર પડે છે. એ બરફવાળા ખાડા-ટેકરાવાળા હિમખંડો ઉપર ચાલવું એ પાણી પર ચાલવા કરતાંય વધુ મુશ્કેલ હતું. આજે એ સિદ્ધિઓની ભલે જરૂર ન પડે, પણ એ વખતે હિમાલય જેવાં દુર્ગમ ક્ષેત્રોમાં આવાગમનની મુશ્કેલી સમજનારાઓ માટે ચોક્કસ એની જરૂર પડતી હશે.

હું ગુફામાંથી નીકળીને ઠંડીથી કાંપતો સોનેરી હિમાલય પર અધ્ધર અધ્ધર ગુરુદેવની પાછળ એમની પૂંછડીની જેમ એમની ખૂબ જ નજીક ચાલી રહ્યો હતો. આજની યાત્રાનો ઉદ્દેશ પુરાતન ઋષિઓની તપસ્થલીઓનું દર્શન કરવાનો હતો. સ્થૂળ શરીરનો એ બધાએ ત્યાગ કર્યો હતો. એમનામાંથી મોટા ભાગનાં શરીર સૂક્ષ્મ હતાં. એને ભેદીને કોઈ કોઈનાં કારણ શરીર પણ ચમકી રહ્યાં હતાં. મસ્તક નમી ગયું અને બે હાથ જોડાઈ ગયા. આજે મને હિમાલયમાં સૂક્ષ્મ તથા કારણ શરીર ધારણ કરીને રહેતા ઋષિઓનાં દર્શન અને પરિચય કરાવવાનો હતો. મારા માટે આજની રાત જીવનની સૌભાગ્યક્ષણોમાં સૌથી વધારે મહત્ત્વની વેળા હતો.

ઉત્તરાખંડની કેટલીક ગુફાઓ તો આવતી વખતે જોઈ હતી, પરંતુ એવી ગુફાઓ જોઈ હતી કે જે જતાં-આવતાં જોવી સુલભ હતી, પણ આજે જાણ્યું કે જેટલું જોયું એના કરતાં ન જોયું હોય એવું અનેકગણું છે. જે નાની ગુફાઓ હતી, તે જંગલી પશુઓને કામમાં આવતી હતી, પરંતુ જે મોટી હતી. સ્વચ્છ અને વ્યવસ્થિત હતી તે ઋષિઓનાં સૂક્ષ્મ શરીરો માટે હતી. પૂર્વ અભ્યાસના લીધે તેઓ આજે પણ એમાં ક્યારેક ક્યારેક નિવાસ કરે છે.

તેઓ બધા એ દિવસે ધ્યાનમુદ્રામાં હતા. ગુરુદેવે કહ્યું કે તેઓ મોટે ભાગે આ જ સ્થિતિમાં રહે છે. અકારણ ધ્યાન તોડતા નથી. મને એકએકનાં નામ બતાવ્યાં અને સૂક્ષ્મ શરીરનાં દર્શન કરાવ્યાં. આ ક્ષેત્રની સંપદા, વિશિષ્ટતા અને વિભૂતિ આ જ છે. ગુરુદેવની સાથે હું આવવાનો છું એ વાતની પહેલેથી જ બધાને ખબર હતી. તેથી અમે બંને જેની જેની પાસે ગયા એ બધાંનાં નેત્રો ખૂલી જતાં. તેમના ચહેરા પર સ્મિત ફરકતું અને જાણે કે અભિવાદનનો પ્રત્યુત્તર આપતા હોય એમ મસ્તક સહેજ જ નમતું. કોઈની સાથે કાંઈ જ વાતચીત ન થઈ. સૂક્ષ્મ શરીરને જ્યારે કાંઈક કહેવું હોય છે ત્યારે તે વૈખરી યા મધ્યમા વાણીથી નહિ, પરંતુ પરા અને પશ્યંતી વાણીથી, કર્ણછીદ્રોના માધ્યમથી નહિ, અંતઃકરણમાં ઊઠતી પ્રેરણારૂપે કહે છે, પણ આજે તો માત્ર દર્શન જ કરવાનાં હતાં.

કાંઈ જ કહેવાનું  કે સાંભળવાનું નહોતું. એમની નાતમાં એક નવો વિદ્યાર્થી દાખલ થવા આવ્યો છે. તેથી એને ઓળખી લેવાનો તથા જ્યારે જેવી મદદ કરવાની જરૂર પડે તેવી એને આપવાનું નક્કી કરવાનો ઉદ્દેશ હતો. કદાચ એમને પહેલેથી જ જણાવી દેવામાં આવ્યું હશે કે એમનાં અધૂરાં કાર્યોને સમયની અનુકૂળતા પ્રમાણે પૂરાં કરવા માટે સ્થૂળ શરીરધારી બાળક પોતાની રીતે શું કરવાનો છે અને ભવિષ્યમાં એની કેવી ભૂમિકા હશે.

સૂક્ષ્મ શરીરથી અંતઃપ્રેરણા જગાડવાનું અને શક્તિધારા પ્રદાન કરવાનું કામ થઈ શકે છે. પરંતુ બધા લોકોને પ્રત્યક્ષ સલાહસૂચન આપવાનું અને અન્ય કાર્યો કરવાનું કામ સ્થૂળ શરીરનું જ છે. આથી દિવ્યશક્તિઓ કોઈ સ્થૂળ શરીરધારીને પોતાનાં પ્રયોજનો માટે સાધન બનાવે છે. અત્યાર સુધી હું એક જ માર્ગદર્શકનું વાહન હતો. પરંતુ હવે હિમાલયવાસી એ દિવ્ય આત્માઓ પણ મારી પાસે વાહન તરીકે કામ લઈ શકતા હતા અને તે અનુસાર પ્રેરણા, યોજના તથા ક્ષમતા પ્રદાન કરી શકતા હતા. ગુરુદેવ આવી જ ભાવવાણીમાં એ બધા સાથે મારો પરિચય કરાવી રહ્યા હતા. તેઓ બધા લોકાચાર કે શિષ્ટાચાર કર્યા વગર અને સમય બગાડ્યા વગર એક સંકેત દ્વારા પોતાની સ્વીકૃતિ આપી રહ્યા હતા. આજ રાતની દિવ્યયાત્રા આ જ સ્વરૂપે ચાલતી રહી. પ્રભાત થતાં પહેલાં જ તેઓ મારી સ્થૂળ કાયાને નિર્ધારિત ગુફામાં છોડીને પોતાના સ્થાને પાછા જતા રહ્યા.

આજે ઋષિ લોકોનું પહેલીવાર દર્શન થયું. હિમાલયનાં વિભિન્ન ક્ષેત્રો - દેવાલયો, સરોવરો, સરિતાઓનું દર્શન તો યાત્રાકાળમાં પહેલેથી જ થતું રહ્યું. એ પ્રદેશને ઋષિઓના નિવાસના કારણે દેવાત્મા પણ માનવામાં આવે છે, પરંતુ આ પહેલાં એવી ખબર નહોતી કે ક્યા ઋષિને કઈ ભૂમિ પ્રત્યે આકર્ષણ છે. તે આજે પ્રથમ તથા અંતિમવાર જોયું. પાછા મૂકી જતી વખતે માર્ગદર્શકે કહી દીધું કે, "એ બધા ઋષિઓ સાથે પોતાના તરફથી સંપર્ક સાધવાનો પ્રયત્ન ન કરીશ. એમના કાર્યમાં અવરોધ ઊભો ન કરીશ. જો કોઈને કંઈ નિર્દેશ આપવો હશે તો તેઓ

પોતે જ એમ કરશે. મારી સાથે પણ તારે એમ જ સમજવાનું, પોતાના તરફથી બારણાં ખખડાવવાનાં નહિ, જ્યારે મને કોઈ કામ માટે તારી જરૂર પડશે ત્યારે હું જ તારી પાસે આવીશ અને એ પૂર્ણ કરવા માટે જરૂરી સાધન, શક્તિ એકત્ર કરી આપીશ. જેમનાં તને દર્શન કરાવવામાં આવ્યાં છે એ ઋષિઓની બાબતમાં પણ તારે આમ જ સમજવાનું. આ દર્શનને માત્ર કુતૂહલ જ ન માનતો, પરંતુ સમજજે કે મારો એકલાનો નિર્દેશ તારા માટે સીમિત નથી. આ મહાત્માઓ પણ એ જ રીતે પોતાનાં બધાં પ્રયોજનો તારી પાસે પૂરાં કરાવતા રહેશે, કારણ સ્થૂળ શરીર વગર તેઓ એ કરી શકે એમ નથી. જનસંપર્ક મોટેભાગે તારા જેવાં સત્પાત્રો-વાહનોના માધ્યમથી જ કરાવવાની પરંપરા છે. ભવિષ્યમાં એમનાં નિર્દેશનોને પણ મારા આદેશની જેમ જ માથે ચઢાવજે અને જે કહેવામાં આવે તે કરવા માંડજે." હું સ્વીકૃતિસૂચક સંકેત સિવાય બીજું કહું પણ શું ? તેઓ અંતર્ધ્યાન થઈ ગયા.

⊙

# ૮. ભાવિ રૂપરેખાનું સ્પષ્ટીકરણ

નંદનવનના પ્રવાસનો બીજો દિવસ વધારે વિસ્મયજનક હતો. આગલી રાત્રે ગુરુદેવની સાથે ઋષિઓના સાક્ષાત્કારનાં દશ્યો ફિલ્મની જેમ મારી આંખોમાં તરવરી રહ્યાં હતાં. પુનઃગુરુદેવની પ્રતીક્ષા કરી રહ્યો હતો - ભાવિ નિર્દેશો માટે. જેવો તડકો નંદનવનના મખમલી ગાલીચા પર ફેલાવા લાગ્યો કે તરત લાગ્યું કે જાણે સ્વર્ગ ધરતી પર ઊતરી આવ્યું છે. જાતજાતનાં રંગબેરંગી ફૂલો ઠસોઠસ હતાં. દૂરથી જોતાં લાગતું હતું કે જાણે એક ગાલીચો પાથરી દીધો છે.

એકાએક સ્થૂળ શરીરના રૂપમાં ગુરુદેવનું આગમન થયું. એમણે જરૂરિયાત મુજબ એવું જ સ્થૂળ શરીર ધારણ કર્યું હતું, જેવું પ્રથમવાર પ્રકાશપુંજના રૂપમાં મારે ઘેર પધારીને મને દર્શન દીધાં ત્યારે હતું.

વાતચીતનો આરંભ કરતાં એમણે કહ્યું કે, " મને તારા પાછલા બધા જન્મોની શ્રદ્ધા અને સાહસિકતાની ખબર હતી. આ વખતે અહીં બોલાવીને ત્રણ પરીક્ષાઓ લીધી અને તપાસ કરી કે મહાન કાર્યો કરવા યોગ્ય તારી મનોભૂમિ તૈયાર થઈ છે કે નહિ. આ આખી યાત્રા દરમિયાન હું તારી સાથે જ હતો અને ઘટનાઓ બની અને તેની પ્રતિક્રિયાઓ શું થઈ તે બધું હું જોતો રહ્યો. એનાથી વધારે નિશ્ચિતતા થઈ ગઈ.જો તારી સ્થિતિ સુદઢ અને વિશ્વાસ મૂકવા લાયક ન બની હોત તો અહીં રહેતા સૂક્ષ્મ શરીરધારી ઋષિઓ તને દર્શન ન આપત અને તેમના મનની વ્યથા ન કહેત. એમના કહેવાનું પ્રયોજન એ હતું કે એમનું જે કામ બાકી રહી ગયું છે તેને પૂર્ણ કરવામાં આવે. તને સમર્થ જોઈને જ એમણે પોતાના મનોભાવ પ્રગટ કર્યા, નહિ તો દીન, દુર્બળ અને અસમર્થ લોકો આગળ આટલા મોટા લોકો પોતાનું મન ક્યાંથી ખોલે.

તારું સમર્પણ જો સાચું હોય તો તારા શેષ જીવનની કાર્યપદ્ધતિ બતાવી દઉં છું. પરિપૂર્ણ નિષ્ઠા સાથે એને પૂર્ણ કરજે. પ્રથમ કાર્યક્રમ તો એ છે કે ૨૪ લાખ ગાયત્રી મંત્રનાં ૨૪ મહાપુરશ્ચરણ ચોવીસ વર્ષમાં પૂરાં કર. એનાથી

તારું મન મજબૂત થવામાં જે ઊણપ રહી ગઈ હશે તે પૂરી થશે. મોટાં અને ભારે કામ કરવા માટે મોટી શક્તિ જોઈએ. એ માટે આ પહેલું કામ સોંપવામાં આવ્યું છે. એની સાથેસાથે બીજાં બે કાર્યો પણ ચાલતાં રહેશે. એમાં એક એ કે તારું અધ્યયન ચાલુ રાખજે. તારે કલમ પકડવાની છે. આર્ષગ્રંથોના અનુવાદ તથા પ્રકાશનની વ્યવસ્થા કરીને તેમને જન સાધારણ સુધી પહોંચાડવાના છે. એનાથી દેવસંસ્કૃતિની લુપ્ત થઈ ગયેલી કડીઓ જોડાઈ જશે અને ભવિષ્યમાં વિશ્વસંસ્કૃતિનું માળખું ઊભું કરવામાં મદદ મળશે. આની સાથેસાથે જ્યાં સુધી સ્થૂળ શરીર વિદ્યમાન છે ત્યાં સુધી મનુષ્યમાં દેવત્વના ઉદય અને ધરતી પર સ્વર્ગનું અવતરણ કરનાર સર્વસુલભ સાહિત્ય વિશ્વની શક્ય હોય તેટલી બધી જ ભાષાઓમાં લખવાનું છે. આ કાર્ય તારી પ્રથમ સાધના સાથે સંબંધિત છે. એમાં સમય આવ્યે તને મદદ કરવા માટે સુપાત્ર મનીષીઓ આવી મળશે, જે તારું બાકીનું કામ પૂરું કરશે.

ત્રીજું કામ સ્વતંત્રતા-સંગ્રામમાં એક સિપાઈની જેમ પ્રત્યક્ષ અને પૃષ્ઠભૂમિમાં રહી લડતા રહેવાનું છે. આ કામ ઈ.સ.૧૯૪૭ સુધી ચાલશે. ત્યાં સુધી તારું પુરશ્ચરણ પણ ઘણુંખરું પૂરું થવા આવ્યું હશે. આ પ્રથમ ચરણ છે. એની સિદ્ધિઓ જન-સાધારણ આગળ પ્રગટ થશે. અત્યારે તો એવાં કોઈ લક્ષણો નથી કે જેથી લાગે કે અંગ્રેજો ભારતને સ્વતંત્ર કરીને જતા રહેશે, પરંતુ આ સફળતા તારું અનુષ્ઠાન પૂરું થતાં પહેલાં મળી જશે. ત્યાં સુધી તારું જ્ઞાન, યુગપરિવર્તન અને નવનિર્માણ કરવા માટે કોઈ તત્વવેત્તા પાસે હોવું જોઈએ એટલું વધી ગયું હશે.

પુરશ્ચરણ ત્યારે જ પૂર્ણ ગણાય કે જ્યારે એના માટે પૂર્ણાહુતિ યજ્ઞ પણ કરવામાં આવે. ૨૪ લાખના પુરશ્ચરણનો યજ્ઞ એટલો મોટો હોવો જોઈએ કે જેમાં ૨૪ લાખ મંત્રોની આહુતિઓ અપાય તથા એના દ્વારા તારું સંગઠન ઊભું થઈ જાય. આ કામ પણ તારે જ કરવાનું છે. એમાં લાખો રૂપિયાની રકમ જોઈશે અને લાખો સહાયકો પણ જોઈશે. તું કદી એમ ન વિચારીશ કે હું એકલો છું. મારી પાસે ધન નથી. હું તારી સાથે જ છું. સાથેસાથે તારી સાધનાનું ફળ પણ તારી પાસે છે. આથી શંકા

રાખવાની કોઈ જરૂર નથી. સમય આવતાં બધું થઈ જશે. સાથેસાથે જનસાધારણને પણ ખબર પડી જશે કે સાચા સાધકની સાચી સાધનાનું કેવું ચમત્કારિક ફળ હોય છે. આ તારા કાર્યક્રમનું પ્રથમ ચરણ છે. તારી ફરજ બજાવતો રહેજે. એવું ન વિચારીશ કે મારી શક્તિ નગણ્ય છે. તારી શક્તિ કદાચ ઓછી હશે પણ જ્યારે આપણે બે ભેગા થઈ જઈએ ત્યારે એક ને એક અગિયાર થઈ જશે. આમેય આ કાર્યક્રમ તો દૈવીસત્તા દ્વારા સંચાલિત છે. એમાં વળી શંકા કેવી ? યથાસમયે બધી જ વિધિ અને વ્યવસ્થા થતી જશે. અત્યારથી યોજના બનાવવાની અને ચિંતા કરવાની કોઈ જરૂર નથી. અધ્યયન ચાલુ રાખજે. પુરશ્ચરણ પણ કરતો રહેજે. સ્વતંત્રતા સૈનિકનું કામ પણ કરજે. બહુ આગળની વાતોનો વિચાર કરવાથી મનમાં નકામી ઉદ્વિગ્નતા વધશે. અત્યારે તારી માતૃભૂમિમાં રહે અને ત્યાંથી પ્રથમ ચરણનાં આ ત્રણેય કામ કર.

ભવિષ્યની વાત સંકેતના રૂપમાં કહી દઉં છું. સાહિત્ય પ્રકાશન દ્વારા સ્વાધ્યાયનું અને વિશાળ ધર્મસંગઠન દ્વારા સત્સંગનું - આ બે કાર્ય મથુરા રહીને કરવાં પડશે. પુરશ્ચરણની પૂર્ણાહુતિ પણ ત્યાં જ થશે. પ્રેસ અને પ્રકાશન પણ ત્યાંથી જ ચાલશે. મનુષ્યમાં દેવત્વનો ઉદય અને ધરતી પર સ્વર્ગના અવતરણની પ્રક્રિયા સુનિયોજિત રીતે ત્યાંથી જ ચાલ્યા કરશે. એ પ્રયાસ એક ઐતિહાસિક આંદોલન હશે. એના જેવું આંદોલન અત્યાર સુધી ક્યાંય થયું નથી.

ત્રીજું ચરણ આ સૂક્ષ્મ શરીરધારી ઋષિઓની ઈચ્છા પૂરી કરવાનું છે. ઋષિ પરંપરાનું બીજ તારે વાવવાનું છે. એનો વિશ્વવ્યાપી વિસ્તાર એની મેળે જ થતો રહેશે. આ કામ સપ્ત ઋષિઓની તપોભૂમિ સપ્ત સરોવર, હરિદ્વારમાં રહીને કરવું પડશે. ત્રણેય કાર્ય ત્રણેય જગ્યાએ યોગ્ય રીતે ચાલતાં રહેશે. હમણાં જ સંકેત કર્યો છે. ભવિષ્યમાં સમયાનુસાર આ કાર્યોની વિસ્તૃત રૂપરેખા હું તને અહીં બોલાવીને બતાવતો રહીશ. ત્રણ વખત બોલાવવાના ત્રણ ઉદ્દેશ હશે.

ચોથીવાર તારે પણ ચોથી ભૂમિકામાં જવાનું છે અને અમારાં પ્રયોજનોનો બોજ આ સદીના અંતિમ દસકાઓમાં તારે તારા ખભે

લેવાનો છે. તે વખતે આખા વિશ્વમાં વ્યાપેલી વિષમ સમસ્યાઓનું અત્યંત મુશ્કેલ અને અત્યંત વ્યાપક કાર્ય તારે તારા ખભે લેવું પડશે. પહેલેથી એ કહેવાથી કોઈ લાભ નથી. સમય પ્રમાણે જે જરૂરી હશે તેની તને ખબર પડતી જશે અને તે પૂર્ણ પણ થશે.''

આ વખતની મારી હિમાલય યાત્રામાં મનમાં એવી દ્વિધા હતી કે હિમાલયની ગુફાઓમાં સિદ્ધપુરુષો રહે છે અને એમનાં દર્શનથી જ વિભૂતિઓ પ્રાપ્ત થઈ જાય છે એવી લોકોક્તિ છે. મને એનો કોઈ પુરાવો ન મળ્યો. એ બધી વાતો માત્ર કિંવદંતીઓ જ લાગે છે. તે હતી તો મારા મનની અસમંજસ પણ ગુરુદેવ કહ્યા વગર જ જાણી ગયા અને ખભા પર હાથ મૂકીને પૂછ્યું, ''તારે સિદ્ધપુરુષોની શું જરૂર પડી ? ઋષિઓનાં સૂક્ષ્મ શરીરોનાં દર્શનથી તથા મારાથી મન ભરાયું નથી ?''

મારા મનમાં અવિશ્વાસ ! કોઈ બીજા ગુરુ શોધવાની વાત તો સ્વપ્ને પણ વિચારી નથી. મારા મનમાં બાળક જેવું કુતૂહલ માત્ર હતું. ગુરુદેવે જો એને અવિશ્વાસ માન્યો હશે તો શ્રદ્ધાની બાબતમાં મને કુપાત્ર માનશે. એવો વિચાર મનમાં આવતાં જ હું સ્તબ્ધ થઈ ગયો.

મારા મનને વાંચી લેનાર દેવાત્માએ હસતાં હસતાં કહ્યું, ''તેઓ છે તો ખરા, પણ બે બાબતો નવી બની ગઈ છે. એક તો સડકો અને વાહનોની સગવડ થઈ જવાથી યાત્રીઓ વધારે આવવા માંડ્યા છે. એનાથી એમની સાધનામાં વિઘ્ન આવે છે. બીજું એ છે કે તેઓ બીજે ક્યાંક જતા રહે તો શરીરના નિર્વાહ માટે મુશ્કેલી ઊભી થાય છે. આથી તેમણે સ્થૂળ શરીરોનો ત્યાગ કરી સૂક્ષ્મ શરીર ધારણ કર્યાં છે, જેથી તે કોઈને દેખાય નહિ અને એના નિર્વાહ માટે સાધનોની જરૂર પણ ન પડે. આ જ કારણે એ લોકોએ માત્ર શરીર જ નહિ સ્થાન પણ બદલી નાખ્યાં છે. માત્ર સ્થાન જ નહિ પણ સાધનાની સાથે જોડાયેલ કાર્યક્રમ પણ બદલી નાખ્યો છે. જ્યારે બધું જ બદલાઈ ગયું હોય તો પછી તે દેખાય કઈ રીતે ? વળી સત્પાત્ર સાધકોનો અભાવ થઈ જવાના કારણે તેઓ કુપાત્રોને દર્શન આપવામાં અથવા એમના પર અનુકંપા કરીને પોતાની શક્તિ ગુમાવવા માગતા નથી. આવી પરિસ્થિતિમાં બીજા લોકો જેની શોધ

કરે છે તે મળવું અશક્ય છે. કોઈના માટે એ શક્ય નથી. ફરીવાર જ્યારે તું આવીશ ત્યારે હિમાલયના સિદ્ધપુરુષોનાં દર્શન કરાવી દઈશ.

પરબ્રહ્મના અંશને ધારણ કરનાર દેવાત્મા સૂક્ષ્મ શરીરમાં કઈ રીતે રહે છે તેનો પ્રથમ પરિચય તો મેં મારા માર્ગદર્શક જ્યારે મારે ઘેર આવ્યા ત્યારે જ પ્રાપ્ત કરી લીધો હતો. એમના હાથમાં મારી નાવને વિધિવત્ સોંપી દીધી હતી, છતાં પણ મારી બાળકબુદ્ધિ કામ કરી રહી હતી. હિમાલયમાં અનેક સિદ્ધપુરુષો રહે છે એવું સાંભળ્યું હતું. તેમને જોવાનું જે કુતૂહલ હતું તે ઋષિઓનાં દર્શન તથા મારા માર્ગદર્શકની સાંત્વનાથી પૂરું થઈ ગયું હતું. આ લાલસાને પહેલાં તો મારા મનના કોઈ ખૂણામાં છુપાવીને ફરતો હતો. આજે તે પૂરી થઈ એટલું જ નહિ, પર ભવિષ્યમાંય દર્શન થશે એવું આશ્વાસન મળી ગયું હતું. સંતોષ તો પહેલાં પણ હતો જ, પરંતુ હવે પ્રસન્નતા અને પ્રફુલ્લતાના સ્વરૂપે ખૂબ વધી ગયો હતો.

ગુરુદેવે આગળ કહ્યું કે, “હું જ્યારે પણ બોલાવું ત્યારે સમજવાનું કે મેં તને ૬ માસ યા તો એક વર્ષ માટે બોલાવ્યો છે. તારું શરીર અહીંની પરિસ્થિતિઓમાં નિર્વાહ કરી શકવા માટે યોગ્ય બની ગયું છે. આ નવા અભ્યાસને પરિપક્વ કરવા માટે હજુ ત્રણેકવાર હિમાલયમાં રહેવું જોઈએ. તારા સ્થૂળ શરીર માટે જે વસ્તુઓની જરૂર લાગશે તેની વ્યવસ્થા હું કરાવી દઈશ. એની જરૂર એટલા માટે પણ છે કે સ્થૂળમાંથી સૂક્ષ્મમાં અને સૂક્ષ્મમાંથી કારણ શરીરમાં પ્રવેશ કરવા માટે જે તિતિક્ષા કરવી પડે છે તે થતી રહેશે. શરીરને ભૂખ, તરસ, ઠંડી, ગરમી, નિદ્રા, થાક વગેરે પરેશાન કરે છે. આ છયે વસ્તુઓને ઘેર રહીને જીતવી મુશ્કેલ છે, કારણ કે ત્યાં બધી જ સગવડ હોવાથી તપ અને તિતિક્ષા માટે અવસર જ મળતો નથી. એ જ રીતે મન પર છવાઈ રહેતા છ કષાય-કલ્મષ પણ કોઈ ને કોઈ ઘટનાની સાથે ઘટિત થતા રહે છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર આ છ દુશ્મનોનો સામનો કરવા માટે આરણ્યકોમાં રહીને અભ્યાસ કરવો પડે છે. તને ઘેર રહીને એ માટેની તક નહિ મળે. એટલા માટે અભ્યાસ માટે વસતિથી દૂર રહેવાથી એ આંતરિક મલ્લયુદ્ધમાં પણ સરળતા રહે છે. હિમાલયમાં રહીને તું શારીરિક તિતિક્ષા અને

માનસિક તપ કરજે. આ રીતે ત્રણવાર ત્રણ વર્ષ આવતા રહેવાથી અને બાકીનાં વર્ષોમાં લોકોના સંપર્કમાં રહેવાથી પરીક્ષા પણ થતી રહેશે કે હિમાલયમાં રહીને જે અભ્યાસ કર્યો હતો તે પરિપક્વ થયો છે કે નહિ."

આ કાર્યક્રમ દેવાત્મા ગુરુદેવે જ બનાવ્યો, પણ તેં મેં ઈચ્છયું હતું તેવો જ હતો. એને મનોકામના પૂર્ણ થઈ એમ માનવું જોઈએ. સ્વાધ્યાય, સત્સંગ અને મનન-ચિંતનથી એ તથ્ય સારી રીતે હૃદયંગમ થઈ ગયું હતું કે દસ પ્રત્યક્ષ ઈન્દ્રિયો અને અગિયારમું અદશ્ય મન આ બધાંનો જો નિગ્રહ કરી લેવામાં આવે તો ધ્યાન વિકેન્દ્રિત થતું અટકે છે અને આત્મસંયમ આવી જતાં મનુષ્યની દુર્બળતાઓ નાશ પામે છે અને વિભૂતિઓ જાગૃત થાય છે. સશરીર સિદ્ધપુરુષ થવાનો આ જ રાજમાર્ગ છે. ઈન્દ્રિયનિગ્રહ, અર્થનિગ્રહ, સમયનિગ્રહ અને વિચારનિગ્રહ - આ ચાર સંયમ છે. એમને કાબૂમાં લઈ લેનાર મહામાનવ બની જાય છે અને કામ, ક્રોધ, લોભ, મોહ આ ચારેયથી મનને અલિપ્ત રાખવાથી લૌકિક સિદ્ધિઓ પ્રાપ્ત થઈ જાય છે.

હું તપશ્ચર્યા કરવા ઈચ્છતો હતો, પણ કરું કેવી રીતે? જે સમર્પિત હોય તે પોતાની ઈચ્છા પ્રમાણે કઈ રીતે આચરણ કરી શકે? હું જે ઈચ્છતો હતો તે ગુરુદેવના મુખથી આદેશના સ્વરૂપે જ્યારે સાંભળ્યું ત્યારે મને અત્યંત આનંદ થયો અને એ માટે સમય નક્કી થાય તેની રાહ જોવા લાગ્યો.

ગુરુદેવ બોલ્યા - "હવે વાત પૂરી થઈ. તું હવે ગંગોત્રી ચાલ્યો જા. ત્યાં તારા આહાર, નિવાસ વગેરેની મેં વ્યવસ્થા કરી દીધી છે. ભગીરથ શિલા - ગૌરીકુંડ પર બેસીને તારી સાધના શરૂ કરી દે. એક વર્ષ પૂરું થાય ત્યારે ઘેર જતો રહેજે. હું નિયમિત રીતે તારી સારસંભાળ રાખીશ."

ગુરુદેવ અદશ્ય થઈ ગયા. મને એમનો દૂત ગોમુખ સુધી મૂકી ગયો. એ પછી એમણે બતાવેલાં સ્થાને વર્ષના બાકીના દિવસો પૂરા કર્યા.

સમય પૂરો થતાં હું પાછો આવ્યો. આ વખતે પાછા આવતાં, જતી વખતે જે મુશ્કેલીઓ ડગલે ને પગલે આવતી હતી. તેમાંની એક પણ ન નડી. એ તો પરીક્ષા હતી. તે પૂરી થઈ જતાં પાછા આવતી વખતે પછી શાની મુશ્કેલીઓ નડે ?

હું એક વર્ષ પછી ઘેર પાછો આવ્યો. વજન ૧૮ પાઉન્ડ વધી ગયું. ચહેરો લાલ અને ગોળમટોળ થઈ ગયો હતો. શરીરની શક્તિ ખાસ્સી વધી ગઈ હતી. હમેશાં પ્રસન્નતા રહેતી હતી. પાછો ફર્યો ત્યારે લોકોએ ગંગાજીનો પ્રસાદ માગ્યો. બધાને ગંગોત્રીની રેતીની એક એક ચપટી આપી દીધી તથા ગોમુખના જળનો પ્રસાદ આપી દીધો. ત્યાંથી સાથે એ જ લાવ્યો હતો. જે આપી શકાય અને પ્રત્યક્ષ જોઈ શકાય એવો એકમાત્ર પ્રસાદ એ જ હતો. ખરેખર તો તે મારા જીવનનો એક મહત્ત્વનો વળાંક હતો. જો કે એ પછી પણ હિમાલય જવાનો ક્રમ તો જળવાઈ રહ્યો અને ગંતવ્ય સ્થાન પણ એ જ છે, છતાં પણ ગુરુદેવની સાથે વિશ્વવ્યવસ્થાનું સંચાલન કરનારી પરોક્ષ ઋષિસત્તાનું પ્રથમ દર્શન મારા અંતર પર કદી ન ભુંસાય એવી છાપ મૂકી ગયું. મને મારા લક્ષ્ય, ભાવિ જીવનક્રમ, જીવનયાત્રામાં સહયોગી બનનારા જાગૃત પ્રાણવાન આત્માઓનો આભાસ પણ આ જ યાત્રામાં થયો. હિમાલયની મારી પહેલી યાત્રા અનેક અનુભવોની કથા છે, બીજા અનેક લોકો માટે પ્રેરણાપ્રદ સાબિત થઈ શકે.

⊙

# ૯.અણઘડ મન હાર્યું, હું જીત્યો

મારી પહેલી યાત્રામાં જ સિદ્ધપુરુષો, સંતોની બાબતમાં વસ્તુસ્થિતિની ખબર પડી ગઈ. હું પોતે જે ભ્રમમાં હતો તે દૂર થઈ ગયો અને બીજા જે લોકો મારી જેમ વિચારતા હશે એમના ભ્રમનું પણ નિરાકરણ થઈ જશે. મારા સાક્ષાત્કારના પ્રસંગને યાદ કરતાં ખાતરી થઈ જશે કે જો આપણે આપણી પાત્રતા પહલેથી જ અર્જિત ન કરી લીધી હોય તો તેમની સાથે મુલાકાત થઈ જાય એ અશક્ય છે. કારણ કે તેઓ સૂક્ષ્મ શરીરમાં હોય છે અને યોગ્ય અધિકારીની આગળ જ પ્રગટ થાય છે. પહેલાં મને આની ખબર નહોતી.

મારી હિમાલય યાત્રાનું વર્ણન આ પહેલાં 'સુનસાન કે સહચર' પુસ્તકમાં પ્રકાશિત કરવામાં આવ્યું છે. એ વિવરણ તો ઘણું લાંબું છે, પણ સારાંશ થોડોક જ છે. અભાવ અને આશંકાઓ હોવા છતાં પ્રતિકૂળતાઓને મનોબળની મદદથી કઈ રીતે દૂર કરી શકાય એનો આભાસ એમાં મળી શકશે. જો મન સાથ આપે તો જનસામાન્યને સંકટ જેવા લાગતા પ્રસંગો કેવી રીતે સરળ બની જાય છે, એનું વિવરણ એ પુસ્તકમાંથી વાચકોને મળી શકે છે. અધ્યાત્મ માર્ગે જનારે મનને એટલું મજબૂત તો બનાવવું જ પડે છે.

પુસ્તક મોટું છે. વિવરણ પણ વિસ્તૃત છે, પરંતુ એમાં મહત્ત્વની વાતો થોડી જ છે. સાહિત્ય વિવેચન વધારે છે. હિમાલય અને ગંગાકિનારો સાધના માટે વધારે ઉપયોગી શા માટે છે એનું કારણ મેં એમાં જણાવ્યું છે. એકાંતમાં સૂનકારનો જે ભય લાગે છે એમાં ચિંતનની દુર્બળતા જ કારણભૂત છે. મન જો મજબૂત હોય તો સાથીઓની શોધ શા માટે કરવી પડે ? તેઓ ન મળવાથી એકલવાયાપણાનો ડર શા માટે લાગે ? જંગલી પશુપક્ષીઓ એકલાં જ રહે છે. એમની ઉપર હિંસક પ્રાણીઓ આક્રમણ કરવા બેઠાં જ રહે છે. છતાં મનુષ્યથી તો બધાં જ ડરે છે. સાથેસાથે એનામાં આત્મરક્ષણ કરવાની સૂઝ હોય છે. મનમાં જો ડર

હોય તો આખું જગત બિહામણું લાગશે. જો સાહસ હોય તો હાથપગ, આંખો, મોં, મન તથા બુદ્ધિ એટલાં સાથે હોવા છતાં ડરવાનું શું કારણ ? વન્ય પશુઓમાં થોડાંક જ હિંસક હોય છે. જો મનુષ્ય નિર્ભય રહે, એમના પ્રત્યે સાચા અંતરની પ્રેમભાવના રાખે તો ખતરાની સંભાવના બહુ ઓછી રહે છે. રાજા હરિશ્ચંદ્ર સ્મશાનમાં બળતી ચિતાઓ વચ્ચે રહેતા હતા. કેન્યાના મસાઈ લોકો સિંહોની વચ્ચે ઝૂંપડાં બનાવીને રહે છે. વનવાસી આદિવાસીઓ સાપ અને વાઘની વચ્ચે જ રહે છે, તો પછી જ્યાં ખતરો હોય ત્યાં સૂઝબૂજવાળો માણસ ન રહી શકે એવું કોઈ કારણ નથી.

આત્મા, પરમાત્માના ઘરમાં એકલો જ આવે છે. ખાવું, સૂવું, હરવું, ફરવું એકલાથી જ થાય છે. ભગવાનને ઘરે પણ એકલા જ જવું પડે છે, તો પછી બીજા પ્રસંગોએ પણ તમને તમારું ભાવુક અને પરિષ્કૃત મન ઉલ્લાસનો અનુભવ કરાવતું રહે તો એમાં શું આશ્ચર્ય ? અધ્યાત્મના પ્રતિફળ રૂપે મનમાં આટલું પરિવર્તન તો થવું જ જોઈએ. શરીરને જેવી ટેવ પાડીએ એવી પડે. ઉત્તર ધ્રુવના એસ્કિમો માત્ર માછલીઓની મદદથી જીવન ગુજારે છે. દુર્ગમ હિમાલય તથા આલ્પ્સ પર્વતના ઊંચા ભાગોમાં રહેનારાઓ અભાવગ્રસ્ત હોવા છતાં સ્વસ્થ લાંબું જીવન જીવે છે. પશુ પણ ઘાસ ખાઈને જીવે છે. મનુષ્ય પણ જો ઉપયોગી પાંદડાં પસંદ કરીને પોતાનો આહાર નક્કી કરી લે તો એને ટેવ ન પડે ત્યાં સુધી જ થોડી ગરબડ રહે છે. પછીથી ગાડી પાટા ઉપર આવી જાય છે. આવા આવા અનેક અનુભવો મને એ પ્રથમ હિમાલયયાત્રા વખતે થયા હતા. મન માણસને ક્યાંથી ક્યાં ખેંચી જાય છે, તે કાબૂમાં આવી ગયું અને કુકલ્પનાઓના બદલે આનંદ અને ઉલ્લાસ ભરી અનુભૂતિઓ અનાયાસ જ આપવા લાગ્યું. મારા ઉપર્યુક્ત પુસ્તકનો સાર આ જ છે. ઋતુઓની પ્રતિકૂળતાઓનો સામનો કરવા માટે ભગવાને ઉપયોગી માધ્યમો રાખ્યાં છે. જ્યારે આસપાસ બરફ પડે છે ત્યારે પણ ગુફાઓની અંદર થોડીક ગરમી રહે છે. ગોમુખ ક્ષેત્રની અમુક લીલી ઝાડીને સળગાવવાથી સળગે છે. રાત્રે પ્રકાશ આપવા માટે એક વનૌષધિ ઝગમગતી રહે છે. તપોવન

અને નંદનવનમાં શક્કરિયાં જેવા મધુર સ્વાદવાળું "દેવકંદ" જમીનમાં થાય છે. ઉપરથી તો તે ઘાસ જેવું દેખાય છે, પણ ખોદી કાઢતાં તે એટલું મોટું નીકળે છે કે કાચું યા શેકીને ખાવાથી એક અઠવાડિયું ચાલે. ભોજપત્રની ગાંઠોને વાટીને તેનો ઉકાળો (ચા) બનાવવામાં આવે તો મીઠું નાખ્યા વિના પણ તે ઉકાળો સ્વાદિષ્ટ લાગે છે. ભોજપત્રની છાલ એવી હોય છે કે એ પાથરવા, ઓઢવા તથા પહેરવાના કામમાં આવી શકે છે. આ વાતો અહીં એટલા માટે લખવી પડે છે કે ભગવાને દરેક ઋતુનો સામનો કરવા માટે બધી વ્યવસ્થા કરી રાખી છે. મનુષ્ય પોતાના મનની દુર્બળતાથી કે અભ્યસ્ત વસ્તુઓની નિર્ભરતાથી જ પરેશાન થાય છે. જો મનુષ્ય આત્મનિર્ભર રહે તો તેની પોણાભાગની સમસ્યાઓનો હલ થઈ જાય. પા ભાગ માટે તો કોઈ વિકલ્પ શોધી શકાય છે અને એની મદદથી સમય પસાર કરવાનો અભ્યાસ કરી શકાય છે. મનુષ્ય દરેક પરિસ્થિતિમાં અનુકૂળ થઈ શકે છે. એ હેરાન ત્યારે જ થાય છે કે એ જ્યારે ઈચ્છે કે બીજા બધા લોકો એની મરજી મુજબના બની જાય, પરિસ્થિતિઓ એને અનુકૂળ જ રહે. જો તે પોતાને અનુકૂળ બનાવી લે તો દરેક પરિસ્થિતિમાં ઉલ્લાસપૂર્વક જીવી શકે છે.

આ વાતો તો પહેલાંય વાંચી અને સાંભળી હતી, પણ એનો અનુભવ તો આ વર્ષે જ પ્રથમ હિમાલય યાત્રામાં થયો. આ અભ્યાસ એક સારી એવી તપશ્ચર્યા હતી, જેનાથી પોતાની ઉપર નિયંત્રણ રાખવાનો સારી રીતે અભ્યાસ થઈ ગયો. હવે મને વિપરીત પરિસ્થિતિઓમાં પણ જીવતાં કોઈ મુશ્કેલી નથી પડતી. પ્રતિકૂળતાને અનુકૂળતાની જેમ વ્યવહારમાં ઉતારતાં વાર લાગતી નથી.

એકાકી જીવનમાં કામ, ક્રોધ, લોભ, મોહ વગેરેની કોઈ તક નહોતી. આથી એમનો સામનો કરવાનો પ્રશ્ન ઊભો થયો નહિ. પરીક્ષારૂપે જે ભય અને પ્રલોભનો સામે આવ્યાં તેમને હસી કાઢ્યાં. અહીં સ્વાભિમાન પણ કામ કરી શક્યું નહિ. વિચાર્યું કે હું આત્મા છું. પ્રકાશનો પુંજ અને સમર્થ છું. પતન કરનાર પ્રલોભનો અને ભય ન તો મને પાડી શકશે કે ન એ તરફ ખેંચી શકશે. મનનો સુદૃઢ

નિશ્ચય જોઈને પતન અને પરાભવના જે જે અવસરો આવ્યા તે હારીને પાછા વળી ગયા. એક વર્ષના એ હિમાલય નિવાસમાં જે એવા અવસરો આવ્યા એનો ઉલ્લેખ અહીં કરવો જરૂરી નથી, કારણ કે હજુ હું જીવું છું. આથી મારી ઉચ્ચ ચારિત્રનિષ્ઠામાં કોઈને આત્માશ્લાઘાની ગંધ કદાચ આવે. અહીં તો મારે માત્ર એટલું જ કહેવાનું છે કે અધ્યાત્મના માર્ગે જનારને અવારનવાર ભય અને પ્રલોભનોની સામે ટક્કર લેવી પડે છે. એ માટે એણે કમર કસીને તૈયાર રહેવું જોઈએ. જો આટલી તૈયારી નહિ કરે તો એને પાછળથી પેટ ભરીને પસ્તાવું પડશે.

ઉપાસના, સાધના અને આરાધનામાં 'સાધના' જ મુખ્ય છે. ઉપાસનાનો કર્મકાંડ તો કોઈ નોકરીની જેમ પણ કરી શકે છે. આરાધના-પુણ્યપરમાર્થને કહે છે. જેણે પોતાને સાધી લીધો એના માટે બીજું કાંઈ કરવાનું બાકી રહેતું નથી. ઉત્કૃષ્ટ મન પોતાના માટે સૌથી વધુ લાભદાયક વ્યવસાય - પુણ્યપરમાર્થને જ માને છે. એમાં જ એની અભિરુચિ કેળવાય છે અને તે પ્રવીણ બને છે.હિમાલયના પ્રથમ વર્ષમાં મારે આત્મસંયમની-મનોનિગ્રહની સાધના કરવી પડી. મને જે કાંઈ ચમત્કારો પ્રાપ્ત થયા છે તે એનું જ ફળ છે. ઉપાસના તો સમય પસાર કરવાનો એક વ્યવસાય બની ગઈ.

ઘેર ચાર કલાકની ઊંઘ લેતો હતો. તે વધારીને અહીં છ કલાકની કરી દીધી. કારણ કે ઘેર તો અનેક પ્રકારનાં કામ કરવાં પડતાં, પરંતુ અહીં તો દિવસ ઊગે તે પહેલાં માનસિક જપ કરવા સિવાય બીજું કાંઈ કરવું અશક્ય હતું. પહાડોમાં ઊંચાઈના કારણે અજવાળું મોડું થાય છે અને અંધારું વહેલું થઈ જાય છે. આથી બાર કલાકના અંધારામાં છ કલાક સૂવા માટે અને છ કલાક ઉપાસના માટે પૂરતા છે. સ્નાનનું બંધન ત્યાં નહોતું. બપોરે જ નાહી શકાતું અને કપડાં સૂકવાતાં, આથી પરિસ્થિતિને અનુરૂપ દિનચર્યા બનાવવી પડી હતી.

"પ્રથમ હિમાલય યાત્રા કેવી રહી ?" એ પ્રશ્નના જવાબમાં કહી શકાય કે પરિસ્થિતિઓને અનુરૂપ મનને ઢાળી દેવાનો અભ્યાસ સારી

રીતે થઈ ગયો. એમ પણ કહી શકાય કે અડધો રસ્તો પાર કરી લીધો. આ રીતે પ્રથમ વર્ષ અનેક અવરોધોનો સામનો કરવો પડ્યો, છતાં પણ એમાં કાચું લોખંડ તીવ્ર આગની ભઠ્ઠીમાં એવું શુદ્ધ લોખંડ બની ગયું, જે આગળજતાં કોઈ પણ કામમાં આવી શકવા યોગ્ય બની ગયું.

આ પહેલાંનું જીવન તદ્દન જુદા પ્રકારનું હતું. સગવડો અને સાધનોની મદદથી ગાડી ગબડતી હતી. બધું જ સીધું અને સરળ લાગતું હતું. પરંતુ હિમાલય પહોંચતાં જ બધું બદલાઈ ગયું. ત્યાંની પરિસ્થિતિઓ જ એવી હતી કે ત્યાં ટકવું માત્ર એવા લોકો માટે જ શક્ય હતું, જેઓ યુદ્ધના સમયમાં થોડીક જ તાલીમ લઈને સીધા મોરચા પર ચાલ્યા જાય છે અને એવી શૂરવીરતા બતાવે છે કે જેવી અગાઉ કદી બતાવી ન હોય.

પ્રથમ હિમાલય યાત્રાનું પ્રત્યક્ષ ફળ તો એ જ હતું કે અણઘડ મન હાર્યું અને હું જીતી ગયો. પ્રત્યેક નવી અગવડ જોઈને મારા મને, નવા વાછરડાની જેમ હળે જોડાવામાં ઓછી આનાકાની નહોતી કરી, પણ એને ક્યાંય સમર્થન ન મળ્યું. અગવડો જોઈને તેણે બેસી જવાની ઈચ્છા કરી હતી, પણ એવા ખેડૂત જોડે એને પનારો પડ્યો હતો કે જે એને મારી નાખવા પણ તૈયાર હતો. છેવટે ઝખ મારીને મનને હળે જોડાવવાનું સ્વીકારવું પડ્યું. જો મન પાછું પડ્યું હોત તો આજે જે સ્થિતિ છે તે શક્ય ન બની શકત. આખું વરસ નવી નવી પ્રતિકૂળતાઓ આવતી રહી. વારંવાર એવી મુશ્કેલીઓ ઊભી થતી અને એવું લાગતું હતું કે આટલી અઘરી પરીક્ષામાં મારી તબિયત બગડી જશે. ભવિષ્યની સાંસારિક પ્રગતિના દરવાજા બંધ થઈ જશે. આથી આખી સ્થિતિ વિશે પુનઃ વિચારણા કરવી જોઈએ.

એકવાર તો મનમાં એવો તમોગુણી વિચાર પણ આવ્યો, જે છુપાવવો યોગ્ય નથી. તે એ હતો કે જેવી રીતે ઢોંગીઓએ હિમાલયનું નામ લઈને પોતાની ધર્મધજા ફરકાવી દીધી છે એવું કંઈક કરીને સિદ્ધપુરુષ બની જવું જોઈએ અને એની મદદથી આખી જિંદગી લહેર કરવી જોઈએ. એવા લોકોના ચારિત્ર્ય અને એશઆરામનો મને સંપૂર્ણ પરિચય છે. આવો વિચાર જ્યારે આવ્યો કે તરત જ તેને જૂતાં નીચે કચડી નાખ્યો. સમજાઈ ગયું કે મનની પરીક્ષા લેવામાં આવી રહી છે. વિચાર્યું કે જો મારી સામાન્ય પ્રતિભાના બળે

એશઆરામ ભોગવી શકાય છે, તો પછી હિમાલયને, સિદ્ધપુરુષોને, સિદ્ધિઓને, ભગવાનને અને તપશ્ચર્યાને બદનામ કરવાથી શું ફાયદો ?

એ પ્રથમ વર્ષે મારા માર્ગદર્શક ઋષિસત્તાના સાક્ષાત્કારે મને ધરમૂળથી બદલી નાંખ્યો. અણઘડ મનની સાથે નવા પરિષ્કૃત મનનું મલ્લયુદ્ધ થતું રહ્યું. એમ કહી શકાય કે અંતે સંપૂર્ણ વિજય મેળવીને હું પાછો આવ્યો.

⊙

# ૧૦. પ્રવાસનું બીજું ચરણ તથા કાર્યક્ષેત્રનું નિર્ધારણ

પ્રથમ પરીક્ષા આપવા માટે હિમાલય બોલાવ્યાને લગભગ ૧૦ વર્ષ વીતી ગયાં, ફરીથી બોલાવવાની જરૂર ન લાગી. એમનાં દર્શન પહેલાં થયાં હતાં એ જ મુદ્રામાં થતાં રહ્યાં. "બધું બરાબર છે" એટલા જ શબ્દો બોલીને પ્રત્યક્ષ સંપર્ક પૂરો થતો રહ્યો. અંતરાત્મામાં એમનો સમાવેશ સતત થતો રહ્યો. ક્યારેય એવું નથી લાગ્યું કે હું એકલો છું. હમેશાં બંને સાથે રહેતા હોઈએ એવી અનુભૂતિ થતી રહી. આ રીતે દશ વર્ષ વીતી ગયાં.

સ્વતંત્રતાસંગ્રામ ચાલી જ રહ્યો હતો. એ દરમિયાન અનુકૂળ ઋતુ જોઈને હિમાલય જવાનો ફરીથી આદેશ આવ્યો. બીજા જ દિવસે જવાની તૈયારી કરી. આદેશની ઉપેક્ષા કરવાનું, વિલંબ કરવાનું મારા માટે શક્ય ન હતું. ઘરના સભ્યોને જવાની ખબર આપી. પ્રાતઃકાળે બ્રાહ્મમુહૂર્તમાં નીકળવાની તૈયારી કરી લીધી. તે વખતે પણ સડક ઉત્તરકાશી સુધી જ બની હતી. ત્યાંથી આગળનું કામકાજ શરૂ થયું હતું.

રસ્તો મારો જોયેલો હતો. પહેલી વાર જેટલી ઠંડી આ વખતે નહોતી. રસ્તે આવતા જતા લોકો મળતા. નાનીનાની ધર્મશાળાઓ પણ સાવ ખાલી નહોતી. આ વખતે કોઈ મુશ્કેલી ન પડી. સામાન પણ વધારે

નહોતો. ઘર જેવી સગવડ તો ક્યાંથી હોય, પણ પરિસ્થિતિ અસહ્ય નહોતી, ક્રમ યથાવત્ ચાલતો રહ્યો.

અગાઉ જે ત્રણ પરીક્ષાઓ લીધી હતી એમાંની એકેય આ વખતે આપવી ન પડી, જે પરીક્ષા એકવાર લેવાઈ ગઈ છે એ વારંવાર લેવાની જરૂર એમને પણ ન લાગી. ગંગોત્રી સુધીનો રસ્તો તો એવો હતો, જેના માટે કોઈને પૂછવાની જરૂર નહોતી. ગંગોત્રીથી ગોમુખના ૧૪ માઈલનો રસ્તો એવો છે કે તે બરફ ઓગળી ગયા પછી દર વર્ષે બદલાઈ જાય છે. મોટી શિલાઓ તૂટી જાય છે અને તે આમતેમ ગબડે છે. નાનાં ઝરણાં પણ પથ્થરોથી રસ્તો રોકાઈ જવાના કારણે પોતાનો માર્ગ આડોઅવળો કરી લે છે. નવા વર્ષે ત્યાંના કોઈ જાણકાર માણસને સાથે લઈને જવું પડતું હતું અથવા તો પછી પોતાની વિશેષ વિવેકબુદ્ધિની મદદથી અનુમાન કરી આગળ વધવાનો અને માર્ગમાં કોઈ અવરોધ આવે તો પાછા વળીને બીજો રસ્તો શોધવાનો ક્રમ ચાલતો રહ્યો, આમ કરતાં કરતાં ગોમુખ પહોંચી ગયો.

ત્યાંથી આગળ ગુરુદેવના સંદેશવાહકની સાથે જવાનું હતું. તે પણ સૂક્ષ્મ શરીરધારી હતો. છાયાપુરુષ અથવા તો વીરભદ્રની કક્ષાનો હતો. જરૂર પડ્યે તેઓ એની પાસે અનેક કામ કરાવતા હતા. જેટલી વાર મારે હિમાલય જવું પડ્યું તેટલી વાર નંદનવન તથા આગળ ઊંચે સુધી તથા પાછા વળતાં ગોમુખ સુધી મને પહોંચાડી જવાનું કામ તેના માથે હતું. તેથી એ મદદનીશની મદદથી હું ધાર્યા કરતાં ઓછા સમયમાં ખૂબ સહેલાઈથી પહોંચી થયો. આખે રસ્તે બંને મૌન રહ્યા.

નંદનવન પહોંચતાં જ જોયું તો ગુરુદેવનું સૂક્ષ્મશરીર પ્રત્યક્ષ સ્વરૂપે મારી સામે હતું. એ પ્રગટ થતાં જ હું ભાવવિભોર બની ગયો. હોઠ કંપવા લાગ્યા. નાકમાં પાણી આવી ગયું. એવું લાગ્યું જાણે કે મારા પોતાના શરીરનું કોઈ ખોવાયેલું અંગ ફરીથી પાછું મળી ગયું અને તેના અભાવે જે અપૂર્ણતા હતી તે પૂરી થઈ ગઈ. તેઓ  મસ્તક પર હાથ મૂકે તે એમના મારા પ્રત્યેના અગાધ પ્રેમનું પ્રતીક હતું. અભિવાદન અને આશીર્વાદનો

શિષ્ટાચાર આટલામાં જ પૂર્ણ થઈ ગયો. ગુરુદેવે મને સંકેત કર્યો - ઋષિઓ પાસેથી ફરીથી માર્ગદર્શન લેવા જવા માટે. હૃદયમાં રોમાંચ થઈ ગયો.

સત્યુગના લગભગ બધા જ ઋષિઓ હિમાલયના એ દુર્ગમ વિસ્તારમાં રહે છે, જ્યાં મને એમનો પ્રથમ સાક્ષાત્કાર થયો હતો. સ્થાન નક્કી કરવાની દૃષ્ટિએ દરેકે પોતાની એક એક ગુફા નક્કી કરી લીધી છે. જો કે શરીરચર્યા માટે તેમને સ્થાન નિયત કરવાની કે સાધનો ભેગાં કરવાની કોઈ જરૂર નથી, તો પણ પોતપોતાનાં નિર્ધારિત કાર્યો પૂરાં કરવા તથા જરૂર પડ્યે એકબીજાને મળવા માટે બધાએ પોતાનાં સ્થાન નક્કી કરી લીધાં છે.

પહેલી યાત્રામાં હું તેમને માત્ર પ્રણામ જ કરી શક્યો હતો. આ બીજી યાત્રામાં ગુરુદેવ મને વારાફરતી ઋષિઓની મુલાકાત માટે લઈ ગયા. પરોક્ષરૂપે આશીર્વાદ મળ્યા હતા, હવે એમનો સંદેશ સાંભળવાનો હતો. તેઓ આછા પ્રકાશપુંજ જેવા દેખાતા હતા, પરંતુ જ્યારે એમનું સૂક્ષ્મ શરીર સાચું બની ગયું. ત્યારે એ ઋષિઓનું સત્યુગમાં હતું તેવું શરીર દેખાવા માંડ્યું. ઋષિઓના શરીરની સંસારી લોકો જેવી કલ્પના કરે છે એવાં જ એમનાં શરીર હતાં. શિષ્ટાચારનું પાલન કરવામાં આવ્યું. એમનાં ચરણોમાં માથું ટેકવી દીધું. એમણે મારા માથા પર હાથ મૂક્યો એનાથી રોમાંચ થઈ ઊઠ્યો. આનંદ અને ઉલ્લાસ ઉભરાવા લાગ્યા.

કામની વાત શરૂ થઈ. દરેકે પરાવાણીમાં કહ્યું કે અમે સ્થૂળ શરીરથી જે કાર્યો કરતા હતા તે, અત્યારે બિલકુલ નામશેષ થઈ ગયાં છે. માત્ર ખંડિયેરના અવશેષો બચ્યા છે. જ્યારે અમે દિવ્યદૃષ્ટિથી એ ક્ષેત્રોની વર્તમાન સ્થિતિ જોઈએ છીએ ત્યારે અત્યંત દુ:ખ થાય છે. ગંગોત્રીથી માંડીને હરિદ્વાર સુધીનું આખું ક્ષેત્ર ઋષિક્ષેત્ર હતું. એ એકાંત ક્ષેત્રમાં માત્ર તપશ્ચર્યા કરવામાં આવતી હતી.

ઉત્તરકાશીમાં જેવું જમદગ્નિનું ગુરુકુળ આરણ્યક હતું એવા અનેક ઋષિઓના આશ્રમો ઠેર ઠેર હતા. બીજા ઋષિઓ પોતપોતાના ભાગે આવતી શોધખોળોની તપશ્ચર્યા કરવામાં સંલગ્ન રહેતા. આજે અમે જ્યાં રહીએ છીએ ત્યાં દેવોનાં સ્થાન હતાં. હિમયુગ પછી માત્ર સ્થાન

જ બદલાઈ ગયાં. એટલું જ નહિ, પરંતુ અમારી પરંપરા તદ્દન ભુલાઈ ગઈ. એનાં માત્ર ચિહ્નો જ રહ્યાં છે.

ઉત્તરાખંડમાં ઠેરઠેર દેવદેવીઓનાં મંદિરો તો બની ગયાં છે, જેથી એમાં ધન આવતું રહે અને પૂજારીઓનું ગુજરાન થયા કરે. ઋષિઓ કોણ હતા, ક્યાં રહેતા હતા, શું કરતા હતા એ પૂછનાર કે બતાવનાર આજે કોઈ નથી. એમની કોઈ નિશાની પણ બચી નથી. અમારી દૃષ્ટિએ તો ઋષિપરંપરાનો જાણે પ્રલય જ થઈ ગયો છે.

લગભગ આ જ વાત બીજા જે ઋષિઓની સાથે મારી મુલાકાત કરાવવામાં આવી તે બધાએ કહી. વિદાય આપતી વખતે બધાંની આંખોમાં આંસુ હતાં. મને લાગ્યું કે બધા જ વ્યથિત છે. બધાંનું મન ઉદાસ અને ભારે છે, પણ હું એમને શું કહું ? આટલા બધા ઋષિઓ ભેગા થઈને જે ભાર ઉઠાવતા હતા એ ઉઠાવવાની મારામાં શક્તિ નથી. એ બધાનું ભારેખમ મન જોઈને મારું મન પણ દ્રવિત થઈ ગયું. વિચાર કરતો રહ્યો. ભગવાને જો મને કોઈ કામ માટે લાયક બનાવ્યો હોત તો આ દેવપુરુષોને આટલા બધા દુઃખી જોઈને હું મૌન ન સેવત. મારી ઉપર પણ સ્તબ્ધતા છવાઈ ગઈ. આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. આટલા બધા સમર્થ ઋષિઓ આટલા બધા દુઃખી, અસહાય ! એમની એ વેદના મને વીંછીના ડંખની વેદનાની જેમ પીડા આપી રહી.

ગુરુદેવનો આત્મા અને મારો આત્મા સાથેસાથે ચાલી રહ્યા હતા. બંને એકબીજાને જોઈ રહ્યા હતા. એમના ચહેરા પર પણ ઉદાસીનતા છવાઈ ગઈ હતી. હે ભગવાન, કેવો વિષમ સમય આવ્યો છે કે કોઈ ઋષિનો એકેય ઉત્તરાધિકારી પેદા ન થયો ? બધાનો વંશ નાશ પામ્યો ? ઋષિઓમાંથી કોઈની પણ પ્રવૃત્તિઓ ચાલતી નથી. કરોડોની સંખ્યામાં બ્રાહ્મણો છે અને લાખો સંતો છે, પરંતુ એમાંથી પંદર વીસ જીવંત હોત તો બુદ્ધ અને ગાંધીજીની જેમ ગજબ કરી દેત, પરંતુ આજે આ બધું કોણ કરે ? કઈ શક્તિથી કરે ?

રાજકુમારીની આંખોમાંથી આંસુ ટપક્યાં અને એણે એટલું જ કહ્યું કે "કો વેદાન ઉદ્ધરસ્યસિ ? અર્થાત્ દેવોનો ઉદ્ધાર કોણ કરશે ?" એના

જવાબમાં કુમારિલ ભટ્ટે કહ્યું હતું કે "હજુ આ કુમારિલ ભટ્ટ ભૂમિ ઉપર છે. વિલાપ ન કરો." તે વખતે એક કુમારિલ ભટ્ટ જીવતો હતો. એણે જે કહ્યું હતું તે કરી બતાવ્યું, પણ આજે તો ક્યાંય કોઈ બ્રાહ્મણ નથી કે નથી કોઈ સંત. ઋષિઓની વાત તો બહુ દૂરની છે. આજે તો કપટી લોકો છદ્મવેશ ધારણ કરીને પેલા રંગાયેલા શિયાળની જેમ આખા વનપ્રદેશમાં હુંઆ હુંઆ કરતા ફરી રહ્યા છે.

બીજા દિવસે પાછા ફર્યા પછી આવા વિચાર આખો દિવસ મને આવતા રહ્યા. જે ગુફામાં મારો નિવાસ હતો ત્યાં આખો દિવસ આ જ ચિંતન ચાલતું રહ્યું, પરંતુ ગુરુદેવ મારું મન વાંચી રહ્યા હતા. મારી પીડાથી એમને પણ દુઃખ થઈ રહ્યું હતું.

એમણે કહ્યું, "તો તું ફરી એવું કર. બીજી વાર આપણે એમને મળવા જઈએ ત્યારે તું એમને કહેજે કે આપ કહેતા હો તો તેનું બીજારોપણ હું કરી શકું છું. આપ ખાતરપાણી આપશો તો પાક ઊગી નીકળશે. નહિ તો એ દિશામાં પ્રયાસ કરવાથી મારા મનનો બોજ તો હલકો થશે જ."

સાથેસાથે એ પણ પૂછજે કે એની શુભ શરૂઆત કઈ રીતે કરવામાં આવે. એની રૂપરેખા બતાવો. હું જરૂર કંઈક કરીશ. જો આપ લોકોની કૃપા વરસશે તો આ સૂકા સ્મશાનમાં હરિયાળી ઊગી નીકળશે."

ગુરુદેવના આદેશ પર તો હું એમ પણ કહી શકતો હતો કે બળતી આગમાં હું બળી મરીશ. જે થવાનું હશે તે થશે. પ્રતિજ્ઞા કરવામાં અને તેને નિભાવવામાં પ્રાણની સાક્ષીએ પ્રતિજ્ઞા તો કરી શકાય છે. આવા વિચારો મનમાં ચાલી રહ્યા હતા. ગુરુદેવ તે વાંચી રહ્યા હતા. આ વખતે મેં જોયું તો એમનો ચહેરો બ્રહ્મકમળની જેમ ખીલી રહ્યો હતો.

બંને સ્તબ્ધ હતા અને પ્રસન્ન પણ. ફરીથી પાછા જઈને બીજી વાર ઋષિઓને મળવાનો નિશ્ચય કર્યો. અમે હજુ તેમને રાતે જ મળ્યા હતા. બીજી વાર અમને પાછા આવેલા જોઈને એ બધા જ પ્રસન્ન થયા અને આશ્ચર્યચકિત પણ.

હું તો હાથ જોડી માથું નમાવીને મંત્રમુગ્ધ થઈ ઊભો રહ્યો. ગુરુદેવે મારી કામના, ઈચ્છા અને ઉમંગ એમને પરોક્ષ પરાવાણીમાં કહી સંભળાવ્યાં. તેમણે કહ્યું, "આ નિર્જીવ નથી. એ જે કહે છે તે ખરેખર કરી બતાવશે. આપ એ બતાવો કે આપનું જે કાર્ય અધૂરું રહ્યું છે એનાં બીજ નવેસરથી કઈ રીતે વાવી શકાય. હું અને આપ એને ખાતર પાણી આપતા રહીશું તો એ પાછો નહિ પડે."

આ પછી એમણે ગાયત્રી પુરશ્ચરણની પૂર્તિ માટે મથુરામાં થનાર સહસ્રકુંડી યજ્ઞમાં છાયારૂપે પધારવા એ સૌને આમંત્રણ આપ્યું અને કહ્યું, "આમ તો આ વાનર છે, પણ છે હનુમાન, આ રીંછ તો છે, પણ છે જાંબુવાન. આ ગીધ તો છે, પણ છે જટાયુ. આપ એને આદેશ આપો અને આશા રાખજો કે જે બાકી રહ્યું છે, તૂટી ગયું છે તેનું ફરીથી નિર્માણ થશે અને અંકુરમાંથી વૃક્ષ બનશે. આપણે લોકો નિરાશ શા માટે થઈએ ? આની ઉપર આશા શા માટે ન રાખીએ ? એણે પાછલા ત્રણેય જન્મોમાં સોંપવામાં આવેલી જવાબદારીઓ નિષ્ઠાપૂર્વક નિભાવી છે."

ચર્ચા એક જ ઋષિ સાથે ચાલી રહી હતી, પણ નિમંત્રણ પહોંચતાં જ એક ક્ષણમાં તો બધા જ ઋષિઓ એક એક કરીને ભેગા થઈ ગયા. નિરાશા ગઈ, આશા બંધાઈ અને ભવિષ્યનો કાર્યક્રમ એવો બન્યો કે આપણે બધા જે કરી રહ્યા છીએ એનું બીજ એક ખેતરમાં વાવવામાં આવે અને નર્સરી તૈયાર કરવામાં આવે. એના રોપા સર્વત્ર રોપાશે અને ઉદ્યાન મહોરી ઊઠશે.

આ શાંતિકુંજ બનાવવાની યોજના હતી. મથુરા નિવાસ પછી મારે એ પૂર્ણ કરવાની હતી. ગાયત્રીનગર વસાવવાની અને બ્રહ્મવર્ચસ્ શોધ સંસ્થાન ઊભું કરવાની યોજના પણ વિસ્તારથી સમજાવી. સંપૂર્ણ ધ્યાનથી એનો એકેએક અક્ષર હૃદયપટલ ઉપર લખી લીધો અને નિશ્ચય કર્યો કે ૨૪ લાખનું પુરશ્ચરણ પૂરું થતાં જ આ કાર્યક્રમની રૂપરેખા બનાવીને કામ શરૂ કરીશ. જેને ગુરુદેવનું સંરક્ષણ મળ્યું હોય એ નિષ્ફળ જાય એવું કદી બને જ નહિ.

એક દિવસ વધુ ત્યાં રોકાયો. એમાં ગુરુદેવે પુરશ્ચરણની પૂર્ણાહુતિનું સ્વરૂપ વિસ્તારથી સમજાવ્યું તથા કહ્યું કે "પાછલાં વર્ષોની સ્થિતિ અને ઘટનાક્રમને હું બારીકાઈથી જોતો આવ્યો છું અને એમાં જ્યાં કંઈક બિનજરૂરી લાગ્યું એ સુધારતો રહ્યો છું. હવે ભવિષ્યમાં શું કરવાનું છે તેનું સ્વરૂપ સમજાવવા માટે તને આ વખતે બોલાવવામાં આવ્યો છે. પુરશ્ચરણ પૂરાં થવામાં હવે વધુ વખત બાકી નથી. જે બાકી રહ્યાં છે તે મથુરા જઈને પૂરાં કરવાં જોઈએ. હવે તારા જીવનનું બીજું ચરણ મથુરાથી શરૂ થશે.

પ્રયાગ પછી મથુરા જ દેશનું મધ્ય કેન્દ્ર છે.આવાગમનની દૃષ્ટિએ તે સગવડવાળું પણ છે. સ્વરાજ મળ્યા પછી તારું રાજનૈતિક કાર્ય તો પૂરું થઈ જશે, પણ તારું કામ હજુ પૂરું નહિ થાય. રાજનૈતિક ક્રાંતિ તો થશે. આર્થિક ક્રાંતિ તથા તેને લગતાં બીજાં કાર્ય પણ સરકાર કરશે, પરંતુ એ પછી પણ બીજી ત્રણ ક્રાંતિઓ બાકી રહે છે, જેને ધર્મતંત્રના માધ્યમથી પૂર્ણ કરવાની છે. એના વિના પૂર્ણતા આવી શકશે નહિ. દેશ પરાધીન અને જર્જરિત થયો એનું કારણ એ નથી કે અહીં શૂરવીરો નહોતા. તેઓ આક્રમણખોરોને પરાસ્ત નહોતા કરી શકતા, પરંતુ તેમની આંતરિક દુર્બળતાઓએ એમને પતનની ખાઈમાં ધકેલી દીધા હતા. બીજાઓએ તો એ દુર્બળતાનો લાભ જ ઉઠાવ્યો છે.

તારે નૈતિક ક્રાંતિ, બૌદ્ધિક ક્રાંતિ અને સામાજિક ક્રાંતિ કરવાની છે. એના માટે ઉપયુક્ત લોકોને ભેગા કરવા તથા જે કરવાનું છે એ સંબંધી વિચારો અત્યારથી જ વ્યક્ત કરવા ખૂબ જરૂરી છે. આથી તું તારું ઘર-ગામ છોડીને મથુરા જવાની તૈયારી કર. ત્યાં એક નાનું ઘર લઈને એક માસિક શરૂ કર. સાથેસાથે ત્રણેય ક્રાંતિઓ સંબંધી જરૂરી માહિતીનું પણ પ્રકાશન કર. અત્યારે તારાથી આટલું થઈ શકશે. થોડા દિવસોમાં જ તારે દુર્વાસા ઋષિની તપોભૂમિમાં મથુરાની પાસે જ એક ભવ્ય ગાયત્રી મંદિર બનાવવાનું છે. તારા સહકાર્યકરો આવે ત્યારે ત્યાં તેમને રહેવા માટે જરૂરી મકાનની પણ વ્યવસ્થા કરવાની છે. આ ઉપરાંત ૨૪ મહાપુરશ્ચરણ પૂરાં થયા પછી પૂર્ણાહુતિ સ્વરૂપે એક મહાયજ્ઞ કરવાનો

છે. અનુષ્ઠાનોની પરંપરામાં જપની સાથે યજ્ઞ કરવાનો હોય છે.તારાં ૨૪ લાખનાં ૨૪ અનુષ્ઠાનો પૂરાં થવાની તૈયારીમાં છે. એના માટે એક હજાર કુંડવાળી યજ્ઞશાળામાં એક હજાર માંત્રિકો દ્વારા ૨૪ લાખ આહુતિઓના યજ્ઞનું આયોજન કરવાનું છે. એ પ્રસંગે જ એવું વિશાળકાય સંગઠન ઊભું થઈ જશે, જેના દ્વારા તાત્કાલિક ધર્મતંત્રની મદદથી જનજાગૃતિનું કાર્ય શરૂ કરી શકાય. અનુષ્ઠાનની પૂર્તિનું આ પ્રથમ ચરણ છે. લગભગ ૨૪ વર્ષોમાં આ જવાબદારી પૂર્ણ કર્યા પછી તારે સપ્ત સરોવર, હરિદ્વાર જવાનું છે. ત્યાં રહીને જેના માટે ઋષિઓની ભુલાઈ ગયેલી પરંપરાઓને પુનઃજાગૃત કરવાની તને સ્વીકૃતિ આપી છે એ કામ કરવાનું છે.

મથુરાનું કાર્ય શરૂઆતથી માંડીને અંત સુધી કઈ રીતે પૂર્ણ કરવાનું છે એની સુવિસ્તૃત રૂપરેખા એમણે સમજાવી. આ દરમિયાન આર્ષગ્રંથોનો અનુવાદ, પ્રકાશન, પ્રચાર તથા ગાયત્રી પરિવારનું સંગઠન અને એના સભ્યોને કામ સોંપવું વગેરેની રૂપરેખા પણ એમણે બતાવી દીધી.

મેં પ્રથમની જેમ આ વખતે પણ આશ્વાસન આપ્યું કે જે આદેશ આપવામાં આવ્યો છે એમાં કોઈપણ પ્રકારની ભૂલ નહિ રહેવા દઉં. પણ એક જ શંકા રહે છે કે આટલા વિશાળ કાર્ય માટે જે ધન અને માણસોની જરૂર પડશે તે હું ક્યાંથી લાવીશ ?

મારા મનને વાંચી રહેલા ગુરુદેવ હસી પડ્યા. “એના માટે તું ચિંતા ન કરીશ. જે તારી પાસે છે એને વાવવાની શરૂઆત કર. એનો પાક સો ગણો ઊતરશે અને જે કામ સોંપ્યાં છે તે બધાં પૂરાં થવા માંડશે.” મારી પાસે જે છે તેને ક્યાં અને કેવી રીતે વાવવાનું છે, એનો પાક ક્યારે પાકશે, કઈ રીતે પાકશે તેની માહિતી પણ તેમણે આપી દીધી.

એમણે જે કહ્યું તે ગાંઠે બાંધી લીધું. ભૂલી જવાનો તો પ્રશ્ન જ નહોતો. જ્યારે ઉપેક્ષા કરીએ ત્યારે જ ભૂલી જવાય છે. સેનાપતિનો આદેશ સૈનિક ક્યાં ભૂલી જાય છે ? મારા માટે પણ અવજ્ઞા કે ઉપેક્ષા કરવાનો કોઈ પ્રશ્ન નહોતો.

વાત પૂરી થઈ ગઈ. આ વખતે છ જ મહિના હિમાલય રોકાવાનો આદેશ થયો. જ્યાં રહેવાનું હતું ત્યાં બધી જ વ્યવસ્થા કરવામાં આવી હતી. ગુરુદેવનો વીરભદ્ર મને ગોમુખ સુધી મૂકી ગયો. ત્યાંથી હું તેમણે બતાવેલ સ્થાને ગયો અને ૬ મહિના પૂરા કર્યા. જ્યારે ઘરે પાછો આવ્યો ત્યારે સ્વાસ્થ્ય પહેલાં કરતાં પણ વધારે સારું હતું. પ્રસન્નતા અને ગંભીરતા વધી ગઈ હતી, જે પ્રતિભારૂપે ચહેરાની આજુબાજુ છવાઈ ગઈ હતી. પાછો આવ્યો ત્યારે જેમણે મને જોયો તેમણે કહ્યું, "લાગે છે કે હિમાલયમાં ક્યાંક ખૂબ સુખસગવડવાળું સ્થળ છે. તમે ત્યાં જાઓ છો અને સ્વાસ્થ્ય-સંવર્ધન કરીને પાછા આવો છો." મેં હસવા સિવાય બીજો કોઈ જવાબ ન આપ્યો.

હવે મથુરા જવાની તૈયારી હતી. એકવાર દર્શનની દૃષ્ટિએ મથુરા જોયું તો હતું પણ ત્યાં કોઈની સાથે પરિચય નહોતો. ચાલીને ત્યાં ગયો અને 'અખંડ જ્યોતિ'ના પ્રકાશનને લાયક એક નાનું મકાન ભાડે લેવાનો નિશ્ચય કર્યો.

મકાનોની તો એ વખતે પણ ખેંચ હતી. ખૂબ શોધવા છતાં જરૂરિયાત મુજબ મકાન મળતું નહોતું. શોધતાં શોધતાં ઘીયામંડી જઈ પહોંચ્યો. ત્યાં એક ખાલી મકાન પડ્યું હતું. એની માલિક એક ડોસી હતી. ભાડું પૂછયું તો એણે પંદર રૂપિયા કહ્યું અને ચાવી હાથમાં પકડાવી દીધી. અંદર જઈને જોયું તો નાના મોટા થઈને પંદર ઓરડા હતા. મકાન આમ તો જૂનું હતું, પરંતુ સરેરાશ દરેક ઓરડાનું એક રૂપિયો ભાડું હતું તેથી તે મોંઘું તો નહોતું. એનાથી મારું કામ ચાલે એમ પણ હતું. મને ગમી ગયું અને એક મહિનાનું ભાડું એડવાન્સમાં આપી દીધું. ડોસી ખૂબ ખુશ થઈ ગઈ.

ઘેર જઈને બધો સામાન લઈ આવ્યો અને પત્ની તથા બાળકો સાથે એમાં રહેવા લાગ્યો. આખા મહોલ્લામાં કાનાફૂસી થતી સાંભળી. જાણે કે હું ત્યાં રહેવા આવ્યો તે કોઈ આશ્ચર્યજનક બાબત ન હોય ! પૂછયું ત્યારે લોકોએ કહ્યું કે આ ભૂતિયું મકાન છે. એમાં જે કોઈ રહેવા આવ્યાં હતા તેમણે જાન ગુમાવ્યો છે. કોઈ એ ઘરમાં ટક્યું નથી. અમે તો કેટલાયને ત્યાં આવતા અને દુઃખી થતા જોયા છે. તમે બહારના માણસ છો તેથી છેતરાઈ ગયા. આ તો તમને જણાવી દીધું. એવું કશું ન હોત તો ૧૫

ઓરડાવાળું ત્રણ માળનું મકાન વર્ષોથી ખાલી પડી રહે ખરું ? તમે જાણીબૂજીને એમાં રહેશો તો નુકસાન સહન કરવું પડશે.

આટલું સસ્તું અને આટલું ઉપયોગી મકાન બીજે ક્યાંય મળતું નહોતું. આથી, મેં તો એમાં જ રહેવાનો નિશ્ચય કર્યો. ભૂતિયું મકાન હોવાની વાત સાચી હતી. આખી રાત મેડા ઉપર ધમાચકડી મચતી હતી. રડવાના, હસવાના અને લડવાના અવાજો આવતા. એ મકાનમાં વીજળી નહોતી. ફાનસ સળગાવીને હું ઉપર ગયો તો કેટલાંક સ્ત્રીપુરુષોની આકૃતિઓ નાસી જતી જોઈ, પરંતુ રૂબરૂ મુલાકાત ન થઈ. એમણે મને કોઈ નુકસાન ન પહોંચાડ્યું. આ પ્રમાણે લગભગ દસેક દિવસ સુધી બનતું રહ્યું.

એક રાત્રે હું લગભગ એક વાગ્યે મેડા ઉપર ગયો. હાથમાં ફાનસ હતું. નાસી જતાં પ્રેતોને થોભવાનું કહ્યું. તેઓ ઊભાં રહ્યાં. મેં કહ્યું, "તમે ઘણા દિવસોથી આ ઘરમાં રહો છો. તો આપણે એમ કરીએ કે ઉપરના સાત ઓરડામાં તમે લોકો રહો. નીચેના આઠ ઓરડાઓથી હું મારું કામ ચલાવીશ. આ રીતે આપણે રાજીખુશીથી સમજૂતી કરીને રહીએ. તેથી તમેય પરેશાન ન થાઓ અને મારે હેરાન ન થવું પડે." એમનામાંથી કોઈએ જવાબ ન આપ્યો. બધાં ઊભાં રહ્યાં. બીજા દિવસથી બધું બંધ થઈ ગયું. મેં મારા તરફથી સમજૂતીનું પાલન કર્યું. તેઓ બધાં પણ મારી સાથે સંમત થઈ ગયાં. ઉપર કોઈના હરવા-ફરવાનો અવાજ તો સંભળાતો, પણ મારી ઊંઘ હરામ થઈ જાય એવો કોઈ ઉપદ્રવ નહોતો થતો. બાળકો ડરે કે કામમાં વિઘ્ન પડે એવું પણ કંઈ થતું નહિ. ઘરમાં જે કાંઈ સમારકામ કરાવવા જેવું હતું તે મેં મારા પૈસે કરાવી દીધું. 'અખંડ જ્યોતિ' સામાયિક ફરીથી આ જ ઘરમાંથી પ્રકાશિત થવા માંડ્યું. પરિજનો સાથે પત્રવ્યવહાર અહીંથી જ શરૂ કર્યો. પહેલા જ વર્ષે લગભગ બે હજાર ગ્રાહક બની ગયા. ગ્રાહકો સાથે પત્રવ્યવહાર કરતો તથા વાતચીત માટે તેમને બોલાવતો. અધ્યયન તો રસ્તે ચાલતાં ચાલતાં કરી લેતો. રોજ ફરવા જતો હતો, તે વખતે બે કલાક રોજ વાંચતો. અનુષ્ઠાન પણ મારી પૂજાની નાની સરખી ઓરડીમાં ચાલતું રહ્યું. કોંગ્રેસના કામને બદલે હવે લેખનકાર્ય તરફ

ધ્યાન આપવા માંડ્યું. 'અખંડ જ્યોતિ' માસિક, આર્ષ સાહિત્યનો અનુવાદ, ધર્મતંત્રથી લોકશિક્ષણની રૂપરેખા વગેરે વિષયો અંગે લખવા માંડ્યું. માસિક પોતાના હેન્ડપ્રેસ પર છપાતું. બીજું સાહિત્ય અન્ય પ્રેસમાં છપાવતો. આ રીતે ગાડું ગબડવા લાગ્યું, પરંતુ ચિંતા એક જ રહેતી કે ભવિષ્યમાં મથુરામાં જ રહીને પ્રકાશનનું મોટું કામ કરવાનું છે. પ્રેસ નાંખવાનું છે. ભવ્ય ગાયત્રી મંદિર અને તપોભૂમિ બનાવવાની છે. મહાભારત પછી કદી ન થયો હોય એવો વિશાળ યજ્ઞ કરવાનો છે. આ બધું ધન અને માણસો ક્યાંથી એકઠાં કરવાં ? એ માટે ગુરુદેવનો 'વાવો અને લણો' એ સંદેશ મારા મનઃચક્ષુ આગળ ખડો થતો. એને હવે સમાજરૂપી ખેતરમાં કાર્યાન્વિત કરવાનો હતો. સાચા અર્થમાં અપરિગ્રહી બ્રાહ્મણ બનવાનું હતું. આ જ કાર્યક્રમની રૂપરેખા મગજમાં ઘૂમવા માંડી.

⊙

# ૧૧. વિચારક્રાંતિનું બીજારોપણ, ફરીથી હિમાલયનું આમંત્રણ

જેના માધ્યમથી કરોડો લોકોનાં મન અને મગજને બદલી નાખવાનો સંકલ્પ પૂરો કરી બતાવવાનો મારો દાવો આજે સાચો પડતો દેખાય છે તે વિચારક્રાંતિ અભિયાને મથુરામાં જ જન્મ લીધો હતો. સહસ્રકુંડી યજ્ઞ તો પૂર્વજન્મમાં મારી સાથે જોડાયેલા અને જેમણે ભવિષ્યમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવવાની હતી તેવા પરિજનોના સમાગમનું એક માધ્યમ હતો. આ યજ્ઞમાં એક લાખ કરતાં પણ વધારે લોકોએ સમાજમાંથી, પરિવારમાંથી તથા પોતાની અંદરથી બુરાઈઓ દૂર કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. આ યજ્ઞ નરમેધ યજ્ઞ હતો. એમાં મેં સમાજ માટે સમર્પિત લોકસેવકોની માગણી કરી અને સમયાનુસાર મને બધા સહાયકો મળતા રહ્યા, આ આખો ખેલ જેમણે મને માધ્યમ બનાવીને સમગ્ર પરિવર્તનનો ઢાંચો ઊભો કરીને બતાવ્યો તે મારા અદૃશ્ય જાદુગર દ્વારા જ ભજવાયો હતો એમ હું માનું છું.

મથુરામાં જ નૈતિક, બૌદ્ધિક તથા સામાજિક ક્રાંતિ માટે ગામેગામ જ્ઞાનનો પ્રકાશ ફેલાવવા તથા ઘેરઘેર અલખ જગાવવા માટે સર્વત્ર ગાયત્રી યજ્ઞની સાથે યુગનિર્માણ સંમેલનોનાં આયોજનોની એક વ્યાપક યોજના બનાવવામાં આવી. મથુરામાં સહસ્રકુંડી યજ્ઞ વખતે જે પ્રાણવાન પરિજનો ત્યાં આવ્યા હતા એમણે પોતાને ત્યાં એક શાખા સંગઠન ઊભું કરવા તથા એક આવું જ યજ્ઞ આયોજન રાખવાની જવાબદારી પોતાના માથે લીધી. અથવા એમ કહો કે એ દિવ્ય વાતાવરણમાં અંતઃપ્રેરણાએ એમને એ જવાબદારી સોંપી, જેથી દરેક વ્યક્તિ ઓછામાં ઓછી એક હજાર પ્રાણવાન અને વિચારશીલ વ્યક્તિઓને પોતાની આજુબાજુના વિસ્તારોમાંથી શોધીને પોતાના સહયોગી બનાવે. આયોજનો ચાર-ચાર દિવસનાં રાખવામાં આવ્યાં. એમાં ત્રણ દિવસ ક્રાંતિઓની વિસ્તૃત

રૂપરેખા અને કાર્યપદ્ધતિ સમજાવતાં સંગીત અને પ્રવચનો રાખવામાં આવ્યાં. છેલ્લા ચોથા દિવસે યજ્ઞના અગ્નિ સમક્ષ જે લોકો અનિચ્છનીય બાબતો છોડવા અને યોગ્ય પરંપરાઓ અપનાવવા માટે તૈયાર હતા એમને વ્રત ધારણ કરવાનું કહ્યું.

આવાં આયોજનો જ્યાં જ્યાં થયાં ત્યાં તે ઘણાં સફળ થયાં. એના માધ્યમથી આશરે એક કરોડ વ્યક્તિઓએ મિશનની વિચારધારાને સાંભળી અને લાખો લોકોએ અનૈતિકતા, અંધવિશ્વાસ અને કુરિવાજોનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞાઓ લીધી. આ આયોજનોમાં દહેજ અને ધૂમધામ વગર ઘણાં લગ્નો થયાં. મથુરામાં ફરી વાર એક સો કુંડી યજ્ઞમાં ૧૦૦ આદર્શ લગ્નો કરાવવામાં આવ્યાં. ત્યારથી આ રિવાજ બરાબર ચાલે છે અને દર વર્ષે આ પ્રકારનાં આંદોલનોથી અનેક વ્યક્તિઓ લાભ મેળવી રહી છે.

હજારકુંડી યજ્ઞ સાથે જોડાયેલા મહત્ત્વપૂર્ણ પ્રસંગો તથા અનેક રહસ્યમય ઘટનાઓનું વિવરણ કરવું તે હમણાં લોકકલ્યાણની દૃષ્ટિએ ઉપયોગી નથી. આ શરીરને છોડ્યા પછી રહસ્ય ખુલ્લું કરવામાં આવે એવો પ્રતિબંધ મારા માર્ગદર્શકનો છે. તેથી મેં એનો ઉલ્લેખ કર્યો નથી. આ મહાયજ્ઞથી મને પ્રત્યક્ષ રીતે ઘણું મળ્યું છે. એક મોટું સંગઠન રાતોરાત ગાયત્રી પરિવારરૂપે ઊભું થઈ ગયું. યુગનિર્માણ યોજનાના, વિચારક્રાંતિ અભિયાન તથા ધર્મતંત્રથી લોકશિક્ષણના રૂપમાં એની ભાવિભૂમિકા પણ બની ગઈ. અનેક સ્થળોએથી આવેલા લોકોએ પોતાને ત્યાં શાખા સ્થાપવાનો સંકલ્પ કર્યો. લગભગ ૨૦ વર્ષ પછી તે સ્થળોએ પ્રજ્ઞા સંસ્થાન તથા સ્વાધ્યાય મંડળો સ્થપાયાં. અમે મથુરા છોડ્યા પછી, જે સ્થાયી કાર્યકર્તાઓએ પ્રેસ-પ્રકાશન, સંગઠન-પ્રચારની જવાબદારી પોતાના ખભે લીધી હતી તે આ જ મહાયજ્ઞથી જોડાયા હતા. વર્તમાનમાં શાંતિકુંજમાં સ્થાયીરૂપે કાર્યરત મોટાભાગના સ્વયંસેવકોની પૃષ્ઠભૂમિ આ મહાયજ્ઞ અથવા તે પછી દેશભરમાં થયેલાં આયોજનોની મુખ્ય ભૂમિકા રહી છે.

આને લીધે મારી પોતાની સંગઠન કરી શકવાની શક્તિનો વિકાસ થયો છે. ગાયત્રી તપોભૂમિના સીમિત વિસ્તારમાં જ એક અઠવાડિયાની, નવ દિવસની, એક એક મહિનાની કેટલીયે શિબિરોનાં આયોજનો કર્યાં. આત્મોન્નતિ માટે પંચકોશી સાધના શિબિર, સ્વાસ્થ્ય-સંવર્ધન માટે કાયાકલ્પ સત્ર અને સંગઠનના વિસ્તાર માટે પરામર્શ તથા જીવનસાધના સત્ર વગેરે મુખ્ય મુખ્ય આયોજનો સહસ્ર કુંડી અને સો કુંડી યજ્ઞ પછી મથુરામાં મારા માર્ગદર્શકના આદેશ અનુસાર સંપન્ન કર્યાં. ગાયત્રી તપોભૂમિમાં આવેલા પરિજનો પાસેથી મને જે પ્રેમ મળ્યો, પરસ્પર આત્મીયતાની જે ભાવના વિકસી એણે એક વિશાળ ગાયત્રી પરિવારને જન્મ આપ્યો. આ એ જ ગાયત્રી પરિવાર છે કે જેનો દરેક સભ્ય મને પિતાના રૂપમાં; આંગળી પકડી ચલાવનાર માર્ગદર્શકના રૂપમાં; ઘર, પરિવાર અને મનની સમસ્યાઓને હલ કરનાર ચિકિત્સકના રૂપમાં જોતો આવ્યો છે.

જે મારે ત્યાં આવ્યા હતા એમના સ્નેહ અને સદ્‌ભાવને લીધે મારે પણ એમને ત્યાં જવું પડ્યું. કેટલીય જગ્યાએ નાનાં નાનાં યજ્ઞ આયોજનો થતાં હતાં. ક્યાંક સંમેલન તો ક્યાંક બુદ્ધિજીવી સમુદાયની વચ્ચે તર્ક, તથ્ય અને પ્રતિપાદનોના આધારે ગોષ્ઠિનાં આયોજનો થયાં. મેં જ્યારે મથુરા છોડી હરિદ્વાર જવાનો નિશ્ચય કર્યો, ત્યારે લગભગ બે વર્ષ સુધી આખા ભારતનો પ્રવાસ કરવો પડ્યો. પાંચ સ્થળોએ તો મથુરા જેવાં સહસ્ર કુંડી યજ્ઞનાં આયોજનો થયાં હતાં. એ સ્થળો હતાં ટાટાનગર, મહાસમુન્દ, બહરાઈચ, ભીલવાડા અને પોરબંદર. મેં એક દિવસમાં ત્રણ ત્રણ સ્થળોએ રોકાઈને હજારો માઈલની મુસાફરી અજ્ઞાતવાસમાં જતાં પહેલાં કરી. આ પ્રવાસથી મને સમર્પિત સમયદાની કાર્યકર્તાઓ મળ્યા. એવા અસંખ્ય લોકો મારા સંપર્કમાં આવ્યા, જેઓ પૂર્વજન્મમાં ઋષિ જેવું જીવન જીવ્યા હતા. એમની સમગ્ર શક્તિને ઓળખીને મેં એમને પરિવારમાં જોડ્યા અને આ રીતે કૌટુંબિક ભાવનાથી બંધાયેલું એક વિશાળ સંગઠન ઊભું થયું.

મને વર્ષો પહેલાં મારા માર્ગદર્શકનો આદેશ મળ્યો હતો કે મારે છ માસ માટે હિમાલય જવું પડશે, પણ ફરીથી મથુરા જવાના બદલે હંમેશને માટે ત્યાંનો મોહ છોડી હરિદ્વાર, સપ્ત સરોવરમાં સપ્તઋષિઓની તપસ્થલીમાં ઋષિપરંપરાની સ્થાપના કરવી પડશે. મેં મારી બધી જ જવાબદારી ધીરેધીરે મારી ધર્મપત્નીને સોંપવાની શરૂઆત ઘણા સમય પહેલાંથી કરી દીધી હતી. તે પાછલા ત્રણ જન્મમાંથી બે જન્મોમાં મારી જીવનસંગિની બનીને રહી હતી. આ જન્મમાં પણ એણે અભિન્ન સાથી-સહયોગીની ભૂમિકા નિભાવી હતી. ખરેખર મારી સફળતાના મૂળમાં એમનાં સમર્પણ અને એકનિષ્ઠ સેવાભાવનાને જ જોવી જોઈએ. મેં જે ઈચ્છયું, જે પ્રતિકૂળતાઓમાં જીવન જીવવાનું કહ્યું તે મુજબ તેઓ સહર્ષ જીવ્યાં. મારા કુટુંબની પૃષ્ઠભૂમિ ગ્રામીણ જમીનદારની હતી. જ્યારે એમની એક ધનિક શહેરી ખાનદાનની હતી, પરંતુ જ્યારે એકબીજામાં ભળી જવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો ત્યારે અમે એકરૂપ થઈ ગયાં. મેં મારી ગામની જમીન વિદ્યાલય બાંધવા માટે આપી દીધી તથા જમીનના બોન્ડમાંથી મળેલા પૈસા ગાયત્રી તપોભૂમિ (મથુરા)ની જમીન ખરીદવામાં વાપર્યા. તો મારી ધર્મપત્નીએ પોતાનાં બધાં જ ઘરેણાં તપોભૂમિનાં મકાનો બાંધવા માટે આપી દીધાં. આ ત્યાગ અને સમર્પણ એમનું છે, જેમણે મને ઉચ્ચ ભૂમિકાએ પહોંચાડવામાં એક મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી.

મારી બીજી વારની હિમાલયની યાત્રા વખતે મારી ગેરહાજરીમાં સંપાદન - સંગઠનની જવાબદારી એમણે ઉઠાવી હતી. આ વખતે ૧૦ વર્ષ પછી ૧૯૭૧માં એક મોટો પરિવાર મૂકીને હિમાલય જઈ રહ્યો હતો. ગાયત્રી પરિવારને દશ્યરૂપે પોતાના એક સંરક્ષકની જરૂર હતી, જે એમને સ્નેહ અને મમતા આપી શકે. એમના દુઃખમાં આંસુ લૂછવાનું કામ માતા જ કરી શકે. માતાજીએ આ જવાબદારી સારી રીતે નિભાવી. હિમાલયના પ્રવાસે જતાં પહેલાં ત્રણ વર્ષથી લાંબા પ્રવાસે જતો હતો. એ સમયે મથુરા આવતા પરિજનોને મળવાનું

અને આશ્વાસન આપવાનું કામ તેમણે પોતે જ ઉઠાવી લીધું હતું. અમારા સામાજિક જીવનમાં મને તેમનો સતત સહયોગ મળતો રહ્યો. ૨૦૦ રૂપિયામાં પાંચ વ્યક્તિઓનું ગુજરાન અને આવનાર અતિથિઓનો યોગ્ય સત્કાર પણ તેઓ કરતાં રહ્યાં. કોઈનેય નિરાશ થઈને જવું પડ્યું નથી. મથુરાનું અમારું જીવન એક અમૂલ્ય થાપણ જેવું છે. એનાથી માત્ર મારા ભાવિ ક્રાંતિકારી જીવનનો પાયો નંખાયો, એટલું જ નહિ, ધીરેધીરે મારી જવાબદારી સંભાળી શકે એવાં નરરત્નો પણ મળ્યાં.

⊙

# ૧૨. મથુરાના કેટલાક રહસ્યમય પ્રસંગો

શરૂઆતમાં મથુરામાં રહીને જે કાર્યક્રમો ચલાવવા માટે હિમાલયથી આદેશ થયો હતો એ કાર્યક્રમો મારી શક્તિથી ચલાવવાનું કામ મુશ્કેલ હતું. મારી પાસે નહોતાં સાધન, નહોતા સાથીઓ, નહોતો અનુભવ કે નહોતી આવડત. પછી આટલું મોટું કામ કેવી રીતે થાય ? મારી હિંમત તૂટતી જોઈને મારા માર્ગદર્શકે પરોક્ષ રીતે લગામ પોતાના હાથમાં લઈ લીધી. મારા શરીરનો જ ઉપયોગ થયો. બાકીનું બધું કામ કઠપૂતળીને નચાવનાર એ જાદુગર કરતા રહ્યા. લાકડાના ટુકડાનું શ્રેય એટલું જ કે તેણે તાર મજબૂત પકડી રાખ્યો અને જે રીતે નાચવાનો સંકેત થયો તે પ્રમાણે કરવાની ના ન પાડી.

ચાર કલાક નિત્ય લખવાનું નક્કી કર્યું. વ્યાસ અને ગણેશનું ઉદાહરણ પૂરું પાડી રહ્યો હોઉં એવું લાગતું. પુરાણ લખવામાં વ્યાસજી બોલતા હતા એવું અહીં બન્યું. આર્ષગ્રંથોના અનુવાદનું કામ ઘણું મુશ્કેલ હતું. ચાર વેદ, ૧૦૮ ઉપનિષદો, છ દર્શન, ચોવીસ સ્મૃતિઓ વગેરે બધા ગ્રંથોના અનુવાદમાં મારી કલમ અને આંગળીઓનો ઉપયોગ થયો. બોલનાર અને લખાવનાર કોઈ બીજી જ અદૃશ્ય શક્તિ હતી. નહિતર આટલું અઘરું કામ આટલું જલદી

બને એવી શક્યતા ન હતી. ધર્મતંત્રથી લોકશિક્ષણનું પ્રયોજન પૂર્ણ કરનાર સેંકડો પુસ્તકો માત્ર એક વ્યક્તિની શક્તિથી કેવી રીતે લખી શકાય ? આ લેખનકાર્યનો જે દિવસથી આરંભ થયો છે ત્યારથી આજ દિન સુધી બંધ થયું નથી. એ સાહિત્ય વધતાં વધતાં મારા શરીરના વજન જેટલું થઈ ગયું છે.

પ્રકાશન માટે પ્રેસની જરૂર પડી. મેં મારી શક્તિ પ્રમાણે એક હેન્ડપ્રેસ ગમે તેમ કરીને વસાવ્યો. જેઓ કામ કરવા ઈચ્છતા હતા તેઓ આટલો નાના બાળક જેવો પ્રયત્ન જોઈ હસી પડ્યા. પ્રેસનો વિકાસ થયો. એક પછી એક યંત્રો, ઓટોમેટિક મશીન, ઓફસેટ મશીન વગેરે આવવા લાગ્યાં. એ બધાની કિંમત અને પ્રકાશિત સાહિત્યનું ખર્ચ લાખો રૂપિયા ઉપર થઈ ગયું.

'અખંડ જ્યોતિ' પત્રિકાના મારા પુરુષાર્થથી માત્ર બે હજાર જ ગ્રાહક બન્યા. પછી માર્ગદર્શકે મદદ કરી તો તે વધીને અત્યારે આશરે દોઢ લાખ જેટલી સંખ્યામાં છપાય છે, જે એક કીર્તિમાન છે. હજુ એનાથી દસ ગણા ગ્રાહક વધવાની શક્યતા છે. 'યુગનિર્માણ યોજના' હિન્દીમાં, 'યુગ શક્તિ ગાયત્રી' ગુજરાતીમાં, 'યુગશક્તિ' ઉડિયામાં આ બધાની સંખ્યા પણ આશરે દોઢ લાખની થાય છે. એક વ્યક્તિ દ્વારા આટલી ઉચ્ચ કોટિનું સાહિત્ય, બીજા કોઈની જાહેરાત સ્વીકાર્યા વગર આટલા મોટા પ્રમાણમાં સામયિકના સ્વરૂપે છપાતું હોય અને ખોટ ખિસ્સામાંથી પૂરી ન કરવી પડતી હોય એ એક કીર્તિમાન છે. આવું ઉદાહરણ દેશમાં બીજે ક્યાંક જોવા મળશે નહિ.

ગાયત્રી પરિવારનું સંગઠન કરવાના નિમિત્તે મહાપુરશ્ચરણની પૂર્ણાહુતિના બહાને હજાર કુંડી યજ્ઞ મથુરામાં થયો હતો, એના સંબંધમાં જો કહીએ કે આટલું મોટું આયોજન મહાભારત પછી આજ સુધી થયું નથી, તો એમાં અતિશયોક્તિ નથી.

એની કેટલીક રહસ્યમય વિશેષતાઓ એવી હતી કે જેના વિશે સાચી વાતની ભાગ્યે જ કોઈને ખબર હશે. એક લાખ નૈષ્ઠિક ગાયત્રી ઉપાસકોને દેશના ખૂણે ખૂણેથી આમંત્ર્યા. તે બધા એવા હતા, જેમણે ધર્મતંત્રથી લોકશિક્ષણનું કામ હાથોહાથ ઉપાડી લીધું અને એટલું બધું કામ થઈ ગયું

કે એટલું ભારતનાં બધાં જ ધાર્મિક સંગઠનો ભેગાં મળીને પણ પૂરું ન કરી શકે. એ વ્યક્તિઓનો મને બિલકુલ પરિચય નહોતો, છતાં એ બધાંની પાસે જેવા આમંત્રણપત્રો પહોંચ્યા કે તરત તેઓ પોતાનું ગમે તેવું કામ પડતું મૂકીને પોતાના ખર્ચે દોડી આવ્યા. આ એક કોયડો છે, જે ઉકેલવાનું મુશ્કેલ છે.

દર્શનાર્થીઓની સંખ્યા દરરોજ દસ લાખ જેટલી થતી ગઈ. એમને સાત માઈલના વિસ્તારોમાં ઉતારો આપવામાં આવ્યો હતો. કોઈને પણ ભૂખ્યા જવા ન દીધા. કોઈની પાસે જમવાના પૈસા માગ્યા નથી. મારી પાસે અનાજ તથા બીજી સામગ્રી એટલી ઓછી હતી કે તેનાથી ૨૦ હજાર માણસ એક ટંક પણ ન જમી શકે. આમ છતાં ભોજનભંડારો અક્ષયપાત્ર બની ગયો. પાંચ દિવસના આયોજનમાં પાંચ લાખથી પણ વધારે લોકો જમ્યા, છતાંય ભોજનસામગ્રી વધી અને તે જરૂરિયાતવાળા લોકોને વિના મૂલ્યે વહેંચી દેવામાં આવી. વ્યવસ્થા એટલી અદ્ભુત હતી કે હજાર કર્મચારીઓ કે નોકરો રાખવામાં આવે તો પણ આટલી સુંદર વ્યવસ્થા ન થઈ શકે.

આ રહસ્યમય ઘટના છે. આયોજનનું પ્રત્યક્ષ વર્ણન તો મેં આપી દીધું, પણ જે રહસ્યમય હતું તે મારા સુધી જ સીમિત રહ્યું છે. કોઈ એ અનુમાન ન લગાવી શક્યું કે આટલી વ્યવસ્થા, આટલી બધી સાધનસામગ્રી ક્યાંથી મેળવી હશે. આ બધો અદૃશ્ય સત્તાનો પ્રતાપ હતો. સૂક્ષ્મ શરીરથી એ બધા ઋષિમુનિઓ હાજર હતા, જેમનાં દર્શન મેં હિમાલયની પ્રથમ યાત્રા વખતે કર્યાં હતાં. આ બધાં કાર્યોની પાછળ જે શક્તિ કામ કરી રહી હતી એના વિશે સાચી હકીકતની જાણ કોઈનેય નથી. લોકો આને મારો ચમત્કાર કહેતા રહ્યા. પણ ભગવાન સાક્ષી છે કે હું તો જડભરતની જેમ, માત્ર દર્શકની જેમ આ આખો પ્રસંગ જોતો રહ્યો. જે શક્તિ આ વ્યવસ્થા કરી રહી હતી એના વિશે ભાગ્યે જ કોઈને કંઈ આભાસ થયો હશે.

ત્રીજું કામ જે મારે મથુરામાં કરવાનું હતું તે હતું ગાયત્રી તપોભૂમિનું નિર્માણ. એટલા મોટા કાર્યક્રમ માટે નાની ઈમારતથી કામ ચાલી શકે

તેમ ન હતું. તે બનાવવાની શરૂઆત થઈ. નિર્માણકાર્ય શરૂ થયું અને ત્યાંથી મારા જતા રહ્યા પછી પણ હજી સુધી કામ બરાબર ચાલી રહ્યું છે. પ્રજ્ઞાનગરના રૂપમાં વિસ્તૃત વિકાસ થયો છે. જેઓ મથુરા ગયા છે તેઓ ગાયત્રી તપોભૂમિની ઈમારત, ત્યાંના પ્રેસ, મહેમાનો માટેની વ્યવસ્થા અને કાર્યકર્તાઓનો સમર્પણભાવ વગેરે જોઈને આશ્ચર્યચકિત થઈ જાય છે. આટલો સામાન્ય દેખાતો માણસ કેવી રીતે આટલી ભવ્ય ઈમારતની વ્યવસ્થા કરી શકે ? આ રહસ્ય જેઓ જાણવા ઈચ્છતા હોય તેમણે મારી પાછળ કામ કરનાર શક્તિને જ એનું શ્રેય આપવું પડશે, વ્યક્તિને નહિ. અર્જુનનો રથ ભગવાન સારથિ બનીને ચલાવી રહ્યા હતા. અર્જુનને એમણે જ જિતાડ્યો હતો, છતાં જીતનું શ્રેય અર્જુનને મળ્યું અને રાજ્યના અધિકારી પાંડવો બન્યા. આને કોઈ ઈચ્છે તો પાંડવોનો પુરુષાર્થ-પરાક્રમ કહી શકે છે, પણ ખરેખર વાત એવી ન હતી. જો તેઓ પરાક્રમી હોત તો દ્રૌપદીનાં ચીર એમની આંખો સામે કેવી રીતે ખેંચાયાં હોત ? વનવાસ દરમિયાન જ્યાં ત્યાં છુપાઈને ગમે તેવી નોકરી કેમ કરવી પડત ?

મારી ક્ષમતા નહિવત્ છે, પણ મથુરા જેટલા દિવસ રહ્યો, ત્યાં રહીને આટલાં પ્રકટ અને અપ્રકટ કાર્યો કરતો રહ્યો તેની કથા આશ્ચર્યજનક છે. એનાં લેખાજોખાં લેવાનું જો કોઈ ઈચ્છે તો તે મારી જીવનસાધનાનાં તથ્યોને ધ્યાનમાં રાખે અને મને કઠપૂતળીથી વધારે કશું જ ન માને. આ સમર્પણભાવ જ મારી જીવનગાથાનું કેન્દ્ર રહ્યો છે. મેં મારા સંપર્કમાં આવનારાઓને પણ આ જ શીખવાડ્યું છે. ઋષિસત્તા દ્વારા થતા પરોક્ષ સંચાલન માટે પોતાને એક નિમિત્ત જ માનીને ઉપાસના, સાધના અને આરાધનાના ત્રિવિધ પ્રસંગોનું રહસ્ય યથાયોગ્ય સમયે છતું કર્યું છે. જેઓ ઈચ્છે તેઓ એ પ્રસંગો દ્વારા મારી આત્મકથાના તત્ત્વદર્શનને સમજી શકે છે.

# ૧૩. મહામાનવ બનવાની વિદ્યા, જે હું શીખ્યો અને અપનાવી

આગળનો પ્રસંગ શરૂ કરતાં પહેલાં હું મારી જીવનસાધના સાથે, મારી આત્મિક પ્રગતિ સાથે જોડાયેલાં ત્રણ મહત્ત્વપૂર્ણ ચરણની વ્યાખ્યા આપી દઉં એ યોગ્ય ગણાશે. મારી સફળ જીવનયાત્રાનું આ કેન્દ્રબિન્દુ રહ્યું છે. જો આત્મકથા વાંચનારને આ માર્ગે ચાલવાની ઈચ્છા થાય, પ્રેરણા મળે, તો આ તત્ત્વદર્શનને તે પણ જીવનમાં ઉતારે, જેને મેં જીવનમાં ઉતાર્યું છે. અલૌકિક રહસ્યનો પ્રસંગ વાંચવામાં, સાંભળવામાં સારો લાગે છે, પણ તે અમુક વિશિષ્ટ વ્યક્તિઓ સુધી જ મર્યાદિત રહે છે. એનાથી 'હિપ્નોટાઈઝ' થઈને કોઈ એ કર્મકાંડનું પુનરાવર્તન કરી હિમાલય જવા ઈચ્છે તો એ કશું પ્રાપ્ત કરી શકતો નથી. આ કાયામાં રહેલો આત્મા જે મહત્ત્વનો પાઠ શીખ્યો છે તે છે સાચી ઉપાસના. સાચી જીવનસાધના અને સમષ્ટિની આરાધના. આ જ એ માર્ગ છે જે વ્યક્તિને નરમાનવમાંથી દેવમાનવ, ઋષિ અને દેવદૂતના સ્તર સુધી પહોંચાડે છે.

જીવન જીવવા માટે અન્ન, વસ્ત્ર અને રહેઠાણની જરૂર પડે છે. સાહિત્યના સર્જન માટે કલમ, શાહી અને કાગળ જોઈએ. પાક ઉગાડવા માટે બીજ અને ખાતર - પાણીની વ્યવસ્થા કરવી પડે છે. આ ત્રણેય પોતપોતાના સ્થાને મહત્ત્વનાં છે. આમાંથી એકની પણ ઉપેક્ષા કરી શકાતી નથી. આત્માની પ્રગતિ માટે ઉપાસના, સાધના અને આરાધના આ ત્રણેના સમાન સમન્વયની જરૂર પડે છે. એમાંથી કોઈ એકના સહારે લક્ષ્ય સુધી પહોંચી શકાતું નથી, એમાંથી એકેય એવું નથી, જેને છોડી શકાય.

# ૧૪. ઉપાસનાનું સાચું સ્વરૂપ

ભૂલ એ થતી રહે છે કે જે પક્ષ આમાં સૌથી ગૌણ છે, તેને પૂજા-પાઠની ઉપાસના માની લેવામાં આવ્યો અને તેટલામાં જ આદિ-અંત ગણી લેવામાં આવ્યા. પૂજાનો અર્થ છે - હાથ તથા વસ્તુ દ્વારા ભગવાનને વિનંતી, આપવામાં આવેલ છૂટકતૂટક ઉપચાર, ભેટ; પાઠનો અર્થ છે - ઈશ્વરનાં ગુણગાન જેમાં અતિશયોક્તિ હોય છે. ઈશ્વર એટલે કે દેવતાને બહુ નીચા સ્તરના સમજવામાં આવે છે, જેમને પ્રસાદ, નૈવેદ્ય, નાળિયેર જેવી વસ્તુઓ જાણે મળતી જ ન હોય. એ મળતાં જાણે ફુલાઈને કૃપા કરશે, જાણે કે જાગીરદારોની જેમ પ્રસંશા સાંભળી ન્યાલ કરી દેવાની એમને ટેવ ન હોય ! એવી માન્યતા રાખનાર ભગવાનના સ્તરની બાબતમાં હમેશાં અજાણ હોય છે અને બાળકોની જેમ ભગવાનને અણસમજુ માને છે, જેમને રમકડાંથી સમજાવી શકાય,મનોકામના પૂર્ણ કરવા માટે લલચાવી શકાય છે. પછી ભલે તે યોગ્ય હોય કે અયોગ્ય હોય. ન્યાયસંગત હોય કે અન્યાયપૂર્ણ. સામાન્ય માણસ આવી ભ્રાંતિનો શિકાર બનેલા છે. કહેવાતા ભક્તોમાંથી કેટલાક સંપત્તિ, સફળતા, સ્વર્ગ, મુક્તિ અને સિદ્ધિ મેળવવાની ચિંતામાં રહે છે. કેટલાક પર ઈશ્વરનાં દર્શનનું ભૂત સવાર થયેલું હોય છે. માળા ફેરવનારા અને અગરબત્તી કરનારાઓમાંથી મોટા ભાગના લોકો આવા જ હોય છે. મોટે ભાગે ઉપાસનાને આટલે સુધી જ સીમિત માનવામાં આવે છે. જે લોકો આમાંનું કંઈક કરે છે, તે પોતાને ભક્ત સમજે છે અને બદલામાં જો ઈચ્છા પૂર્ણ ન થાય તો ભગવાનને હજારગણી ગાળો દે છે. કેટલાક સસ્તા નુસ્ખા ખોળે છે. ઘણા ભક્તો મૂર્તિઓ કે સંતોનાં દર્શન કરીને જ માને છે કે આ ઉપકારના બદલામાં ભગવાન જખ મારીને પણ મનોકામનાઓ પૂરી કરશે.

અક્કલ વગરની કેટલીક માન્યતાઓ સમાજમાં પ્રચલિત છે. લોકો એના પર વિશ્વાસ કરે છે અને અપનાવે પણ છે. એમાંની એક એ પણ છે કે આત્મિક ક્ષેત્રની ઉપલબ્ધિઓ માટે દર્શન - ઝાંખી કે પૂજા-પાઠ

જેવા નુસખા અપનાવી લેવામાત્રથી કામ ચાલી જવું જોઈએ, પરંતુ હકીકતમાં એવું નથી. જો એમ હોય તો મંદિરના દર્શનાર્થીઓ અને પૂજાપાઠ કરનારાઓ ક્યારનાય આસમાનના તારા મેળવવામાં સફળ થઈ ગયા હોત.

સમજવું જોઈએ કે જે વસ્તુ જેટલી મહત્ત્વપૂર્ણ હોય, એના કરતાં એનું મૂલ્ય વધારે હોવું જોઈએ. વડાપ્રધાનના મંત્રીમંડળના સભ્ય બનવા માટે લોકસભાની ચૂંટણી જીતવી જોઈએ. ઉપાસનાનો અર્થ છે પાસે બેસવું. એનો અર્થ એ નથી કે મુસાફરી દરમિયાન એકબીજાની પાસે બેસવું. જેમ બે ગાઢ મિત્રો શરીરથી જુદા હોય છે, પણ એમનો આત્મા એક હોય છે એ જ રીતે ભક્ત અને ભગવાનનો સંબંધ હોય છે. સાચી નિકટતાને આવા ગંભીર અર્થમાં લેવી જોઈએ. સમજવું જોઈએ કે આમાં કોઈએ કોઈ માટે સમર્પણ કરવું પડશે, કાં તો ભગવાન પોતાના નિયમ, વિધાન, મર્યાદા, અનુશાસન વગેરે છોડીને ભક્તની પાછળ ફરે અને જે કાંઈ સારું-ખોટું માગે તે આપ્યા કરે અથવા તો બીજો ઉપાય એ છે કે ભક્તે પોતાનું જીવન ભગવાનની મરજીને અનુરૂપ બનાવવા માટે આત્મસમર્પણ કરવું પડે છે.

મને મારા માર્ગદર્શકે જીવનચર્યાને આત્મોત્કર્ષના ત્રિવિધ કાર્યક્રમોમાં નિયોજિત કરવા સૌ પ્રથમ ઉપાસનાનું તત્ત્વદર્શન અને સ્વરૂપ સમજાવ્યું અને કહ્યું, “ભગવાન તારી મરજી મુજબ નહિ નાચે. તારે જ ભગવાનના ભક્ત બનીને તેમના સંકેતો પર ચાલવું પડશે. જો તું આવું કરી શકીશ તો જ ભગવાન સાથે તદ્રૂપ થવાનો લાભ મેળવી શકીશ.”

ઉદાહરણ આપતાં એમણે સમજાવ્યું કે બળતણની કિંમત કોડી જેટલી હોય છે, પણ જ્યારે તે અગ્નિ સાથે એકરૂપ થાય છે ત્યારે અગ્નિના બધા જ ગુણ તેનામાં આવી જાય છે. અગ્નિ બળતણ નથી બનતો, પણ બળતણે અગ્નિરૂપ બનવું પડે છે. નાળું નદીમાં ભળી જઈ નદી જેવું પવિત્ર અને મહાન બની જાય છે. પણ એવું કદી બનતું નથી કે નદી નાળામાં ભળે અને ગંદી થઈ જાય. પારસને સ્પર્શીને લોખંડ સોનું બની જાય છે. કોઈ ભક્ત એવી આશા રાખે કે ભગવાન એના ઈશારા

પર નાચશે તો એ આત્મ-વંચના જ છે. ભક્તે જ ભગવાનના સંકેતો પર કઠપૂતળીની જેમ નાચવું પડે છે. ભક્તની ઈચ્છાઓ ભગવાન પૂરી કરતા નથી પણ ભગવાનની ઈચ્છા પૂરી કરવા માટે ભક્તે આત્મસમર્પણ કરવું પડે છે. ટીપાએ સમુદ્રમાં એકરૂપ થવું પડે છે. સમુદ્ર ટીપું બનતો નથી. આ છે ઉપાસનાનું એકમાત્ર તત્ત્વદર્શન. જે ભગવાન પાસે બેસવા ઈચ્છે તે એના નિર્દેશ અને અનુશાસનનો સ્વીકાર કરે. એનો અનુયાયી, સહયોગી બને.

મારે એવું જ કરવું પડ્યું છે. ભગવાનની ઉપાસના ગાયત્રીમાતાના જપ અને સૂર્યદેવના ધ્યાન દ્વારા કરતો રહ્યો. એવી જ ભાવના રાખી છે કે શ્રવણકુમારની જેમ હું તમને બંનેને તીર્થયાત્રા કરાવવાના આદર્શનું પરિપાલન કરીશ. તમારી પાસે કશું જ માગીશ નહિ. આપનો સાચો પુત્ર કહેવડાવી શકું તેવું વ્યક્તિત્વ બનાવીશ. તમારો પુત્ર નાલાયક પાક્યો એવી બદનામી નહિ થવા દઉં.

ધ્યાનની સુવિધા માટે ગાયત્રીને માતા અને સૂર્યદેવને પિતા માન્યા તો સાથે એ પણ અનુભવ કર્યો કે તેઓ સર્વવ્યાપક અને સૂક્ષ્મ છે. આવી માન્યતાના કારણે એમનાથી મારા રોમેરોમમાં અને મારાથી એમના દરેક તરંગમાં ભળી જવાનું શક્ય બન્યું. મિલનનો આનંદ આના કરતાં ઓછી આત્મીયતામાં આવતો જ નથી. જો એમને માત્ર વિશિષ્ટ વ્યક્તિ જ માન્યા હોત તો બન્ને વચ્ચે એક અંતર રહેત અને ભળી જઈને આત્મસાત્ થવાની અનુભૂતિમાં વિઘ્ન ઊભું થાત.

અભ્યાસના આરંભિક પગથિયા પર પોતાને વેલ અને ભગવાનને વૃક્ષ માની તેમની પર વીંટળાઈને એટલી ઊંચાઈ સુધી પહોંચવાની માન્યતા બરાબર છે. એ જ રીતે પોતાને બંસી અને ભગવાનને વાદક માનીને એમના દ્વારા અનુશાસિત-અનુપ્રાણિત રહેવાનું ધ્યાન પણ સગવડભર્યું રહે છે. બાળકના હાથમાં દોરી હોય અને એના ઈશારા પર પતંગ આકાશમાં ઊડે એ ધ્યાન પણ ઉત્સાહવર્ધક છે. આ ત્રણેય ધ્યાન મેં સમય સમય પર કર્યાં છે અને એનાથી ઉત્સાહવર્ધક અનુભૂતિઓ મેળવી

છે, પણ વધારે સુખદ અને પ્રાણવાન અનુભૂતિ એકાકાર અનુભવમાં થઈ છે. પતંગિયાનું દીવા પર આત્મસમર્પણ કરવું, પત્નીએ પતિના હાથોમાં પોતાનું શરીર, મન, અને ધનવૈભવ સોંપી દેવો એ ભક્તનું ભગવાન સાથે તાદાત્મ્ય સાધવાનો એક સારો અનુભવ છે. ઉપાસનાકાળમાં આ કૃત્યોને અપનાવી જપ અને ધ્યાનની પ્રક્રિયા પૂરી કરી છે.

મારી ઉપાસના ક્રિયાપ્રધાન નહિ, પણ શ્રદ્ધાપ્રધાન રહી છે. નક્કી કરેલી જપસંખ્યા પૂરી કરવા કઠોરતાપૂર્વક અનુશાસનનું પાલન કરવામાં આવ્યું. રાત્રે એક વાગે ઊઠી અને નિર્ધારિત સંકલ્પને પૂરો કરવામાં ભાગ્યે જ આપત્તિકાળમાં ભૂલ થઈ હશે. જે બાકી રહી જાય તેની પૂર્તિ બીજા દિવસે કરવામાં આવી છે. એની ઉપેક્ષા કરવામાં આવી નથી. એ સમયગાળામાં ભાવનાઓથી ઓતપ્રોત રહેવાની મનઃસ્થિતિ બનાવી રાખવાનો અભ્યાસ કરવામાં આવ્યો છે અને તે સફળ પણ રહ્યો છે. સમર્પણ, એકતા, એકાત્મતા, અદ્વૈતની ભાવનાઓનો અભ્યાસ કલ્પનારૂપે શરૂ કર્યો હતો. પાછળથી તે માન્યતા બની ગઈ અને છેલ્લે અનુભૂતિ થવા લાગી.

ગાયત્રી માતાની સત્તા કારણ-શરીરમાં શ્રદ્ધા, સૂક્ષ્મ-શરીરમાં પ્રજ્ઞા અને સ્થૂળ-શરીરમાં નિષ્ઠા બનીને પ્રગટ થવા લાગી. આ માત્ર કલ્પના નથી. એના માટે વારંવાર કઠોર આત્મપરીક્ષણ કર્યું. જોયું કે આદર્શ જીવન પ્રત્યે, સમષ્ટિ પ્રત્યે મારી શ્રદ્ધા વધી રહી છે કે નહિ. એના માટે પ્રલોભન અને દબાણ સામે ઈન્કાર કરી શકાય એવી સ્થિતિ છે કે નહિ. સમય સમય પર ઘટનાઓની સાથે પારખું કરવામાં આવ્યું અને અનુભવ્યું કે ભાવના પરિપકવ થઈ ગઈ છે. ભાવના - શ્રદ્ધાનું એવું સ્વસ્થ સ્વરૂપ બનાવી લીધું છે કે જેવું ઋષિકલ્પ સાધકો બનાવતા હતા.

ગાયત્રી માતા માત્ર સ્ત્રીશક્તિના રૂપમાં છબી દેખાડે છે. હવે તે પ્રજ્ઞા બનીને વિચાર સંસ્થાન પર છવાતી ગઈ. એનું જેટલું બની શક્યું તેટલું વિશ્લેષણ કરવામાં આવ્યું. અનેક પ્રસંગોએ મેં ચકાસણી પણ કરી છે કે સમજદારી, જવાબદારી અને બહાદુરીના રૂપમાં પ્રજ્ઞાનો સમન્વય આત્મચેતનાના ઊંડાણ સુધી થયો કે નહિ. મેં એવું અનુભવ્યું

કે ભાવચેતનામાં પ્રજ્ઞાના રૂપમાં ગાયત્રી માતાનું અવતરણ થયું છે અને એમની ઉપાસના, ધ્યાન-ધારણા ફળતી ગઈ છે. આપણી માન્યતાનું ગુણ, કર્મ, સ્વભાવમાં પરિવર્તન થવું એ જ ઉપાસનાત્મક ધારણાની પરખ છે.

ત્રિપદા ગાયત્રીનું ત્રીજું સ્વરૂપ છે - નિષ્ઠા. નિષ્ઠા અર્થાત્ સંકલ્પ, ધૈર્ય, સાહસ, પરાક્રમ, તપ અને કષ્ટ સહન કરવું. જે રીતે નીંભાડામાંથી નીકળેલાં વાસણોને આંગળી ઠોકીને જોવામાં આવે છે, કે આ કાચું તો નથી ને ! એવી રીતે પ્રલોભનો અને ભયના પ્રસંગો વખતે દૃઢતા ડગી તો નથીને એની ક્રિયા અને ભાવનાની દૃષ્ટિએ તપાસ થતી રહી. પાયાની પ્રગતિ રોકાઈ નથી. એક એક કદમ ધીરે ધીરે આગળ વધતું રહ્યું છે.

સૂર્યદેવનું તેજસ્ - બ્રહ્મવર્ચસ્ કહેવાય છે. એને જ ઓજસ્, તેજસ્, મનસ્, વર્ચસ્ કહે છે. પવિત્રતા, પ્રખરતા અને પ્રતિભારૂપે એનો પ્રત્યક્ષ પરિચય મળે છે. સૂર્યદેવના પ્રકાશનો સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીરમાં પ્રવેશ પહેલેથી જ એવો અનુભવ કરાવતો રહ્યો કે શરીરમાં બળ, મસ્તિષ્કમાં જ્ઞાન અને હૃદયમાં ભાવ, સાહસ ભરાઈ રહ્યાં છે. પછીથી અનુભવ થવા લાગ્યો કે મારી સમગ્ર સત્તા જ અગ્નિપિંડ, જ્યોતિપિંડ સમાન બની ગઈ છે. નસેનસ અને કણકણમાં અમૃત વ્યાપી રહ્યું છે. સોમરસ પાન જેવી તૃપ્તિ, તુષ્ટિ અને શાંતિનો આનંદ મળી રહ્યો છે.

સંક્ષેપમાં આ છે મારી ચાર કલાકની રોજની નિયમિત ઉપાસનાનો ક્રમ. આ સમય એવી સરસ રીતે પસાર થતો રહ્યો કે જાણે અડધા કલાકમાં સમાપ્ત. ક્યારેય થાક નહિ, ક્યારેય કંટાળો કે બગાસાં આવ્યાં નથી. હરઘડી નસોમાં આનંદનો સંચાર થતો રહ્યો અને બ્રહ્મના સાંનિધ્યનો અનુભવ થતો રહ્યો. આ સહજ, સરળ અને સ્વાભાવિક પ્રક્રિયા ચાલતી રહી. ન કદી ગણતરી કરવી પડી કે ન ક્યારેય અભિમાન થયું. ન પરિણામની અપેક્ષા મનમાં પેદા થઈ. જે રીતે દિનચર્યાનાં બીજાં કાર્યો સહજ અને સરળ રીતે થાય છે. એ જ રીતે ભગવાન પાસે બેસવું એ પણ એક એવું કાર્ય છે કે જે કર્યા વગર એક દિવસ વિતાવવો પણ શક્ય

નથી. નિર્ધારિત સમય તો ઉપાસના માટે જાણે નશો કરવા મદિરાલયમાં જવા જેવો છે, કે જેનો નશો અને ખુમારી તો ચોવીસેય કલાક રહે છે. મને પોતાને ભગવાનમાં અને ભગવાનને મારી અંદર અનુભવ કરતાં કરતાં ક્ષણો પસાર થતી રહી.

આ મનઃસ્થિતિમાં સુખદુઃખની પરિસ્થિતિઓ પણ સરળ અને સ્વાભાવિક લાગે છે.ન હર્ષ,ન શોક.ચારે બાજુ આનંદનો સાગર જાણે હિલોળા લેતો દેખાય છે. જ્યાં જોઈએ ત્યાં ભગવાન દેખાય છે. આગળ-પાછળ જ્યાં જઈએ ત્યાં ભગવાન સાથે જ આવે છે. અંગરક્ષક કે પાઈલટની જેમ ભગવાનની હાજરી હરક્ષણ અનુભવાતી રહે છે. સમુદ્ર તો ટીપું બની શકતો નથી પણ ટીપું સમુદ્રમય બની જાય એવી અનુભૂતિમાં હવે કોઈ શંકા રહી નથી. એમની હાજરીમાં નિશ્ચિંત અને નિર્ભય રહું છું.

આત્માને પરમાત્મામાં મેળવી દેનારી જે શ્રદ્ધાને લાંબા જીવનકાળ દરમિયાન કામે લગાડવામાં આવી છે, તે હવે સાક્ષાત્ ભગવતીની જેમ પોતાની હાજરી અને અનુભૂતિનો પરિચય આપતી રહે છે.

# ૧૫. જીવનસાધના ક્યારેય અસફળ થતી નથી

બાળકની જેમ મનુષ્ય સીમિત છે. એને સુસંપન્ન સર્જનહાર ભગવાન પાસેથી અપાર શક્તિ પ્રાપ્ત થાય છે, પણ એક શરત છે. નાનાં બાળકો વસ્તુઓનો સાચો ઉપયોગ જાણતાં હોતાં નથી કે તેની કાળજી રાખી શકતાં નથી. તેથી બાળકોને લાડમાં જે મળે છે તે હલકું-ફૂલકું હોય છે. ફુગ્ગા, સિસોટી, ચોકલેટ, લોલિપોપ જેવી આનંદદાયક વસ્તુઓ જ માંગવામાં અને મેળવવામાં આવે છે. ઉંમરલાયક થતાં છોકરો ઘરની જવાબદારી સમજે અને નિભાવે છે. પરિણામે માગ્યા વગર જ અધિકારો સોંપવામાં આવે છે. એના માટે પ્રાર્થના કે માગણી કરવી પડતી નથી કે કરગરવું પડતું નથી. જેટલો આપણને માગવાનો ઉત્સાહ છે, એનાથી હજારગણો ઉત્સાહ ભગવાન અને મહામાનવોને આપવાનો હોય છે. મુશ્કેલી એક જ છે, કે સદુપયોગ કરી શકવાની પાત્રતા વિકસી છે કે નહિ.

આ બાબતમાં ભવિષ્યનો જૂઠો વાયદો કરવાથી કામ ચાલતું નથી. સાબિતી આપવી પડે છે, કે જે અત્યાર સુધી પોતાની પાસે હતું તેનો ઉપયોગ યોગ્ય રીતે થયો છે. 'હિસ્ટ્રી શીટ' આનાથી બને છે અને પ્રમોશનમાં આ પાછલું વિવરણ જ કામ આવે છે. મારે પાછલા કેટલાય જન્મોમાં મારી પાત્રતા અને પ્રામાણિકતા સિદ્ધ કરવી પડી છે. જ્યારે પાત્રતા અને પ્રામાણિકતાની ખાતરી થઈ ગઈ કે તરત જ મારા માર્ગદર્શકની કૃપા આપોઆપ જ મળવી શરૂ થઈ ગઈ.

સુગ્રીવ, વિભીષણ, સુદામા, અર્જુન વગેરેએ જે મેળવ્યું અને જે કરી બતાવ્યું તે એમના પરાક્રમનું ફળ નહતું. એમાં ભગવાનની સત્તા અને મહત્તા કામ કરતી રહી છે. મોટી નદી સાથે જોડાયેલી રહેવાથી નહેરો, સાથે જોડાયેલાં ઢાળિયાં ખેતરોને પાણી પૂરું પાડતી રહે છે. જો આ એકસૂત્રતામાં ક્યાંય ગરબડ ઊભી થાય તો અવરોધ ઊભો થશે

અને ક્રમ તૂટી જશે. ભગવાનની સાથે મનુષ્ય પોતાનો સુદઢ સંબંધ સુનિશ્ચિત આધારો પર જ જાળવી રાખી શકે છે. એમાં ખુશામદની કોઈ શક્યતા નથી. ભગવાનને કોઈ સાથે નથી મિત્રતા, નથી દુશ્મનાવટ. તેઓ નિયમોથી બંધાયેલા છે, સમદર્શી છે.

આપણી વ્યક્તિગત ક્ષમતા તદ્દન નગણ્ય છે. મોટેભાગે સામાન્ય માણસ જેવી સમજી શકાય. જે કંઈ વધારે દેખાય છે કે બને છે એને વિશુદ્ધ દૈવીકૃપા માનવી જોઈએ. તે સીધું ઓછું મળે છે અને માર્ગદર્શકના માધ્યમ દ્વારા વધારે આવે છે, પણ એનાથી કોઈ ફેર પડતો નથી કારણ કે ધન બેંકનું છે. ભલે પછી તે રોકડમાં, ચેક યા ડ્રાફ્ટથી મળ્યું હોય.

આ દૈવીકૃપાની પ્રાપ્તિ કેવી રીતે શક્ય બની એનો એક જ જવાબ છે કે પાત્રતાની અભિવૃદ્ધિ. એનું નામ જીવનસાધના છે. ઉપાસનાની સાથે એનો અનન્ય અને ઘનિષ્ઠ સંબંધ છે. વીજળી ધાતુમાં વહે છે. લાકડામાં નહિ. આગ સૂકી વસ્તુને સળગાવે છે, ભીનીને નહિ. જ્યારે બાળક ચોખ્ખું, સ્વચ્છ હોય ત્યારે જ માતા તેને ખોળામાં લે છે. મળમૂત્રથી ગંદું હોય તો પહેલાં તેને પાણીથી સાફ કરશે, પછી લૂછશે, પછી જ તેને ખોળામાં લઈ દૂધ પિવડાવશે.

ભગવાનની નજીક જવા માટે શુદ્ધ ચારિત્ર્ય હોવું જોઈએ. કેટલીય વ્યક્તિઓ શરૂઆતના જીવનમાં ચારિત્ર્યહીન હતી, પણ જે દિવસથી ભક્તિમાં કે સાધનામાં જોડાઈ એ જ દિવસથી એમણે શુદ્ધ ચારિત્ર્યથી કાયાકલ્પ કરી લીધો છે. વાલ્મીકિ, અંગુલિમાલ, બિલ્વમંગળ, અજામિલ વગેરે શરૂઆતના જીવનમાં ભલે ખરાબ રહ્યા હોય પણ જે દિવસથી ભગવાનના શરણે આવ્યા એ દિવસથી સાચા અર્થમાં સંત બની ગયા. આપણે લોકો તો, 'રામનામ જપના, પરાયા માલ અપના'ની નીતિ અપનાવીએ છીએ. કુકર્મ પણ કરતાં રહીએ અને સાથે ભજનકીર્તનના સહારાથી ભગવાનના દંડમાંથી છુટકારો મેળવવાનું વિચારીએ એ કેવી વાત !

કપડાંને રંગતાં પહેલાં ધોવું પડે છે. બીજ વાવતાં પહેલાં જમીન ખેડવી પડે છે. ભગવાનની કૃપા મેળવવા માટે પણ શુદ્ધ જીવન

આવશ્યક છે. સાધક જ સાચા અર્થમાં ઉપાસક બની શકે છે. જેનાથી જીવનસાધના ન થઈ શકે એનું ચિંતન, ચારિત્ર્ય, આહાર, વિહાર અને મસ્તિષ્ક અનિચ્છનીય બાબતોથી ભરેલાં રહેશે. પરિણામે સાધનામાં મન લાગશે જ નહિ. લાલચ અને ઈચ્છાઓ જેના મનને આખો દિવસ ઉદ્વિગ્ન રાખે છે, એનામાં એકાગ્રતા આવશે નહિ અને એના ચિત્તમાં તન્મયતા આવશે નહિ. કર્મકાંડ જેવી ગૌણ બાબતથી કામ ચાલશે નહિ. ભજનનો ભાવના સાથે સીધો સંબંધ છે, જ્યાં ભાવના હશે ત્યાં મનુષ્ય પોતાના ગુણ, કર્મ અને સ્વભાવમાં સાત્ત્વિકતાનો સમાવેશ અવશ્ય કરશે.

પૂજનીય મહેમાન આવવાના હોય, ઉત્સવ હોય તો ઘરની સાફસફાઈ કરીએ છીએ. તો જે હૃદયમાં ભગવાનને સ્થાન આપવાનું છે તે હૃદયને દોષદુર્ગુણ ત્યજી પવિત્ર અને સ્વચ્છ કરવું જોઈએ. એના માટે આત્મનિરીક્ષણ, આત્મસુધાર, આત્મનિર્માણ અને આત્મવિકાસની ચારે દિશાઓમાં આગળ વધવું જરૂરી છે. આ તથ્યો મને સારી રીતે સમજાવવામાં આવ્યાં અને મેં સાચા મનથી તે અમલમાં મૂક્યાં. વિચાર્યું કે જીવન દુઃખી કેમ બને છે ? નિષ્કર્ષ કાઢ્યો કે આ બધાનાં ઉદ્ગમકેન્દ્ર ત્રણ છે - લોભ, મોહ, અહંકાર. જેનામાં એની માત્રા જેટલી વધારે હશે એટલો જ તે અવગતિ તરફ ઢસડાતો જશે.

ક્રિયાઓ વૃત્તિઓમાંથી પેદા થાય છે. શરીરનું સંચાલન મન દ્વારા થાય છે. મનમાં જેવી ઈચ્છાઓ થાય છે એવું કાર્ય શરીર કરે છે. એટલા માટે ખરાબ કૃત્યો માટે શરીરને નહિ, મનને જવાબદાર માનવું જોઈએ. આ તથ્યને ધ્યાનમાં રાખીને ખરાબ વિચારોને જડમૂળથી હટાવીને જીવનસાધનાના મૂળભૂત આધાર એવા મનને સુધારીને જીવનસાધનાનો આરંભ કર્યો.

એવું જોવા મળ્યું છે કે અપરાધ મોટેભાગે આર્થિક પ્રલોભનો અથવા જરૂરિયાતોના કારણે થાય છે. એટલે એનું મૂળ કાપવા સરેરાશ ભારતીય સ્તરનું જીવન જીવવાનું વ્રત લેવામાં આવ્યું. આપણી પોતાની આવક ભલેને ગમે તેટલી હોય. ભલે તે ઈમાનદારી કે પરિશ્રમથી મેળવેલી કેમ ન હોય, પણ સરેરાશ ભારતીય સ્તરનું જીવન જીવવાનું શક્ય બને એ

રીતે પોતાના માટે કે પરિવાર માટે બહુ જ ઓછો ખર્ચ કરવામાં આવે. આ 'સાદું જીવન, ઉચ્ચ વિચાર'નો વ્યાવહારિક સિદ્ધાંત છે. આ સિદ્ધાંતને કેટલાક લોકો પસંદ કરે છે, એનું સમર્થન પણ કરે છે, પરંતુ પોતાના જીવનમાં એને ઉતારવાનો પ્રશ્ન આવે છે ત્યારે તેને અશક્ય ગણાવે છે. આને વ્રતશીલ બનીને જ નિભાવી શકાય છે. સાથેસાથે પરિવારના સભ્યોને પણ આના માટે સૈદ્ધાંતિક અને વ્યાવહારિક રીતે તૈયાર કરવા પડે છે. આ બાબતમાં સૌથી મોટી મુશ્કેલી લોકરિવાજની આવે છે. જ્યારે બધા લોકો ઈમાનદારી કે બેઈમાનીની કમાણીથી મોજમજા કરે છે, તો આપણે જ આપણા ઉપર આવો અંકુશ શા માટે મૂકવો ? પરિજનો અને એમનો પક્ષ લેનારા સગાંસંબંધીઓને આ બાબતમાં સહમત કરવાં બહુ મુશ્કેલ છે, છતાં પણ પોતાની વાત તર્ક, તથ્ય અને પરિણામની સાબિતી આપી જો યોગ્ય રીતે રજૂ કરવામાં આવે અને જો પોતાનું મનોબળ મજબૂત હોય તો પછી પોતાના નજીકનાં સંબંધીઓ પર તેની અસર ન પડે એવું બનતું નથી. આર્થિક અનાચારનું મૂળ કાપવું હોય તો આ કાર્ય આ સ્તરના લોકશિક્ષણ અને રિવાજથી શક્ય બનશે. હું એ વિશ્વાસના આધારે મારી વાત પર દૃઢ રહ્યો. ઘીયામંડી, મથુરામાં મારો પરિવાર પાંચ વ્યક્તિઓનો હતો. ૧૯૭૧માં હરિદ્વાર ગયો ત્યાં સુધી નિયમિત રૂપે માસિક ખર્ચ રૂપિયા ૨૦૦ રાખવામાં આવ્યું. હળીમળીને ઓછા ખર્ચે બીજા લોકોથી મારો સ્તર જુદા પ્રકારનો બનાવી લેવાને કારણે બધું મજાથી ચાલતું. આમ તો આવક વધારે હતી. પિતાની મિલકતમાંથી પૈસા આવતા હતા, પણ સંબંધીઓનાં બાળકોને બોલાવી ભણાવવાની નવી જવાબદારી ઉઠાવી તેમાં એ પૈસાનો ખર્ચ કરતો. દુર્ગુણો અને વ્યસનો વિકસે એટલા પૈસા જ બચવા દીધા ન હતા. જીવનસાધનાનો એક મહત્ત્વપૂર્ણ પક્ષ સરળતાથી નિભાવતો રહ્યો.

પરિવારને સજાવવાનો, સુસંપન્ન બનાવવાનો અને વારસદારો માટે સંપત્તિ મૂકી જવાનો દરેકને મોહ થાય છે. લોકો પોતે વિલાસી જીવન જીવે છે અને બાળકોને પણ એવી ટેવ પાડે છે. પરિણામે અપવ્યયનો ક્રમ ચાલે છે અને અનીતિની કમાણી માટે અનાચારનો વિચાર અને પ્રયાસ કરવામાં આવે છે. બીજાઓનું પતન અને અનુભવ જોઈને મેં

એવા ચિંતન અને રિવાજને ઘરમાં પ્રવેશવા ન દીધાં. એ રીતે ખોટું ખર્ચ ન થયું, દુર્ગુણો પણ ન વધ્યા, કુરિવાજ પણ ન પ્રવેશ્યો અને સુસંસ્કારી પરિવાર વિકસતો ગયો.

ત્રીજો પક્ષ અહંકારનો છે. ડંફાસ, મોટાઈ, ઠાઠમાઠ, સજાવટ, ફેશન વગેરેમાં લોકો ઘણો સમય બગાડે છે અને ઘણું ખર્ચ કરે છે. મારા જીવનમાં તથા પરિવારમાં નમ્રતા અને સાદગીનું એવું બ્રાહ્મણોચિત વાતાવરણ બનાવી રાખ્યું, જેથી અહંકારના પ્રદર્શનની શક્યતા ન રહે. ઘરનું કામકાજ જાતે કરવાની ટેવ પાડી. માતાજીએ ઘણો સમય હાથે જ દળ્યું છે. ઘરનું તથા અતિથિઓનું ભોજન તો તેઓ ઘણા સમયથી બનાવતાં આવ્યાં છે. જયારે બહારનાં કાર્યોનો ખૂબ વિસ્તાર થવા લાગ્યો અને એમાં વ્યસ્ત રહેવાને લીધે માતાજી એના માટે સમય કાઢી શકતાં નહિ ત્યારે ઘરમાં નોકરની જરૂર તો પડી.

ઠાઠમાઠથી રહેતા માણસો મોટા કહેવાય અને ગરીબાઈમાં ગુજરાન કરનાર ઉદ્વિગ્ન, અભાગી અને પછાત હોય છે એવું અનુમાન ખોટું નીકળ્યું. મારી બાબતમાં આ વાત ક્યારેય લાગુ પડી નથી, જો હું આળસ અને અયોગ્યતાના લીધે ગરીબાઈ ભોગવતો હોત તો જરૂર એવો ગણાત, પણ કમાણી વધુ હોવા છતાં પણ સાદગી સ્વેચ્છાપૂર્વક અપનાવવામાં આવી. એમાં સિદ્ધાંતોનું પાલન કરવાનું લક્ષ્ય હતું. જે મિત્રો અને સંબંધીઓને મારી સાદગીભરી રહેણીકહેણીની ખબર પડી એમાંથી કોઈએ પણ આને દરિદ્રતા કહી નહિ, પરંતુ બ્રાહ્મણ પરંપરા પ્રમાણેનું જીવન માન્યું. મરચું ન ખાવું, પાદુકા પહેરવી એવી સાદગીથી લોકો સાત્ત્વિકતાની જાહેરાત માત્ર કરે છે, પરંતુ સાચી આધ્યાત્મિકતા સર્વતોમુખી સંયમ અને અનુશાસનથી નભે છે. એમાં સમગ્ર જીવનચર્યાને બ્રાહ્મણ જેવી બનાવવાનો અને અભ્યાસમાં ઉતારવાનો પ્રયત્ન કરવો પડે છે. આ લાંબા સમયની અને ક્રમિક સાધના છે. મેં એના માટે પોતાની જાતને સાધી અને જે કોઈ મારી સાથે જોડાયા એમને પણ શક્ય એટલી સાદગી અપનાવડાવી.

સંચિત કુસંસ્કારોની અસર બધા પર રહે છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર વગેરે પોતાનો પરિચય આપતા રહ્યા, પણ તેમને ઊગતા જ દાબી દીધા. અજાણ રહેવાથી - ક્ષમ્ય ગણવાથી તે વધત અને કબજો જમાવવામાં સફળ થાત. જ્યારે જ્યારે એવો અવસર આવ્યો ત્યારે તેમને ફગાવી દીધા. ગુણ, કર્મ અને સ્વભાવ આ ત્રણેય પર ધ્યાન રાખવામાં આવ્યું કે એમાં સાધકની જેમ સાત્ત્વિકતાનો સમાવેશ થાય છે કે નહિ. સંતોષની વાત છે કે આ આંતરિક મહાભારત સાથે જીવનભર લડતા રહેવાના કારણે અત્યારે તેના પર વિજય પ્રાપ્ત થઈ શક્યો.

જન્મથી બધાં અણઘડ હોય છે. જન્મોજન્મના કુસંસ્કાર બધાં પર ઓછાવત્તા પ્રમાણમાં હોય છે. તે એમ ને એમ દૂર થતા નથી. ગુરુકૃપા અથવા પૂજાપાઠથી પણ એ હેતુ સિદ્ધ થતો નથી. એના સમાધાનનો એક જ ઉપાય છે એમની સામે ઝઝૂમવું. જેવા કુવિચારો આવે કે તરત જ સદ્‌વિચારોની સેનાને પહેલેથી જ પ્રશિક્ષિત કટિબદ્ધ રાખવી અને તેની સામે લડવા મોકલી દેવી. જો તેમને મૂળ જમાવવાનો અવસર ન મળે તો કુવિચારો અથવા કુસંસ્કાર લાંબા સમય સુધી ટકતા નથી. એમનું સામર્થ્ય ઓછું હોય છે. તે ટેવ અને રિવાજ પર આધારિત હોય છે. જ્યારે સદ્‌વિચારોની પાછળ તર્ક, તથ્ય, પ્રમાણ, વિવેક વગેરે અનેકનાં મજબૂત સમર્થનો રહેલાં છે. એટલા માટે શાસ્ત્રકારની વાત એવા સમયે સાચી પડે છે, કે 'સત્યનો જ વિજય થાય છે. અસત્યનો નહિ.' આ વાતને આ રીતે પણ કહી શકાય કે પરિપકવ થયેલા સુસંસ્કારો જ જીતે છે, કુસંસ્કાર નહિ. જો સરકસનાં રીંછ અને વાંદરાને આશ્ચર્યજનક ખેલ બતાવવા તાલીમ આપી તૈયાર કરી શકાય તો પછી અણઘડ મન અને જીવનક્રમને સંકલ્પબળથી સુસંસ્કારી ન બનાવી શકવાનું કોઈ કારણ નથી.

## આરાધના, જે હમેશાં અપનાવવામાં આવી

ગંગા, યમુના અને સરસ્વતી મળે છે ત્યાં ત્રિવેણી સંગમ થાય છે. એમાં સ્નાન કરનારનો કાયાકલ્પ થઈ જાય એવું માનવામાં આવે છે.

બગલો હંસ બની જાય અને કાગડો કોયલ થઈ જાય એવી શક્યતા નથી, પણ આના આધારે વિનિર્મિત થયેલી અધ્યાત્મ ધારામાં અવગાહન કરવાથી મનુષ્યનું આંતરિક અને બાહ્યજીવન અસાધારણ રીતે બદલાઈ શકે એ વાત નિશ્ચિત છે. આ ત્રિવેણી ઉપાસના, સાધના અને આરાધનાના સમન્વયથી બને છે. આ ત્રણેય કોઈ ક્રિયાકાંડ નથી, જેને થોડા સમયમાં, થોડાંક વિધિવિધાનથી કે ભગવાન પાસે બેસીને સંપન્ન કરી શકાય. આ તો ચિંતન, ચરિત્ર અને વ્યવહારમાં થનાર ઉચ્ચસ્તરીય પરિવર્તન છે, જેના માટે શારીરિક અને માનસિક કાર્યો પર નિરંતર ધ્યાન આપવું પડે છે. મનની શુદ્ધિ માટે પ્રખરતાનો ઉપયોગ કરવો પડે છે અને નવી વિચારધારામાં પોતાના ગુણ, કર્મ અને સ્વભાવનો એવી રીતે મહાવરો કરવો પડે છે, જેમ અણઘડ પશુપક્ષીઓને સરકસમાં ખેલ બતાવવા માટે ગમે તે રીતે તૈયાર કરવામાં આવે છે. પૂજા થોડો સમય થઈ શકે છે, પણ સાધના તો નાના બાળક જેવી છે. તેનું પાલનપોષણ કરવામાં સતત ધ્યાન રાખવું પડે છે. જે લોકો પૂજાને જાદુ સમજે છે અને ગમે તેમ ક્રિયાકાંડ કરવાના બદલામાં સિદ્ધિઓ પ્રાપ્ત કરવાનાં સ્વપ્ન સેવે છે તેઓ ભૂલ કરે છે.

મારા માર્ગદર્શકે પ્રથમ દિવસે જ ત્રિપદા ગાયત્રીનું વ્યાવહારિક સ્વરૂપ ઉપાસના, સાધના અને આરાધના રૂપે સારી રીતે જણાવી દીધું હતું. નિયમિત જપ, ધ્યાન કરવાના આદેશ ઉપરાંત એ પણ જણાવ્યું કે ચિંતનમાં ઉપાસના, ચરિત્રમાં સાધના અને વ્યવહારમાં આરાધનાનો સમાવેશ કરવામાં પૂરેપૂરી સાવચેતી અને તત્પરતા રાખવામાં આવે. આ આદેશનું અત્યાર સુધી શક્ય એટલું સારી રીતે પાલન કરવામાં આવ્યું છે. એના લીધે અધ્યાત્મનો આધાર લેવાનું એવું પરિણામ આવ્યું કે એનો ઉપહાસ કરી શકાય નહિ.

આરાધનાનો અર્થ છે લોકમંગલનાં કાર્યમાં વ્યસ્ત રહેવું. જીવનસાધના એક પ્રકારે સંયમસાધના છે. એના દ્વારા ઓછા પૈસામાં નિર્વાહ ચલાવીને વધારે બચાવવામાં આવે. સમય, શ્રમ, ધન અને મનનો શરીર તથા પરિવાર માટે એટલો જ ઉપયોગ કરવો પડે છે, જેના વિના કામ ચાલી

ન શકે. કામ ન ચાલવાની કસોટી છે - સરેરાશ દેશવાસીનું સ્તર. આ કસોટીમાં પાર ઊતર્યા પછી કોઈ પણ શ્રમિક કે શિક્ષિત વ્યક્તિની કમાણી એટલી જ થઈ જાય છે કે તેમનું કામ ચાલવા ઉપરાંત પણ બચી શકે. એ બચતના સદુપયોગને આરાધના કહે છે. સામાન્ય રીતે લોકો આ બચતનો ઉપયોગ મોજમજા માટે કરે છે કે કુટુંબીઓમાં વહેંચી દે છે. એમને એવી સૂઝ નથી પડતી કે આ સંસારમાં બીજા પણ આપણા છે, બીજાને પણ પૈસાની જરૂર હોય છે. જો દૃષ્ટિમાં એટલી વિશાળતા આવી હોત તો એ બચતને એવાં કાર્યોમાં ખર્ચી હોત, જેથી અનેકનું હિત થાત અને સમયની માગ પૂરી કરવામાં સહાયતા મળત.

ઈશ્વરનું એક રૂપ સાકાર છે, જે ધ્યાનધારણા માટે પોતપોતાની રુચિ અને માન્યતાને અનુરૂપ ઘડવામાં આવે છે. એ મનુષ્યને મળતી આકૃતિ- પ્રકૃતિ પ્રમાણેનું હોય છે. આ સ્વરૂપ ઉપયોગી છે, જરૂરી છે, પરંતુ સાથેસાથે એ ધ્યાનમાં રાખવા જેવું છે કે તે વાસ્તવિક નથી, કાલ્પનિક છે. ઈશ્વર એક છે, એની જુદા જુદા સંપ્રદાયોમાં હોય છે એટલી બધી આકૃતિઓ હોઈ શકતી નથી. ઉપયોગ મનની એકાગ્રતાનો અભ્યાસ કરવા સુધી જ સીમિત રાખવો જોઈએ. પ્રતિમાપૂજનની પાછળ આદિથી અંત સુધી એ હેતુ છે કે દૃશ્ય પ્રતીકના માધ્યમથી અદૃશ્ય ઈશ્વર અને પ્રતિપાદનને હૃદયંગમ કરવાનો પ્રયત્ન કરવામાં આવે.

સર્વવ્યાપી ઈશ્વર નિરાકાર જ હોઈ શકે છે. એમને પરમાત્મા કહેવામાં આવ્યા છે. પરમાત્મા અર્થાત્ આત્માઓનો પરમ સમુચ્ચય. એને આદર્શોનો સમૂહ કહેવામાં પણ વાંધો નથી. એ જ વિરાટ બ્રહ્મ અથવા વિરાટ વિશ્વ છે. કૃષ્ણે અર્જુન અને યશોદાને પોતાના આ રૂપનું દર્શન કરાવ્યું હતું. રામે કૌશલ્યા તથા કાગભુશુંડિને આ રૂપ ઝલકરૂપે બતાવ્યું હતું અને પ્રાણીઓને તેમનું દૃશ્ય સ્વરૂપ. આ માન્યતા અનુસાર આ લોકસેવા જ વિરાટ બ્રહ્મની આરાધના બની જાય છે. વિશ્વ ઉદ્યાનને સુખી - સમુન્નત બનાવવા માટે જ પરમાત્માએ આ બહુમૂલ્ય જીવન આપીને યુવરાજની જેમ મનુષ્યને પૃથ્વી પર મોકલ્યો છે. એની

પૂર્તિમાં જ જીવનની સાર્થકતા છે. આ માર્ગને અધિક શ્રદ્ધાપૂર્વક અપનાંવવાથી જ અધ્યાત્મ ઉત્કર્ષનું તે પ્રયોજન સિદ્ધ થાય છે, જેને આરાધના કહેવામાં આવે છે.

હું કરી રહ્યો છું. સામાન્ય દિનચર્યા અનુસાર રાત્રિમાં શયન, નિત્યકર્મ ઉપરાંત દૈનિક ઉપાસના પણ એ બાર કલાકમાં સારી રીતે સંપન્ન થતી રહી છે. આ ત્રણ કર્મો માટે બાર કલાક પૂરતા છે. ચાર કલાક સવારનું ભજન એ સમયગાળા દરમિયાન થતું રહ્યું છે. બાકીના આઠ કલાકમાં નિત્યકર્મ અને શયન એમાં સમય ઓછો પડ્યો નથી. આળસ અને પ્રમાદ રાખવાથી તો બધો જ સમય આઘાપાછા થવામાં વહી જાય છે, પરંતુ એકેએક મિનિટ પર ઘોડાની જેમ સવાર થઈ જવામાં આવે તો પ્રતીત થાય છે કે જાગૃત વ્યક્તિઓએ આવી જ તત્પરતા દાખવીને જેને જોઈ મિત્રો આશ્ચર્યચકિત થઈ જાય એવાં કામો કરી લીધાં હોત.

આ તો થઈ રાતની વાત. હવે દિવસ આવે છે. દિવસને પણ આમ તો બાર કલાકનો જ માનવામાં આવે છે. આમાંથી બે કલાક ભોજન અને આરામ માટે કાઢવા છતાંય દસ કલાકનો સમય બચે છે. આનો ઉપયોગ નિયમિત રીતે પરમાર્થ-પ્રયોજનની, લોકમંગળની આરાધનામાં થતો રહ્યો છે. ટૂંકમાં આને આ રીતે કહી શકાય. (૧) લોકમાનસના પરિષ્કાર માટે યુગચેતનાને અનુરૂપ વિચારધારાઓનું નિર્ધારણ - સાહિત્ય સર્જન. (૨) સંગઠિત પ્રાણવાન જાગૃત આત્માઓને યુગધર્મને અનુરૂપ કાર્યકલાપ અપનાવવા માટે ઉત્તેજના - માર્ગદર્શન. (૩) વ્યક્તિગત મુશ્કેલીઓમાંથી બહાર નીકળવા, સુખી ભવિષ્યનું નિર્માણ કરવા માટે પરામર્શ યોગદાન. મારી સેવાસાધના આ ત્રણ ભાગોમાં વહેંચાયેલી છે. આમાંથી બીજી અને ત્રીજી ધારા માટે તો અસંખ્ય વ્યક્તિઓ સાથે સંપર્ક સાધવાનો ક્રમ ચાલતો રહ્યો છે. આમાંથી મોટાભાગના લોકોને પ્રકાશ પ્રાપ્ત કરવાનો અને પરિવર્તન કરવાનો અવસર મળ્યો છે. એમનાં નામોનો ઉલ્લેખ અને પ્રસંગોનું વર્ણન કરવું શક્ય નથી, કારણ કે જેને મદદ કરવામાં આવે તેને યાદ રાખવાની મને ટેવ નથી. વળી એવા લોકોની સંખ્યા અને પ્રસંગો જેટલા યાદ છે તેમનું વર્ણન કરવામાં જ એક

મહાપુરાણ લખી શકાય તેમ છે. વળી એમાં એ બધાને મુશ્કેલી પણ થાય. કૃતજ્ઞતા દર્શાવવાના દિવસો હવે ચાલ્યા ગયા છે. બીજાની સહાયતાને મહત્ત્વ ઓછું આપ્યું. પોતાના ભાગ્ય અને પુરુષાર્થનાં જ વખાણ કરવામાં અને બીજાની સહાયતાનો ઉલ્લેખ કરવામાં મોટાઈ જાગે છે. આવી સ્થિતિમાં હું મારા તરફથી એવી ઘટનાઓનો ઉલ્લેખ કરું, જેમાં લોકોનાં દુઃખો ઘટ્યાં હોય અને એમને પ્રગતિની તક મળી હોય તે મારા માટે ઉચિત નથી. વળી એક વાત એ પણ છે કે વખાણ કરવાથી પુણ્ય ઘટી જાય છે. આટલી મુશ્કેલીઓ હોવાથી આ બધી ઘટનાઓની બાબતમાં મૌન ધારણ કરવાને જ યોગ્ય માનવામાં આવ્યું છે. આનાથી વધારે કશું ન કહેતાં આ વાતને અહીં જ પૂરી કરવામાં આવે છે.

આમ છતાં એ બધી સેવાઓ મહત્ત્વપૂર્ણ છે. અત્યાર સુધીમાં પ્રજ્ઞા પરિવાર સાથે ૨૪ લાખ કરતાં પણ વધારે લોકો સંકળાયેલા છે. આમાંથી જેઓ ફક્ત સિદ્ધાંતો અને આદર્શોથી પ્રભાવિત થઈને આ બાજુ આકર્ષાયા છે એવા લોકો ઓછા છે. જેઓએ વ્યક્તિગત જીવનમાં પ્રકાશ, પ્રેમ, સહયોગ, પરામર્શ અને કૃપા મેળવી છે એવા લોકોની સંખ્યા વધુ છે. ખાસ કરીને સહાયતા કરનાર પોતાની પ્રામાણિકતા અને નિઃસ્વાર્થતાની દૃષ્ટિએ પ્રત્યેક કસોટી પર ખરા સાબિત થયા હોય ત્યારે એવા પ્રસંગો માનવીય અંતરાલમાં સ્થાન જમાવે છે. સંપર્ક ક્ષેત્રના લગભગ ત્રીજા ભાગના લોકો એવા છે, જેઓ મિશનના આદર્શો અને મારાં પ્રતિપાદનો જાણે છે. બાકીના તો મુશ્કેલીઓમાં દોડતા આવે છે અને અહીંથી શાંતિ મેળવીને પાછા ફરે છે. આટલો મોટો પરિવાર બનીને ઊભો રહ્યો તેનું મૂળ કારણ આ જ છે. નહિ તો જો બધું ફક્ત સિદ્ધાંત પૂરતું જ રહ્યું હોત, તો આર્યસમાજ, સર્વોદય વગેરેની જેમ સભ્યોની સંખ્યા મર્યાદિત હોત અને વ્યક્તિગત આત્મીય ઘનિષ્ઠતાનું જે વાતાવરણ જોવા મળે છે તે મળ્યું ન હોત. આવનારાઓની વધુ સંખ્યા, સમય-કસમયનું આગમન, તેમના નિવાસ અને ભોજનની વ્યવસ્થાનો અભાવ એવાં અનેક કારણોનો બોજ સૌથી વધારે માતાજીને સહન કરવો પડ્યો છે, પણ આ અગવડોના બદલામાં જેટલાની જેટલી આત્મીયતા પ્રાપ્ત કરી છે, તેને જોઈને અમે

ધન્ય બની ગયાં છીએ. અમને એવું લાગ્યું છે કે જે કંઈ કરવામાં આવ્યું છે તે વ્યાજસહિત વસૂલ થતું રહ્યું છે. પૈસાની દૃષ્ટિએ જ ભલે નહિ, પણ ભાવનાની દૃષ્ટિએ પણ જો કોઈ થોડું ઓછું લે તો તે તેના માટે નુકસાનનો સોદો નથી.

આરાધના માટે, લોકસાધના માટે ઘરની મૂડી જોઈએ. તેના વગર ભૂખ્યો શું ખાય ? શું વહેંચે ? આ મૂડી ક્યાંથી આવી ? કેવી રીતે મેળવી ? એના માટે અમારા માર્ગદર્શકે પહેલા દિવસે જ કહ્યું હતું, 'જે કંઈ પાસે છે તેને બીજની જેમ ભગવાનના ખેતરમાં વાવતાં શીખો.' એને જેટલી વાર વાવવામાં આવ્યું તેટલી વાર સોગણું થતું રહ્યું. ઈષ્ટ પ્રયોજન માટે ક્યારેય કોઈ વાતની ખોટ પડી નથી. એમણે જલારામ બાપાનું ઉદાહરણ આપ્યું હતું. તેઓ ખેડૂત હતા. પોતાનું પેટ ભરાતાં જે કંઈ અનાજ વધતું તે ગરીબોને ખવડાવી દેતા. ભગવાન આ સાચી સાધનાથી પ્રસન્ન થયા અને એક એવી અક્ષય ઝોળી આપી ગયા કે જેનું અન્ન ક્યારેય ખૂટ્યું નથી અને આજે પણ વીરપુર (ગુજરાત)માં એમનું સદાવ્રત ચાલી રહ્યું છે, જેમાં હજારો ભક્તો રોજ ભોજન કરે છે. જે પોતાનું ખર્ચી નાખે છે, તેને વગર માગ્યે બહારનો સહયોગ મળી રહે છે, પણ જે પોતાની મૂડી સુરક્ષિત રાખે છે અને બીજાની પાસે માગતા રહે છે તેવા ફાળો એકઠો કરનારાઓની લોકો નિંદા કરે છે, ટીકા કરે છે અને યથાશક્તિ આપીને તેમનાથી દૂર રહે છે.

ગુરુદેવના નિર્દેશ મુજબ મેં મારી ચારેય સંપદાઓને ભગવાનનાં ચરણોમાં અર્પણ કરવાનો નિશ્ચય કર્યો. (૧) શારીરિક શ્રમ, (૨) માનસિક શ્રમ, (૩) ભાવ સંવેદનાઓ, (૪) પૂર્વજોનું કમાયેલું ધન. મારી પોતાની કમાણી તો કંઈ જ ન હતી. ચારેય સંપદાઓને અનન્ય નિષ્ઠા સાથે નિર્ધારિત લક્ષ્ય માટે વાપરતો રહ્યો છું. પરિણામે ખરેખર સોગણું થઈને પાછું પ્રાપ્ત થયું છે. શરીરથી દરરોજ બાર કલાકનો શ્રમ કર્યો છે. આનાથી થાક લાગ્યો નથી, પણ કાર્યક્ષમતા વધી છે. આજે આ વૃદ્ધાવસ્થામાં પણ યુવાનો જેવી કાર્યક્ષમતા છે. શારીરિક શ્રમની સાથે માનસિક શ્રમને પણ જોડતો રહ્યો. પરિણામ એ આવ્યું કે મનોબળમાં - મસ્તિષ્કીય ક્ષમતામાં સામાન્ય રીતે વૃદ્ધાવસ્થામાં પ્રગટ થતાં હોય છે એવાં ક્યાંય

કોઈ લક્ષણ પ્રકટ થયાં નથી. અમોએ છુટ્ટા હાથે પ્રેમ વેર્યો છે અને વહેંચ્યો છે. પરિણામે સામે પક્ષેથી કોઈ કમી રહેવા પામી નથી. વ્યક્તિગત સ્નેહ, સન્માન અને સદ્ભાવના જ નહિ, પણ મિશન માટે પણ જ્યારે જ્યારે જે કંઈ અપીલ કે અનુરોધ કરવામાં આવ્યો છે તેમાં પણ ક્યારેય ખોટ પડી નથી. બે વર્ષમાં ૨૪૦૦ પ્રજ્ઞાપીઠો નિર્માણ થઈ જવી તે આનું એક જીવંત ઉદાહરણ છે. શરૂઆતમાં ફક્ત અમારું જ ધન હતું. પિતાની સંપત્તિથી ગાયત્રી તપોભૂમિનું નિર્માણ થયું. જન્મભૂમિમાં હાઈસ્કૂલનું નિર્માણ કર્યું. ત્યાર પછી ત્યાં એક શક્તિપીઠ પણ બની. એટલી બધી આશા નહોતી કે લોકો વગર માગ્યે પણ આપશે અને નિર્માણનું આટલું મોટું કાર્ય થશે. આજ ગાયત્રી તપોભૂમિ, શાંતિકુંજ ગાયત્રી તીર્થ અને બ્રહ્મવર્ચસ્‌ની ઈમારતો જોઈને પણ અનુમાન કરી શકાય છે કે વાવેલું બીજ સોગણું થઈને ફળે છે કે નહિ. લોકો પોતાનું એકઠું કરેલું ધન સંતાડી રાખે છે અને ભગવાન પાસે લોટરી કે લોકો પાસે ફાળો માગે છે, એ શ્રદ્ધાનો અભાવ જ છે. જો આત્મસમર્પણથી શરૂઆત કરવામાં આવે તો તેનું પરિણામ આશ્ચર્યજનક આવે છે. નિર્માણ થઈ ચૂકેલી ગાયત્રી શક્તિપીઠોમાંથી જૂનાગઢ શક્તિપીઠના નિર્માતાએ પોતાનાં વાસણ વેચીને કામની શરૂઆત કરી હતી અને આજે તૈયાર થઈ ગયેલી બધી ઈમારતોમાં તે પણ એક મહત્ત્વની શક્તિપીઠ છે.

બાજરી કે મકાઈના એક દાણામાંથી સો દાણા પાકે છે. આ ઉદાહરણ અમે પણ અમારી સંચિત સંપદાને વહેંચી નાખવાના દુસ્સાહસમાં જોયું. જે કાંઈ પાસે હતું તે પરિવારને એટલા જ પ્રમાણમાં અને એટલા જ સમય સુધી આપ્યું, જ્યાં સુધી એ લોકો પોતે કમાવાને લાયક નહોતા બન્યા. સંતાનોને સમર્થ બનાવવા માટે વારસામાં ધન આપવું અને પોતાનો શ્રમ અને મનોયોગ તેમના માટે ખપાવતા રહેવું તેને અમે હમેશાં અનૈતિક માની વિરોધ કર્યો છે. પછી સ્વયં આવું કરીએ પણ કઈ રીતે ? મફતની કમાણી હરામની હોય છે. પછી ભલેને તે પૂર્વજોએ એકઠી કરેલી હોય. હરામની કમાણી નથી પચતી, નથી સારું ફળ આપતી. આ આદર્શ ઉપર પરિપૂર્ણ વિશ્વાસ રાખીને અમોએ શારીરિક શ્રમ,

મનોયોગ, ભાવસંવેદના અને સંગ્રહિત ધન – આ ચારેય સંપત્તિઓમાંથી એકેયને ક્યારેય કોઈ કુપાત્રના હાથમાં જવા દીધી નથી. તેનો એકએક કણ સજ્જનતાના સંવર્ધનમાં, ભગવાનની આરાધનામાં વાપર્યો છે. પરિણામ સામે જ છે. જે કંઈ પાસે હતું, તેના કરતાં અગણિત લાભો થયા. મળેલ લાભોને કંજૂસોની જેમ જો ભોગવિલાસમાં, ભેગું કરવામાં અથવા તો સગાંવહાલાંને આબાદ બનાવવામાં વાપર્યા હોત તો બધું જ નકામું નીવડત. કોઈ મહત્ત્વપૂર્ણ કામ ન થાત, ઉપરથી જે કોઈ આ મફતિયા શ્રમ અને સાધનોનો ઉપયોગ કરત તેઓ દુર્ગુણી અને વ્યસની બની જઈ નફો મેળવવાના બદલે કાયમ ખોટમાં જ રહેત.

કેટલાંય પુણ્યકર્મો એવાં છે, જેનું સત્પરિણામ પ્રાપ્ત કરવા માટે બીજા જન્મની રાહ જોવી પડે છે, પણ લોકસાધનાનો પરમાર્થ એવો છે કે જેનું ફળ હાથોહાથ પ્રાપ્ત થાય છે. કોઈક દુ:ખીના આંસુ લૂછતી વખતે ખૂબ જ આત્મસંતોષ થાય છે, જેના ઉપર ઉપકાર કરવામાં આવ્યો છે તે બદલો ન ચૂકવી શકે તો પણ તે મનોમન સમ્માન કરે છે અને આશીર્વાદ આપે છે. આ ઉપરાંત એક એવું દૈવી વિધાન છે કે ઉપકાર કરનારનો ભંડાર ક્યારેય ખાલી રહેતો નથી, પણ તેના ઉપર ઈશ્વરની કૃપા વરસતી જ રહે છે અને કંઈ ખર્ચ કરવામાં આવે છે તે ભરપાઈ થતું રહે છે.

ઘેટું ઊન કપાવે છે તો તેના બદલામાં તેને દર વર્ષે નવું ઊન મળતું રહે છે. વૃક્ષો ફળ આપે છે તો બીજીવાર ફરીથી તેની ઉપર કૂંપળો અને મોર આવે છે. વાદળાં વરસે છે, છતાં પણ ખાલી થતાં નથી. બીજી વખતે એટલું જ પાણી વરસાવવા માટે સમુદ્ર પાસેથી મેળવી લે છે. ઉદાર વ્યક્તિઓના ભંડાર ક્યારેય ખાલી થયા નથી. કુપાત્રોને પોતાનો સમય અને શ્રમ આપીને કોઈએ ભ્રમવશ દુષ્પ્રવૃત્તિઓનું પોષણ કર્યું હોય અને એને જ પુણ્ય માન્યું હોય તો જુદી વાત છે. નહિતર લોકસાધનાના પરમાર્થનું ફળ તો હાથોહાથ મળે છે. આત્મસંતોષ, લોકસમ્માન અને દૈવીકૃપારૂપે ત્રણગણું સત્પરિણામ પ્રાપ્ત કરનાર આ વ્યવસાય એવો છે, કે એમાં જેણે હાથ નાખ્યો છે તે ધન્ય બની ગયો છે. કંજૂસો ચતુરાઈનો દાવો કરતા હોય છે, પણ દરેક રીતે તેઓ ખોટમાં જ રહેતા હોય છે.

લોકસાધનાનું મહત્ત્વ ત્યારે જ ઘટે છે કે જ્યારે તેના બદલામાં નામના મેળવવાની લાલસા જાગે છે. આ તો છાપામાં પૈસા આપીને જાહેરખબર આપવા જેવો ધંધો થયો. અહેસાન ચડાવીને બદલાની ઈચ્છા કરવાથી પણ પુણ્યફળ નષ્ટ થાય છે. મિત્રોના દબાણને વશ થઈ કોઈ પણ કામ માટે ફાળો આપી દેવાથી દાનની ભાવના પૂરી થતી નથી. એ જોવું જોઈએ કે પ્રયત્નના પરિણામે સદ્ભાવનાઓમાં વધારો થાય છે કે નહિ, સત્પ્રવૃત્તિઓને આગળ વધારવામાં જે કાર્ય સહાયક છે તેની જ સાર્થકતા છે. અન્યથા મફતમાં પૈસા મેળવવા છળકપટ દ્વારા ભોળા લોકોને લૂંટવાની અનેક પ્રવૃત્તિઓ આજકાલ ચાલી રહી છે. આથી ધન અને સમય ખર્ચતાં પહેલાં હજારવાર વિચાર કરવો જોઈએ કે મારા પ્રયત્નોનું પરિણામ કેવું હશે ? આ દૂરદર્શી વિચારશીલતા અપનાવવાનું અત્યારની પરિસ્થિતિમાં અત્યંત જરૂરી છે. મેં આવા પ્રસંગોમાં સ્પષ્ટ ઈન્કાર પણ કરી દીધો છે. ઔચિત્યની ઉદારતાની સાથેસાથે અનૌચિત્યસભર ગંધ આવતાં અનુદારતા દાખવવાનું અને નારાજગી વ્યક્ત કરવાનું સાહસ પણ કર્યું છે. આરાધનામાં આ તથ્યોનો સમાવેશ કરવાનું પણ નિતાંત આવશ્યક છે.

ઉપર્યુક્ત ત્રણેય પ્રસંગોમાં મારા જીવનદર્શનની એક ઝલક જોવા મળે છે. આ એ માર્ગ છે, જેના પર તમામ મહાનુભાવો ચાલ્યા છે અને લક્ષ્ય પ્રાપ્તિમાં સફળ થઈ યશના ભાગીદાર બન્યા છે. આમાં કોઈ પણ જાતના ‘શોટકટ’ને સ્થાન નથી.

⊙

# ૧૬. ત્રીજી હિમાલય યાત્રા - ઋષિ પરંપરાનું બીજારોપણ

મથુરાનું કાર્ય સારી રીતે ચાલવા લાગ્યું એટલે હિમાલયથી ત્રીજી વાર આદેશ આવ્યો. તેમાં ભવિષ્યમાં ઉઠાવવાનાં ચોથાં પગલાંનો સંકેત હતો. સમય પણ ઘણો થઈ ગયો હતો. આ વખતે કામનું ભારણ વધારે રહ્યું અને સફળતાની સાથેસાથે થાક પણ વધતો ગયો હતો. આવી સ્થિતિમાં બેટરી ચાર્જ કરવાનું આ નિમંત્રણ મારા માટે ખૂબ જ ઉત્સાહવર્ધક હતું.

નક્કી કરેલા દિવસે પ્રયાણ શરૂ થયું. જોયેલા માર્ગને પસાર કરવામાં કોઈ મુશ્કેલી ન પડી. વળી ઋતુ પણ એવી હતી કે જેમાં કડકડતી ઠંડીનો સામનો ન કરવો પડ્યો અને પહેલી વારની જેમ એકલતાની તકલીફનો સામનો ન કરવો પડ્યો. ગોમુખ પહોંચ્યા પછી ગુરુદેવના છાયાપુરુષનું મળવું અને અત્યંત સરળતાપૂર્વક નંદનવન સુધી પહોંચાડી દેવાનું કાર્ય પહેલાંના જેવું જ રહ્યું. સહૃદયી આત્મીયજનોનું પારસ્પરિક મિલન કેટલું આનંદ અને ઉલ્લાસથી ભરેલું હોય છે તે તો જેને અનુભવ થયો હોય તે જ જાણી શકે. રસ્તામાં જે શુભ ઘડીની પ્રતીક્ષા કરવી પડી તે અંતે આવી ગઈ. અભિવાદન અને આશીર્વાદનો ક્રમ શરૂ થયો અને પછી કીમતી માર્ગદર્શન આપવાનો ક્રમ શરૂ થઈ ગયો.

આ વખતે મથુરા છોડી હરિદ્વારમાં ડેરા નાખવાનો નિર્દેશ મળ્યો અને કહેવામાં આવ્યું, કે "ત્યાં રહીને ઋષિપરંપરાને પુનર્જીવિત કરવાનું કાર્ય શરૂ કરવાનું છે. તને યાદ છે ને કે જ્યારે અહીં પ્રથમ વાર આવ્યો હતો ત્યારે મેં સૂક્ષ્મ શરીરધારી ઋષિઓનાં દર્શન કરાવ્યાં હતાં. દરેક જણે તેમની પરંપરા લુપ્ત થઈ જવાને કારણે દુઃખ વ્યક્ત કર્યું હતું અને તેં વચન આપ્યું હતું કે એ કાર્યોને પણ પૂર્ણ કરીશ. આ વખતે આ નિમિત્તે બોલાવવામાં આવ્યો છે."

"ભગવાન અશરીરી છે. જ્યારે પણ તેને કોઈ મહત્ત્વપૂર્ણ કાર્યો કરાવવાં હોય છે ત્યારે તે ઋષિઓ દ્વારા કરાવે છે. તેઓ મહાપુરુષોને પેદા કરે છે. સ્વયં તપ કરે છે અને પોતાની શક્તિ દેવાત્માઓને આપીને મોટાં કામો કરાવી લે છે. વિશ્વામિત્ર ભગવાન રામને પોતાને ત્યાં રક્ષણના બહાને લઈ ગયા અને ત્યાં બલા-અતિબલા (ગાયત્રી - સાવિત્રી)ની વિદ્યા શિખવાડીને તેમના દ્વારા અસુરતાનો નાશ અને રામરાજ્ય - ધર્મરાજ્યની સ્થાપનાનું કાર્ય કરાવ્યું હતું. કૃષ્ણ પણ સાંદીપની ઋષિના આશ્રમમાં ભણવા ગયા હતા અને ત્યાં ગીતાગાયન, મહાભારતનો નિર્ણય તથા સુદામા ઋષિની કાર્યપદ્ધતિને આગળ વધારવાનો નિર્દેશ લઈને પરત આવ્યા હતા. બધાં પુરાણો એવા ઉલ્લેખોથી ભરેલાં છે કે ઋષિઓએ મહાપુરુષો પેદા કર્યા હતા અને તેમની મદદથી મહાન કાર્યો પૂર્ણ કર્યાં હતાં. તેઓ પોતે તો શોધ અને સાધનાઓમાં જ સંલગ્ન રહે છે. આ કાર્યને હવે તારે પૂરું કરવાનું છે."

"ગાયત્રીના મંત્રદ્રષ્ટા વિશ્વામિત્ર હતા. તેમણે સપ્તસરોવર નામના સ્થાનમાં રહીને ગાયત્રીની સિદ્ધિ મેળવી હતી. એ જ સ્થાન તારા માટે પણ નક્કી કરવામાં આવ્યું છે. ઉપયોગી સ્થાન તને સરળતાપૂર્વક મળી જશે. તેનું નામ શાંતિકુંજ - ગાયત્રી તીર્થ રાખજે અને પુરાતનકાળના ઋષિઓ સ્થૂળ શરીરથી કરતા હતા એ બધાં કાર્યોનું બીજારોપણ કરજે. અત્યારે તેઓ સૂક્ષ્મ શરીરમાં છે. આથી ઈચ્છિત પ્રયોજનને પૂર્ણ કરવા માટે કોઈ શરીરધારીને માધ્યમ બનાવવાની જરૂર પડી છે. મને પણ આવી જરૂરિયાત પડી છે અને તેથી તારા સ્થૂળ શરીરને સત્પાત્ર માનીને એ કાર્યમાં લગાવ્યું છે. આ ઈચ્છા બધા જ ઋષિઓની છે. તું એમની પરંપરાનું નવેસરથી બીજારોપણ કરજે. આ કામ અપેક્ષા કરતાં વધારે અઘરું છે અને એમાં મુશ્કેલીઓ પણ વધારે રહેશે, પણ સાથેસાથે એક વધારાનો લાભ પણ છે કે માત્ર મારું જ નહિ, પરંતુ બધાનું પણ સંરક્ષણ અને અનુદાન તને મળતું રહેશે. આથી કોઈ પણ કાર્ય અટકાશે નહિ."

જે ઋષિઓનાં અધૂરાં કાર્યો મારે આગળ વધારવાનાં હતાં તેનું ટૂંકું વિવરણ આપતાં તેઓએ કહ્યું; "વિશ્વામિત્ર પરંપરામાં ગાયત્રી

મહામંત્રની શક્તિથી દરેકે દરેક વ્યક્તિને પરિચિત કરાવવી અને એક સિદ્ધપીઠ - ગાયત્રી તીર્થનું નિર્માણ કરવાનું છે. વ્યાસ પરંપરામાં આર્ષસાહિત્ય સિવાય અન્ય વિષયો ઉપર સાહિત્યનું સર્જન કરવું તેમ જ પ્રજ્ઞાપુરાણના ૧૮ ભાગ લખવા, પતંજલિ પરંપરામાં યોગસાધનાના તત્ત્વજ્ઞાનનો વિસ્તાર કરવાનું, પરશુરામ પરંપરામાં અનીતિના નાશ માટે જન માનસમાં પરિષ્કારનું વાતાવરણ સર્જવું તથા ભગીરથ પરંપરામાં જ્ઞાનગંગાને જન જન સુધી પહોંચાડવાની જવાબદારી સોંપવામાં આવી. ચરક પરંપરામાં વનૌષધિને પુનર્જીવિત કરીને તેની વૈજ્ઞાનિક શોધખોળ કરવાનું, યાજ્ઞવલ્ક્ય પરંપરામાં યજ્ઞથી મનોવિકારોનું શમન કરે તેવી ચિકિત્સા પદ્ધતિ નક્કી કરવી. જમદગ્નિ પરંપરામાં સાધના આરણ્યકનું નિર્માણ અને સંસ્કારોનું બીજારોપણ કરવું, નારદ પરંપરામાં સત્પરામર્શ - માધ્યમથી ધર્મચેતનાનો વિસ્તાર, આર્યભટ્ટ પરંપરામાં ધર્મતંત્રના માધ્યમથી રાજ્યતંત્રનું માર્ગદર્શન, શંકરાચાર્ય પરંપરામાં દરેક સ્થાને પ્રજ્ઞાસંસ્થાનોનું નિર્માણ, પિપ્પલાદ પરંપરામાં આહાર - કલ્પના માધ્યમથી સમગ્ર સ્વાસ્થ્યનું સંવર્ધન અને સૂત - શૌનક પરંપરામાં દરેક સ્થળે પ્રજ્ઞા આયોજનો દ્વારા લોકશિક્ષણની રૂપરેખાનાં સૂત્રો મને બતાવવામાં આવ્યાં. અથર્વવેદીય વિજ્ઞાન પરંપરામાં કણાદઋષિ પ્રણીત વૈજ્ઞાનિક સંશોધન પદ્ધતિના આધારે બ્રહ્મવર્ચસ્ શોધ સંસ્થાનની રૂપરેખા તૈયાર થઈ.

હરિદ્વારમાં રહીને મારે શું કરવાનું છે અને માર્ગમાં આવનાર મુશ્કેલીઓનું સમાધાન કેવી રીતે કરવું તે મને ઉપર બતાવેલ નિર્દેશો અનુસાર વિસ્તારપૂર્વક બતાવી દેવામાં આવ્યું. પહેલાંની જેમ જ બધી વાતોને ગાંઠે બાંધી લીધી. પ્રથમ વાર તો ફક્ત ગુરુદેવની એકલાની જ ઈચ્છાઓ પૂરી કરવાનો ભાર હતો. આ વખતે તો આ બધાનો ભાર ઉપાડીને ચાલવું પડશે. ગધેડાએ વધારે સાવધાની રાખવી પડશે અને વધારે મહેનત પણ કરવી પડશે.

આ સાથે એ પણ જણાવ્યું કે આ બધું પૂરું કરી લીધા પછી ચોથી વાર આવવાનું અને તેનાથી પણ મોટી જવાબદારી સંભાળવાનું અને સૂક્ષ્મ

શરીર અપનાવવાનું પગલું ભરવું પડશે. આ બધું આ વખતે તેમણે સ્પષ્ટ ન કર્યું, ફક્ત સંકેત જ કર્યો.

એ પણ બતાવ્યું કે "હરિદ્વારની કાર્યપદ્ધતિ મથુરાના કાર્યક્રમ કરતાં મોટી છે. આથી એમાં ઉતાર - ચઢાવ પણ બહુ રહેશે. અસુરતાનાં આક્રમણોને પણ સહેવાં પડશે, વગેરે વગેરે બાબતો સંપૂર્ણપણે સમજાવી દીધી. સમયની વિષમતા જોતાં એ ક્ષેત્રમાં વધારે રહેવું તેમને ઉચિત નહિ લાગતાં એક વર્ષની જગ્યાએ છ મહિના રહેવાનો જ નિર્દેશ આપ્યો. ક્યાં, કેવી રીતે રહેવું અને કઈ દિનચર્યાનું પાલન કરવું તે બધું સમજાવીને એમણે વાત પૂરી કરી અને પ્રથમ વારની જેમ જ અંતર્ધ્યાન થઈને જતાં જતાં એટલું કહેતા ગયા કે, "આ કાર્યને બધા જ ઋષિઓનું સંયુક્ત કામ સમજજે, ફક્ત મારું નહિ." મેં પણ વિદાય સમયે પ્રણામ કરતી વખતે એટલું જ કહ્યું કે, "મારા માટે આપ જ સમસ્ત દેવતાઓના, સમસ્ત ઋષિઓના અને પરબ્રહ્મના પ્રતિનિધિ છો. આપના આદેશને આ શરીર હશે ત્યાં સુધી નહિ ટાળું."

વાત પૂરી થઈ. હું વિદાય લઈ ત્યાંથી ચાલી નીકળ્યો. છાયાપુરુષે (વીરભદ્ર) ગોમુખ સુધી પહોંચાડી દીધો અને આગળ બતાવેલા સ્થાને હું ચાલતો થયો.

આ યાત્રામાં જે જે સ્થાનો પર મારે રોકાવું પડ્યું તેનો ઉલ્લેખ અહીં એટલા માટે કરવામાં નથી આવ્યો કે તે બધા દુર્ગમ હિમાલયની ગુફાઓના નિવાસી હતા. સમયાંતરે સ્થાન બદલતા રહેતા હતા. હવે તો તેઓનાં શરીરો પણ નષ્ટ થઈ ગયાં હશે, એવી પરિસ્થિતિમાં ઉલ્લેખ કરવાની જરૂર નથી.

પાછા આવતાં ગુરુદેવે સપ્તઋષિઓની તપોભૂમિમાં જે સ્થાનનો ઉલ્લેખ કર્યો હતો, ત્યાં હરિદ્વારમાં તે સ્થાન પર રોકાયો. સારોએવો હિસ્સો સૂમસામ હતો અને વેચવાનો પણ હતો. જમીનમાં પાણી વહેતું હતું. પહેલાં અહીં ગંગા વહેતી હતી. આ સ્થાન ગમ્યું પણ ખરું. જમીનના માલિક સાથે વાતચીત થઈ અને જરૂરી જમીનનો સોદો પણ સરળતાથી પતી ગયો. જમીન ખરીદવામાં રજિસ્ટર, દસ્તાવેજ કરાવવામાં જરાય

વિલંબ ન થયો. જમીન મળી ગયા પછી એ જોવાનું હતું કે ત્યાં કઈ જગ્યાએ શું બનાવવાનું છે? આનો નિર્ણય પણ એકલાએ જ કરવો પડ્યો. સલાહકારો સાથેની વાતચીત કામ ન લાગી, કારણ કે ખૂબ કોશિશ કરવા છતાં પણ તેમને હું એ ન સમજાવી શક્યો કે અહીં ક્યા પ્રયોજન માટે કેવા આકારનું નિર્માણ થવાનું છે. એ કાર્ય પણ મેં જ પૂરું કર્યું. આ રીતે શાંતિકુંજ, ગાયત્રી તીર્થની સ્થાપના થઈ. ⊙

## શાંતિકુંજમાં ગાયત્રી તીર્થની સ્થાપના

મથુરાથી પ્રયાણ કર્યા પછી હિમાલયથી છ મહિના પછી હું હરિદ્વારમાં એ સ્થાને પહોંચ્યો. જે સ્થળે શાંતિકુંજના એક નાનકડા મકાનમાં માતાજી અને તેમની સાથે દેવકન્યાઓને રહેવા લાયક નિર્માણ હું પહેલાં કરાવી ચૂક્યો હતો. હવે વધારે જમીન લઈ ફરી નિર્માણ-કાર્ય શરૂ કર્યું. ઈચ્છા ઋષિઆશ્રમ બનાવવાની હતી. સૌ પ્રથમ અમારા માટે, સહકર્મીઓ માટે, અતિથિઓ માટે નિવાસસ્થાન અને ભોજનાલય બનાવવામાં આવ્યાં.

આ આશ્રમ ઋષિઓનું, દેવાત્મા હિમાલયનું પ્રતિનિધિત્વ કરે છે. આથી ઉત્તરાખંડનું, ગંગાનું પ્રતીક દેવાલય અહીં બનાવવામાં આવ્યું. આ ઉપરાંત સાત મુખ્ય અને અન્ય શ્રેષ્ઠ ઋષિઓની પ્રતિમાઓની સ્થાપનાની વ્યવસ્થા કરવામાં આવી. આદ્યશક્તિ ગાયત્રીનું મંદિર તથા પાણી માટે કૂવાઓનું નિર્માણ કરાવ્યું. આ સાથે પ્રવચનખંડનું પણ નિર્માણ કર્યું. આ બધું ઊભું કરવામાં લગભગ બે વર્ષ લાગી ગયાં. હવે જ્યારે રહેવા માટે યોગ્ય વ્યવસ્થા થઈ ગઈ ત્યારે મેં અને માતાજીએ નવનિર્મિત શાંતિકુંજને અમારું તપસ્થાન બનાવ્યું. આ સાથે અખંડ દીપક પણ હતો. તેના માટે એક ઓરડી તથા ગાયત્રી મૂર્તિની સ્થાપના કરવાની વ્યવસ્થા પહેલેથી જ થઈ ગઈ હતી.

આ નિર્જન પડેલી જમીનમાં પ્રસુપ્ત પડેલા સંસ્કારોને જગાડવા માટે ૨૪ લાખનાં ૨૪ અખંડ પુરશ્ચરણ કરાવવાનાં હતાં. આના માટે ૯ કુમારિકાઓની વ્યવસ્થા કરી. શરૂઆતમાં ચાર કલાક સવારમાં અને ચાર કલાક રાત્રે તેઓ પોતાની સોંપેલી ફરજ બજાવતી. પાછળથી એમની સંખ્યા ૨૭ની થઈ. ત્યારે સમય ઓછો કરી દેવામાં આવ્યો. એમને

દિવસ દરમિયાન માતાજી ભણાવતાં. છ વર્ષ પછી આ બધી કુમારિકાઓએ ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષા સુધીનો અભ્યાસ શરૂ કર્યો. વીસ-પચ્ચીસ વર્ષની ઉંમર થતાં તેમના માટે યોગ્ય ઘર અને વરની વ્યવસ્થા કરી તમામનાં લગ્ન કરી દેવામાં આવ્યાં.

આ પહેલાં સંગીત અને પ્રવચનનું વધારાનું શિક્ષણ પણ આપવામાં આવ્યું. દેશવ્યાપી સ્ત્રીજાગરણ માટે જીપમાં પાંચ-પાંચની ટુકડી બનાવીને મોકલવામાં આવી. ત્યાં સુધીમાં તો અભ્યાસ કરનાર કન્યાઓની સંખ્યા ૧૦૦ કરતાં પણ વધી ગઈ હતી. એમના પરિભ્રમણથી દેશના નારીસમાજ ઉપર વધારે પ્રભાવ પડ્યો.

હરિદ્વારમાં જ તેજસ્વી કાર્યકર્તાઓને તૈયાર કરવાનો કાર્યક્રમ હાથમાં લેવામાં આવ્યો. આ માટે પ્રાણ - પ્રત્યાવર્તન સત્ર, એક એક મહિનાનાં યુગશિલ્પી સત્રો તથા વાનપ્રસ્થ સત્રો પણ ચાલુ કરવામાં આવ્યાં. સામાન્ય ઉપાસકો માટે નાનાં-મોટાં ગાયત્રી પુરશ્ચરણોની શૃંખલા પણ ચાલુ કરી દેવામાં આવી. ગંગાનો કિનારો, હિમાલયોની છાયા, દિવ્ય વાતાવરણ, પ્રાણવાન માર્ગદર્શન વગેરે સગવડો જોઈને પુરશ્ચરણ કરનારાઓ પણ સેંકડોની સંખ્યામાં નિરંતર આવવા લાગ્યા. પૂર્ણ સમય આપનાર વાનપ્રસ્થોનું પ્રશિક્ષણ પણ અલગ રીતે ચાલતું રહ્યું. બંને પ્રકારના સાધકો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી.

આ નવી સંખ્યા સતત વધવા માંડી. ઋષિપરંપરાને પુનર્જીવિત કરવા માટે આની જરૂર પણ હતી, કે સુયોગ્ય આત્મદાની પૂર્ણ સમય આપીને હાથમાં લીધેલા મહાન કાર્યને પૂર્ણ કરવા માટે જરૂરી આત્મબળ પ્રાપ્ત કરે અને તે પછી વિશાળ કાર્યક્રમમાં લાગી જાય.

વધતા જતા કાર્યને જોઈને ગાયત્રીનગરમાં ૨૪૦ ક્વાર્ટર્સ બનાવવાં પડ્યાં. એક હજાર માણસો એકસાથે પ્રવચનમાં બેસી શકે તેટલો મોટો પ્રવચન ખંડ બનાવવો પડ્યો. આ ભૂમિને વધારે સંસ્કારવાન બનવાની હતી. આથી નવકુંડી યજ્ઞશાળામાં સવારમાં બે કલાક નિત્ય યજ્ઞ કરવાની વ્યવસ્થા કરી અને આશ્રમમાં સ્થાયી રહેનારાઓ તથા પુરશ્ચરણકર્તાઓ માટે જપની વ્યવસ્થા એવી રીતે કરવામાં આવી કે

જેથી દરરોજ ૨૪ લાખ ગાયત્રી મહા પુરશ્ચરણ સંપન્ન થતું રહે. જરૂરી કામકાજ માટે એક નાનું છાપખાનું પણ શરૂ કરવું પડ્યું. આ બધાં કામોનું નિર્માણ અને નિભાવનું કામ આજ સુધી બરાબર ચાલતું રહ્યું છે. આ દરમિયાન બ્રહ્મવર્ચસ્ શોધ સંસ્થાન માટે એક વિશાળ ભવનનું નિર્માણકામ શરૂ કરી દીધું. આ બધાં જ કાર્યોના નિર્માણમાં લગભગ ચાર વર્ષ લાગી ગયાં. આ સાથે એ કામો પણ શરૂ કરી દીધાં કે જે પૂરાં કરવાથી ઋષિપરંપરા પુનર્જીવિત થઈ શકે. જેમ જેમ સગવડો વધતી ગઈ તેમ તેમ નવાં કાર્યો હાથમાં લેવામાં આવ્યાં અને કંઈક કહી શકાય તેટલી પ્રગતિ કરી.

ભગવાન બુદ્ધે નાલંદા અને તક્ષશિલા જેવાં વિદ્યાલયોના સ્તરના વિહારો બનાવ્યા હતા અને તેમાં પ્રશિક્ષિત કરીને કાર્યકર્તાઓને દેશના ખૂણેખૂણે અને વિદેશોમાં મોકલ્યા હતા. ધર્મચક્ર પ્રવર્તનની યોજના ત્યારે જ પૂરી થઈ શકી હતી.

ભગવાન શંકરાચાર્યએ દેશના ચારે ખૂણામાં ચારધામ બનાવ્યાં હતાં અને તેમના માધ્યમથી દેશમાં ફેલાયેલ અનેક મતમંતાતરોને એક સૂત્રમાં પરોવ્યા હતા. બંનેએ પોતપોતાના કાર્યક્ષેત્રમાં કુંભ સ્તરનાં વિશાળ સંમેલનો અને સમારંભોની વ્યવસ્થા કરી હતી. જેથી ઋષિઓનો મુખ્ય સંદેશો ત્યાં આવનારાઓ દ્વારા ઘેરેઘેર પહોંચાડી શકાય.

આ બંનેના ક્રિયાકલાપોને હાથમાં લેવામાં આવ્યા. નિશ્ચય કરવામાં આવ્યો કે ગાયત્રી શક્તિપીઠો અને પ્રજ્ઞા સંસ્થાનોના નામથી દેશના ખૂણેખૂણે ભવ્ય દેવાલયો અને કાર્યાલયો બનાવવામાં આવે, જ્યાં કેન્દ્ર બનાવીને નજીકના વિસ્તારમાં કામ કરી શકાય, જેને પ્રજ્ઞા મિશનનો પ્રાણસંકલ્પ કહી શકાય.

વાત અશક્ય લાગતી હતી, પણ પ્રાણવાન પરિજનોને શક્તિપીઠ નિર્માણનો સંકલ્પ આપવામાં આવ્યો અને બે વર્ષમાં જ ભારતમાં ૨૪૦૦ ભવનો તૈયાર થઈ ગયાં. એ વિસ્તારના કાર્યકર્તાઓ એને કેન્દ્ર માની યુગચેતનાના આલોકનું વિતરણ કરવાના અને ઘેરે ઘેર અલખ

જગાવવાના કાર્યમાં લાગી ગયા. આ એટલું વિશાળ અને એટલું અદ્‌ભુત કાર્ય છે કે જેની સરખામણીમાં ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા કરવામાં આવેલાં નિર્માણ-કાર્યો પણ ઝાંખાં પડી જાય છે. અમારાં નિર્માણકાર્યોમાં જન જનનું અંશદાન જોડાય છે. આથી તે દરેકને પોતાનું જ લાગે છે, જ્યારે ચર્ચ અને અન્ય મોટાં મંદિરો મોટી રકમ મેળવીને બનાવવામાં આવે છે.

આ ઉપરાંત હરતીફરતી પ્રજ્ઞાપીઠોની યોજના બનાવી. એક કાર્યકર્તા એક સંસ્થા ચલાવી શકે છે. આ સંસ્થાઓ તો ચાલતી ગાડીઓ છે. આને કાર્યકર્તાઓ પોતાના નગર તથા નજીકનાં ક્ષેત્રોમાં હાથથી ધકેલીને લઈ જાય છે. પુસ્તકો ઉપરાંત વધારાનો સામાન પણ એ કોઠીમાં ભરેલો રહે છે. આ ચાલતાં પુસ્તકાલયો- જ્ઞાનરથો અપેક્ષા કરતાં વધુ સગવડવાળાં હોઈ બે વર્ષમાં ૧૨ હજાર જેટલાં બની ગયાં. સ્થિર પ્રજ્ઞાપીઠો અને ચાલતાં પ્રજ્ઞાસંસ્થાનોના માધ્યમથી પ્રતિદિન એક લાખ વ્યક્તિઓ આનાથી પ્રેરણાઓ મેળવે છે.

આ ઉપરાંત ઉપર્યુક્ત દરેક સંસ્થાનોનો વાર્ષિકોત્સવ ઉજવવાનો નિર્ણય કરવામાં આવ્યો, જેમાં એ વિસ્તારના ઓછામાં ઓછા એક હજાર કાર્યકર્તાઓ એકઠા થાય. ચાર દિવસ સંમેલન ચાલે. નવા વર્ષનો સંદેશ સંભળાવવા માટે કન્યાઓની ટુકડીઓની જેમ જ હરિદ્વારથી પ્રચારમંડળીઓ મોકલવાનો પ્રબંધ કરવામાં આવ્યો, જેમાં ચાર ગાયક અને એક વક્તાને મોકલવામાં આવ્યા. પાંચ પ્રચારકોની ટુકડી માટે જીપગાડીઓની વ્યવસ્થા કરવી પડી, જેથી કાર્યકર્તાઓનો સામાન, કપડાં, સંગીતનાં સાધનો, લાઉડ સ્પીકર વગેરે સામાનને સરળતાથી લઈ જઈ શકાય. ડ્રાઈવર પણ આપણો કાર્યકર્તા જ હોય છે, જેથી તે પણ છઠ્ઠા કાર્યકર્તાનું કામ કરી શકે. હવે દરેક પ્રચારકને જીપ અથવા કાર ચલાવતાં શીખવવાની વ્યવસ્થા કરી દેવામાં આવી છે. જેથી આ હેતુ માટે બહારના માણસોની શોધ કરવી ન પડે.

મથુરામાં રહીને મહત્ત્વપૂર્ણ સાહિત્ય લખાઈ ચૂક્યું હતું. હરિદ્વાર આવીને પ્રજ્ઞાપુરાણનો મૂળ ઉપનિષદ પક્ષ સંસ્કૃતમાં અને વિવેચન સહિત

કથા હિન્દીમાં ૧૮ ખંડોમાં લખવાનો નિશ્ચય કરવામાં આવ્યો. પાંચ ભાગ પ્રકાશિત પણ થઈ ગયા. આ ઉપરાંત દરરોજ આઠ પેઈજનું એક ફોલ્ડર લખવાનો નિર્ણય કરવામાં આવ્યો, જેના માધ્યમથી બધા ઋષિઓની કાર્યપદ્ધતિથી તમામ પ્રજ્ઞાપુત્રોને માહિતગાર કરી શકાય અને તે પ્રમાણે કરવાની પ્રેરણા પણ મળતી રહે. અત્યાર સુધીમાં આવા પ્રકારનાં ૪૮૦ ફોલ્ડર્સ લખવામાં આવ્યાં છે. આ ફોલ્ડર્સનો ભારતની અન્ય ભાષાઓમાં અનુવાદ કરાવવાનો પ્રબંધ કરવામાં આવ્યો છે અને દેશના ખૂણેખૂણે આ સાહિત્ય પહોંચ્યું છે.

દેશની બધી જ ભાષાઓ અને બધા જ મતમતાંતરોને વાંચવા માટે અને તેના માધ્યમથી દરેક ક્ષેત્રમાં કાર્યકર્તા તૈયાર કરવા માટે એક અલગ ભાષા અને ધર્મવિદ્યાલય શાંતિકુંજમાં જ તૈયાર થઈ ગયું છે અને સારી રીતે ચાલવા માંડ્યું છે.

ઉપર્યુક્ત કાર્યક્રમો લઈને જે કોઈ કાર્યકર્તાઓ સમગ્ર દેશમાં પ્રવાસ કરે છે, તેઓ મિશનના ૧૦ લાખ કાર્યકર્તાઓમાં જ્યાં તેઓ જાય છે એ વિસ્તારમાં પણ પ્રેરણા ભરવાનું કાર્ય કરી રહ્યા છે. ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, બિહાર, મધ્યપ્રદેશ, હિમાચલ પ્રદેશ, હરિયાણા, મહારાષ્ટ્ર, ગુજરાત અને ઓરિસ્સાનાં ક્ષેત્રોમાં સંગઠન સુવ્યવસ્થિત થઈ ગયું છે. હવે દેશના જે ભાગને ભાષાની મુશ્કેલીના કારણે પ્રચારક્ષેત્રમાં સમાવી શકાયા નથી, તેને પણ એકાદ વર્ષમાં જોડી દેવાની યોજના છે.

ભારતના લોકો લગભગ ૭૪ દેશોમાં ફેલાયેલા છે. એમની સંખ્યા પણ ત્રણ કરોડની આસપાસ છે. એમના સુધી અને અન્ય દેશવાસીઓ સુધી મિશનના વિચારો ફેલાવવાની યોજના બહુ જ સફળતાપૂર્વક શરૂ થઈ છે. આગળ જતાં સુયોગ્ય કાર્યકર્તાઓના માધ્યમથી ઘણાખરા દેશોમાં પ્રજ્ઞા આલોકને પહોંચાડવાનું શક્ય બનશે. હવે ભાગ્યે જ કોઈ દેશ એવો રહ્યો હશે કે જ્યાં ભારતીયો અને મિશનનું સંગઠન થયું ન હોય.

ઉપર જણાવ્યા પ્રમાણે ઋષિઓની કાર્યપદ્ધતિને જ્યાં જે રીતે વ્યાપક બનાવવાનું શક્ય બન્યું ત્યાં તેના માટે લગભગ એક હજાર આત્મદાની

કાર્યકર્તા નિરંતર કાર્યરત રહીને કામ કરી રહ્યા છે. આના માટે ઋષિ જમદગ્નિનું ગુરુકુળ આરણ્યક અહીં નિયમિત રીતે ચાલી રહ્યું છે.

ચરક પરંપરાનો પુનરુદ્ધાર કરવામાં આવ્યો છે. શાંતિકુંજમાં દુર્લભ જડીબુટ્ટીઓનું ઉદ્યાન બનાવવામાં આવ્યું છે અને એમાં હજારો વર્ષ પછી શું ફેરફાર થયા છે તેની તપાસ બહુ જ કીમતી યંત્રો દ્વારા કરવામાં આવી રહી છે. એકસાથે એક જ ઔષધિનો પ્રયોગ કરવાની એક વિશિષ્ટ પદ્ધતિ અહીં ચાલુ કરવામાં આવી રહી છે અને તેમાં સફળતા પણ પ્રાપ્ત થઈ છે.

યુગશિલ્પી વિદ્યાલયના માધ્યમથી સુગમ સંગીતનું શિક્ષણ હજારો વ્યક્તિઓ મેળવી ચૂકી છે અને પોતપોતાના વિસ્તારમાં ડફલી જેવાં નાનાં સાધનથી સંગીત વિદ્યાલય ચલાવીને યુગ ગાયકો તૈયાર કરવામાં આવી રહ્યા છે.

પૃથ્વી અંતર્ગ્રહી વાતાવરણથી પ્રભાવિત થાય છે. તેની જાણકારી અત્યંત મહત્ત્વપૂર્ણ છે. દર પાંચ હજાર વર્ષ પછી જ્યોતિષ ગણિતને સુધારવાની જરૂર ઊભી થતી હોય છે. આર્યભટ્ટની આ વિદ્યાને નવજીવન આપવા માટે પ્રાચીનકાળનાં જ્યોતિષ વિદ્યાનાં ઉપકરણોવાળી વેધશાળા બનાવવામાં આવી છે અને નેપચ્યૂન, પ્લુટો, યુરેનસ વગેરે ગ્રહોના વેધ સહિત દર વર્ષે દૃશ્ય ગણિત પંચાંગ પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ એક અનોખો પ્રયોગ છે.

હવે પ્રકાશચિત્ર વિજ્ઞાનનો નવો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં લગભગ તમામ સંસ્થાઓમાં પ્રોજેક્ટર પહોંચાડી દેવામાં આવ્યાં છે. એના દ્વારા કામ ચાલી રહ્યું હતું. હવે વીડિયો ક્ષેત્રમાં પ્રવેશ કરવામાં આવ્યો છે. તેના માધ્યમથી કવિતાઓના આધારે પ્રેરક ફિલ્મો બનાવવામાં આવી રહી છે. દેશના વિદ્વાનો, મનીષીઓ, મૂર્ધન્યો, જાગૃત નેતાઓનાં દૃશ્ય પ્રવચનો ટેપ કરાવીને તેમની છબી સાથે ઘેર ઘેર પહોંચાડવામાં આવી રહ્યાં છે. ભવિષ્યમાં મિશનના કાર્યક્રમોનો ઉદ્દેશ્ય, સ્વરૂપ અને પ્રયોગ સમજાવે તેવી ફિલ્મો બનાવવાની મોટી યોજના પણ છે, જેનું કામ ઝડપથી ચાલી રહ્યું છે.

શાંતિકુંજ મિશનનું સૌથી મહત્ત્વપૂર્ણ સર્જન છે – 'બ્રહ્મવર્ચસ્ શોધ સંસ્થાન.' આ પ્રયોગશાળા દ્વારા અધ્યાત્મ અને વિજ્ઞાનનો સમન્વય કરવા માટે કીમતી સાધનોવાળી પ્રયોગશાળા બનાવવામાં આવી છે. આ પ્રયોગશાળાના કાર્યકર્તાઓ આધુનિક આયુર્વિજ્ઞાન અને પુરાતન આયુર્વેદ વિદ્યાના સ્નાતકો અને અનુસ્નાતકો છે. જેમને અધ્યાત્મમાં રસ છે એવા, વિજ્ઞાનની અન્ય શાખાઓના નિષ્ણાત, ઉત્સાહી કાર્યકર્તાઓ પણ છે. આમાં ખાસ કરીને યજ્ઞવિજ્ઞાનમાં શોધ કરવામાં આવી રહી છે. આના આધારે શારીરિક અને માનસિક રોગો દૂર કરવામાં, પશુઓ અને વનસ્પતિ માટે લાભદાયક સિદ્ધ કરવામાં તથા વાયુમંડળ અને વાતાવરણને શુદ્ધ બનાવવામાં આ યજ્ઞવિજ્ઞાનની કેટલી ઉપયોગિતા છે તેની શોધ કરવામાં આવી રહી છે. જે અત્યાર સુધીમાં ખૂબ જ ઉત્સાહવર્ધક સિદ્ધ થઈ છે.

અહીં બધાં સત્રોમાં આવનાર પરિજનોની શારીરિક અને માનસિક સ્વાસ્થ્યની તપાસ કરવામાં આવે છે અને તેને અનુરૂપ સાધના કરવાનો નિર્દેશ આપવામાં આવે છે. અધ્યાત્મ અને વિજ્ઞાનના સમન્વય પર આ રીતે શોધ કરનાર વિશ્વની આ પ્રથમ અને અનુપમ પ્રયોગશાળા છે.

આ ઉપરાંત પણ સામયિક પ્રગતિ માટે જનસાધારણને જે પ્રોત્સાહન આપવાનું છે તેનું ઘણુંબધું શિક્ષણ અહીં આપવામાં આવે છે. આગામી દિવસોમાં આનાથી પણ ઘણાં મોટાં કામો હાથ ધરવાનાં છે.

ગાયત્રી પરિવારના લાખો લોકો ઉત્તરાખંડની યાત્રાએ જતી વખતે શાંતિકુંજનાં દર્શન કરી અહીંની રજને મસ્તક પર લગાડી તીર્થયાત્રાનો આરંભ કરે છે. બાળકોના અન્નપ્રાશન, નામકરણ, મુંડન, યજ્ઞોપવીત વગેરે સંસ્કારો અહીં આવીને કરાવે છે, કારણ કે પરિજનો આને સિદ્ધપીઠ માને છે. પૂર્વજોનું શ્રાદ્ધતર્પણ કરવાની વ્યવસ્થા પણ અહીં છે. જન્મદિવસ, લગ્નદિવસ વગેરે ઊજવવા દર વર્ષે પરિજનો ખાસ અહીં આવે છે. દહેજ વગરનાં લગ્નો દર વર્ષે અહીં અને તપોભૂમિ મથુરામાં થાય છે. આનાથી પરિજનોને સુવિધા પણ રહે છે અને ખર્ચાળ કુરિવાજોથી પણ છુટકારો મળે છે.

જ્યારે ગયા વખતે હું હિમાલય ગયો હતો અને હરિદ્વાર જઈ, શાંતિકુંજમાં રહીને ઋષિઓની કાર્ય-પદ્ધતિને પુનર્જીવિત કરવાનું કામ મને સોંપવામાં આવ્યું હતું ત્યારે એ દ્વિધા હતી કે આટલું મોટું કામ શરૂ કરવામાં માત્ર વિપુલ ધનની જરૂરિયાત પડે એટલું જ નહિ, પણ આમાં ઉચ્ચ શ્રેણીના કાર્યકર્તાઓ પણ જોઈએ, તે ક્યાંથી મળશે? બધી સંસ્થાઓ પાસે પગારદાર કાર્યકર્તાઓ છે. તેઓ પણ ચિહ્ન પૂજા કરતા હોય છે. મને આવા જીવનદાની ક્યાંથી મળશે? પણ આશ્ચર્યની વાત છે કે અત્યારે શાંતિકુંજ અને બ્રહ્મવર્ચસ્‌માં રહેનારા કાર્યકર્તાઓ એવા છે, જેઓ પોતાનાં મોટાંમોટાં પદ પરથી સ્વેચ્છાએ રાજીનામું આપીને અહીં આવ્યા છે. બધા સ્નાતક-અનુસ્નાતક કક્ષાના છે અથવા પ્રખર પ્રતિભા ધરાવે છે. આમાંથી કેટલાક મિશનના રસોડે જમે છે. કેટલાક પોતાની જમા રકમના વ્યાજમાંથી જમે છે. કેટલાકની પાસે પેન્શન વગેરેની વ્યવસ્થા પણ છે. ભાવાવેશમાં આવવા-જવાનો ક્રમ પણ ચાલતો રહે છે, પણ જેઓ મિશનના સૂત્ર સંચાલકના મૂળભૂત ઉદ્દેશ્યને સમજે છે તેઓ તો સ્થાયી બનીને ટકે છે. ખુશીની વાત છે કે એવા ભાવનાશીલ નૈષ્ઠિક પરિજનો સતત આવતા રહ્યા છે અને મિશન સાથે જોડાતા રહ્યા છે.

પોતાના પૈસાથી ગુજરાન ચલાવવાનું અને રાતદિવસ પોતાના કામની જેમ મિશનનું કામ કરવાનું. આવું ઉદાહરણ અન્ય સંસ્થાઓમાં દીવો લઈને શોધવું પડે. આ સૌભાગ્ય ફક્ત શાંતિકુંજને જ પ્રાપ્ત થયું છે. એમ. એ., એમ.એસસી., એમ.ડી., એમ.એસ., પીએચ.ડી., આયુર્વેદાચાર્ય, સંસ્કૃતાચાર્ય-સ્તરના કાર્યકર્તાઓ મળ્યા છે. એમની નમ્રતા, સેવાભાવના, શ્રમશીલતા અને નિષ્ઠા એમને જોતાં જ રહી જવાય છે. વરિષ્ઠતા યોગ્યતા અને પ્રતિભાને મળતી હોય છે, ડિગ્રીને નહિ. આવા પરિજનો મળવા તે મિશનનું મહાન સૌભાગ્ય છે.

જે કાર્યો અત્યાર સુધી થયાં છે તે માટે પૈસાની માગણી કરવી પડી નથી. માલવિયાજીનો મંત્ર, "એક મુઠ્ઠી અનાજ અને નિત્ય દશ પૈસા આપવા" નો સંદેશ મળી જવાથી આટલું મોટું કાર્ય થઈ ગયું. ભવિષ્યમાં આની એથીય વધારે પ્રગતિ થવાની સંભાવના છે. અમે જન્મભૂમિ

છોડીને આવ્યા પછી ત્યાં હાઈસ્કૂલ, પછી ઈન્ટર કોલેજ અને હોસ્પિટલ ચાલુ થઈ ગયાં. મથુરાનું કાર્યક્ષેત્ર અમારી હાજરીમાં જેટલું હતું તેના કરતાં ઉત્તરાધિકારીઓ દ્વારા બમણું થઈ ગયું છે. મારું કાર્ય હવે ધીરેધીરે બીજી સમર્થ વ્યક્તિઓના ખભે જઈ રહ્યું છે, પણ મનમાં વિશ્વાસ છે કે તે ઘટશે નહિ. ઋષિઓનાં જે કાર્યોને શરૂ કરવાની અને આગળ વધારવાની જવાબદારી મારા ઉપર છે તે ભવિષ્યમાં ઘટશે નહિ. પ્રજ્ઞા અવતારની અવતરણ વેળાએ તે મત્સ્યાવતારની જેમ વધતું - ફેલાતું જશે. ભલે મારું શરીર રહે કે ન રહે, પરંતુ મારું પરોક્ષ શરીર સતત ઋષિઓએ મને સોંપેલું કાર્ય કરતું રહેશે. ⊙

## "વાવો અને લણો" નો મંત્ર, જેને મેં જીવનભર અપનાવ્યો

હિમાલય યાત્રાથી હરિદ્વાર પાછા આવ્યા બાદ જ્યારે આશ્રમનું પ્રારંભિક સ્વરૂપ બનીને તૈયાર થયું ત્યારે તેના વિસ્તાર માટે સાધનોની જરૂરિયાત પડવા લાગી. સમયની વિષમતા એવી હતી કે તેની સામે લડવા માટે કેટલાંય સાધનો, વ્યક્તિઓ અને પરાક્રમોની જરૂર હતી. બે કામ કરવાનાં હતાં. એક સંઘર્ષ અને બીજું સર્જન. સંઘર્ષ એવી અવાંછનીયતાઓ સાથે, જે અત્યાર સુધીની સંચિત સભ્યતા, પ્રગતિ અને સંસ્કૃતિને ગળી જવા માટે મોં ફાડીને ઊભી છે. સર્જન એનું કરવાનું છે, જે ભવિષ્યને ઉજ્જ્વળ અને સુખશાંતિથી ભરપૂર બનાવે. બંને કાર્યોનો પ્રયોગ સમગ્ર પૃથ્વી પર નિવાસ કરી રહેલ ૬૦૦ કરોડ મનુષ્યો માટે કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આથી વિસ્તારનો ક્રમ અનાયાસ જ વધી જાય છે.

મારા પોતાના માટે મારે કશું જ કરવાનું ન હતું. પેટ ભરવા માટે જે સ્રષ્ટાએ જીવજંતુઓ માટે પણ વ્યવસ્થા કરી છે, તે મને શા માટે ભૂખ્યો રાખશે ? ભૂખ્યા ઊઠે છે બધા, પણ ખાલી પેટે કોઈ સૂતું નથી. આ વિશ્વાસે મારી વ્યક્તિગત ઈચ્છાઓને શરૂઆતમાં જ ખલાસ કરી નાંખી. નથી લોભે ક્યારેય સતાવ્યો, નથી મોહે. વાસના, તૃષ્ણા અને અહંકાર

આમાંથી એક પણ ભવબંધનની જેમ બંધાઈને મારી પાછળ લાગી ન શક્યા. જે કરવાનું હતું તે ભગવાન માટે કરવાનું હતું. ગુરુદેવના આદેશ પ્રમાણે કરવાનું હતું. એમણે સંઘર્ષ અને સર્જનનાં બે જ કામ સોંપ્યાં હતાં. એ કાર્યો કરવાનો સદાય ઉત્સાહ રહ્યો. વેઠ ઉતારીને એ પૂરાં કરવાની કે ટાળવાની કદી ઈચ્છા નથી થઈ. જે કંઈ કરવું તે તત્પરતા અને તન્મયતાથી કરવું. આ ટેવ જન્મજાત દિવ્ય અનુદાનોરૂપે મળી હતી અને આજ સુધી યથાવત્ રહી છે.

નવસર્જન માટે જે સાધનોની જરૂરિયાત હતી તે ક્યાંથી મળે ? ક્યાંથી આવે ? આ પ્રશ્નના જવાબમાં મને માર્ગદર્શકે એક જ ઉપાય બતાવ્યો હતો કે 'વાવો અને લણો.' મકાઈ અને બાજરીનું એક બીજ જ્યારે છોડ બનીને ફાલે છે ત્યારે એક દાણાના બદલામાં સેંકડો દાણા મળે છે. દ્રૌપદીએ કોઈ સંતને પોતાની સાડી ફાડીને આપી હતી, જેમાંથી તેમણે લંગોટ બનાવીને પોતાનું કામ ચલાવ્યું હતું. એ સાડીનો ટુકડો વિપરીત સમયમાં એટલો બધો લાંબો થયો કે એ સાડીઓની પોટલી પોતાના માથા ઉપર ઉપાડીને ખુદ ભગવાનને દોડતા આવવું પડ્યું. 'જે તારે મેળવવું છે, તેને વાવવાનું શરૂ કરી દે.' આ જ બીજમંત્ર મને બતાવવામાં આવ્યો અને મેં અપનાવ્યો. જેવો સંકેત કર્યો હતો તેવું જ તેનું ફળ પ્રાપ્ત થયું.

શરીર, બુદ્ધિ અને ભાવનાઓ સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીરની સાથે ભગવાન બધાને આપે છે. ધન સ્વઉપાર્જિત હોય છે. કોઈ પોતાના પુરુષાર્થથી કમાય છે તો કોઈ પૂર્વસંચિત સંપત્તિ વારસામાં મેળવે છે. હું કમાયો તો નહોતો, પણ વારસામાં ઘણું મળ્યું છે. આ બધાને વાવી દેવાની અને સમય આવ્યે લણી લેવા જેટલી ક્ષમતા હતી, આથી સમય ગુમાવ્યા વગર એ હેતુ માટે પોતાની જાતને લગાવી દીધી.

રાત્રે ભગવાનનું ભજન કરી લેવું અને દિવસ દરમિયાન વિરાટ બ્રહ્મને માટે, વિશ્વમાનવો માટે શ્રમ અને સમયનો ઉપયોગ કરવો એવું શરીર સાધનાના રૂપમાં નક્કી કરવામાં આવ્યું.

મન દિવસ દરમિયાન જાગતાં જ નહિ, પરંતુ રાત્રે સ્વપ્નમાં પણ લોકમંગળની યોજનાઓ ઘડ્યા કરતું. મારા પોતાના માટે સગવડો અને સંપત્તિ પ્રાપ્ત કરવાની ઈચ્છા કદી થઈ નથી. મારી ભાવના હમેશાં વિરાટના કાર્યમાં લાગેલી રહી. પ્રેમ કદી કોઈ વ્યક્તિ કે વસ્તુ સાથે નહિ, પણ આદર્શો સાથે કર્યો. પડેલાને ઊભો કરવામાં અને પછાતને ઊંચો લાવવાની ભાવનાઓ હમેશાં ઊઠતી રહી.

આ વિરાટને જ મેં મારો ભગવાન માન્યો. અર્જુનનાં દિવ્યચક્ષુઓએ આ જ વિરાટનાં દર્શન કર્યાં હતાં. યશોદાએ કૃષ્ણના મુખમાં સ્રષ્ટાનું આ જ વિરાટ સ્વરૂપ જોયું હતું. રામે પારણામાં પડ્યાં પડ્યાં માતા કૌશલ્યાને પોતાનું આ જ સ્વરૂપ બતાવ્યું હતું અને કાકભુશુન્ડિ આ જ સ્વરૂપની ઝાંખી કરી ધન્ય બન્યો હતો.

મેં પણ અમારી પાસે જે કાંઈ હતું તે આ વિરાટ બ્રહ્મને, વિશ્વમાનવને સોંપી દીધું. વાવવા માટે આનાથી વધારે ફળદ્રુપ ખેતર બીજું કોઈ હોઈ શકે જ નહિ. તે સમયાનુસાર ફૂલ્યું-ફાલ્યું. અમારા કોઠારો ભરી દીધા. સોંપેલાં બંને કામો માટે જેટલાં સાધનોની જરૂર હતી તે તમામ આમાંથી જ ભેગાં થઈ ગયાં.

શરીર જન્મથી જ દુર્બળ હતું. શારીરિક રચનાની દૃષ્ટિએ તેને દુર્બળ કહી શકાય, પણ પ્રાણશક્તિ પ્રચંડ હતી. જુવાનીમાં શાક, ઘી, દૂધ વગર ૨૪ વર્ષ સુધી જવની રોટલી અને છાશનું સેવન કરતા રહેવાથી શરીર વધારે કૃશ બની ગયું હતું. પણ જ્યારે વાવવા અને કાપવાની વિદ્યા અપનાવી તો પંચોતેર વર્ષની આ ઉંમરે પણ તે એટલું સુદૃઢ છે કે થોડાક સમય પહેલાં એક માતેલા આખલાને માત્ર ખભાના સહારાથી જ ચિત કરી દીધો હતો અને તેને ભાગી જવું પડ્યું હતું.

બધા જાણે છે કે અનીતિ અને આતંક સાથે સંકળાયેલ એક ભાડૂતી હત્યારાએ એક વર્ષ પહેલાં પાંચ બોરની પિસ્તોલથી મારી ઉપર સતત ગોળીઓ છોડી હતી. તેની બધી જ ગોળીઓ નળીમાં જ રહી ગઈ. આ ભયથી એની પાસેની રિવોલ્વર ત્યાં જ પડી ગઈ. આથી તે છરાબાજી

કરવા લાગ્યો. તે છરો મારવા મંડ્યો. લોહી વહેવા માંડ્યું, પણ શરીરમાં મારેલા તમામ છરા શરીરમાં ઊંડે ન ઊતરતાં ચામડી પર માત્ર ઘસરકા જ થયા. દાક્તરોએ ઘા ઉપર ટાંકા લઈ લીધા અને થોડાંક જ અઠવાડિયાંઓમાં શરીર હતું તેવું ને તેવું જ બની ગયું.

આને કસોટીની ઘટના જ કહી શકાય. પાંચ બોરની ભરેલી રિવોલ્વર પણ કામ ન કરી શકી તેને પરીક્ષા નહિ તો બીજું શું કહી શકાય ? જાનવર કાપવાના છરાના બાર ઘાની માત્ર નિશાનીઓ જ રહી ગઈ. આક્રમણકર્તા પોતાના જ બૉમ્બથી ઘાયલ થયો અને જેલમાં જઈ બેઠો. જેના આદેશથી એણે આ કામ કર્યું હતું તેને ફાંસીની સજા જાહેર કરવામાં આવી. અસુરતાનું આ આક્રમણ નિષ્ફળ ગયું. એક ઉચ્ચ કક્ષાના દૈવી પ્રયાસને નિષ્ફળ બનાવી દેવાનું શક્ય ન બન્યું. મારનાર કરતાં બચાવનાર મહાન છે તે સાબિત થયું.

અત્યારે એકમાંથી પાંચ બનવાની સૂક્ષ્મીકરણ વિદ્યા ચાલી રહી છે. આથી ક્ષીણતા તો આવી છે, તો પણ બહારથી શરીર એવું છે કે એને જેટલા દિવસ ઈચ્છીએ ત્યાં સુધી જીવંત રાખી શકાય, પણ હું જાણી જોઈને એને આ જ સ્થિતિમાં રાખું નહિ, કારણ કે સૂક્ષ્મ શરીરથી વધારે કામ કરી શકાય છે, જ્યારે સ્થૂળ શરીર તેમાં અવરોધ ઊભો કરે છે.

શરીરની જીવનશક્તિ અસાધારણ રહી છે. તેના દ્વારા દસગણું કામ લેવામાં આવ્યું છે. શંકરાચાર્ય અને વિવેકાનંદ બત્રીસ - પાંત્રીસ વર્ષ સુધી જીવ્યા, પણ ૩૫૦ વર્ષ જેટલું કામ કરી શક્યા. અમે ૭૫ વરસોમાં વિવિધ પ્રકારનાં એટલાં બધાં કામો કર્યાં છે કે જો તેનું સરવૈયું કાઢવામાં આવે તો ૭૫૦ વર્ષોથી ઓછું કામ નહિ નીકળે. આ સમગ્ર સમય નવસર્જનની એક એકથી ચડિયાતી સફળ ભૂમિકા તૈયાર કરવામાં વપરાયો છે. ખાલી, નિષ્ક્રિય, નિષ્પ્રયોજન ક્યારેય રહ્યો નથી.

બુદ્ધિને ભગવાનના ખેતરમાં વાવી અને તે અસાધારણ પ્રતિભા બનીને પ્રગટી. અત્યાર સુધીમાં લખેલું સાહિત્ય એટલું બધું છે, જે મારા શરીરના વજન કરતાં પણ વધી જાય. આ સમગ્ર સાહિત્ય ઉચ્ચ કોટિનું છે. આર્ષગ્રંથોના અનુવાદથી માંડીને પ્રજ્ઞાયુગની ભાવિ પૃષ્ઠભૂમિનું

નિર્માણ કરનારું જ સાહિત્ય લખાયું છે. ઈ.સ.૨૦૦૦ સુધીનું સાહિત્ય અમે અત્યારથી જ લખીને મૂકી દીધું છે.

અધ્યાત્મને વિજ્ઞાન સાથે જોડવાની યોજના - કલ્પના તો ઘણાંના મનમાં હતી, પણ તેને કોઈ કાર્યાન્વિત ન કરી શક્યું. આ અશક્ય બાબતને શક્ય બનેલી જોવી હોય તો બ્રહ્મવર્ચસ્ શોધ સંસ્થાનમાં આવીને પોતાની જાતે જોવું જોઈએ, જે શક્યતાઓ સામે છે એને જોતાં કહી શકાય છે કે ભવિષ્યમાં અધ્યાત્મની રૂપરેખા વિશુદ્ધ વિજ્ઞાનપરક બનીને રહેશે.

નાના નાના દેશો પોતાની પંચવર્ષીય યોજના બનાવવા માટે આકાશ-પાતાળ એક કરતા હોય છે, પણ સમગ્ર વિશ્વના કાયાકલ્પની યોજનાનું ચિંતન અને એ પ્રમાણેનું કાર્ય જે રીતે શાંતિકુંજના તત્ત્વાવધાનમાં ચાલી રહ્યું છે તેને એક જ શબ્દમાં જો કહેવું હોય તો અદ્ભુત અને અનુપમ કહી શકાય.

મેં મારી ભાવનાઓ પછાતો માટે સમર્પિત કરી છે. ભગવાન શિવે પણ આ જ કર્યું હતું. તેમની સાથે ચિત્રવિચિત્ર સમુદાય(ભૂતપ્રેત)રહેતો હતો અને સાપ સુધ્ધાંને તેઓ ગળે લગાડતા હતા. આ માર્ગ ઉપર હું પણ ચાલતો રહ્યો છું. મારી ઉપર ગોળી ચલાવનારને પકડવા માટે જેઓ દોડી રહ્યા હતા, પોલીસ પણ દોડી રહી હતી. એ બધાંને મેં પાછા બોલાવી લીધા અને ગુનેગારને નાસી જવા માટે તક આપી, જીવનમાં આવા અનેક પ્રસંગો આવ્યા છે, જ્યારે પ્રતિપક્ષી પોતાના તરફથી કંઈ કમી ન રહેવા દે તો પણ હસવા અને હસાવવારૂપે પ્રતિદાન મેળવતા રહે છે.

અમે જેટલો પ્રેમ લોકોને કર્યો છે તેનાથી સોગણી સંખ્યા અને માત્રામાં લોકો અમારા ઉપર પ્રેમ વરસાવતા રહ્યા છે. અમારા નિર્દેશો પ્રમાણે ચાલી રહ્યા છે અને ખોટ તથા કષ્ટ સહન કરવામાં પણ ક્યારેય પાછીપાની કરતા નથી. થોડાક સમય પૂર્વે પ્રજ્ઞા સંસ્થાનો બનાવવાનો આદેશ સ્વજનોને આપ્યો. બે જ વર્ષની અંદર ૨૪૦૦ ગાયત્રી શક્તિપીઠો બનીને તૈયાર થઈ ગઈ અને એમાં લાખો રૂપિયાની રકમ ખર્ચાઈ. ઈમારત વગરનાં ૧૨ હજાર સંસ્થાનો બન્યાં તે તો અલગ. ખંજરના ઘા વાગ્યા તો સહાનુભૂતિમાં સ્વજનો મોટી સંખ્યામાં ઊમટી પડ્યા, જાણે મનુષ્યોની આંધી આવી ! એમાંના દરેક જણ બદલો લેવા માટે આતુર હતા. મેં

અને માતાજીએ આ બધાંને પ્રેમથી બીજી દિશામાં વાળી દીધા. આ જ મારા પ્રત્યેના પ્રેમની સઘન આત્મીયતાની અભિવ્યક્તિ છે.

મેં જીવનભર પ્રેમ ખરીદ્યો, વેર્યો અને વહેંચ્યો છે. આનો એક નમૂનો મારી ધર્મપત્ની છે, જેમને હું માતાજી કહીને સંબોધિત કરું છું. તેમની ભાવના વાંચીને કોઈ પણ સમજી શકે છે. તેઓ કાયા અને છાયાની જેમ મારી સાથે રહ્યાં છે અને પ્રાણ એક પણ શરીર બેની જેમ મારા દરેક કાર્યમાં દરેક પળે સાથ આપતાં રહ્યાં છે.

પશુ-પક્ષીઓનો પ્રેમ પણ અમે મેળવ્યો છે કે જેઓ સ્વજન અને સહચરની જેમ અમારી આગળ પાછળ ફરતાં રહ્યાં છે. લોકોએ આશ્ચર્યથી જોયું છે કે સામાન્ય રીતે જે પ્રાણીઓ મનુષ્યથી દૂર રહે છે, તે પણ અહીં તો આવીને ખોળામાં, ખભા ઉપર બેસી જાય છે. પાછળ પાછળ ફરે છે અને છાનાંમાનાં આવીને પથારીમાં સૂઈ જાય છે. આવાં દૃશ્યો હજારોએ હજારોની સંખ્યામાં જોયાં છે અને અચંબામાં પડી ગયા છે. આ બીજું કંઈ જ નહતું, ફક્ત પ્રેમનો પડઘો હતો.

ધનની અમને અવારનવાર ખૂબ જરૂરિયાત પડતી રહે છે. ગાયત્રી તપોભૂમિ, શાંતિકુંજ અને બ્રહ્મવર્ચસ્‌ની ઈમારતો કરોડો રૂપિયાની કિંમતની છે. મનુષ્યની આગળ હાથ ન ફેલાવવાના વ્રતનું પાલન કરતાં કરતાં અચાનક જ આ બધી જરૂરિયાતો પૂરી થઈ છે. સંપૂર્ણ જીવનદાન આપીને કામ કરનારાઓની સંખ્યા એક હજારથી વધારે છે. તેમની આજીવિકાની બ્રાહ્મણોચિત વ્યવસ્થા બરાબર ચાલતી રહે છે. પ્રેસ, પ્રકાશન, પ્રચારમાં સંલગ્ન જીપગાડીઓ તથા એ સિવાયના અન્ય ખર્ચાઓ એવા છે કે જે સમયાનુસાર મુશ્કેલી વગર નીકળતા રહે છે. આ સફળતા અમારી પાસેની એકેએક પાઈને ભગવાનના ખેતરમાં વાવી દીધા પછીની આ ફસલ છે. આ ફસલ માટે મને ગૌરવ છે. અમારી જમીન-જાગીરમાંથી જે રકમ પ્રાપ્ત થઈ તે ગાયત્રી તપોભૂમિના નિર્માણમાં વાપરી નાખી. પૂર્વજોની જમીન કોઈ કુટુંબીજનોને ન આપતાં તેને એક હાઈસ્કૂલ અને હોસ્પિટલ બનાવવામાં આપી દીધી. હું વ્યક્તિગત રીતે ખાલી હાથ છું, પણ બધી યોજનાઓ એવી રીતે ચલાવું છું કે લાખોપતિ અને કરોડપતિઓ માટે પણ

શક્ય નથી. આ બધું અમારા માર્ગદર્શકના એ સૂત્રથી શક્ય બન્યું છે, જેમાં એમણે કહ્યું હતું, "જમા ન કરીશ, વેરી નાખ, વાવો અને લણો." સદ્પ્રવૃત્તિઓનો ઉદ્યાન જે પ્રજ્ઞા પરિવારરૂપે લહેરાતો દેખાઈ રહ્યો છે, તેની પૃષ્ઠભૂમિ આ સૂત્ર સંકેતના આધારે જ બની છે.

# ૧૭. બ્રાહ્મણ મન અને ઋષિકાર્ય

અંતરમાં બ્રાહ્મણવૃત્તિ જાગતાં જ બહિરંગમાં સાધુ પ્રવૃત્તિનો ઉદય થાય તે સ્વાભાવિક છે. બ્રાહ્મણ અર્થાત્ લાલસાઓ સાથે સંઘર્ષ કરી શકવા યોગ્ય મનોબળનો માલિક, પ્રલોભનો અને દબાણોનો સામનો કરવામાં સમર્થ.સરેરાશ ભારતીય સ્તરના નિર્વાહમાં સંતુષ્ટ. આ પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થવા માટે આરંભિક જીવનમાં જ માર્ગદર્શકનું સમર્થ પ્રશિક્ષણ મળ્યું. એ હતો બ્રાહ્મણ જન્મ. માતાપિતા તો એક માંસના પિંડને જન્મ આપી ચૂક્યાં હતાં. આવા નરપશુઓનું શરીર કોણ જાણે કેટલીયેવાર ધારણ કરવું પડ્યું હશે અને ત્યાગ પણ કરવો પડ્યો હશે. તૃષ્ણાઓની પૂર્તિ માટે કોણ જાણે કેટલીય વાર પાપનાં પોટલાં બાંધવાં, ઉપાડવાં અને ઢસડવાં તેમ જ ભોગવવાં પડ્યાં હશે, પણ સંતોષ અને ગૌરવ આ જન્મ પર છે, જેને બ્રાહ્મણ જન્મ કહી શકાય. એક શરીર નરપશુનું અને બીજું નરનારાયણનું પ્રાપ્ત કરવાનો સુયોગ આ વખતે મળ્યો છે.

બ્રાહ્મણની પાસે સામર્થ્યનો ભંડાર ભરેલો રહે છે, કારણ કે શરીરયાત્રાનો ગુજારો તો બહુ જ ઓછામાં થઈ જતો હોય છે. હાથી, ઊંટ, ભેંસ વગેરેનાં પેટ મોટાં હોય છે. આથી તેને તે ભરવા માટે વધારે સમય લાગે તો તે સમજી શકાય, પણ મનુષ્ય સામે આ મુશ્કેલી નથી. દશ આંગળીઓવાળા બે હાથ, કમાવાના હજાર હુન્નરો શોધી શકે એવું મગજ, સાધનો અને કુટુંબનો સહકાર – આટલી બધી સગવડો રહેતાં કોઈને ગુજરાનમાં ન કમી પડવી જોઈએ, ન અસુવિધા. વળી પેટની લંબાઈ-પહોળાઈ તો ફક્ત છ ઈંચની જ છે. આટલું તો મોર અને કબૂતર પણ કમાઈ લે છે. મનુષ્યની સામે પોતાના ગુજરાન માટે કોઈ જ સમસ્યા નથી. થોડાક કલાકોની મહેનતમાં જ તે જરૂરિયાત પૂરી થઈ જાય છે. પછી સારો એવો સમય બચી જાય છે. જેના

અંતરાલમાં સંત જાગી જાય છે તે એક જ વાત વિચારે છે કે સમય, શ્રમ, મનોયોગની જે પ્રખરતા અને પ્રતિભા પ્રાપ્ત થઈ છે તેનો ઉપયોગ ક્યાં કરવો ? કેવી રીતે કરવો ?

આ પ્રશ્નનો ઉત્તર મેળવવામાં વધારે વાર નથી લાગતી. દેવમાનવોનો પુરાતન ઇતિહાસ આના માટે અનેક પ્રમાણભૂત ઉદાહરણોથી ભરેલો છે. તેમાંથી જે કોઈ પ્રિય લાગે, અનુકૂળ લાગે તેને પોતાના માટે પસંદ કરી અપનાવી શકાય છે. કેવળ દૈત્યની જ ઈચ્છાઓ અને જરૂરિયાતો પૂરી થતી નથી. કામના, વાસના અને તૃષ્ણાઓ ક્યારેય કોઈની પૂરી થઈ નથી. સાધનોનો વિપુલ ભંડાર એકત્રિત કરી તેને અતિશય પ્રમાણમાં ભોગવવાની યોજનાઓ તો ઘણા બધાએ બનાવી, પણ હિરણ્યકશિપુથી માંડીને સિકંદર સુધી કોઈ પણ એને પૂરી શક્યા નથી.

આત્મા અને પરમાત્માનું મધ્યવર્તી મિલન એટલે દેવમાનવ. આનાં બીજાં પણ ઘણાંય નામો છે. મહાપુરુષ, સંત, સુધારક, શહીદ, વગેરે. પુરાતનકાળમાં એમને ઋષિ કહેવામાં આવતા હતા. ઋષિ એટલે એવા લોકો કે જેઓ પોતાનું ગુજરાન બહુ જ ઓછામાં ચલાવે અને વધારાની શક્તિ અને સંપત્તિનો એવાં કામોમાં ઉપયોગ કરે કે જે સમયની માગને પૂરી કરે. વાતાવરણમાં સત્પ્રવૃત્તિઓનો વધારો કરે. જેઓ શ્રેષ્ઠતાના માર્ગે આગળ વધી રહ્યા છે તેમને અનુકૂળ મનોબળ મળે. જેઓ વિનાશ કરવા માટે આતુર છે તેમના કુચક્રને સફળતા ન મળે. ટૂંકમાં આવાં જ કાર્યો માટે ઋષિઓના પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રયાસો નિરંતર ગતિએ ચાલતા રહે છે. ગુજરાન કરતાં વધેલી ક્ષમતાને તેઓ આવાં કામોમાં વાપરતા રહે છે. જો તેનો હિસાબ કરવામાં આવે તો ચોક્કસ પ્રતીતિ થાય છે કે તેઓએ કેટલું મહાન કાર્ય કરી નાખ્યું. કેટલી લાંબી મંજિલ પાર કરી નાખી. આ એક એક ડગલું સતત ચાલતા રહેવાનું પરિણામ છે. એક એક ટીપું જમા કરતા રહેવાનું પરિણામ છે.

જેમાં માત્ર ભાવોન્માદ જ હોય, આચરણની દૃષ્ટિએ બધું ક્ષમ્ય હોય એવી ભક્તિ મને સમજાઈ નથી. નથી એનો કોઈ સિદ્ધાંત ગમ્યો કે નથી એ કથનના ઔચિત્યના વિવેકને સ્વીકાર્યો. આથી જ્યારે જ્યારે ભક્તિ

જાગી ત્યારે અનુકરણ કરવા માટે ઋષિઓનો માર્ગ જ પસંદ પડ્યો અને જે સમય હાથમાં હતો તેને સંપૂર્ણપણે ઋષિપરંપરામાં ખર્ચવાનો પ્રયત્ન ચાલતો રહ્યો. પાછો વળીને જોઉં છું કે નિરંતર પ્રયત્નો કરનાર કણમાંથી મણ ભેગું કરે છે. ચકલી એક એક તણખલું વીણી લાવીને સરસ મજાનો માળો બનાવી દે છે. મારું પણ કંઈક આવું જ સૌભાગ્ય છે કે ઋષિપરંપરાનું અનુકરણ કરવા માટે થોડાં ડગલાં ભર્યાં, તો તેનું પરિણામ એ આવ્યું કે જેને સમજદાર લોકો ભવ્ય કહે છે.

વિવિધ ઋષિઓએ પોતપોતાના સમયે પોતપોતાના ભાગનાં કામો સંભાળ્યાં અને પૂરાં કર્યાં હતાં. એ દિવસોમાં એવી પરિસ્થિતિ, એવા પ્રસંગો અને એટલો અવકાશ પણ હતો કે સમયની માગ પ્રમાણે પોતપોતાનાં કાર્યોને ધીરજપૂર્વક ઉચિત સમયે તેઓ પૂરાં કરતા રહી શક્યા, પણ અત્યારે તો આપત્તિકાળ છે. અત્યારના દિવસોમાં તો અનેક કામો એકસાથે ઝડપથી પૂરાં કરવાનાં છે. ઘરમાં આગ લાગે ત્યારે તેને હોલવવા માટે પ્રયત્ન કરવા ઉપરાંત બાળકોને, કપડાંલત્તાને, સરસામાન, પૈસા ટકા વગરેને બહાર કાઢવાનું કામ પણ કરવું પડે છે. મારે આવા જ આપત્તિકાળનો સામનો કરવો પડ્યો છે અને હિમાલય યાત્રા વખતે ઋષિઓ દ્વારા સોંપેલાં કાર્યોમાંથી દરેકને ઘણું ખરું એક જ સાથે બહુમુખી જીવન જીવીને સંભાળવાં પડ્યાં છે. આના માટે પ્રેરણા, દિશા અને સહાયતા મારા સમર્થ માર્ગદર્શક તરફથી મળી છે અને શરીરથી હું જે કંઈ કરવાને શક્તિમાન હતો, તે સંપૂર્ણ તત્પરતા અને તન્મયતા સાથે પૂર્ણ કરી શક્યો છું. તેમાં પૂરેપૂરી ઈમાનદારી રાખી છે. પરિણામે એ બધાં જ કાર્યો જાણે પહેલેથી જ પૂરાં કરીને ન મૂકી રાખ્યાં હોય એ રીતે પૂરાં થયાં છે ! કૃષ્ણે અર્જુનનો રથ હાંક્યો અને અર્જુને ગાંડીવને ઉઠાવ્યું એ પુરાતન ઈતિહાસની વાતો હોવા છતાં મને તો મારા સંદર્ભમાં ચરિતાર્થ થતી દેખાઈ રહી છે.

યુગ પરિવર્તન જેવું મહાન કાર્ય હોય તે તો ભગવાનની ઈચ્છા, યોજના અને ક્ષમતા પર આધારિત હોય છે, પણ તેનું શ્રેય તેઓ ઋષિ, કલ્પ જીવનમુક્ત આત્માઓને આપતા રહે છે. આ જ તેમની સાધનાનો-પાત્રતાનો

સર્વોત્તમ ઉપહાર છે. મારા માટે પણ આવું જ શ્રેય અને ઉપહાર આપવાની ભૂમિકા બની અને હું ધન્ય બની ગયો. દૂરના ભવિષ્યની ઝાંખી અત્યારથી થઈ રહી છે. આથી મને આ લખવામાં રજમાત્ર પણ સંકોચ નથી.

હવે પુરાતન કાળના ઋષિઓ પૈકી કોઈનું પણ સ્થૂળ શરીર રહ્યું નથી, તેમની ચેતના નિર્ધારિત જગ્યાએ મોજૂદ છે. એ બધાની સાથે મારો પરિચય કરાવવામાં આવ્યો અને કહેવામાં આવ્યું કે આ બધાના પગલે મારે ચાલવાનું છે. એમની કાર્યપદ્ધતિ અપનાવવાની છે. દેવાત્મા હિમાલયના પ્રતીકરૂપે શાંતિકુંજ, હરિદ્વારમાં એક આશ્રમ બનાવવો અને ઋષિપરંપરાને એ રીતે કાર્યાન્વિત કરવી, જેથી યુગ પરિવર્તનની પ્રક્રિયાનું ગતિચક્ર સુવ્યવસ્થિત રૂપે ચાલવા લાગે.

જે ઋષિઓ અને તપસ્વી માનવોએ ક્યારેક હિમાલયમાં રહીને વિવિધ કાર્યો કર્યાં હતાં તેની યાદ મને મારા માર્ગદર્શકે ત્રીજી હિમાલય યાત્રા વખતે વારંવાર અપાવી હતી. આમાં હતા ભગીરથ (ગંગોત્રી), પરશુરામ (યમુનોત્રી), ચરક (કેદારનાથ), વ્યાસ (બદરીનાથ), યાજ્ઞવલ્કય (ત્રિયુગી નારાયણ), નારદ (ગુપ્તકાશી), આદ્ય શંકરાચાર્ય (જ્યોતિર્મઠ), જમદગ્નિ (ઉત્તરકાશી), પતંજલિ(રુદ્રપ્રયાગ), વશિષ્ઠ (દેવપ્રયાગ), પિપ્પલાદ, સૂતશૌનક, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન (હૃષીકેશ), દક્ષ પ્રજાપતિ, કણાદ, અને વિશ્વામિત્ર સહિત સપ્ત ઋષિગણ (હરિદ્વાર). આ ઉપરાંત ચૈતન્ય મહાપ્રભુ, સંત જ્ઞાનેશ્વર અને તુલસીદાસજીનાં કાર્યોની ઝલક બતાવીને ભગવાન બુદ્ધના પરિવ્રાજક ધર્મચક્ર પ્રવર્તન અભિયાનને યુગાનુકૂળ પરિસ્થિતિઓમાં સંગીત, સંકીર્તન અને પ્રજ્ઞાપુરાણ કથાના માધ્યમથી દેશ-વિદેશમાં ફેલાવવાનો અને પ્રજ્ઞાવતાર દ્વારા બુદ્ધાવતારનો ઉત્તરાર્ધ પૂરો કરવાનો પણ નિર્દેશ હતો. સમર્થ રામદાસના રૂપમાં જન્મ લઈને જેવી રીતે વ્યાયામશાળાઓ, મહાવીર મંદિરોની સ્થાપના સોળમી સદીમાં મારી પાસે કરાવવામાં આવી હતી, તેને નૂતન અભિનવ રૂપમાં પ્રજ્ઞા સંસ્થાનો, પ્રજ્ઞાપીઠો, ચરણપીઠો, જ્ઞાનમંદિર તથા સ્વાધ્યાય મંડળ દ્વારા સંપન્ન કરાવવાનો સંકેત હિમાલય પ્રવાસ વખતે માર્ગદર્શક દ્વારા આપી દેવામાં આવ્યો હતો.

શાંતિકુંજને દેવાત્મા હિમાલયનું પ્રતીક બનાવવા માટેનો જે નિર્દેશ મળ્યો હતો  તે કાર્ય સામાન્ય ન હતું. શ્રમ અને ધન પૂરતી માત્રામાં માગી લે તેવું હતું. સહયોગીઓની સહાયતા પર પણ આધારિત હતું. આ ઉપરાંત અધ્યાત્મના આ ધ્રુવકેન્દ્રમાં સૂક્ષ્મ શરીરથી નિવાસ કરનાર ઋષિઓના આત્માઓનું આહ્‌વાન કરી પ્રાણપ્રતિષ્ઠા પણ કરવાની હતી. આ બધાં કામો એવાં છે, જેને દેવાલય પરંપરામાં અદ્‌ભુત તથા અનુપમ કહી શકાય છે. દેવતાઓનાં મંદિરો તો અનેક જગ્યાએ બન્યાં છે. તે અલગ અલગ પણ છે. એક જ જગ્યાએ બધા જ દેવતાઓની સ્થાપનાનો તો ક્યાંક સુયોગ થઈ શકે છે, પણ સમસ્ત દેવતાઓ અને ઋષિઓની એક જ જગ્યાએ પ્રાણપ્રતિષ્ઠા થઈ હોય એવું સંસારભરમાં ક્યાંય બન્યું નથી. વળી આનાથી પણ મહત્ત્વની વાત તો એ છે કે અહીં ઋષિઓના ક્રિયાકલાપોનો, પ્રવૃત્તિઓનો પરિચય અને દર્શન ફક્ત ચિહ્‌નપૂજાને બદલે યથાર્થ રૂપમાં થઈ રહ્યાં છે. આ રીતે શાંતિકુંજ, બ્રહ્મવર્ચસ્ અને ગાયત્રી તીર્થ એક રીતે તો બધા જ ઋષિઓની કાર્યપ્રણાલીનું પ્રતિનિધિત્વ કરે છે.

ભગવાન રામે લંકાવિજય અને રામરાજ્યની સ્થાપના નિમિત્તે મંગલાચરણના રૂપે રામેશ્વરમ્‌માં શિવ પ્રતીકની સ્થાપના કરી હતી. મારું સૌભાગ્ય છે કે મને યુગપરિવર્તન માટે સંઘર્ષ અને સર્જનના પ્રયોજન માટે દેવાત્મા હિમાલયની પ્રતિમાની પ્રાણપ્રતિષ્ઠા કરવાનો આદેશ મળ્યો.  શાંતિકુંજમાં પાંચ પ્રયાગ, પાંચ કાશી, પાંચ સરિતાઓ અને પાંચ સરોવરો સહિત દેવાત્મા હિમાલયનું ભવ્ય મંદિર જોઈ શકાય છે. આમાં બધા જ ઋષિઓનાં સ્થાનોનાં દિવ્યદર્શન  છે. આને એ રીતે અદ્‌ભુત અને અનુપમ દેવાલય કહી શકાય. જે લોકોએ હિમાલયનાં એ દુર્ગમ સ્થાનોનાં ક્યારેય દર્શન ન કર્યાં હોય તેઓ આ નાનકડા હિમાલયનાં દર્શન કરી એ જ લાભ પ્રાપ્ત કરી શકે છે.

જમદગ્નિના પુત્ર પરશુરામે ફરસીથી અનેક ઉદ્ધત અને ઉચ્છૃંખલ લોકોનાં મસ્તક કાપ્યાં હતાં. આ વર્ણન આલંકારિક પણ હોઈ શકે. એમણે યમુનોત્રીમાં તપશ્ચર્યા દ્વારા પ્રખરતાની સાધના કરી અને

સર્જનાત્મક ક્રાંતિનો મોરચો સંભાળ્યો. જે વ્યક્તિઓ તત્કાલીન સમાજના નિર્માણમાં બાધક અને અનીતિમાં રચીપચી હતી એવા લોકોની વૃત્તિઓનો એમણે નાશ કર્યો. દુષ્ટ અને ભ્રષ્ટ જનમાનસના પ્રવાહને ઉલટાવીને સીધો કરવાનો પુરુષાર્થ એમણે નિભાવ્યો. આ જ આધારે તેમને ભગવાન શિવ પાસેથી 'પરશુ' (ફરસી) પ્રાપ્ત થઈ હતી. ઉત્તરાર્ધમાં એમણે ફરસી ફેંકીને હાથમાં પાવડો ધારણ કર્યો. સ્થૂળ દૃષ્ટિએ વૃક્ષારોપણ અને સૂક્ષ્મ દૃષ્ટિએ રચનાત્મક સત્પ્રવૃત્તિઓનું બીજારોપણ કર્યું. શાંતિકુંજથી ચાલી રહેલ કલમે અને વાણીએ એ જ પરશુની ભૂમિકા નિભાવી અને અસંખ્યોની માન્યતાઓ, ભાવનાઓ, વિચારણાઓ અને પ્રવૃત્તિઓમાં ધરમૂળથી પરિવર્તન કરી દીધું છે.

ભયંકર દુષ્કાળ પડતાં પાણીના અભાવને નિવારવા માટે ભગીરથે કઠોર તપ કરી સ્વર્ગમાંથી ગંગાને ધરતી પર લાવવામાં સફળતા પ્રાપ્ત કરી, તે ભાગીરથી શીલા ગંગોત્રીની નજીક છે. ગંગા તેમના તપ અને પુરુષાર્થથી અવતરિત થઈ. આથી તે ભાગીરથી કહેવાઈ. લોકમંગળના પ્રયોજન માટે પ્રચંડ પુરુષાર્થ કરી ભગીરથ દૈવી કસોટીમાં પાર ઊતર્યા અને ભગવાન શિવના કૃપાપાત્ર બન્યા. આજે ચારે બાજુ આસ્થાઓનો ભયંકર દુષ્કાળ પડ્યો છે. આને દિવ્ય જ્ઞાનની ગંગાધારાથી જ નિવારી શકાય છે. બૌદ્ધિક અને ભાવનાત્મક દુષ્કાળના નિવારણાર્થે શાંતિકુંજથી જે જ્ઞાનગંગાનો અવિરત પ્રવાહ વહી રહ્યો છે તે જોતાં આશા બંધાય છે કે આ આસ્થાનો દુકાળ દૂર થઈ જશે. સદ્ભાવનાનો પ્રકાશ ચારે બાજુ ફેલાશે.

ચરકઋષિએ કેદારનાથની આસપાસના દુર્ગમ ક્ષેત્રમાં વનૌષધિઓની શોધખોળ કરીને રોગીઓને નીરોગી કરનાર સંજીવની શોધી કાઢી હતી. શાસ્ત્રોનું કથન છે કે ચરકઋષિ વનસ્પતિ સાથે વાતો કરીને તેના ગુણ પૂછતા હતા અને યોગ્ય સમયે તેને એકઠી કરી તેના ઉપર પ્રયોગો કરતા હતા. જીવનશક્તિનું સંવર્ધન, મનોવિકારોનું શમન અને વ્યાવહારિક ગુણ, કર્મ અને સ્વભાવમાં પરિવર્તન કરવાના ગુણ ધરાવનાર અનેક ઔષધિઓ તેમના સંશોધનની દેન છે. શાંતિકુંજમાં દુર્લભ ઔષધિઓ

શોધી કાઢવાના, તેમના ગુણ અને પ્રભાવને વૈજ્ઞાનિક યંત્રોના માધ્યમથી ચકાસણી કરવાના પ્રયોગો ચાલી રહ્યા છે. તેણે એક રીતે આયુર્વેદને પુનર્જીવિત કર્યો છે. સાચી ઔષધિના સેવનથી કેવી રીતે નીરોગી રહીને દીર્ઘાયુષી બની શકાય છે, તે સંશોધન આ ઋષિ પરંપરાનાં પુનર્જીવન માટે કરવામાં આવી રહેલા પ્રયત્નોની કડી છે.

મહર્ષિ વ્યાસે નર અને નારાયણ પર્વતની વચ્ચે વસુધારા ધોધની નજીક વ્યાસગુફામાં ગણેશજીની મદદથી પુરાણો લખવાનું કાર્ય કર્યું. ઉચ્ચસ્તરીય કાર્ય માટે એકાંત, શાંત અને સતોગુણી વાતાવરણ જરૂરી હતું. આજની પરિસ્થિતિઓમાં જ્યારે પ્રેરણાદાયી સાહિત્યનો અભાવ છે, પુરાતન ગ્રંથો લુપ્ત થઈ રહ્યા છે ત્યારે મેં આજથી પચ્ચીસ વર્ષ પહેલાં ચાર વેદ, અઢાર પુરાણ, ૧૦૮ ઉપનિષદ, છ દર્શન શાસ્ત્રો, ૨૪ ગીતાઓ, આરણ્યક, બ્રાહ્મણગ્રંથો વગેરેનું ભાષ્ય કરી જનહિતાય સરળ અને વ્યાવહારિક બનાવીને મૂકી દીધું હતું. આની સાથે જ જનસમુદાયની દરેક સમસ્યાઓના વ્યાવહારિક સમાધાન માટે યુગાનુકૂળ સાહિત્ય સતત લખ્યું છે, જેણે લાખો વ્યક્તિઓના મન - મસ્તિષ્કને પ્રભાવિત કરીને સાચી દિશા આપી છે. પ્રજ્ઞાપુરાણના ૧૮ ભાગ તદ્દન નવું સર્જન છે, જેમાં કથાસાહિત્યના માધ્યમથી ઉપનિષદોના તત્ત્વજ્ઞાનને જન સુલભ બનાવવામાં આવ્યું છે.

પતંજલિ ઋષિએ રુદ્રપ્રયાગમાં અલકનંદા અને મંદાકિની નદીના સંગમ સ્થાનમાં રહીને યોગવિજ્ઞાનના વિવિધ પ્રયોગોનો આવિષ્કાર અને તેનું પ્રચલન કર્યું હતું. એમણે પ્રમાણિત કર્યું કે માનવીય કાયામાં ગુપ્ત ઊર્જાનો ભંડાર છુપાયેલો છે. આ શરીરતંત્રનાં ઊર્જાકેન્દ્રોને પ્રસુપ્ત અવસ્થામાંથી જાગૃત કરી મનુષ્ય દેવમાનવ બની શકે છે. રિદ્ધિ- સિદ્ધિ સંપન્ન બની શકે છે. શાંતિકુંજમાં યોગસાધનાના વિવિધ નિયમો યોગત્રયી, કાયાકલ્પ અને આસન - પ્રાણાયામના માધ્યમથી આ માર્ગ પર ચાલનાર જિજ્ઞાસુ સાધકોની કીમતી ઉપકરણોથી શારીરિક-માનસિક પરીક્ષા સુયોગ્ય ચિકિત્સકો પાસે કરાવીને સાધના બતાવવામાં આવે છે અને ભાવિ જીવનસંબંધી માર્ગદર્શન આપવામાં આવે છે.

યાજ્ઞવલ્ક્યએ ત્રિયુગી નારાયણમાં રહીને યજ્ઞવિદ્યાની શોધ કરી હતી. તેના ભેદ-ઉપભેદોનું પરિણામ મનુષ્ય અને સમગ્ર જીવ - જગતના સ્વાસ્થ્યસંવર્ધન માટે, વાતાવરણની શુદ્ધિ, વનસ્પતિ સંવર્ધન અને વરસાદ વરસાવવા રૂપે પરીક્ષણ કર્યું હતું. હિમાયલના આ દુર્ગમ સ્થાનમાં એક યજ્ઞકુંડ છે અને તેમાં અખંડ અગ્નિ છે, જેને શિવપાર્વતીના લગ્ન સમયથી અખંડ માનવામાં આવે છે. આ તે પરંપરાની પ્રતીક અગ્નિશિખા છે. આજે વિજ્ઞાનની લુપ્ત થઈ ગયેલી શૃંખલાને ફરીથી શોધીને સમયને અનુરૂપ અન્વેષણ કરવાની જવાબદારી બ્રહ્મવર્ચસ્ શોધ સંસ્થાને પોતાના માથે લીધી છે. યજ્ઞોપચાર પદ્ધતિ (યજ્ઞપેથી)ના સંશોધન માટે સમયને અનુરૂપ આધુનિક સાધનોથી સુસજ્જ એવી એક સર્વાંગ સંપૂર્ણ પ્રયોગશાળા બ્રહ્મવર્ચસ્ શોધ સંસ્થાનના પ્રાંગણમાં મધ્યમાં બનાવવામાં આવી છે. વનૌષધિ યજનથી શારીરિક અને માનસિક રોગોનો ઉપચાર, મનોવિકારોનું શમન, સંજીવની શક્તિનો વધારો, પ્રાણવાન વર્ષા અને વાતાવરણને સંતુલિત કરવાના પ્રયોગો અને તેનાં પરિણામો જોઈ જિજ્ઞાસુઓ આશ્ચર્યચકિત રહી જાય છે.

વિશ્વામિત્રને ગાયત્રી મહામંત્રના દ્રષ્ટા અને નૂતન-સૃષ્ટિના સ્રષ્ટા માનવામાં આવ્યા છે. તેમણે સપ્તર્ષિઓ સહિત જે સ્થાનમાં તપ કરી અને આદ્યશક્તિનો સાક્ષાત્કાર કર્યો હતો તે પાવન ભૂમિ આ શાંતિકુંજ, ગાયત્રી તીર્થની જ છે.જેને મારા માર્ગદર્શકે દિવ્યચક્ષુઓ દ્વારા બતાવી હતી અને આશ્રમનિર્માણ માટે પ્રેરણા આપી હતી. વિશ્વામિત્રની સર્જન સાધનાના સૂક્ષ્મ સંસ્કારો અહીં સઘન છે. મહાપ્રજ્ઞાને યુગશક્તિનું રૂપ આપવા, તેમની ચોવીસ મૂર્તિઓની સ્થાપના કરી સમગ્ર રાષ્ટ્ર અને વિશ્વમાં આદ્યશક્તિનો વસુધૈવ કુટુંબકમ્ અને સદ્બુદ્ધિની પ્રેરણાવાળો સંદેશ અહીંથી જ ઉદ્ઘોષિત થયો. અનેક સાધકોએ અહીં ગાયત્રી અનુષ્ઠાનો કર્યાં છે અને આત્મિક ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત કરી છે. શબ્દશક્તિ અને સાવિત્રી વિદ્યા ઉપરનું વૈજ્ઞાનિક સંશોધન વિશ્વામિત્ર પરંપરાનું જ પુનર્જીવન છે.

જમદગ્નિનું ગુરુકુળ - આરણ્યક ઉત્તરકાશીમાં આવેલું હતું. બાળકો તથા વાનપ્રસ્થોના શિક્ષણની સંપૂર્ણ વ્યવસ્થા ત્યાં થતી હતી.

અલ્પકાલીન સાધના, પ્રાયશ્ચિત્ત તથા અન્ય સંસ્કારો કરાવવાની તથા પ્રૌઢોને શિક્ષણ આપવાની અહીં સમુચિત વ્યવસ્થા હતી. પ્રખર વ્યક્તિઓ તૈયાર કરવાનું, વાનપ્રસ્થો અને પરિવ્રાજકો જેવા લોકસેવકો તૈયાર કરવાનું શિક્ષણ, ગુરુકુળમાં બાળકોને નૈતિક શિક્ષણ તથા શિલ્પી વિદ્યાલયમાં સમાજનિર્માણની વિદ્યાનું શિક્ષણ - આ ઋષિ પરંપરાને આગળ વધારવા માટે શાંતિકુંજ દ્વારા સંચાલિત ક્રિયા- કલાપો આવા જ છે.

દેવર્ષિ નારદે ગુપ્ત કાશીમાં તપશ્ચર્યા કરી. તે હમેશાં પોતાના વીણા વાદન દ્વારા જનજાગરણનું કાર્ય કરતા રહેતા હતા. તેમણે સત્પરામર્શ દ્વારા ભક્તિ ભાવનાઓને જાગૃત તથા વિકસિત કરી હતી. શાંતિકુંજના યુગગાયન શિક્ષણ વિદ્યાલયે અત્યાર સુધીમાં હજારો પરિવ્રાજકોને પ્રશિક્ષણ આપીને તૈયાર કર્યા છે. આ તૈયાર થયેલ પરિવ્રાજકો પોતપોતાના ક્ષેત્રમાં એકલા અથવા તો સમૂહમાં જીપટોળી દ્વારા ભ્રમણ કરીને નારદ પરંપરાનું અનુકરણ કરી રહ્યા છે.

રામને યોગવાશિષ્ઠનો ઉપદેશ આપનાર વશિષ્ઠ ઋષિ દેવપ્રયાગમાં ધર્મ અને રાજનીતિનો સમન્વય ચલાવતા હતા. ઈ.સ. ૧૯૩૦ થી ૧૯૪૭ સુધી શાંતિકુંજના સૂત્રધારે આઝાદીની લડત વખતે જેલમાં જઈ કઠોર યાતનાઓ પણ સહન કરી છે. પછીથી સાહિત્યના માધ્યમથી સમાજ અને રાષ્ટ્રને માર્ગદર્શન પૂરું પાડ્યું છે. ધર્મ અને રાજનીતિના સમન્વય માટે જે કંઈ થઈ શક્યું તે કર્યું છે અને પૂરા મનોયોગ સાથે કરી રહ્યો છું.

આદ્ય શંકરાચાર્યએ જ્યોતિર્મઠમાં તપ કર્યું અને દેશના ચાર ખૂણે ચાર ધામોની સ્થાપના કરી. વિભિન્ન સંસ્કૃતિઓનો સમન્વય કરવો અને ધાર્મિક સંસ્થાઓના માધ્યમથી જનજાગરણ કરવું તે તેમનું લક્ષ્ય હતું. શાંતિકુંજના તત્ત્વાવધાનમાં ૨૪૦૦ ગાયત્રી શક્તિપીઠોનું નિર્માણ થયું છે, જ્યાંથી ધર્મધારણાને સમુન્નત કરવાનું કાર્ય નિરંતર ચાલતું રહે છે. આ ઉપરાંત પણ મકાન વગરનાં હરતાં ફરતાં પ્રજ્ઞા સંસ્થાનો અને સ્વાધ્યાય મંડળો દ્વારા સમગ્ર દેશમાં ચેતના કેન્દ્રો ઠેર ઠેર કામ કરી રહ્યાં છે. તમામ કેન્દ્રો ચારેય ધામોની પરંપરામાં પોતપોતાના ક્ષેત્રમાં યુગચેતનાનો આલોક ફેલાવી રહ્યાં છે.

મહર્ષિ પિપ્પલાદે હૃષીકેશની નજીકમાં જ અન્નનો મન પર કેવો પ્રભાવ પડે છે તેનું સંશોધન કર્યું હતું. તેઓ પીપળાના વૃક્ષનાં ફળો પર નિર્વાહ કરીને આત્મસંયમ દ્વારા ઋષિત્વ પામી શક્યા. મેં ચોવીસ વર્ષ સુધી જવની રોટલી અને છાશ ઉપર રહીને ગાયત્રી અનુષ્ઠાનો કર્યાં. આ ઉપરાંત આજીવન બાફેલો આહાર અને અન્ન તથા શાકભાજી પર રહ્યો. અત્યારે પણ બાફેલાં અનાજ અને લીલી વનસ્પતિઓના કલ્પ પ્રયોગની પ્રતિક્રિયાનું સંશોધન શાંતિકુંજમાં 'અમૃતાશન શોધ' નામથી ચાલી રહ્યું છે. હૃષીકેશમાં જ રહીને સૂત શૌનક ઋષિ દરેક જગ્યાએ કથાવાંચન દ્વારા પુરાણકથાનાં જ્ઞાનસત્રો કરાવતા હતા, પ્રજ્ઞાપુરાણનું કથા વાચન એટલું તો પ્રચલિત થયું છે કે લોકો તેને યુગ પુરાણ કહે છે. તેના ચાર ભાગ છપાઈ ગયા છે. હજુ ચૌદ ભાગ પ્રકાશિત થવાના છે.

હરિદ્વારમાં હરકી પૌડીમાં સર્વમેધ યજ્ઞમાં હર્ષવર્ધને પોતાની તમામ સંપત્તિ તક્ષશિલા વિશ્વવિદ્યાલયના નિર્માણમાં આપી દીધી હતી. શાંતિકુંજના સૂત્રધારે પોતાની તમામ સંપદા ગાયત્રી તપોભૂમિ તથા જન્મભૂમિમાં વિદ્યાલયના નિર્માણ માટે આપી દીધી.પોતાના માટે કે બાળકો માટે આમાંથી એક પૈસો પણ રાખ્યો નથી. હવે આ પરંપરાને કાયમ માટે શાંતિકુંજમાં સ્થાયી રૂપે જોડાતા લોકસેવકો નિભાવી રહ્યા છે.

કણાદ ઋષિએ અથર્વવેદની શોધ પરંપરા હેઠળ પોતાના સમયમાં અણુવિજ્ઞાનના વૈજ્ઞાનિક અધ્યાત્મવાદનું સંશોધન કર્યું. બુદ્ધિવાદીઓને ગળે ઉતારવા માટે સમયને અનુરૂપ આપ્ત વચનોની સાથેસાથે તર્ક, તથ્ય અને પ્રમાણ પણ અનિવાર્ય છે. બ્રહ્મવર્ચસ્ શોધ સંસ્થાનમાં અધ્યાત્મ (દેવ) અને વિજ્ઞાન (રાક્ષસ) ના સમન્વયનું સમુદ્રમંથન ચાલી રહ્યું છે. ફક્ત દાર્શનિક સંશોધન જ નહિ, પણ વૈજ્ઞાનિક પ્રમાણો રજૂ કરવાં તે એની સૌથી મોટી વિશેષતા છે. શાંતિકુંજની ઉપલબ્ધિઓ તરફ સમગ્ર સંસાર મોટીમોટી આશાઓ રાખીને બેઠો છે.

બુદ્ધના પરિવ્રાજકો દીક્ષા લઈને સંસારભરમાં ધર્મચક્ર પ્રવર્તન માટે નીકળ્યા હતા. શાંતિકુંજમાં, માત્ર પોતાના દેશમાં જ ધર્મપ્રસાર માટે નહિ, પણ જગતના બધા જ દેશોમાં જ દેવ - સંસ્કૃતિનો સંદેશ

પહોંચાડવા માટે પરિવ્રાજકોને દીક્ષિત કરવામાં આવે છે. અહીં આવનાર પરિજનોને ધર્મચેતનાથી ભરી દેવામાં આવે છે. ભારતમાં જ ઘણુંખરું એક લાખ પ્રજ્ઞાપુત્રો સતત પ્રવ્રજ્યા કરી ઘેર ઘેર અલખ જગાવવાનું કાર્ય કરી રહ્યા છે.

આર્યભટ્ટે સૌરમંડળના બધા જ ગ્રહ-ઉપગ્રહોનું ગણિત ગણી એ જ્ઞાન મેળવ્યું હતું કે સૌરમંડળ પૃથ્વી સાથે શું આદાન-પ્રદાન કરે છે અને તેના આધારે પૃથ્વીનું વાતાવરણ અને સમગ્ર પ્રાણી-સૃષ્ટિ કેવી રીતે પ્રભાવિત થાય છે. શાંતિકુંજમાં એક વેધશાળા બનાવવામાં આવી છે અને તેની સાથે આધુનિક યંત્રોનું જોડાણ કરી જ્યોતિર્વિજ્ઞાનનું સંશોધન કાર્ય કરવામાં આવી રહ્યું છે. દૃશ્ય ગણિત પંચાંગ અહીંની એક અનોખી ભેટ છે.

ચૈતન્ય મહાપ્રભુ, સંત જ્ઞાનેશ્વર, સમર્થ ગુરુ રામદાસ, પ્રાણનાથ મહાપ્રભુ, રામકૃષ્ણ પરમહંસ વગેરે તમામ મધ્યકાલીન સંતોની ધર્મધારણાના વિસ્તારની પરંપરાનું અનુસરણ શાંતિકુંજમાં કરવામાં આવ્યું છે.

સૌથી મહત્ત્વની બાબત તો એ છે કે આશ્રમનું વાતાવરણ એટલા પ્રબળ સંસ્કારોથી યુક્ત છે કે અહીં આવનાર કોઈ પણ વ્યક્તિ સહજ રીતે અધ્યાત્મ તરફ ખેંચાય છે. તેનું કારણ અહીં સૂક્ષ્મ સત્તાધારી ઋષિઓની હાજરી છે. તેઓ મારા વડે સંપન્ન થઈ રહેલ કાર્યોને પુનર્જીવિત થતાં જોઈ ચોક્કસ પ્રસન્ન થતા હશે અને ભાવપૂર્ણ આશીર્વાદ આપતા હશે. ઋષિઓના તપના પ્રતાપથી જ આ ધરતી દેવમાનવોથી ધન્ય બની છે. વાલ્મીકિ આશ્રમમાં લવ અને કુશ તથા કણ્વ આશ્રમમાં ચક્રવર્તી ભરતનો વિકાસ થયો હતો. કૃષ્ણ અને રુક્મિણીએ બદ્રીનારાયણમાં તપ કરી પ્રદ્યુમ્નને જન્મ આપ્યો હતો. પવન અને અંજનીએ તપસ્વી પૂષાના આશ્રમમાં બજરંગબલીને જન્મ આપ્યો. આ હિમાલય ક્ષેત્રમાં કરેલી તપસાધનાનાં જ ચમત્કારી વરદાનો હતાં.

સંસ્કારવાન ક્ષેત્ર અને તપસ્વીઓના સંપર્ક-લાભનાં અનેક ઉદાહરણો છે. સ્વાતિ નક્ષત્રમાં વરસાદનું ટીપું છીપમાં પડવાથી મોતી, વાંસમાં વંશલોચન અને કેળમાં કપૂરનું નિર્માણ થાય છે. ચંદનની નજીક ઊગેલાં

ઝાડઝાંખરાં પણ સુગંધિત બની જાય છે. પારસનો સ્પર્શ કરી લોખંડ સોનું બની જાય છે. મારા માર્ગદર્શક સૂક્ષ્મ શરીરથી પૃથ્વીના સ્વર્ગ જેવા હિમાલયમાં સૈકાઓથી રહે છે જેના દ્વારે હું બેઠો છું. મારી બેટરી ચાર્જ કરવા માટે મને સમયાંતરે બોલાવતા રહે છે. જ્યારે પણ નવું કામ સોંપવાનું હોય છે ત્યારે તેઓ નવી શક્તિ આપવા માટે મને બોલાવે છે અને પાછા આવતી વખતે મને લખલૂટ શક્તિનો ભંડાર આપી રવાના કરે છે તેનો મને અનુભવ થયો છે.

હું પ્રજ્ઞાપુત્રોને,જાગૃત આત્માઓને યુગપરિવર્તનના કાર્યમાં રીંછ વાનર, ગ્વાલ-બાલની ભૂમિકા નિભાવવાની શક્તિ આપવા માટે શિક્ષણ આપવા અને સાધના કરાવવા માટે ઘણીવાર શાંતિકુંજ બોલાવતો રહું છું. આ સ્થાનની પોતાની આગવી વિશેષતા છે. ગંગાની ગોદ, હિમાલયની છાયા, પ્રાણચેતનાથી ભરપૂર વાતાવરણ અને દિવ્ય સંરક્ષણ અહીં ઉપલબ્ધ છે. અહીં થોડોક સમય પણ રહેનારાઓ પોતાનામાં કાયકલ્પ જેવું પરિવર્તન થયાનું અનુભવે છે. એમને લાગે છે કે ખરેખર કોઈ જાગૃત તીર્થમાં નિવાસ કરીને અભિનવ ચેતના પ્રાપ્ત કરીને પાછા આવી રહ્યા છીએ. આ એક પ્રકારનું આધ્યાત્મિક સેનેટોરિયમ છે.

સાઠ વર્ષથી ચાલતો અખંડ દીપક, નવકુંડી યજ્ઞશાળામાં નિત્ય બે કલાક યજ્ઞ, બંને નવરાત્રિમાં ૨૪-૨૪ લાખનાં ગાયત્રી મહાપુરશ્ચરણ, સાધના આરણ્યકમાં નિત્ય ઉપાસકો દ્વારા નિયમિત ગાયત્રી અનુષ્ઠાન વગેરેથી મલયાચલ પર્વત ઉપર ચંદન વૃક્ષોનું મનગમતી સુગંધ જેવા દિવ્ય વાતાવરણનું અહીં નિર્માણ થાય છે. સાધના કર્યા વગર પણ અહીં એવો આનંદ આવે છે, જાણે કે સમય તપમાં જ પસાર થયો છે. અહીં સતત દિવ્ય અનુભૂતિ થતી રહે છે એ જ શાંતિકુંજ ગાયત્રી તીર્થની વિશેષતા છે. આ સંસ્કારિત સિદ્ધપીઠ છે. કારણ કે અહીં સૂક્ષ્મ-શરીરધારી એ બધા જ ઋષિઓ તેમના ક્રિયાકલાપોરૂપે વિદ્યમાન છે, જેમનું વર્ણન અહીં કરવામાં આવ્યું છે.

ઉપર્યુક્ત વર્ણનમાં ઋષિ-પરંપરાની કેટલીક તૂટતી કડીઓને જોડવાનો એ ઉલ્લેખ છે, જેને બ્રહ્મવર્ચસ્ શોધ સંસ્થાન અધ્યાત્મ અને

વિજ્ઞાનનો સમન્વય કરવાનો પ્રયત્ન કરી રહ્યું છે. આવા પ્રસંગો એક નહિ પણ અનેક છે, જેના ઉપર છેલ્લાં ૭૦ વર્ષોથી કામ ચાલી રહ્યું છે. એ સિદ્ધ કરવામાં આવી રહ્યું છે કે લગન તથા તત્પરતાયુક્ત ઉચ્ચસ્તરીય પ્રયોગો કરવામાં આવે તો તેનાં પરિણામો કેટલાં મહત્ત્વપૂર્ણ હોય છે.

મારા જીવનનું સૌથી મોટું અને મહત્ત્વનું કામ એક જ છે કે વાતાવરણને બદલવા માટે દૃશ્ય અને અદૃશ્ય પ્રયત્નો કરવામાં આવે. અત્યારે આસ્થા સંકટ સર્વત્ર વ્યાપેલું છે. લોકો નીતિ અને મર્યાદાને તોડવા માટે ખરાબ પ્રયાસો કરી રહ્યા છે. પરિણામે અનાચારોની અભિવૃદ્ધિના કારણે ચારે બાજુ અનેક સંકટો છવાઈ ગયાં છે. નથી વ્યક્તિ સુખી, નથી સમાજમાં સ્થિરતા. સમસ્યાઓ,વિપત્તિઓ તથા વિભીષિકાઓ નિરંતર વધી રહ્યાં છે. સુધારણાના પ્રયત્નો ક્યાંય સફળ થતા નથી. સ્થિર સમાધાન માટે લોકમાનસનો પરિષ્કાર અને સત્પ્રવૃત્તિઓનું સંવર્ધન આ જ બે ઉપાયો છે. આ બંને ઉપાયો પ્રત્યક્ષ રચનાત્મક, સંગઠનાત્મક અને સુધારાત્મક પ્રવૃત્તિઓ દ્વારા અને પરોક્ષ આધ્યાત્મિક ઉપાયો દ્વારા પણ ચાલવા જોઈએ. ગત વર્ષોમાં આ જ કરવામાં આવ્યું છે. મારા સંપૂર્ણ સામર્થ્યને આમાં જ હોમી દેવામાં આવ્યું છે. એનાં આશ્ચર્યજનક પરિણામો આવ્યાં છે અને હવે જે કંઈ થશે તે અકલ્પ્ય હશે.

એક શબ્દમાં કહેવું હોય તો આ બ્રાહ્મણ મનોભૂમિ દ્વારા અપનાવેલી સંત પરંપરા અપનાવવામાં દાખવેલી તત્પરતા છે. આવા પ્રયત્નોમાં જોડાયેલા લોકો પોતાનું કલ્યાણ તો કરે જ છે, સાથે બીજાઓનું પણ કરે છે.

# ૧૮. મારી પ્રત્યક્ષ સિદ્ધિઓ

જ્યારે સંપત્તિ એકઠી થાય છે ત્યારે તેનો પ્રભાવ દૃષ્ટિગોચર થવા લાગે છે. શારીરિક રીતે સ્વસ્થ મનુષ્ય બળવાન અને સુંદર દેખાય છે. ધનવાનોના ઠાઠમાઠ વધી જાય છે. બુદ્ધિશાળીઓનો વૈભવ તેમની વાણી અને રહેણીકરણીમાં દેખાવા લાગે છે. એ જ રીતે આધ્યાત્મિક સંપત્તિ વધવાથી તેનો પ્રભાવ પણ સ્પષ્ટપણે દૃષ્ટિગોચર થવા લાગે છે. સાધનાથી સિદ્ધિનો અર્થ છે- અસાધારણ સફળતાઓ. સાધારણ સફળતાઓ તો સામાન્ય માણસ પણ પોતાના પુરુષાર્થ અને સાધનોથી પ્રાપ્ત કરતા રહે છે અને વિવિધ પ્રકારની સફળતાઓ પણ પ્રાપ્ત કરતા રહે છે. અધ્યાત્મક્ષેત્ર વિશાળ છે. આથી તેની સિદ્ધિઓ પણ સામાન્ય માણસના એકલાના પ્રયાસથી ન મેળવી શકાય એટલી જ ઊંચી હોવી જોઈએ.

દુર્ભાગ્યની વાત તો એ છે કે આજે આધ્યાત્મિકતાનું અવમૂલ્યન થતાં થતાં તે જાદુગરીના સ્તરે પહોંચી ગઈ છે અને સિદ્ધિઓનું તાત્પર્ય લોકો કૌતુક - કુતૂહલ ઉત્પન્ન કરતા અને દર્શકોને અચંબામાં નાખતા ચમત્કારને સમજવા લાગ્યા છે. પછી ભલે આવાં કૌતુકો નિરર્થક કેમ ન હોય ? હાથમાંથી કંકુ કાઢવું એ કોઈ એવું કાર્ય નથી કે જેનાથી કોઈનું ભલું થતું હોય. અસાધારણ કૃત્યો, અચંબો પમાડે તેવી હાથચાલાકી જાદુગરો જ કરતા હોય છે અને તેના સહારે વાહવાહ બોલાવે છે અને પૈસા કમાય છે. પણ આમાંથી એક પણ કાર્ય એવું નથી, જેનાથી માનવહિત થઈ શકતું હોય. કુતૂહલ પેદા કરી મોટાઈ સાબિત કરવી એ જ એમનું કામ હોય છે. આના સહારે ગુજરાન ચલાવે છે, સિદ્ધ-પુરુષોમાં પણ કેટલાય એવા છે, જેઓ થોડીક હાથચાલાકી બતાવી પોતાની સિદ્ધિઓની જાહેરાત કરતા હોય છે. હવામાં હાથ હલાવી ઈલાયચી અથવા મીઠાઈ મંગાવવી, ડબલ પૈસા કરવા વગેરેના બહાને ચમત્કૃત કરીને કેટલાય ભોળા લોકોને ઠગવાના સમાચાર અવારનવાર સાંભળવા મળે છે. જે લોકો જાદુ અને

અધ્યાત્મની સફળતા વચ્ચેનો ભેદ સમજી શકતા નથી તેઓ બાળક બુદ્ધિના છે. જાદુગરો અને સિદ્ધ-પુરુષોના જીવનવ્યવહાર અને સ્તરમાં જે મૌલિક તફાવત હોય છે તેને ઓળખવો ખૂબ જ જરૂરી છે.

સાધનાથી સિદ્ધિનું તાત્પર્ય એવાં વિશિષ્ટ કાર્યો સાથે છે, જે લોક-કલ્યાણ સાથે સંબંધિત હોય છે તથા તે કાર્યો એટલાં વિશાળ અને ભારે હોય છે કે કોઈ એક જ વ્યક્તિ પોતાના એકાકી સંકલ્પ અથવા પ્રયાસથી સંપન્ન કરી શકતી નથી. છતાં સિદ્ધ-પુરુષો એ કરવાનું દુસ્સાહસ કરે છે, આગળ વધવાનું પગલું ભરે છે અને અશક્ય લાગતાં કાર્યને પણ શક્ય કરી બતાવે છે. સમયાનુસાર લોકોનો સહકાર એમને પણ મળતો રહે છે. કોઈ પણ કાર્યમાં સૃષ્ટિના નિયમો મુજબ સહયોગ મળતો રહે છે, તો પછી એવું કોઈ કારણ નથી કે શ્રેષ્ઠ કાર્યો માટે લોકોનો સહકાર ન મળે. પ્રશ્ન એક જ છે કે અધ્યાત્મવાદીઓ સાધનો અને સહયોગ વિના પણ આગળ ડગલાં માંડે છે અને આત્મવિશ્વાસ તથા ઈશ્વર-વિશ્વાસના સહારે પોતાની નાવ પાર થઈ જશે એવો ભરોસો રાખે છે. સામાન્ય લોકોની મનઃસ્થિતિ આવી નથી હોતી. તેઓ પોતાની સામે સાધન અને સહયોગની વ્યવસ્થા જોયા પછી જ તેમાં હાથ નાખે છે.

સાધનારત સિદ્ધ-પુરુષો દ્વારા જ મહાન કાર્યો સંપન્ન થતાં રહે છે. આ જ તેમની સિદ્ધિનો ચમત્કાર છે. દેશમાં સ્વતંત્રતા - સંગ્રામનું આંદોલન ચાલુ કરાવવા માટે સમર્થ ગુરુ રામદાસ એક મરાઠા બાળકને આગળ કરી તેમાં જોડાઈ ગયા અને તેને આશ્ચર્યકારક સીમા સુધી વધારી શક્યા.બુદ્ધે વ્યાપક બનેલા ભ્રષ્ટાચાર વિરુદ્ધ વિશ્વવ્યાપી બુદ્ધિવાદી આંદોલન ચલાવ્યું અને સમગ્ર સંસારમાં ખાસ કરીને એશિયા ખંડના ખૂણેખૂણામાં ફેલાવ્યું. ગાંધીજીએ સત્યાગ્રહ આંદોલન ચાલુ કર્યું, મુઠ્ઠીભર લોકોના સહયોગથી ધરાસણામાં મીઠું બનાવવાની સાથે શરૂ કર્યું, તેનો કેટલો વિસ્તાર થયો અને કેવાં પરિણામો આવ્યાં તે સૌ જાણે છે. એકલા વિનોબા દ્વારા શરૂ કરવામાં આવેલું ભૂદાન આંદોલન કેટલું વ્યાપક અને સફળ થયું તે કોઈથી અજાણ્યું નથી. સ્કાઉટિંગ, રેડક્રોસ જેવાં કેટલાંય આંદોલન બહુ જ નાનકડા સ્વરૂપમાં શરૂ થયાં

અને આજે ક્યાંથી ક્યાં પહોંચી ગયાં. રાજસ્થાનનાં વનસ્થળી બાલિકા વિદ્યાલય, બાબા આમ્ટેનું અપંગ અને રક્તપિત્તિયાઓનું સેવાસદન વગેરે એવાં પ્રત્યક્ષ કાર્યો છે, જેને સાધનાની સિદ્ધિનું પ્રત્યક્ષ પ્રમાણ કહી શકાય. એવાં અગણિત કાર્યો સંસારમાં પૂરાં થયાં છે, જેમાં તે શરૂ કરનારાઓનાં કૌશલ્ય, સાધન અને સહયોગ નગણ્ય હતાં, પણ તેમનું આત્મબળ અસીમ હતું. એટલાથી જ એમની ગાડી ચાલવા લાગી અને જ્યાં ત્યાંથી તેલ-પાણી મેળવીને તેની મંજિલ સુધી જઈ પહોંચી. સારા ઉદ્દેશોની પૂર્ણતા પાછળ સાધનાથી સિદ્ધિનો જ પ્રકાશ જોઈ શકાય છે.

મારી જીવનસાધનાની પરિણતિને જો કોઈ સિદ્ધિના સ્તર પર શોધવા ઈચ્છે તો તેને નિરાશ થવું નહિ પડે. દરેક ડગલું કૌશલ્ય અને ઉપલબ્ધ સાધનોની સીમા કરતાં વધારે ઊંચા સ્તરનું ભર્યું છે. શરૂઆત કરતી વખતે સિદ્ધિઓનું પર્યવેક્ષણ કરનારાઓએ એને મૂર્ખતા કહી અને પાછળથી હાસ્યાસ્પદ બનવાની ચેતવણી પણ આપી, પરંતુ તે હાથમાં લેવા માટે જેની પ્રેરણા કામ કરાવી રહી હતી તે ભગવાન સાથે હોવાનો મનમાં અતૂટ વિશ્વાસ હતો. લિપ્સારહિત અંતઃકરણમાં એવા જ સંકલ્પો જાગતા હોય છે, જે લોકમંગળનાં કાર્યો સાથે સંબંધિત હોય છે અને જેની પાછળ દિવ્ય સહયોગ મળી રહેવાનો વિશ્વાસ હોય.

સાધનાની ઊર્જા સિદ્ધિના સ્વરૂપમાં પરિપક્વ થઈ તો તેને સામયિક જરૂરિયાતોના કોઈ પણ કાર્યમાં હોમી દેવાનો નિશ્ચય કર્યો. કાર્ય શરૂ થયું. સહયોગનાં સાધનો મળી રહેવાનું વાતાવરણ જોતાં જ પ્રયત્નો એવી રીતે આગળ વધ્યા જાણે કોઈએ તેની પહેલેથી જ સાંગોપાંગ વ્યવસ્થા ન કરી રાખી હોય ! સલાહકારોમાંથી ઘણાએ આને શરૂઆતમાં દુસ્સાહસ કહ્યું હતું, પણ જેમ જેમ સફળતાઓ મળતી ગઈ તેમ તેમ તે સફળતાઓને સાધનાની સિદ્ધિ કહેવા લાગ્યા.

આ દુસ્સાહસોની તો તૂટક તૂટક ચર્ચા કરવામાં આવી ચૂકી છે. આ બધાને પુનઃ દોહરાવી શકાય.

(૧) પંદર વર્ષની ઉંમરમાં ચોવીસ વર્ષ સુધી ચોવીસ ગાયત્રી

મહાપુરશ્ચરણ, ચોવીસ વર્ષમાં અનેક કડક નિયમો સાથે પૂર્ણ કરવાનો સંકલ્પ લેવામાં આવ્યો.તે કોઈ પણ જાતના વિઘ્ન વિના નિયત સમય-મર્યાદામાં પૂર્ણ થયો.

(૨) આ મહાપુરશ્ચરણની પૂર્ણાહુતિમાં નિર્ધારિત જપનો હવન કરવાનો હતો. દેશભરના ગાયત્રી ઉપાસકોને આશીર્વાદ આપવા માટે આમંત્રિત કરવાના હતા. તપાસ કરી, સરનામાં મેળવી એવા ચાર લાખ લોકોને ઈ.સ. ૧૯૫૮માં સહસ્ર કુંડી ગાયત્રી મહાયજ્ઞમાં આમંત્રિત કરવામાં આવ્યા. આનંદની વાત તો એ હતી કે આમાંથી એક પણ ગેરહાજર ન રહ્યો. પાંચ દિવસ સુધી નિવાસ, ભોજન, યજ્ઞ વગેરેનો નિ:શુલ્ક પ્રબંધ કરવામાં આવ્યો. વિશાળ યજ્ઞશાળા, પ્રવચન મંચ, વીજળી, પાણી, સફાઈ વગેરેની સુનિયોજિત વ્યવસ્થા કરવામાં આવી. સાત માઈલના વિસ્તારમાં સાત નગર બનાવવામાં આવ્યાં હતાં. સમગ્ર કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ થયું. લાખો રૂપિયાનું ખર્ચ થયું, પણ કોઈની આગળ હાથ ફેલાવવો ન પડ્યો.

(૩) ગાયત્રી તપોભૂમિ મથુરાનાં ભવનના નિર્માણનો શુભારંભ અમારી પૈતૃક સંપત્તિ વેચીને કર્યો. પાછળથી લોકોની અયાચિત સહાયતાથી તેનું ‘ધર્મતંત્રથી લોકશિક્ષણ’ની જવાબદારી સંભાળનાર કેન્દ્ર રૂપે એક વિશાળકાય માળખું તૈયાર થયું.

(૪) અખંડજ્યોતિ પત્રિકાનું ઈ.સ. ૧૯૩૭થી અવિરત પ્રકાશન. જાહેરાતો લીધા વિના અને ફાળો ઉઘરાવ્યા વિના પડતર કિંમતે પ્રગટ થતી રહી. જ્યારે ગાંધીજીનું ‘હરિજન માસિક’ ખોટ જવાના કારણે બંધ કરવું પડ્યું હતું, ત્યારે ‘અખંડ જ્યોતિ’ અનેક મુસીબતોનો સામનો કરતી પ્રગટ થતી રહી અને અત્યારે દોઢ લાખની સંખ્યામાં છપાય છે. એક અંકને અનેક લોકો વાંચે છે. આ દૃષ્ટિએ આ પત્રિકાના વાચકો દસ લાખથી ઓછા નથી.

(૫) સાહિત્ય સર્જન. આર્ષગ્રંથોનો અનુવાદ તથા વ્યાવહારિક જીવનમાં અધ્યાત્મના સિદ્ધાંતોનો સફળ સમાવેશ કરનાર સસ્તાં છતાં અત્યંત ઉપયોગી અને ઉચ્ચસ્તરીય પુસ્તકોનું પ્રકાશન. આ પુસ્તકોના

અન્ય ભાષાઓમાં અનુવાદ. આ લેખનકાર્ય એટલું વિશાળ છે કે એક મનુષ્યના શરીર સાથે તોલવામાં આવે તો તેના વજન કરતાં પણ સાહિત્યનું વજન વધી જાય. આને કરોડો લોકોએ વાંચીને નવો પ્રકાશ અને પ્રેરણા પ્રાપ્ત કર્યાં છે.

(૬) ગાયત્રી પરિવારનું ગઠન- તેના દ્વારા લોકમાનસના પરિષ્કાર માટે પ્રજ્ઞા અભિયાનનું અને સત્પ્રવૃત્તિ સંવર્ધન માટે યુગનિર્માણ યોજનાનું કાર્યાન્વયન. આ બંને અંતર્ગત લાખો જાગૃત આત્માઓનું એકીકરણ. આ બધાનું નવસર્જનના કાર્યમાં પોતપોતાની રીતે ભાવભર્યું યોગદાન.

(૭) યુગશિલ્પી પ્રજ્ઞાપુત્રો માટે આત્મનિર્માણ અને લોકનિર્માણના સમગ્ર અભ્યાસક્રમનું નિર્ધારણ અને સત્ર યોજના અંતર્ગત નિયમિત શિક્ષણ. દસ દસ દિવસનાં ગાયત્રી સાધનાસત્રોની એવી વ્યવસ્થા, જેમાં નિવાસ, ભોજન વગેરેની પણ વ્યવસ્થા છે.

(૮) અધ્યાત્મ અને વિજ્ઞાનના સમન્વયની શોધ માટે બ્રહ્મવર્ચસ્ શોધ સંસ્થાનની સ્થાપના.. આમાં યજ્ઞ વિજ્ઞાન અને ગાયત્રી મહાશક્તિનું ઉચ્ચસ્તરીય સંશોધન ચાલે છે. આ ક્રમને આગળ વધારીને જડીબુટ્ટી વિજ્ઞાનની 'ચરક કાલીન' પ્રક્રિયાનું અભિનવ સંશોધન પણ હાથ ધરવામાં આવ્યું છે. આની સાથે જ ખગોળ વિજ્ઞાનની તૂટેલી કડીઓને નવેસરથી જોડવામાં આવી રહી છે.

(૯) દેશના ખૂણેખૂણે ૨૪૦૦ પોતાના મકાનવાળી પ્રજ્ઞાપીઠો અને વગર ઈમારતોનાં ૭૫૦૦ પ્રજ્ઞા સંસ્થાનોની સ્થાપના કરીને નૈતિક, બૌદ્ધિક અને સામાજિક પુનર્નિર્માણની યુગાન્તરીય ચેતનાને વ્યાપક બનાવવાનો સફળ પ્રયાસ. આ પ્રયત્નને ૭૪ દેશોમાં નિવાસ કરતા ભારતીયો સુધી પણ ફેલાવવામાં આવ્યો છે.

(૧૦) દેશની તમામ ભાષાઓ તથા સંસ્કૃતિઓનું અધ્યયન અને અધ્યાપનનું એક અભિનવ કેન્દ્ર સ્થાપવામાં આવ્યું છે, જેથી દરેક વર્ગના લોકો સુધી આ નવયુગની વિચારધારાને પહોંચાડી શકાય. પ્રચારકો દરેક ક્ષેત્રોમાં પહોંચી શકે. અત્યારે તો

જનજાગરણ માટે પ્રચારક ટોળીઓ જીપગાડીઓ દ્વારા હિન્દી, ગુજરાતી, ઉડિયા, મરાઠી ક્ષેત્રોમાં જ જાય છે. પણ હવે ખૂણેખૂણે પહોંચશે અને પવિત્રતા, પ્રખરતા અને એકતાનાં મૂળ મજબૂત કરશે.

(૧૧) અત્યાર સુધીનું સમગ્ર પ્રચારકાર્ય ટેપરેકૉર્ડર અને સ્લાઈડ પ્રોજેક્ટરોના માધ્મથી જ ચાલતું રહ્યું છે. હવે એમાં વીડિયો ફિલ્મ બનાવવાનું કામ પણ શરૂ કરવામાં આવ્યું છે.

(૧૨) પ્રજ્ઞા અભિયાનની વિચારધારાને ફોલ્ડર યોજના દ્વારા દેશની તમામ ભાષાઓમાં પ્રસારિત કરવામાં આવી રહી છે, જેથી કોઈ ખૂણો એવો ન રહે જયાં નવચેતનાનું વાતાવરણ ન જાગે.

(૧૩) પ્રજ્ઞાપુરાણના પાંચ ભાગોનું પ્રકાશન દરેક ભાષામાં તથા તેનાં ટેપ પ્રવચનોનું નિર્માણ. આના આધારે નવીનતમ સમસ્યાઓનું પુરાતન કથાના આધારે સમાધાન કરવાનો પ્રયત્ન.

(૧૪) હંમેશ માટે શાંતિકુંજમાં વિદ્યાર્થીઓ, મહેમાનો તથા તીર્થયાત્રીઓ મળીને એક હજાર કરતાં વધુ લોકો ભોજન લે છે. કોઈની પાસેથી કંઈ પણ માગવામાં આવતું નથી. બધા જ ભાવના અને શ્રદ્ધાથી પ્રસાદ ગ્રહણ કરીને જ જાય છે.

અગણિત લોકો ગાયત્રી તીર્થમાં આવીને અનુષ્ઠાન સાધના કરતા રહે છે. આનાથી તેમના વ્યક્તિત્વમાં સુધારો આવ્યો છે, મનોવિકારોથી મુક્તિ મળી છે તથા ભાવિ જીવનનો ક્રમ નક્કી કરવામાં મદદ મળી છે. વિજ્ઞાન સંમત પદ્ધતિથી બ્રહ્મવર્ચસ્ શોધ સંસ્થાનમાં તેમનું પર્યવેક્ષણ કરીને તેની સત્યતાને પ્રમાણિત પણ કરવામાં આવી છે.

ઉપર્યુક્ત મુખ્ય કાર્યો અને નિર્ધારણોને જોઈને સહજ રીતે અનુમાન કરી શકાય છે કે આને માટે કેટલો શ્રમ, કેટલો મનોયોગ,કેટલાં સાધન અને કેટલા બધા લોકો મંડી પડ્યા હશે તેની કલ્પના કરતાં લાગે છે કે આ બધાની પાછળ વપરાયેલ સરંજામ પહાડ જેટલો હોવો જોઈએ. આને ઉપાડવામાં, આમંત્રિત કરવામાં અને એકત્રિત કરવામાં એક વ્યક્તિની અદૃશ્ય શક્તિ કામ કરતી રહી છે. પ્રત્યક્ષ માગણી, અપીલ

અથવા ફાળો ઉઘરાવવાનું કાર્ય ક્યારેય અપનાવવામાં આવ્યું નથી. જે કંઈ ચાલ્યું છે તે સ્વેચ્છાયુક્ત સહયોગથી થયું છે. સૌ જાણે છે કે આજકાલ ધન એકત્રિત કરવા માટે કેટલાં દબાણ, આકર્ષણ અને યુક્તિઓ કામે લગાડવી પડે છે, પણ ફક્ત આ એક જ મિશન એવું છે કે રોજના જ્ઞાનઘટના દશ પૈસા અને ધર્મઘટનું એક મુઠી અનાજથી પોતાનું કાર્ય બહુ જ સારી રીતે ચલાવી લે છે. જે આટલો નાનકડો ત્યાગ કરે છે તેને એવો પણ અનુભવ થાય છે કે સંસ્થા અમારી છે, અમારા શ્રમ અને સહયોગથી ચાલી રહી છે.પરિણામે તેની આત્મીયતા પણ આ મિશન સાથે સઘન રીતે જોડાયેલી રહે છે. સંચાલકને પણ આટલા બધા લોકોને જવાબ આપવા માટે એકેએક પાઈનું ખર્ચ ખૂબ જ સમજી વિચારીને કરવું પડે છે. ઓછી રકમમાં આટલું વિશાળ કાર્ય કરવું અને સફળતા પ્રાપ્ત કરવી તેનું રહસ્ય આ લોકપ્રિયતા જ છે.

નિઃસ્વાર્થ, નિસ્પૃહ અને ઉચ્ચસ્તરીય વ્યક્તિત્વવાળા જેટલા કાર્યકર્તાઓ આ મિશન પાસે છે તેટલા ભાગ્યે જ કોઈ બીજા મિશન પાસે હશે. આનું કારણ એક જ છે, એના સંચાલકને બહુ જ નજીકથી પારખ્યા પછી એ વિશ્વાસ રાખવો કે અહીં તો બ્રાહ્મણ આત્મા સાચા અર્થમાં કામ કરી રહ્યો છે. બુદ્ધને લોકોએ ઓળખ્યા અને લાખો પરિવ્રાજકો ઘરબાર છોડીને તેમના અનુયાયી બની ગયા. ગાંધી સત્યાગ્રહીઓએ પણ વેતન માગ્યું નથી. અત્યારે દરેક સંસ્થા પાસે પગારદાર કર્મચારીઓ કામ કરે છે. ત્યારે ફક્ત પ્રજ્ઞા અભિયાન જ એક એવું તંત્ર છે, જેમાં હજારો લોકો પાસે ઉચ્ચ પ્રકારની યોગ્યતા હોવા છતાં ફક્ત ભોજન અને વસ્ત્રો લઈને જ પોતાનો નિર્વાહ કરે છે.

આટલી વ્યક્તિઓનો શ્રમ અને સહયોગ, એક એક ટીપાંની જેમ એકત્ર થતું આટલું ધન અને સાધનો ક્યા ચુંબકથી ખેંચાઈને ચાલ્યાં આવે છે તે પણ એક સિદ્ધિનો ચમત્કાર છે, જે બીજે ભાગ્યે જ જોવા મળે !

ભૂતકાળમાં વારંવાર હિમાલય જવાનો અને એકાંત સાધના કરવાનો આદેશ નિભાવવો પડ્યો. એમાં શું જોયું એની જિજ્ઞાસા લોકો આતુરતાપૂર્વક કરી રહ્યા છે. તેમને તો એમ હશે કે કોઈ યક્ષ, ગંધર્વ,

રાક્ષસ, વેતાળ યા તો કોઈ સિદ્ધ-પુરુષ સાથે મુલાકાત થઈ હશે. એ બધાનું જીવન જોયું હશે. અદૃશ્ય અને પ્રગટ થનાર કોઈ જાદુઈ ચિરાગ જેવું હશે. આ બધી ઘટનાઓ સાંભળવાનું મન થતું હશે. તેઓ તો એમ સમજે છે કે હિમાલય એટલે જાદુનો ખજાનો, ત્યાં જતાંની સાથે જ કોઈ ચમત્કારિક બાવો ભૂતની જેમ કૂદી પડતો હશે અને જે કોઈ ત્યાં આવતું હશે તેને જાદુથી, ચમત્કારોથી મુગ્ધ કરી દેતો હશે.હકીકતમાં હિમાલયમાં મારે વધુ અંતર્મુખી થવા માટે જવું પડ્યું. બહિરંગ જીવન ઉપર પ્રસંગો છવાયેલા રહે છે અને અંતઃક્ષેત્ર પર ભાવનાઓ. ભાવનાઓનું વર્ચસ્વ જ અધ્યાત્મવાદ છે. કામનાઓ, વસ્તુઓ અને ધનની આંધળી દોટ એટલે ભૌતિકવાદ. આમ તો આપણું જીવન બંનેનું સંગમસ્થાન છે. આથી વચ્ચે વચ્ચે એકાંતમાં બહિરંગના જામેલા પ્રભાવને દૂર કરવાની જરૂર પડે છે. આત્માને પ્રકૃતિના સાંનિધ્યથી બની શકે તેટલો દૂર લઈ ગયો અને આત્માને પરમાત્માની નજીક લાવવા જેટલું શક્ય હતું તેટલું હિમાલયના અજ્ઞાતવાસમાં કર્યું. પરિસ્થિતિવશ આહારવિહારમાં અધિક સાત્ત્વિકતાનો સમાવેશ થતો રહ્યો. આ ઉપરાંત સૌથી મોટો લાભ થયો ઉચ્ચસ્તરીય ભાવ સંવેદનાઓનું ઉન્નયન અને રસાસ્વાદ. એ માટે માણસોની, સાધનોની તથા પરિસ્થિતિઓની જરૂર પડતી નથી. જે કંઈ ખરું ખોટું સામે છે તેના ઉપર પોતાના ભાવચિંતનનું આરોપણ કરી એવું સ્વરૂપ બનાવી શકાય છે, જેનાથી કંઈ ને કંઈ જોવા મળે. કણકણમાં ભગવાનની, તેની રસ-સંવેદનાની અનુભૂતિ થવા લાગે.

જેમણે મારું 'સૂનકારના સાથી' (સુનસાન કે સહચર) પુસ્તક વાંચ્યું છે તેઓ સમજ્યા હશે કે સામાન્ય પ્રસંગો અને પરિસ્થિતિઓમાં પણ પોતાની ઉચ્ચ ભાવનાઓનો સમાવેશ કરીને કેવી રીતે સ્વર્ગીય ઉમંગોથી ભરપૂર વાતાવરણ બનાવી શકાય છે અને તેમાં મગ્ન રહીને સત્, ચિત્ અને આનંદની અનુભૂતિ થઈ શકે છે. આ પણ એક ઉચ્ચસ્તરીય સિદ્ધિ છે. એ પ્રાપ્ત કરીને હું સામાન્ય લોકોના જેવી જીવનચર્યામાં રત રહીને સ્વર્ગમાં રહેનાર દેવતાઓની જેમ આનંદમગ્ન જીવન જીવી રહ્યો છું.

# ૧૯. ચોથો અને છેલ્લો નિર્દેશ

ગયા વર્ષે ચોથી વાર મને ફરીથી એક અઠવાડિયા માટે બોલાવવામાં આવ્યો. પહેલાંની જેમ જ સંદેશ આવ્યો. આજ્ઞાના પાલનમાં મોડું કરવાનું ક્યાં હતું ! મારું શરીર સોંપેલાં કાર્યો કરતું રહ્યું છે, પણ મન તો સદૈવ દુર્ગમ હિમાલયમાં મારા ગુરુ પાસે જ રહ્યું છે. કહેતાં સંકોચ થાય છે પણ એવું લાગે છે કે ગુરુદેવનું શરીર હિમાલયમાં રહે છે, પણ તેમનું મન મારી આસપાસ ફરતું રહે છે. તેમની વાણી અંતરમાં પ્રેરણા બનીને ગુંજતી રહે છે. આ ચાવીને ભરવાથી જ હૃદય અને મસ્તિષ્કનું લોલક હાલતુંચાલતું અને ઊછળતું રહે છે.

પહેલાંની ત્રણ વખતની જેમ યાત્રા કઠિન ન રહી. આ વખતે સાધનાની પરિપક્વતાના કારણે સૂક્ષ્મ શરીરને જ આવવાનો નિર્દેશ મળ્યો હતો. એ કાયાને એકસાથે ત્રણેય પરીક્ષાઓ ફરીથી આપવાની હતી. સાધના ક્ષેત્રમાં એક વાર પાસ થઈ જતાં કસોટી થયેલાને ફક્ત ચકાસવામાં જ આવે છે. માર્ગ જોયેલો હતો. દિનચર્યા બનાવેલી હતી જ. ગોમુખ પાસે મળવું અને તપોવન સુધી સહજ રીતે પહોંચી જવું એ જ ક્રમ ફરીથી ચાલ્યો. એમનું સૂક્ષ્મ શરીર ક્યાં રહે છે, શું કરે છે એ મેં કદી પૂછ્યું નથી. મને તો મળવાના સ્થાનની ખબર છે. મખમલનો ગાલીચો અને બ્રહ્મકમળની ઓળખાણ થઈ ગઈ હતી. તેને શોધી કાઢતો અને મળતાંવેંત ગુરુદેવનાં ચરણકમળો પર ચઢાવી દેતો. વંદન અને આશીર્વાદના શિષ્ટાચારમાં જરા પણ વાર થતી નહિ અને કામની વાત તરત જ શરૂ થઈ જતી.આ જ પ્રકરણ આ વખતે પણ દોહરાવવામાં આવ્યું. રસ્તામાં મન વિચારતું હતું કે જેટલી વાર બોલાવવામાં આવ્યો છે તેટલી વાર જૂનું સ્થળ છોડીને બીજે જવું પડ્યું છે. આ વખતે પણ સંભવ છે કે એવું જ થશે. શાંતિકુંજ છોડીને હવે આ ઋષિપ્રદેશમાં આવવાનો આદેશ મળશે

અને આ વખતે આગળ જે કંઈ કાર્યો થયાં છે તેની સરખામણીમાં અનેકગણું મોટું કાર્ય સ્વીકારવું પડશે. આ રસ્તાના સંકલ્પ-વિકલ્પ હતા. હવે તો પ્રત્યક્ષ મુલાકાત થઈ રહી હતી.

અત્યાર સુધીનાં કામો અંગે એમણે પ્રસન્નતા વ્યક્ત કરી. મેં એટલું જ કહ્યું, "કામ આપ કરો છો અને શ્રેય મારા જેવા વાનરને આપો છો. સમગ્ર સમર્પણ કર્યા પછી આ શરીર અને મન ફક્ત દેખાવ પૂરતાં જ અલગ છે. વાસ્તવમાં તો આ બધી આપની જ સંપદા છે. જ્યારે જેવું ઈચ્છો છો ત્યારે તોડી મરોડીને તેનો આપ ઉપયોગ કરી લો છો."

ગુરુદેવે કહ્યું, "અત્યાર સુધી જે કંઈ બતાવવામાં અને કરાવવામાં આવ્યું છે તે તો સ્થાનિક અને સામાન્ય હતું. વરિષ્ઠ માનવો એ કરી શકે છે અને ભૂતકાળમાં કરતા પણ હતા. તું આગળનું કાર્ય સંભાળીશ તો આ બધાં જ કામો તારા અનુયાયી લોકો સરળતાથી કરતા રહેશે. જે સૌ પ્રથમ કદમ ઉપાડે છે તેને અગ્રણી થવાનું શ્રેય મળે છે. પાછળ તો ગ્રહનક્ષત્રો પણ - સૌરમંડળના સભ્યો પણ- પોતપોતાની ધરી ઉપર વગર મુશ્કેલીએ ફરતા રહે છે.આગળનું કાર્ય આનાથી પણ મોટું છે. સ્થૂળ વાયુમંડળ અને સૂક્ષ્મ વાતાવરણ અત્યારે વિષાકત બની ગયાં છે, જેનાથી માનવીય ગરિમા જ નહિ, દૈવીસત્તા પણ સંકટમાં પડી ગઈ છે. ભવિષ્ય ખૂબ જ ભયાનક દેખાઈ રહ્યું છે. આની સામે પરોક્ષ રીતે લડવા માટે મારે અને તારે બધું જ કરી છૂટવું પડશે, જેને અદ્ભુત અને અલૌકિક કહી શકાય.

ધરતીનો સમગ્ર પરિઘ - વાયુ, પાણી અને જમીન ત્રણેય ઝેરી બની રહ્યાં છે. વૈજ્ઞાનિક કૌશલ્ય સાથે અર્થલોલુપતા ભળી ગઈ. પરિણામે યાંત્રીકરણે સર્વત્ર ઝેર ફેલાવી દીધું છે અને એવી પરિસ્થિતિ પેદા કરી દીધી છે, જેનાથી દુર્બળતા,રુગ્ણતા, બીમારી અને અકાળ મૃત્યુનું જોખમ દરેકના માથા ઉપર લટકી રહ્યું છે. અણુ આયુધોના અનાડીઓના હાથે થતા અણુપ્રયોગોના કારણે એટલો મોટો ખતરો પેદા થયો છે કે એનો જરા પણ ક્રમભંગ થતાં બધું જ ભસ્મ થઈ શકે છે. વસતીવધારો વરસાદી

ઘાસની જેમ થઈ રહ્યો છે. આ બધા ખાશે શું ? રહેશે ક્યાં ? આ બધી વિપત્તિઓ અને વિભીષિકાઓથી ઝેરી વાયુમંડળ ધરતીને નર્ક બનાવી દેશે.

જે હવામાં લોકો શ્વાસ લઈ રહ્યા છે, એમાં જે કોઈ શ્વાસ લે છે તે અયોગ્ય ચિંતન અને દુષ્કર્મો કરવા લાગે છે. દુર્ગતિ હાથવેંતમાં જ સામે આવી રહી છે. આ અદૃશ્ય લોકમાં ભરાયેલ વિકૃત વાતાવરણનું પરિણામ છે. આ પરિસ્થિતિમાં જે કોઈ રહેશે તે નરપશુ અને નરપિશાચ જેવાં કૃત્યો કરશે. ભગવાનની આ સર્વોત્તમ કૃતિ ધરતી અને માનવસત્તાને આ રીતે નરક બનતી જોઈને દુઃખ થાય છે. મહાવિનાશની સંભાવનાથી કષ્ટ થાય છે. આ સ્થિતિને બદલવા, આ સમસ્યાનું સમાધાન કરવા ભારે ગોવર્ધન પર્વત ઉપાડવો પડશે. લાંબો સમુદ્ર કૂદવો પડશે. આના માટે વામન જેવાં મોટાં કદમ ભરવા માટે તને બોલાવવામાં આવ્યો છે.

આના માટે તારે એકમાંથી પાંચ બનીને પાંચેય મોરચે લડવું પડશે. કુંતાજીની જેમ પોતાની એકાકી સત્તાને નિચોવીને પાંચ દેવપુત્રોને જન્મ આપવો પડશે. જેમણે અલગ અલગ મોરચાઓ પર અલગ અલગ ભૂમિકા નિભાવવી પડશે.

વાતમાં વચ્ચે વિક્ષેપ પાડીને મેં કહ્યું, “આ તો આપે પરિસ્થિતિની વાત કરી. આટલું વિચારવું અને સમસ્યાઓનું સમાધાન શોધવું એ તો આપના જેવા મહાન આત્માઓનું કામ છે. આ બાળકને તો કામ બતાવી દો અને હમેશાંની જેમ આ કઠપૂતળીના તારને આપની આંગળીઓ સાથે બાંધીને નાચ નચાવતા રહો. પરામર્શ કરવાની જરૂર નથી. સમર્પિતને તો ફક્ત આદેશ જ જોઈએ. પહેલાં પણ આપે જ્યારે જ્યારે કોઈ મૂક આદેશ સ્થૂળ યા સૂક્ષ્મ સંદેશરૂપે મોકલ્યો છે, ત્યારે મેં મારા તરફથી કોઈ આનાકાની કરી નથી. ગાયત્રીનાં ચોવીસ મહાપુરશ્ચરણોથી માંડીને સ્વતંત્રતા - સંગ્રામમાં ભાગ લેવા સુધી, કલમ હાથમાં પકડવાથી માંડીને વિરાટ યજ્ઞાયોજન સુધી અને વિશાળ સંગઠન ઊભું કરવાથી માંડીને કરોડોની સંખ્યામાં પરિજનો એકત્રિત કરવા સુધી આપની આજ્ઞા, સંરક્ષણ અને માર્ગદર્શને જ સમગ્ર ભૂમિકા ભજવી છે. દૃશ્યરૂપે ભલે હું જ બધાંની સામે રહ્યો હોઉં, પણ મારું અંતઃકરણ જાણે છે કે આ બધું

કરાવનાર સત્તા કોણ છે, પછી એમાં મારો મત કેવો ને મારી સલાહ કેવી ? આ શરીરનો એકેએક અણુ, લોહીનું એકેએક ટીપું, ચિંતન-અંતઃકરણ આપને - વિશ્વમાનવને- સમર્પિત છે.એમણે પ્રસન્નવદને સ્વીકાર કર્યો અને પરાવાણીથી નિર્દેશ વ્યક્ત કરવાનો એમને સંકેત કર્યો.

ચર્ચારૂપે વાત થઈ રહી હતી તે પૂરી થઈ અને સારસંકેત રૂપે જે કંઈ કહેવાનું હતું તે કહેવાનું શરૂ થયું.

"તારે એકમાંથી પાંચ બનવાનું છે. પાંચ રામદૂતોની જેમ, પાંચ પાંડવોની જેમ, પાંચ રીતે કાર્યો કરવાનાં છે. આથી આ શરીરને પાંચમાં વિભાજિત કરવાનું છે. એક ઝાડ ઉપર પાંચ પક્ષીઓ રહી શકે છે. તું તારામાંથી પાંચ બનાવી દે. આને 'સૂક્ષ્મીકરણ' કહે છે. પાંચ શરીર સૂક્ષ્મ રહેશે, કારણ કે વ્યાપક ક્ષેત્રને સંભાળવાનું કામ સૂક્ષ્મ સત્તાથી જ થઈ શકે છે. જ્યાં સુધી પાંચેય પરિપકવ થઈને સ્વતંત્ર કામ સંભાળી ન શકે ત્યાં સુધી આ જ શરીરથી તેમનું પોષણ કરતો રહેજે. આમાં એક વર્ષ પણ લાગે અને વધારે સમય પણ થાય. જ્યારે તેઓ સમર્થ થઈ જાય ત્યારે એમને પોતાનું કાર્ય કરવા માટે મુક્ત કરી દેજે. સમય આવ્યે તારું દૃશ્યમાન સ્થૂળ શરીર મુક્ત થઈ જશે."

આ તો થયું દિશાસૂચન. કરવાનું શું છે, કેવી રીતે કરવાનું છે તે બધું તેમણે પોતાની વાણીમાં સમજાવ્યું. આનું વિવરણ કરવાનો આદેશ નથી. જે કહેવામાં આવ્યું છે, તે કરી રહ્યો છું. ટૂંકમાં આટલું જ સમજી લેવું પર્યાપ્ત થશે. (૧) વાયુ મંડળનું સંશોધન (૨) વાતાવરણનો પરિષ્કાર (૩) નવયુગનું નિર્માણ (૪) મહાવિનાશનું નિરસ્તીકરણ, સમાપન (૫) દેવમાનવોનું ઉત્પાદન- અભિવર્ધન.

"આ પાંચ કાર્યો કેવી રીતે કરવાનાં છે ? એના માટે પોતાની સત્તાને પાંચ ભાગમાં કેવી રીતે વિભાજિત કરવાની રહેશે ? ભગીરથ અને દધીચિની ભૂમિકા કેવી રીતે ભજવવી પડશે. આના માટે લૌકિક ક્રિયાકલાપોમાંથી નિવૃત્તિ લેવી પડશે. વેરવિખેર થયેલ શક્તિને એકત્ર કરવી પડશે. આ છે -'સૂક્ષ્મીકરણ'.

"આના માટે જે કંઈ કરવું પડશે તે તને યથાસમયે બતાવતો રહીશ. યોજનાને નિષ્ફળ બનાવવા માટે, આ શરીરને નષ્ટ કરવા માટે જે આસુરી પ્રહારો થશે તેનાથી તને બચાવતો રહીશ. પહેલાં થયેલ આસુરી આક્રમણની પુનરાવૃત્તિ ક્યારેક કોઈ પણ સ્વરૂપમાં સજ્જનો - પરિજનો ઉપર પ્રહારરૂપે થઈ શકે છે. પહેલાંની જેમ જ બધામાં મારું સંરક્ષણ સાથે જ રહેશે. અત્યાર સુધી જે કામ તને સોંપ્યું હતું તેને તું તારા સમર્થ અને સુયોગ્ય પરિજનોને સોંપી દેજે, જેથી મિશનના કોઈ પણ કામની ચિંતા યા જવાબદારી તારા ઉપર ન રહે. જે મહાપરિવર્તનની રૂપરેખા મારા મનમાં છે તે તને પૂરેપૂરી તો નથી બતાવતો, પણ સમય આવ્યે પ્રગટ કરતો રહીશ. આવા વિષમ સમયમાં એ રણનીતિને સમય પહેલાં પ્રગટ કરી દેવાથી ઉદ્દેશ્યને નુકસાન થશે."

આ વખતે મને વધારે સમય રોકવામાં આવ્યો નહિ. બેટરી ચાર્જ કરીને ઘણા દિવસ ચાલે તેવું આ વખતે બન્યું નહિ. એમણે કહ્યું કે "મારી ઊર્જા હવે તારી પાછળ અદૃશ્ય સ્વરૂપે ચાલતી રહેશે. હવે મારે અને જેને પણ જરૂર હશે એ ઋષિઓએ તારી સાથે હમેશાં રહીને તારા કામમાં સહયોગ આપતા રહેવું પડશે. તારે કોઈ પણ જાતના અભાવનો, આત્મિક ઊર્જાની ખોટનો ક્યારેય અનુભવ કરવો નહિ પડે. વાસ્તવમાં તો તે પાંચગણી વધી જશે."

મને વિદાય આપવામાં આવી અને હું શાંતિકુંજ પાછો આવ્યો. મારી સૂક્ષ્મીકરણ સાવિત્રી સાધના રામનવમી ૧૯૮૪ થી શરૂ થઈ ગઈ.

## તપશ્ચર્યા આત્મશક્તિના ઉદ્દ્ભવ માટે અનિવાર્ય

અરવિંદે વિલાયતથી પાછા આવતાં અંગ્રેજોને ભગાડવા માટે શક્ય તેટલા તમામ પ્રયત્નો કર્યા, પણ પરિણામ કંઈ જ ન આવ્યું. રાજાઓનું સંગઠન કર્યું, વિદ્યાર્થીઓની સેના બનાવી, એક પક્ષનું સંગઠન કરીને જોયું કે આટલી મોટી સશક્ત સરકાર સામે આ છૂટાછવાયા પ્રયત્નો સફળ નહિ થાય. આની સામે ટક્કર લેવા માટે તો સમાન સ્તરનું સામર્થ્ય જોઈએ. એ વખતે ગાંધીજીના સત્યાગ્રહ જેવો સમય ન હતો. આવી દશામાં એમણે આત્મશક્તિ ઉત્પન્ન કરીને તેનાથી વાતાવરણને ગરમ કરવાનું કામ હાથમાં લીધું. અંગ્રેજોની પકડમાંથી એક બાજુ આવીને તેઓ પોંડિચેરી ચાલ્યા ગયા અને એકાંતવાસ મૌન સાધના સહિત વિશિષ્ટ તપ કરવા લાગ્યા.

લોકોની દૃષ્ટિએ તો એ પલાયનવાદ હતો, પણ વાસ્તવમાં એવું ન હતું. સૂક્ષ્મદ્રષ્ટાઓની દૃષ્ટિએ આ તપ દ્વારા અદૃશ્ય સ્તરની પ્રચંડ ઊર્જા ઉત્પન્ન થઈ. વાતાવરણ ગરમ થયું અને એક જ સમયે દેશમાં એટલા બધા મહાપુરુષો ઉત્પન્ન થયા કે ઈતિહાસમાં બીજા કોઈ પણ દેશમાં એટલા પેદા નથી થયા.રાજનૈતિક નેતા તો ગમે ત્યાં ઉત્પન્ન થઈ શકે છે અને ગમે તે બની પણ શકે છે. પરંતુ મહાપુરુષો તો દરેક દૃષ્ટિએ ઉચ્ચ સ્તરના હોય છે. તેમનું વ્યક્તિત્વ ખૂબ ઊંચું હોય છે. લોકમાનસને ઉલ્લાસિત અને આંદોલિત કરવાની ક્ષમતા તેમનામાં હોય છે. બે હજાર વર્ષની ગુલામીમાં ઘણું બધું ખોઈ નાખનાર દેશને આવા જ કર્ણધારોની જરૂર હતી. જેવી રીતે ઉનાળામાં વંટોળ પેદા થાય છે તેવી રીતે એવા એક નહિ, પણ અનેક મહાપુરુષો એક જ સમયમાં ઉત્પન્ન થયા. પરિણામે અરવિંદનો એ સંકલ્પ સમય જતાં પૂર્ણ થયો, જેને તેઓ અન્ય ઉપાયોથી પૂરો કરવા માટે શક્તિમાન ન બની શકત.

અધ્યાત્મવિજ્ઞાનના ઈતિહાસમાં ઉચ્ચસ્તરીય ઉપલબ્ધિઓ માટે તપસાધના જ એકમાત્ર ઉપાય છે. તે સગવડયુક્ત વિલાસી રહેણીકરણી અપનાવીને કદી થઈ શકતી નથી. એકાગ્રતા અને એકાત્મતા પ્રાપ્ત કરવા માટે બહુમુખી બાહ્યોપચાર અને તેના પ્રચાર-પ્રસારથી દૂર રહેવું પડે છે. એમ ન કરવાથી શક્તિઓ વિખરાઈ જાય છે. પરિણામે કેન્દ્રીકરણનું એ પ્રયોજન પૂરું નથી થતું, જે બિલોરી કાચ ઉપર સૂર્યનાં કિરણો એકત્ર કરીને અગ્નિ પ્રગટ કરવા જેવી પ્રચંડતા ઉત્પન્ન કરી શકે. અઢાર પુરાણો લખતી વખતે વ્યાસ ઉત્તરાખંડની ગુફાઓમાં વસોધારા શિખર પાસે જતા રહ્યા હતા. સાથે લેખન કાર્યની સહાયતા માટે ગણેશજી પણ એમની સાથે હતા. શરત એ હતી કે એક પણ શબ્દ બોલ્યા વિના મૌન રહેવું. આટલું મહાન કાર્ય એનાથી ઓછામાં તો શક્ય પણ ન હતું.

ભારતીય સ્વાધીનતાસંગ્રામ વખતે મહર્ષિ રમણનું મૌન તપ ચાલતું હતું. આ ઉપરાંત હિમાલયમાં અનેક ઉચ્ચસ્તરીય આત્માઓનું વિશિષ્ટ તપ આ હેતુ માટે ચાલતું રહ્યું. રાજનેતાઓ દ્વારા સંચાલિત આંદોલનને સફળ બનાવવામાં આ અદૃશ્ય સૂત્ર સંચાલનનું કેટલું મોટું યોગદાન હતું તેનું અનુમાન સ્થૂળ દૃષ્ટિએ નહિ થઈ શકે, પણ સૂક્ષ્મદૃષ્ટિ આ રહસ્યો ઉપર પૂરો વિશ્વાસ રાખે છે.

જેટલું મોટું કાર્ય તેટલો જ મોટો તેનો ઉપાય - આ સિદ્ધાંતને ધ્યાનમાં રાખીને આ વખત વિશિષ્ટ તપશ્ચર્યા વાતાવરણના પ્રવાહને બદલવા - સુધારવા માટે કરવામાં આવી છે. આથી તેનું સ્વરૂપ અને સ્તર અઘરાં છે. શરૂઆતના દિવસોમાં જે કામની જવાબદારી મારા ખભે આવી હતી તે પણ લોકમાનસનો પરિષ્કાર કરીને જાગૃત આત્માઓને એક સંગઠન સૂત્રમાં પરોવવાની અને રચનાત્મક કાર્યક્રમોના ઉત્સાહને જગાવવાની હતી. આટલાથી જ જો કામ થઈ જાય તો તેની વ્યવસ્થા સમર્થ લોકો પોતાની પાસેથી અથવા બીજાઓની પાસેથી માંગીને પણ સરળતાથી કરી લેત અને અત્યાર સુધીમાં તો પરિસ્થિતિને બદલીને ક્યાંયની ક્યાં પહોંચાડી દીધી હોત. કેટલાય લોકોએ આ પ્રયત્ન જોરશોરથી કર્યો પણ ખરો. પ્રચારાત્મક સાધનો પણ પુષ્કળ પ્રમાણમાં

એકત્ર કરવામાં આવ્યાં, પણ અસરકારક પ્રભાવ પેદા થાય તેવું કાર્ય થયું નહિ. વસ્તુસ્થિતિને સમજનાર માર્ગદર્શકે સૌ પ્રથમ એક જ કામ સોંપ્યું. છેલ્લાં ત્રીસ વર્ષમાં જે કંઈ થયું તે આ ચોવીસ વર્ષની સાધનાનું પરિણામ છે. કમાણીની એ મૂડી જ અત્યાર સુધી કામ આપતી રહી છે. પોતાનું વ્યક્તિવિશેષનું, સમાજનું, સંસ્કૃતિનું જો મારાથી કંઈક ભલું થતું હોય તો ચોવીસ વર્ષના સંચિત ભંડારને ખર્ચી નાખવાની વાત સમજી શકાય તેવી છે. એ વખતે પણ ફક્ત જપ સંખ્યા જ પૂરી કરવામાં આવી ન હતી, પણ તેની સાથે કેટલાય નિયમો, અનુશાસન અને વ્રતપાલન પણ જોડાયેલાં હતાં.

જપ સંખ્યા તો કોઈ નવરો માણસ જેમ તેમ કરીને પણ પૂરી કરી શકે છે, પણ વિલાસી અને અસ્તવ્યસ્ત જીવનચર્યા અપનાવનાર કોઈ વ્યક્તિ માત્ર એટલી જ ચિહ્નપૂજા કરીને કોઈ મોટું કામ કરી શકતો નથી.સાથે તપશ્ચર્યાના કઠોર નિયમો પણ જોડાયેલા હોવા જોઈએ, જે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીર ત્રણેય શરીરોને તપાવીને દરેક રીતે સમર્થ બનાવે છે. સંચિત દોષદુર્ગુણો પણ આત્મિક પ્રગતિના માર્ગમાં ખૂબ મોટા અવરોધો હોય છે. તેનું નિરાકરણ અને નિવારણ પણ આ ભઠ્ઠીમાં પ્રવેશ કરવાથી થઈ જાય છે. જમીનમાંથી કાઢતી વખતે લોખંડ કાચું માટી ભળેલું હોય છે. અન્ય ધાતુઓ પણ આવી જ અણઘડ સ્થિતિમાં જ હોય છે. તેને ભઠ્ઠીમાં નાંખીને તપાવવામાં આવે છે અને ઉપયોગને યોગ્ય બનાવવામાં આવે છે. રસશાસ્ત્રીઓ બહુમૂલ્ય ભસ્મ બનાવવા માટે તેનો અગ્નિસંસ્કાર કરે છે. કુંભારની પાસે વાસણને પકવવા માટે નિભાડામાં મૂકવા સિવાય બીજો કોઈ ઉપાય નથી. મનુષ્યોને પણ આ જ નિયમ લાગુ પડે છે. ઋષિમુનિઓની સેવાસાધના, ધર્મધારણા તો જાણીતી છે જ, પણ તેઓ પોતાના લક્ષ્યની પૂર્તિ માટે આવશ્યક શક્તિ પ્રાપ્ત કરવા માટે તપશ્ચર્યા પણ સમય આવ્યે કરતા રહેતા હતા. આ પ્રક્રિયા પોતપોતાની રીતે દરેક મહત્ત્વપૂર્ણ વ્યક્તિએ કરવી પડી છે અને કરવી પડશે. કારણ કે ઈશ્વરદત્ત શક્તિઓનું ઊર્ધ્વીકરણ અને પરિપોષણ આના વગર થઈ શકતું નથી. વ્યક્તિત્વમાં પવિત્રતા, પ્રખરતા અને પરિપકવતા ન હોય તો ધારી

સફળતા પ્રાપ્ત કરી શકાતી નથી. છળકપટ, દંભ અને આતંકના આધારે પ્રાપ્ત કરેલી સફળતાઓ જાદુગરની જેમ હથેળીમાંથી કંકુ કાઢવા જેવા ચમત્કારો બતાવીને નષ્ટ થઈ જાય છે. મૂળ વગરનું ઝાડ કેટલા દિવસ ટકે અને કઈ રીતે ફૂલેફાલે ?

તપશ્ચર્યાનો મૌલિક સિદ્ધાંત છે - સંયમ અને સદુપયોગ. ઈન્દ્રિયસંયમથી પેટ ઠીક રહે છે. સ્વાસ્થ્ય બગડતું નથી. બ્રહ્મચર્યપાલનથી મનોબળનો ભંડાર ખૂટતો નથી. અર્થસંયમથી, નીતિની કમાણીથી સરેરાશ ભારતીય સ્તરનું જીવન જીવવું પડે છે. પરિણામે ગરીબી પણ આવતી નથી અને બેઈમાની કરવાની જરૂર પણ પડતી નથી. સમય સંયમથી વ્યસ્ત સમયપત્રક બનાવીને ચાલવું પડે છે. પરિણામે કુકર્મો માટે સમય જ મળતો નથી. જે કંઈ થાય છે તે શ્રેષ્ઠ અને સાર્થક જ થાય છે. વિચારસંયમથી એકાગ્રતા સધાય છે. આસ્તિકતા, આધ્યાત્મિકતા અને ધાર્મિકતાનો દૃષ્ટિકોણ વિકસિત થાય છે. ભક્તિયોગ, જ્ઞાનયોગ અને કર્મયોગની સાધના સહજ રીતે સધાતી રહે છે. સંયમનો અર્થ છે- બચત. ચારેય પ્રકારના સંયમનું પાલન કરવાથી મનુષ્ય પાસે એટલી બધી વધારાની બચત થાય છે,જેથી પરિવારની જરૂરિયાતો પૂરી કરવા ઉપરાંત પણ તે મહાન પ્રયોજનો માટે પુષ્કળ પ્રમાણમાં વાપરી શકાય. સંયમશીલ વ્યક્તિઓને વાસના, તૃષ્ણા અને અહંકારની ખાઈમાં ખપી જવું પડતું નથી. આથી સારા ઉદ્દેશ્યોની દિશામાં આગળ વધવાની જરૂર પડે ત્યારે અભાવ, ચિંતા, સમસ્યા વગેરેનાં બહાનાં કાઢવાં પડતાં નથી. સ્વાર્થ અને પરમાર્થ બંને સાથેસાથે સધાતા રહે છે અને હસતી - રમતી હલકી ફૂલ જેવી જિંદગી જીવવાનો અવસર મળે છે. આ માર્ગ ઉપર આજથી ૬૦ વર્ષ પહેલાં મારા માર્ગદર્શકે ચાલતાં શિખવાડ્યું હતું. આ ક્રમ અતૂટ રીતે ચાલતો રહ્યો. અવારનવાર બૅટરી ચાર્જ કરવા માટે મને બોલાવવામાં આવતો. છેલ્લાં ત્રીસ વર્ષોમાં એક એક વર્ષના એકાંતવાસ અને વિશેષ સાધના ક્રમ માટે જવું પડ્યું. એનો હેતુ એક જ હતો. તપશ્ચર્યાના ઉત્સાહ તથા પુરુષાર્થના વિશ્વાસ અને શ્રદ્ધામાં જરા પણ ઓટ ન આવી. જ્યાં પણ ખોટ પડી રહી હોય ત્યાં ભરપાઈ થતી રહે.

ભગીરથ શિલા-ગંગોત્રીમાં કરવામાં આવેલી સાધનાથી ધરતી પર જ્ઞાનગંગાની - પ્રજ્ઞા અભિયાનના અવતરણની ક્ષમતા અને દિશા મળી. ઉત્તરકાશીના પરશુરામ આશ્રમમાંથી એ કુહાડો પ્રાપ્ત થયો જેની મદદથી વ્યાપક અવાંછનીયતાની સામે લોકમાનસમાં વિક્ષોભ ઉત્પન્ન કરી શકાય. પૌરાણિક પરશુરામે આ ધરતી ઉપર અનેક આતંકવાદીઓનાં કેટલીય વાર માથાં કાપ્યાં હતાં. મારે મન માથું કાપવું એટલે 'બ્રેઈન વોશિંગ' કરવું. વિચારક્રાંતિ અને પ્રજ્ઞા અભિયાનમાં સર્જનાત્મક જ નહિ, સુધારાત્મક પ્રયોજન પણ સમાયેલાં છે. આ બંને ઉદ્દેશ જે રીતે જેટલા વ્યાપક બન્યા, જેટલી સફળતા સાથે સંપન્ન થતા રહ્યા છે, તેમાં નથી તો શક્તિનું કૌશલ્ય, નથી સાધનોનો ચમત્કાર, નથી પરિસ્થિતિઓનો સહયોગ. આ તો ફક્ત તપશ્ચર્યાની શક્તિથી જ થઈ રહ્યું છે.

આ અત્યાર સુધી ભૂતકાળની જીવનચર્યાનું વિવરણ થયું. વર્તમાનમાં આ જ દિશામાં એક મોટો કૂદકો મારવા માટેનો નિર્દેશ એ શક્તિએ કર્યો છે, જે સૂત્રધારના ઈશારે કઠપૂતળીની જેમ નાચતાં નાચતાં સમગ્ર જીવન વીતી ગયું. હવે મારે તપશ્ચર્યાની એક નવી જ ઉચ્ચસ્તરીય કક્ષામાં પ્રવેશ કરવો પડ્યો છે. સર્વસાધારણ લોકોને તો એટલી જ ખબર છે કે હું એકાંતવાસમાં છું અને કોઈને મળતો નથી. આ માહિતી સંપૂર્ણ રીતે અધૂરી છે, કારણ કે જે વ્યક્તિના રોમેરોમમાં કર્મઠતા, પુરુષાર્થપરાયણતા, નિયમિતતા તથા વ્યવસ્થા ભરેલી હોય તે આ રીતે લોકો સમજે છે તેવું નિરર્થક અને નિષ્ક્રિય જીવન જીવી શકે નહિ. એકાંતવાસમાં પહેલાં કરતાં મારે વધારે કામ કરવું પડ્યું છે, વધારે કાર્યરત રહેવું પડ્યું છે. લોકોની સાથે ન મળવા છતાં પણ એટલા બધા અને એવા લોકોની સાથે સંપર્ક સાધવો પડ્યો છે, જેમની સાથે બેસવામાં કલાકોના કલાકો ચાલ્યા જાય છે, છતાં મન ભરાતું નથી. પછી એકાંત ક્યાં રહ્યું ? ન મળવાની વાત ક્યાં રહી ? માત્ર કાર્યપદ્ધતિમાં જ સાધારણ પરિવર્તન થયું છે. મળનારાઓનો વર્ગ અને વિષય જ બદલાયો. આવી દશામાં પલાયનવાદ અને અકર્મણ્યતાનો દોષ ક્યાં આવ્યો ? તપસ્વીઓ હમેશાં આવી જ રીતરસમ અજમાવે

છે. તેઓ દેખાય છે નિષ્ક્રિય, પરંતુ વાસ્તવમાં તો વધારે કાર્યરત રહે છે. ભમરડો જ્યારે ઝડપથી ફરતો હોય છે ત્યારે સ્થિર લાગતો હોય છે. જ્યારે તેની ગતિ ધીમી પડે છે અને બેલેન્સ જળવાતું નથી ત્યારે જ એના ફરવાની ખબર પડે છે.

આઈન્સ્ટાઈન જે દિવસોમાં અતિ મહત્ત્વપૂર્ણ અણુ સંશોધનમાં વ્યસ્ત હતા ત્યારે તેમની જીવનચર્યામાં વિશેષરૂપે ફેરફાર કરવામાં આવ્યો હતો. તેઓ વિશાળ ભવનમાં એકલા જ રહેતા હતા. બધી જ સાધનસામગ્રી ત્યાં ઉપલબ્ધ હતી. સાહિત્ય, સેવક અને પ્રયોગનાં સાધનો પણ. જેનાથી એકાન્તમાં એકાગ્ર થનારા ચિંતનમાં કોઈક અવરોધ પેદા થાય તે બધાથી તેઓ દૂર રહ્યા હતા. તે જ્યાં સુધી ઈચ્છતા ત્યાં સુધી તદ્દન એકાંતમાં રહેતા. તેમના કામમાં કોઈ જરા પણ વિક્ષેપ પાડી શકતું ન હતું. જ્યારે ઈચ્છતા ત્યારે ઘંટડી વગાડીને નોકરને બોલાવી લેતા અને જરૂરી સાધનસામગ્રી મેળવી લેતા. મળનારાઓ કાર્ડ આપી જતા અને મહિનાઓ સુધી રાહ જોતા. નિકટતા કે ઘનિષ્ઠતા બતાવીને તેમના કાર્યમાં કોઈ પણ વ્યક્તિ વિક્ષેપ પાડી શકતી ન હતી. આટલો પ્રબંધ થતાં તેઓ દુનિયાને આશ્ચર્યમાં નાખી શક્યા. જો તેઓ પણ સગાંસંબંધીઓ અને મિત્રોથી ઘેરાયેલા રહ્યા હોત અને સામાન્ય કામોમાં જ રસ લેતા રહ્યા હોત તો તેઓ પણ બીજાઓની જેમ કીમતી જીવનનો કોઈ કહેવા યોગ્ય ફાયદો ન ઉઠાવી શક્યા હોત. પ્રાચીન કાળમાં ઋષિમુનિઓની જીવનચર્યા આ જ પ્રકારની હતી. એમની સમક્ષ આત્મવિજ્ઞાન-સંબંધી અનેક સંશોધન કાર્યો હતાં. તેમાં તન્મયતાપૂર્વક પોતાનું કાર્ય કરવા માટે તેઓ કોલાહલરહિત શાંત સ્થાન પસંદ કરતા હતા અને સંપૂર્ણ તન્મયતાપૂર્વક નિર્ધારિત પ્રયોજનોમાં વ્યસ્ત રહેતા હતા.

મારી સામે પણ આ જ નવા સ્તરનાં કાર્યો મૂકવામાં આવ્યાં છે. તે ખૂબ ભારે પણ છે અને અત્યંત મહત્ત્વપૂર્ણ પણ છે. આમાંથી એક છે - વિશ્વવ્યાપી સર્વનાશ નોતરનારાં સંકટોને દૂર કરી શકવા યોગ્ય તેવી આત્મશક્તિ ઉત્પન્ન કરવાનું. બીજું છે - સર્જનશિલ્પીઓ જે શક્તિ અને પ્રેરણા વિના કશું જ કરી શકતા નથી તેની પૂર્તિ કરવાનું. ત્રીજું છે

- નવયુગના નિર્માણ માટે જે સત્પ્રવૃત્તિઓનું સંચાલન કરવાનું છે, તેમનું સ્વરૂપ નક્કી કરી રૂપરેખા તૈયાર કરવાનું. આ ત્રણેય કામો એવાં છે જે એકલા સ્થૂળ શરીરથી થઈ શકે તેમ નથી. તેની સીમા અને શક્તિ ઘણી ઓછી છે. ઈન્દ્રિયોની શક્તિ નાના ક્ષેત્રમાં કામ કરી શકે છે અને સીમિત વજન ઉપાડી શકે છે. હાડમાંસના આ પૂતળામાં બોલવાની, વિચારવાની, ચાલવાનીફરવાની, કમાવાની, પચાવવાની થોડી શક્તિ છે. આટલાથી તો મર્યાદિત કાર્યો જ થઈ શકે છે. મર્યાદિત કામોથી શરીરયાત્રા ચાલી શકે છે અને નિકટમાં રહેતા સંબંધિત લોકોનું જ યથાશક્તિ ભલું થઈ શકે છે. વધારે વિશાળ અને વધારે મોટાં કામો માટે તો સૂક્ષ્મ શરીર અને કારણ શરીરને વિકસાવવાની જરૂર ઊભી થાય છે. ત્રણેય જ્યારે એકસાથે સામર્થ્યવાન અને ગતિશીલ બને છે ત્યારે જ આટલાં મોટાં કામો થઈ શકે, જેની આજે જરૂર પડી છે.

રામકૃષ્ણ પરમહંસ સામે આ જ સ્થિતિ આવી હતી. તેમને વ્યાપક કામ કરવા માટે બોલાવવામાં આવ્યા. યોજના અનુસાર તેમણે પોતાની ક્ષમતા વિવેકાનંદને સોંપી દીધી તથા તેમના કાર્યક્ષેત્રને સરળ અને સફળ બનાવવા માટે તાણાવાણા વણી આપવાનું આવશ્યક કાર્ય સંભાળતા રહ્યા. આટલું મોટું કાર્ય તેઓ ફક્ત સ્થૂળ શરીરથી કરી શકતા ન હતા. આથી તેમણે નિઃસંકોચ સ્થૂળ શરીરનો ત્યાગ પણ કરી દીધો. બચત કરતાં વધારે વરદાનો આપવાના કારણે તેઓ ઋણી પણ બની ગયા હતા. એની પૂર્તિ વગર ગાડી ચાલે નહિ. આથી સ્વેચ્છાપૂર્વક કેન્સરનો રોગ પણ સ્વીકારી લીધો. આ રીતે ઋણમુક્ત થઈને વિવેકાનંદના માધ્યમથી આ કાર્યમાં લાગી ગયા, જે કામ કરવાનો સંકેત તેમના નિર્દેશકે કર્યો હતો. પ્રત્યક્ષ રીતે રામકૃષ્ણ મૃત્યુ પામ્યા. તેમની ગેરહાજરી ખૂંચી, શોક પણ લાગ્યો, પરંતુ જે શ્રેયસ્કર હતું એ જ થયું. દિવંગત થવાના કારણે તેમની શક્તિ હજારગણી વધી ગઈ. એની મદદથી એમણે દેશ અને વિશ્વમાં અનેક સત્પ્રવૃત્તિઓનો ફેલાવો કર્યો. જીવન દરમિયાન તેઓ પોતાના ભક્તોને થોડા ઘણા આશીર્વાદ આપતા રહ્યા અને એક વિવેકાનંદને પોતાનો શક્તિભંડાર સોંપવામાં સમર્થ બન્યા, પણ જ્યારે એમને સૂક્ષ્મ અને કારણ શરીરથી

કામ કરવાનો અવસર પ્રાપ્ત થયો, તો એમનાથી એટલું બધું વિશાળ કામ થઈ શક્યું કે જેનાં લેખાંજોખાં માંડવાનું સામાન્ય કક્ષાની સૂઝ-સમજણથી સમજવું શક્ય નથી.

ઈસુ ખ્રિસ્તની જીવનગાથા પણ આવી જ હતી. તેઓ સમગ્ર જીવન દરમિયાન અથાક પ્રયત્નો કરીને ફક્ત ૧૩ શિષ્યો જ બનાવી શક્યા હતા, તેમણે જોયું કે સ્થૂળ શરીરથી તેઓ ઈચ્છતા હતા એટલું મોટું કામ થઈ શકશે નહિ, આવી સ્થિતિમાં સૂક્ષ્મ શરીરનું અવલંબન લઈ સમગ્ર સંસારમાં ખ્રિસ્તી મિશન ફેલાવી દેવામાં આવે એ જ યોગ્ય સમજાયું. આવા પરિવર્તનના સમયે મહાપુરુષો પૂર્વજન્મના હિસાબો ચૂકતે કરવા કષ્ટસાધ્ય મૃત્યુને સ્વીકારે છે. ઈસુ ખ્રિસ્તનું ક્રોસ પર ચડવું, સોક્રેટિસનું ઝેર પીવું, કૃષ્ણને તીર વાગવું, પાંડવોએ હિમાલયમાં હાડ ગાળવાં, ગાંધીનું ગોળીથી વિંધાવું, આદ્ય શંકરાચાર્યને ભગંદર થવું વગેરે બનાવો એમ દર્શાવે છે કે ભવિષ્યના મહાન ઉદ્દેશ્યો માટે સ્થૂળમાંથી સૂક્ષ્મમાં પ્રવેશ કરવો પડે છે. તેઓ સ્થૂળ શરીરનો આ રીતે અંત લાવે છે, જેને બલિદાન કક્ષાની પ્રેરણા આપનાર અને મૃત્યુ વખતની પવિત્રતા અને પ્રખરતા પ્રદાન કરવા યોગ્ય કહી શકાય. મારી બાબતમાં પણ આવું જ થયું છે અને ભવિષ્યમાં આવું થવાનું છે.

# ૨૦. સ્થૂળનું સૂક્ષ્મમાં પરિવર્તન : સૂક્ષ્મીકરણ

યુગપરિવર્તનની આ ઐતિહાસિક વેળા છે. આ વીસ વર્ષોમાં મને મચી પડીને કરવાની ફરજ સોંપવામાં આવી હતી. ઈ.સ. ૧૯૮૦થી આજ સુધીનાં પાંચ વર્ષોમાં જે કામ થયું છે તે પાછલાં ૩૦ વર્ષોના કામની સરખામણીમાં ઘણું વધારે છે. સમયની જરૂરિયાત પ્રમાણે તત્પરતા બતાવવામાં આવી અને ખપતને ધ્યાનમાં રાખીને તદનુરૂપ શક્તિ અર્જિત કરવામાં આવી. આ વર્ષો કેટલી જાગરૂકતા, તન્મયતા, એકાગ્રતા અને પુરુષાર્થની ચરમસીમાએ પહોંચીને વ્યતીત કરવાં પડ્યાં છે તેનો ઉલ્લેખ કરવાનું યોગ્ય નથી, કારણ કે આ તત્પરતાનું પ્રતિફળ ૨૪૦૦ પ્રજ્ઞાપીઠો અને ૧૫,૦૦૦ પ્રજ્ઞા સંસ્થાનોના નિર્માણ સિવાય બીજું કંઈ પ્રત્યક્ષ દેખાતું નથી. દરરોજ એક ફોલ્ડર લખવાનું કાર્ય આમાં વધુ જોડી શકાય છે. બાકી તો બધું પરોક્ષ જ છે. પરોક્ષનાં લેખાંજોખાં પ્રત્યક્ષમાં કઈ રીતે કરી શકાય ?

યુગસંધિની વેળામાં હજી ૧૫ વર્ષ બાકી રહ્યાં છે. આ ગાળામાં ગતિચક્ર વધુ ઝડપથી ફરશે. એક બાજુ તેની ગતિ વધારવી પડશે તો બીજી બાજુ ગતિને રોકવી પડશે. વિનાશની ગતિને રોકવાની અને વિકાસની ગતિને વધારવાની જરૂર પડશે. અત્યારે બંને ગતિઓ મંદ છે. આ રીતે જોતાં ઈ.સ.૨૦૦૦ સુધી ઈચ્છિત લક્ષ્યની પ્રાપ્તિ થઈ શકશે નહિ, આથી કુદરતના પ્રયત્નો વધારે વેગવાન બનશે. એમાં મારી પણ ગીધ અને ખિસકોલી જેવી ભૂમિકા છે. કામ કોણ, ક્યારે, શું, કઈ રીતે કરે તે તો આગળની વાત છે. પ્રશ્ન છે જવાબદારીનો. યુદ્ધકાળમાં જે જવાબદારી સેનાપતિની હોય છે તે જ જવાબદારી રસોઈયાની પણ હોય છે. સંકટના સમયે કોઈ ઉપેક્ષા કરી શકે નહિ.

આ સમયગાળામાં એકસાથે અનેક મોરચાઓ ઉપર લડાઈ લડવી પડશે.એવો પણ સમય આવે છે,જ્યારે ખેતરમાં કાપણી કરવી,

પશુઓને ઘાસચારો નાખવો, બીમાર પુત્રનો ઈલાજ કરાવવો, કોર્ટમાં તારીખે હાજર રહેવું, ઘેર આવેલા મહેમાનોનું સ્વાગત કરવું વગેરે કેટલાંય કામો એક જ વ્યક્તિએ, એક જ સમયે, કરવાં પડે છે. યુદ્ધકાળમાં તો બહુમુખી ચિંતન અને જવાબદારીઓ વધુ સઘન અને વિરલ બની જાય છે. ક્યા મોરચા ઉપર કેટલા સૈનિકો મોકલવાના છે, જે લડી રહ્યા છે તેમનો દારૂગોળો ખૂટી ન જાય તેનું ધ્યાન રાખી પ્રબંધ કરવો, ઘાયલોને પાટાપિંડી કરવી, દવાખાને પહોંચાડવા, મરેલા સૈનિકોને ઠેકાણે પાડવા, આગળના મોરચા માટે ખાઈ ખોદવી જેવાં કામો બહુમુખી હોય છે. બધાં કામો ઉપર સરખું ધ્યાન આપવું પડે છે. એકાદમાં પણ જરા સરખી ચૂક થઈ જવાથી વાત વણસી જાય છે. કર્યું-કારવ્યું ધૂળ થઈ જાય છે.

મને મારી પ્રવૃત્તિઓને બહુમુખી બનાવી લેવાનું કહેવામાં આવ્યું છે. આમાં સૌથી મોટી મુશ્કેલી સ્થૂળ શરીરની મર્યાદા છે. તે સીમિત છે અને સીમિત ક્ષેત્રમાં જ કામ કરી શકે છે. સીમિત જવાબદારી જ ઉપાડી શકે છે. જ્યારે કામ અસીમ છે ત્યારે એકસાથે અનેક કામ થવાં જોઈએ. તે કેવી રીતે થાય ? તેના માટે એક ઉપાય એ છે કે સ્થૂળ શરીરનો ત્યાગ કરી દેવામાં આવે અને જે કંઈ કરવાનું છે તે પૂર્ણપણે એક અથવા અનેક સૂક્ષ્મ શરીરોથી સંપન્ન કરવામાં આવે. નિર્દેશકને જો એ જ ઉચિત લાગશે તો સ્થૂળ શરીરનો ત્યાગ કરવામાં જરા પણ વાર નહિ લાગે. સ્થૂળ શરીરની એક મુશ્કેલી છે કે તેની સાથે કર્મફળ ભોગવવાનું વિધાન જોડાઈ જાય છે. જો લેણદેણ બાકી રહે તો બીજા જન્મ સુધી તે બોજો ઉપાડીને ફરવું પડે છે. આવી દશામાં ભોગ ભોગવવામાં જ નિશ્ચિંતતા રહે છે.

રામકૃષ્ણ પરમહંસે આશીર્વાદ - વરદાનો ખૂબ આપ્યાં હતાં. પ્રાપ્ત કરેલો પુણ્યનો ભંડાર ઓછો હતો. હિસાબ પૂરો કરવા માટે ગળાનું કેન્સર નોંતરવું પડ્યું ત્યારે જ હિસાબ ચૂકતે થયો. ભગંદરના ગૂમડાએ આદ્ય શંકરાચાર્યનો પ્રાણ લીધો હતો. મહાત્મા નારાયણ સ્વામીને પણ આવો જ રોગ ભોગવવો પડ્યો હતો. ગુરુ ગોલવલકર કેન્સરના રોગથી

પીડાઈને જ સ્વર્ગવાસી થયા હતા. એવાં ઘણાં ઉદાહરણો છે, જેમાં પુણ્યાત્માઓને અંતિમ સમય વ્યથાપૂર્વક વિતાવવો પડ્યો છે. આનું કારણ પોતાનાં પાપકર્મોનું ફળ જ નથી હોતું, પણ પુણ્યનો વ્યતિરેક થતાં તેની ભરપાઈરૂપે પણ ભોગવવાનું હોય છે. તેઓ કેટલાંયનાં કષ્ટો પોતાના ઉપર લેતા રહે છે. વચમાં ચૂકવી શક્યા તો ઠીક, નહિ તો અંતિમ સમયે હિસાબ ચૂકતે કરે છે, જેથી આગલા જન્મમાં કોઈ મુશ્કેલી બાકી ન રહે અને જીવનમુક્ત સ્થિતિ બની રહેવામાં ભૂતકાળનું કોઈ કર્મફળ અવરોધ ઊભો ન કરે.

મૂળ પ્રશ્ન છે જીવનસત્તાના સૂક્ષ્મીકરણનો. સૂક્ષ્મ શરીર વ્યાપક અને બહુમુખી હોય છે. એક જ સમયે અનેક જગ્યાએ કામ કરી શકે છે. એકસાથે કેટલીયે જવાબદારીઓ ઉપાડી શકે છે, જ્યારે સ્થૂળ માટે એક સ્થાન અને એક સીમાનું બંધન હોય છે. સ્થૂળ શરીરધારી પોતાના ક્ષેત્રમાં જ દોડધામ કરી શકે છે. સાથે ભાષાજ્ઞાનને અનુરૂપ વિચારોનું જ આદાનપ્રદાન કરી શકે છે, પરંતુ સૂક્ષ્મમાં પ્રવેશ કર્યા પછી ભાષાની મુશ્કેલી દૂર થઈ જાય છે. વિચારોનું આદાનપ્રદાન ચાલે છે. વિચારો સીધેસીધા મસ્તિષ્કમાં કે હૃદયના ઊંડાણ સુધી પહોંચાડી શકાય છે. આના માટે ભાષાનું માધ્યમ જરૂરી નથી. વ્યાપકતાની દૃષ્ટિએ આ એક મોટી સગવડ છે. વાહનવ્યવહારની સગવડ પણ સ્થૂળ શરીરને જોઈએ. પગની મદદથી તો તે કલાકના માંડ ત્રણ માઈલ ચાલી શકાય. વાહન જેટલું ઝડપી હોય તેટલી જ ઝડપી તેની ગતિ પણ રહેવાની. એક વ્યક્તિને એક જ જીભ હોય છે. તે તેનાથી જ બોલી શકશે, પણ સૂક્ષ્મ શરીરની ઈન્દ્રિયો ઉપર આવું કોઈ બંધન નથી. તેની જોવાની, સાંભળવાની અને બોલવાની શક્તિ સ્થૂળ શરીરની સરખામણીમાં અનેકગણી વધી જાય છે. એક જ શરીર સમય પ્રમાણે અનેક શરીરોમાં પ્રવેશ કરી શકે છે. રાસ રમતી વખતે કૃષ્ણનાં અનેક શરીરો ગોપીઓ સાથે નાચતાં દેખાતાં હતાં. કંસવધ વખતે અને સીતા સ્વયંવર વખતે કૃષ્ણ અને રામની વિવિધ પ્રકારની આકૃતિઓ દેખાતી હતી. વિરાટ રૂપનાં દર્શનમાં ભગવાને અર્જુનને તથા યશોદાને

જે દર્શન કરાવ્યું હતું તે તેમના સૂક્ષ્મ તથા કારણ શરીરનો જ આભાસ હતો. આલંકારિક કાવ્યરૂપે એમનું વિવેચન કરવામાં આવે છે તે પણ અમુક હદ સુધી જ યોગ્ય હોય છે.

આ સ્થિતિ શરીર ત્યાગતાં જ દરેકને પ્રાપ્ત થાય તે શક્ય નથી. આમ તો ભૂતપ્રેત પણ સૂક્ષ્મ શરીરમાં જ જાય છે. પણ તેઓ કઢંગી અણઘડ સ્થિતિમાં જ રહે છે. ફક્ત સંબંધિત લોકોને જ પોતાની જરૂરિયાત દર્શાવવા માટે કેટલાંક દશ્યો બતાવી શકે છે. પિતૃ સ્તરના આત્માઓ આના કરતાં વધારે સક્ષમ હોય છે. તેમનો વ્યવહાર અને વિવેક વધારે ઉદાત્ત હોય છે. આ માટે તેમનું સક્ષમ શરીર પહેલેથી જ પરિષ્કૃત બની ચૂક્યું હોય છે. સૂક્ષ્મ શરીરને ઉચ્ચસ્તરીય ક્ષમતાસંપન્ન બનાવવા માટે વિશેષ પ્રયત્નો કરવા પડે છે. તેઓ તપસ્વી કક્ષાના હોય છે. સામાન્ય કાયાના સિદ્ધપુરુષ પોતાની કાયાની સીમામાં રહીને દિવ્ય ક્ષમતાઓ પ્રાપ્ત કરી લે છે. તેનાથી બીજાઓની સેવા, સહાયતા કરે છે, પણ શરીરને વિકસિત કરી લેનારાઓ એ સિદ્ધિઓના સ્વામી પણ બની શક્યા છે, જેને યોગશાસ્ત્રમાં અણિમા, ગરિમા, લઘિમા વગેરે કહેવામાં આવી છે. શરીર હલકું થઈ જવું, ભારે થઈ જવું, અદૃશ્ય થઈ જવું, એક જગ્યાએથી બીજી જગ્યાએ જતા રહેવું વગેરે પ્રત્યક્ષ શરીર હોય ત્યાં સુધી શક્ય નથી, કારણ કે શરીરગત પરમાણુઓની રચના એવી નથી કે પદાર્થ વિજ્ઞાનની મર્યાદાઓની બહાર જઈ શકે. કોઈ મનુષ્ય નથી હવામાં ઊડી શકતો, નથી પાણી ઉપર ચાલી શકતો. કદાચ જો આમ કરી શક્યો હોત તો વૈજ્ઞાનિકોના પડકારને ઝીલી શક્યો હોત અને પ્રયોગશાળામાં જઈ વિજ્ઞાનનાં પ્રતિપાદનોમાં એક નવો અધ્યાય ચોક્કસ ઉમેરી શકાયો હોત. દંતકથાઓના આધારે કોઈ આવી સિદ્ધિઓને વખાણ કરવા લાગે તો તે અતિશયોક્તિ જ ગણાય. હવે પ્રત્યક્ષને પ્રમાણિત કર્યા વિના કોઈનું કશું ચાલી શકે તેમ નથી.

પ્રશ્ન સૂક્ષ્મીકરણ સાધનાનો છે જે હું અત્યારે કરી રહ્યો છું. આ એક વિશેષ સાધના છે, જે સ્થૂળ શરીરમાં રહીને પણ કરી શકાય છે અને સ્થૂળ શરીર ત્યાગી દીધા પછી પણ કરવી પડે છે. બંને

પરિસ્થિતિઓમાં પ્રયોગ, પુરુષાર્થ અને તપસાધના સિવાય આ સ્થિતિ શક્ય નથી. આને યોગાભ્યાસ તપશ્ચર્યાનું એક વધારાનું ચરણ કહેવું જોઈએ.

આના માટે કોણે શું કરવાનું હોય છે તેનો આધાર તેના વર્તમાન સ્તર અને ઉચ્ચ પ્રકારના માર્ગદર્શન ઉપર હોય છે. બધાના માટે એક જ પાઠ્યક્રમ હોઈ શકતો નથી, પણ એટલું અવશ્ય છે કે પોતાની શક્તિઓનો બાહ્ય બગાડ રોકવો પડે છે. ઈંડું જ્યાં સુધી પાકી જતું નથી ત્યાં સુધી એક કોચલામાં બંધ રહે છે. ત્યાર પછી તે એ કોચલાને તોડીને બહાર નીકળી ચાલવા, ફરવા, ઊડવા લાગે છે. લગભગ આ જ અભ્યાસ સૂક્ષ્મીકરણનો છે, જે મેં શરૂ કર્યો છે. પ્રાચીનકાળમાં ગુફાસેવન, સમાધિ વગેરેનો પ્રયોગ ઘણુંખરું આ માટે જ કરવામાં આવતો હતો.

સૂક્ષ્મ શરીરધારીઓનું વર્ણન અને વિવરણ પુરાતન ગ્રંથોમાં વિસ્તારપૂર્વક મળે છે. યક્ષ અને યુધિષ્ઠિર વચ્ચે થયેલા વિગ્રહ અને વિવાદનું વર્ણન 'મહાભારત' માં વિસ્તારથી કરવામાં આવ્યું છે. યક્ષ, ગંધર્વ, બ્રહ્મરાક્ષસ વગેરે કેટલાય વર્ગો સૂક્ષ્મ શરીરધારીઓના હતા. વિક્રમાદિત્ય સાથે પાંચ 'વીર' રહેતા હતા. શિવજીના ગણો 'વીરભદ્ર' કહેવાતા હતા. ભૂત, પ્રેત, જિન વગેરેનો અલગ વર્ગ હતો. જેમણે 'અલાઉદ્દીનનો ચિરાગ' વાંચ્યું હશે તેમને આ વર્ગની ગતિવિધિઓની વિશેષ જાણકારી હશે. છાયાપુરુષ સાધનામાં પોતાના જ શરીરથી એક વધારાની સત્તાનું નિર્માણ કરે છે અને તે એક અદૃશ્ય સાથી, સહયોગી જેવું કામ કરે છે.

આ સૂક્ષ્મ શરીરધારીઓમાં મોટાભાગનાનો ઉલ્લેખ હાનિકર્તા તરીકે કે નૈતિક દૃષ્ટિએ હેય સ્તર પર થયો છે. સંભવ છે કે એ વખતે અતૃપ્ત વિક્ષુબ્ધ સ્તરના યોદ્ધાઓ રણભૂમિમાં મર્યા પછી આવું જ કંઈક રૂપ લેતા હશે. એ જમાનામાં સૈનિકોની કાપાકૂપી જ સર્વત્ર વ્યાપેલી હતી. આની સાથેસાથે સૂક્ષ્મ શરીરધારી દેવર્ષિઓનો પણ ઓછો ઉલ્લેખ નથી. રાજર્ષિ અને બ્રહ્મર્ષિ સૂક્ષ્મ શરીરધારી જ બનતા હતા, પરંતુ જેમની ગતિ સૂક્ષ્મ શરીરમાં પણ કામ કરતી હતી તે દેવર્ષિ

કહેવાતા હતા. તેઓ વાયુભૂત થઈને વિચરણ કરતા હતા. લોકલોકાંતરોમાં જઈ શકતા હતા. જ્યાં જરૂર જણાતી ત્યાં ભક્તોને માર્ગદર્શન આપવા પણ પહોંચી જતા હતા.

ઋષિઓમાં મોટાભાગના ઋષિઓનો આવો ઉલ્લેખ જોવા મળે છે. તેઓ સમય પ્રમાણે ધીરજ આપવા, માર્ગદર્શન આપવા જ્યાં જરૂર પડી ત્યાં પહોંચ્યા છે, પ્રગટ્યા છે. પગે ચાલીને જવું પડ્યું નથી. અત્યારે પણ હિમાલયના ઘણાખરા યાત્રીઓ માર્ગ ભૂલી જતાં કોઈક આવીને એમને પોતાના સ્થાન સુધી પહોંચાડી ગયાની વાતો સાંભળીએ છીએ. કેટલાય લોકોએ ગુફાઓમાં, શિખરો ઉપર અદૃશ્ય યોગીઓને પ્રગટ થતા અને અદૃશ્ય થતા જોયા છે. તિબેટના લામાઓની માન્યતા છે કે આજે પણ હિમાલયના ધ્રુવકેન્દ્રમાં એક એવી મંડળી છે કે જે વિશ્વશાંતિમાં પોતાનો સહયોગ આપી રહી છે. આને તેઓએ 'અદૃશ્ય સહાયક' એવું નામ આપ્યું છે.

અહીં યાદ રાખવાની બાબત એ છે કે આ દેવર્ષિઓનો સમુદાય પણ મનુષ્યોનો જ એક વિકસિત વર્ગ છે. યોગીઓ, સિદ્ધપુરુષો તથા મહામાનવોની જેમ તેઓ સેવા-સહાયતામાં વધારે સમર્થ છે પણ એમ માનવું ભૂલભરેલું છે કે તેઓ સર્વસમર્થ છે અને કોઈની પણ મનોકામનાઓ તરત જ પૂરી કરી શકે છે અથવા અમોઘ વરદાન આપી શકે છે. કર્મફળની વરિષ્ઠતા સર્વોપરિ છે. તેને ભગવાન જ ઘટાડી કે મિટાવી શકે છે. એ મનુષ્યની શક્તિ બહારનું કામ છે. જે રીતે બીમારને દાક્તર અને ગરીબને પૈસાદાર મદદ કરી શકે છે તેવી જ રીતે સૂક્ષ્મ શરીરધારી દેવર્ષિ પણ સમયાંતરે સત્કર્મો કરવા માટે બોલાવવાથી અથવા વગર બોલાવ્યે પણ મદદ માટે દોડી આવે છે. આનાથી ઘણો લાભ મળે છે. આમ છતાં પણ કોઈએ એમ માની લેવું ન જોઈએ કે પુરુષાર્થની જરૂર જ નથી અથવા તેમની મદદથી નિશ્ચિત સફળતા મળી જશે. આવું જ હોત તો લોકો એમનો આશ્રય મેળવીને નિશ્ચિંત થઈ જાત અને પોતાના પુરુષાર્થની જરૂર જ ન સમજત. પોતાનાં કર્મફળ નડે છે અને પરિસ્થિતિઓ બાધક બને છે એ વાતને માનત પણ નહિ.

અહીં એક સરસ ઉદાહરણ મારા હિમાલયવાસી ગુરુદેવનું છે. સૂક્ષ્મ શરીરધારી હોવાના કારણે તેઓ એવા પ્રકારના વાતાવરણમાં રહી શકે છે, જ્યાં જીવનનિર્વાહનાં કોઈ જ સાધનો નથી. જરૂર પડ્યે મને માર્ગદર્શન અને સહાયતા આપતા રહે છે. એનો અર્થ એવો નથી કે મારે કંઈ જ કરવું પડ્યું નથી, કોઈ મુશ્કેલી નડી નથી, ક્યારેય અસફળતા મળી જ નથી. આ પણ થતું જ રહ્યું છે, પણ એટલું ચોક્કસ છે કે જે કંઈ હું એકલો કરી શકત તેના કરતાં એમના દિવ્ય સહયોગથી મારું મનોબળ ઘણું મજબૂત થયું છે. યોગ્ય માર્ગદર્શન મળ્યું છે. મુશ્કેલીના સમયમાં ધૈર્ય તથા સાહસ યથાવત્ સ્થિર રહ્યાં છે. આ કંઈ ઓછું નથી. એટલી જ આશા બીજા પાસે પણ રાખવી જોઈએ. બધાં જ કામો કોઈક પૂરાં કરી જશે એવી આશા ભગવાન પાસે પણ ન રાખવી જોઈએ. લોકો એ ભૂલ કરે છે કે કોઈ દૈવી સહાયતાનું નામ લઈને જાદુઈ લાકડી ફેરવશે અને મનપસંદ કામ થઈ જશે. આવા અતિવાદી લોકો ક્ષણવારમાં આસ્થા ગુમાવી બેસતા જોવા મળે છે. દૈવી શક્તિઓ અને સૂક્ષ્મ શરીરો પાસે સામયિક મદદની આશા રાખવી જોઈએ. સાથેસાથે પોતાની જવાબદારી વહન કરવા માટે કટિબદ્ધ પણ રહેવું જોઈએ. અસફળતાઓ અને મુશ્કેલીઓને શ્રેષ્ઠ શિક્ષક માનીને આગળનું કદમ વધારે સાવધાની, વધારે બહાદુરીપૂર્વક ભરવાની તૈયારી કરવી જોઈએ.

સામાન્ય રીતે સૂક્ષ્મ શરીરોની શક્તિ પણ વિશેષ હોય છે. ઘણું કરીને દૂરદર્શન, દૂરશ્રવણ, પૂર્વાભાસ, વિચાર-સંપ્રેષણ વગેરેમાં સૂક્ષ્મ શરીરની જ ભૂમિકા રહે છે. એમની સહાયતાથી જ કેટલાયને મુશ્કેલીઓમાંથી ઉગરવાની તક મળી છે.કેટલાયને એવી સહાય મળી છે, જેના વિના તેમનું કાર્ય અટકી જ ગયું હોત. બે સાચા મિત્રો મળવાથી એ લોકોની હિંમત અનેકગણી વધી જાય છે. એવો જ અનુભવ અદૃશ્ય સહાયકોની સાથે સંબંધ જોડીને કરવો જોઈએ.

જેવી રીતે આપણું દૃશ્ય સંસાર છે અને તેમાં દૃશ્ય શરીરવાળા જીવધારી રહે છે. એ જ રીતે એક અદૃશ્ય લોક પણ છે. તેમાં સૂક્ષ્મ

શરીરધારીઓ નિવાસ કરે છે. આમાં કેટલાક તદ્દન સામાન્ય, કેટલાક દુષ્ટાત્મા અને કેટલાક અત્યંત ઉચ્ચ સ્તરના હોય છે. આ લોકો મનુષ્યલોકમાં પૂરેપૂરો રસ લે છે.બગડેલાને સુધારવાના અને સુધારેલાને વધારે સફળ બનાવવાના કાર્યમાં અયાચિત સહાયતા માગવાનું પ્રયોજન અને માગનારનું સ્તર યોગ્ય હોય તો વધારે સારી રીતે અને વધારે પ્રમાણમાં સહાયતા મળે છે.

આ તો સૂક્ષ્મ શરીર અને સૂક્ષ્મ લોકની ચર્ચા થઈ. પ્રસંગ પોતાના વ્યક્તિત્વને વિકસિત કરવાનો છે. આ વિષમ વેળા છે. આમાં પ્રત્યક્ષ શરીર ધરાવનારા પ્રત્યક્ષ ઉપાયો - ઉપચારોથી જે કંઈ કરી શકાય તે કરી જ રહ્યા છે. કરવું પણ જોઈએ, પણ આટલાથી જ કામ થશે નહિ. સશક્ત સૂક્ષ્મ શરીરોએ બગડેલાને વધુ ન બગડવા દેવા માટે પોતાનું જોર કામે લગાડવું પડશે. સંભાળવા માટે જે કંઈ પ્રક્રિયા ચાલી રહી છે તે પૂરતી નથી. તેને વધારે સરળ અને સફળ બનાવવા માટે અદૃશ્ય મદદની જરૂર પડશે.આ સામૂહિક સમસ્યાના ઉકેલ માટે પણ અત્યંત જરૂરી ગણાશે અને વ્યક્તિગત રૂપે પણ સત્પ્રયોજનોમાં સંલગ્ન વ્યક્તિઓને અગ્રગામી અને યશસ્વી બનાવવાની દૃષ્ટિએ પણ જરૂરી ગણાશે.

જ્યારે મને આ કામ સોંપવામાં આવ્યું તો એ કરવામાં આનાકાની કેવી ? દિવ્યસત્તાના સંકેતો ઉપર બહુ લાંબા સમયથી ચાલતો રહ્યો છું અને જ્યાં સુધી આત્મબોધ જાગૃત રહેશે ત્યાં સુધી આ સ્થિતિ રહેશે. આ જ કાર્યક્રમ ચાલતો રહેશે. આ વિષમ વેળા છે. અત્યારના સમયમાં દૃશ્ય અને અદૃશ્ય ક્ષેત્રમાં જે વિષ ફેલાઈ ગયું છે તેનું પરિશોધન કરવાનો પ્રયાસ અત્યંત જરૂરી બની ગયો છે, જેમાં એક ક્ષણનો વિલંબ પણ પાલવે તેમ નથી. આથી સંજીવની બુટી લાવવા માટે પર્વત ઉખાડી લાવવાનું અને સુષેણ વૈદ્યને શોધવા માટે જે કંઈ કરવું પડે તે કરવું જોઈએ. આ કાર્ય સ્થૂળ શરીરને સુષુપ્ત અવસ્થામાંથી જાગૃત સ્થિતિમાં લાવવા માટે મારે વિના વિલંબે લાગી જવું પડ્યું અને ગત બે વર્ષમાં કઠોર તપશ્ચર્યાનું એકાન્ત સાધનાનું અવલંબન લેવું પડ્યું. ⊙

# ૨૧. આજે હું આ કરવામાં  વ્યસ્ત છું

મારી જિજ્ઞાસા અને ઉત્સુકતાઓનું સમાધાન ગુરુદેવ ઘણું કરીને મારા અંતઃકરણમાં બેસીને જ કરતા રહે  છે. તેમનો આત્મા મારી પાસે જ હોય એવું મને દેખાયા કરે છે. આર્ષગ્રંથોના અનુવાદથી લઈને પ્રજ્ઞાપુરાણની રચના સુધીના લેખનકાર્યમાં તેમનું માર્ગદર્શન એક અધ્યાપક અને વિદ્યાર્થી જેવું રહ્યું છે. મારી વાણી પણ તેમની જ શિખામણને દોહરાવતી રહી છે. ઘોડેસ્વારના ઈશારા પર ઘોડો જેમ પોતાની દિશા અને ચાલ બદલતો રહે છે, તેવું જ કાર્ય હું પણ કરતો રહ્યો છું.

બૅટરી ચાર્જ કરવા માટે જ્યારે હિમાલયમાં બોલાવે છે, ત્યારે પણ તેઓ કંઈ વિશેષ કહેતા નથી. સેનેટોરિયમમાં જવાથી જેમ કોઈ દુર્બળનું સ્વાસ્થ્ય સુધરી જાય છે, એ જ રીતે હિમાલયમાં જવાથી મને પણ એવી જ ઉપલબ્ધિઓ પ્રાપ્ત થાય છે. અનેક પ્રસંગોએ વાર્તાલાપ પણ થતો રહે છે.

આ વખતે સૂક્ષ્મીકરણ પ્રક્રિયા અને સાધનાવિધિ તો બરાબર સમજાઈ ગઈ. જેવી રીતે કુંતાના શરીરમાંથી પાંચ દેવપુત્રો જન્મ્યા એ જ પ્રમાણે મારા શરીરમાં વિદ્યમાન પાંચ કોષો - અન્નમય, મનોમય, પ્રાણમય, વિજ્ઞાનમય અને આનંદમય કોષોને પાંચ વીરભદ્રોરૂપે વિકસિત કરવા પડશે. આની સાધનાવિધિ પણ સમજાઈ ગઈ. જ્યાં સુધી એ પાંચેય પૂર્ણ સમર્થ ન થઈ જાય ત્યાં સુધી વર્તમાન સ્થૂળ શરીરને પણ ધારણ કરી રાખવાનો આદેશ છે. મારી દૃશ્ય સ્થૂળ જવાબદારીઓ બીજાઓને સોંપવાની દૃષ્ટિએ પણ અત્યારે શાંતિકુંજમાં જ રહેવાનો નિર્દેશ મળ્યો છે.

આ બધું સ્પષ્ટ થઈ ગયું. સાવિત્રી સાધનાનું વિધાન પણ તેમનો નિર્દેશ મળતાં જ આ નિમિત્તે શરૂ કરી દીધું.

હવે પ્રશ્ન એ રહ્યો કે આ પાંચ વીરભદ્રોને ક્યું કામ સોંપવું પડશે અને તેઓ આ કાર્ય કેવી રીતે કરશે. વધારે જિજ્ઞાસા રહેવાના કારણે આનો જવાબ પણ મળી ગયો.  આનાથી નિરાંત પણ થઈ અને પ્રસન્નતા પણ થઈ.

આ સંસારમાં આજે પણ એવી કેટલીય પ્રતિભાઓ છે, જે દિશાને બદલવા માટે જે કંઈ કરી રહી છે તેની સરખામણીમાં વધારે મહત્ત્વપૂર્ણ કાર્ય કરવા લાગશે. ઊલટાને ઊલટાવીને સીધું કરવા માટે જે પ્રચંડ શક્તિની જરૂર છે તે મારા અંગેઅંગ વીરભદ્રો કરવા લાગશે. પ્રતિભાઓની વિચારધારા જો બદલી નાંખી શકાય તો તેમનું પરિવર્તન ચમત્કાર બની શકે છે.

નારદે પાર્વતી, ધ્રુવ, પ્રહ્લાદ, વાલ્મીકિ, સાવિત્રી વગેરેની જીવનદિશા બદલી, તો તેઓ જે સ્થિતિમાં રહેતા હતા તેને લાત મારીને બીજી દિશામાં ચાલતાં થયાં અને સંસાર માટે એક અનુકરણીય ઉદાહરણ બની ગયાં. ભગવાન બુદ્ધે આનંદ, કુમાર જીવ, અંગુલિમાલ, આમ્રપાલી, અશોક, હર્ષવર્ધન, સંઘમિત્રા, વગેરેનું મન બદલી નાખ્યું તો તેઓ જે કંઈ કરી રહ્યાં હતાં તેનાથી બિલકુલ ઊલટું કરવા લાગ્યાં અને વિશ્વવિખ્યાત બની ગયાં. વિશ્વામિત્રે હરિશ્ચંદ્રને એક સામાન્ય રાજા ન રહેવા દીધો, પણ એટલો મહાન બનાવ્યો કે જેનું ફક્ત નાટક જોઈને ગાંધીજી વિશ્વવંદ્ય બની ગયા. મહા કંજૂસ ભામાશાને સંત વિઠોબાએ અંતઃપ્રેરણા આપી અને સમગ્ર ધન મહારાણા પ્રતાપનાં ચરણોમાં અર્પણ કરાવી દીધું. આદ્ય શંકરાચાર્યની પ્રેરણાથી રાજા માંધાતાએ ચાર ધામોના ચાર મઠ બનાવી દીધા. અહલ્યાબાઈને એક સંતે પ્રેરણા આપીને કેટલાંય મંદિરો અને ઘાટોનો જીર્ણોદ્ધાર કરાવી દીધો અને દુર્ગમસ્થાનો પર નવાં દેવાલયો બનાવવાના સંકલ્પને પૂર્ણ કરી બતાવવા માટે સંમત કર્યાં. સમર્થ ગુરુ રામદાસે શિવાજીને એ કામ કરવાની અંતઃ પ્રેરણા આપી, જે પોતાની ઈચ્છાથી ભાગ્યે જ કરી શક્યા હોત. રામકૃષ્ણ પરમહંસે નરેન્દ્રની પાછળ પડીને નરેન્દ્રને વિવેકાનંદ બનાવી દીધા. રાજા ગોપીચંદના મનમાં વૈરાગ્ય પેદા કરવાનું શ્રેય સંત ભર્તૃહરિના ફાળે જાય છે.

આવાં અનેક ઉદાહરણોથી ઈતિહાસ ભરેલો છે, જેમાં કેટલીયે પ્રતિભાઓને કોઈ મનસ્વી આત્મવેત્તાઓએ બદલીને શું માંથી શું બનાવી દીધા. એમની કૃપા ન થઈ હોત તો તેઓ જીવનભર પોતાની જૂની ચાલ પ્રમાણે ભાર ખેંચતા રહ્યા હોત.

મારી પોતાની વાત પણ બિલકુલ આવી જ છે. જો ગુરુદેવે મને બદલી ન નાખ્યો હોત, તો હું પણ મારા પરિવારજનોની જેમ અમારો પૌરોહિત્યનો ધંધો કરતો હોત અથવા બીજા કોઈ કામમાં જોડાયો હોત. આજે જે સ્થાન પર છું એ સ્થાન સુધી પહોંચી જ ન શક્યો હોત.

આજે યુગપરિવર્તન માટે અનેક પ્રકારની પ્રતિભાઓ જોઈએ. વિદ્વાનોની જરૂર છે, જે લોકોને પોતાના તર્ક અને પ્રમાણોથી વિચારવાની નવી પદ્ધતિ પ્રદાન કરી શકે. કલાકારોની જરૂર છે, જે ચૈતન્ય મહાપ્રભુ, મીરાં, સુરદાસ, કબીર વગેરેની ભાવનાઓને એવી રીતે લહેરાવી શકે, જેવી રીતે મદારી સાપને નચાવે છે. ધનવાનોની જરૂર છે, જે પોતાના ધનને વિલાસમાં ખર્ચી નાખવાના બદલે સમ્રાટ અશોકની જેમ પોતાનું સર્વસ્વ સામયિક માગને પૂરી કરવામાં લુંટાવી શકે. રાજનીતિજ્ઞોની જરૂર છે, જે ગાંધી, રુસો, કાર્લ માર્ક્સ અને લેનિનની જેમ પોતાના સંપર્કના પ્રજાજનોને એવા માર્ગ ઉપર ચલાવી શકે, જેની પહેલાં ક્યારેય આશા રાખવામાં આવી ન હતી.

ભાવનાશીલોને તો શું કહેવું ? સંત અને સજ્જન લોકોએ તો અનેક લોકોને પોતાના સંપર્કથી લોખંડમાંથી પારસની ભૂમિકા ભજવતા કરી નાંખીને ક્યાંથી ક્યાં પહોંચાડી દીધા.

મારા વીરભદ્રો હવે આવું જ કરશે. મેં પણ આ જ કર્યું છે. લાખો લોકોની વિચારણા અને ક્રિયાપદ્ધતિમાં આમૂલ પરિવર્તન કર્યું છે અને એમને ગાંધીના સત્યાગ્રહીઓની જેમ, વિનોબાના ભૂદાનીઓની જેમ, બુદ્ધના પરિવ્રાજકોની જેમ પોતાનું સર્વસ્વ લુંટાવી દેવા માટે તૈયાર કરી દીધા. પ્રજ્ઞાપુત્રોની આટલી મોટી સેના હનુમાનના અનુયાયી વાનરોની ભૂમિકા નિભાવે છે. આટલા નાનકડા જીવનમાં પણ મારી પ્રત્યક્ષ ક્રિયાઓ દ્વારા હું જ્યાં પણ રહ્યો ત્યાં ચમત્કારો સર્જી દીધા, તો પછી એવું કોઈ કારણ નથી કે મારા જ આત્માના ટુકડાઓ જેની પાછળ પડે, તેને ભૂતપલિતની જેમ તોડીફોડીને ઠીક નહિ કરી દે.

આવનાર સમયમાં અનેક દુષ્પ્રવૃત્તિઓને જડમૂળમાંથી ઉખાડવાની જરૂર પડશે. એના માટે ગાંડીવધારીઓની જરૂર પડશે, જે અર્જુનની જેમ કૌરવોની અક્ષૌહિણી સેનાઓને ભોંયભેગી કરી દે. એવા હનુમાનની જરૂર પડશે, જે એક લાખ પુત્રો અને સવા લાખ સંબંધીઓ ધરાવતી લંકાને માત્ર પૂંછડાથી બાળીને ખાખ કરી દે. આવાં પરિવર્તનો અંતઃકરણ બદલાવાથી જ થઈ શકે છે. અમેરિકાના અબ્રાહમ લિંકન અને જ્યોર્જ વોશિંગ્ટન ખૂબ જ સામાન્ય કુટુંબોમાં જન્મ્યા હતા, પણ પોતાના જીવનપ્રવાહને બદલીને અમેરિકાના રાષ્ટ્રપતિ બની ગયા.

પ્રતિભાહીન લોકોની વાત જવા દો. તેઓ તો પોતાની ક્ષમતા અને બુદ્ધિમત્તાને ચોરી, લૂંટફાટ, ડાકુગીરી, ઠગાઈ વગેરે નીચ કામોમાં વાપરે છે, પણ જેમનામાં ભાવના ભરેલી છે, તેઓ પોતાના સામાન્ય પરાક્રમથી સમગ્ર દિશા બદલીને ક્યાંથી ક્યાં પહોંચી શકે છે. સ્વામી દયાનંદ, શ્રદ્ધાનંદ, રામતીર્થ વગેરેનાં કેટલાંય ઉદાહરણો નજર સામે છે, જેમની દિશાધારા બદલાઈ ગઈ તો અસંખ્ય લોકોને બદલવામાં તેઓ સમર્થ બની ગયા.

અત્યારે પ્રતિભાઓ ભોગવિલાસમાં, સંગ્રહમાં, અહંકારની પૂર્તિમાં વ્યસ્ત છે. આમાં જ તેઓ પોતાની ક્ષમતા અને સંપન્નતાને નષ્ટ કરતી રહે છે. જો આમાંથી થોડીક પણ પોતાની વિચારધારા બદલી નાંખે તો ગીતા પ્રેસવાળા જયદયાલ ગોએન્કાની જેમ એવી સામગ્રી ઊભી કરી શકે, જેને અદ્‌ભુત તથા અનુપમ કહી શકાય.

કઈ પ્રતિભાને કઈ રીતે બદલવાની છે અને તેની પાસે ક્યું કામ કરાવવાનું તેનો નિર્ણય માર્ગદર્શક તરફથી થતો રહેશે. અત્યારે જે લોકો વિશ્વયુદ્ધ કરવાની અને સંસારને ખેદાનમેદાન કરી નાંખવાની વાતો વિચારે છે, તેમના દિમાગને જો બદલીશું તો વિનાશના કાર્યમાં વપરાનારી બુદ્ધિ, શક્તિ અને સંપદાને વિકાસના કાર્યોમાં વાળી દઈશું. એટલાથી જ પરિસ્થિતિ બદલાઈને ક્યાંથી ક્યાં પહોંચી જશે. પ્રવૃત્તિઓ અને દિશા બદલાઈ જવાથી મનુષ્યનું કર્તૃત્વ શું નું શું થઈ જાય છે અને જે શ્રેય માર્ગ ઉપર કદમ ભરે છે તેની પાછળ ભગવાનની શક્તિ સહાયતા માટે નિશ્ચિતપણે હાજર રહે છે. બાબાસાહેબ આમ્ટેની જેમ તેઓ અપંગોનું

વિશ્વવિદ્યાલય, કુષ્ઠ ઔષધાલય બનાવી શકે છે. હીરાલાલ શાસ્ત્રીની જેમ વનસ્થલી કન્યા વિદ્યાલય ઊભું કરી શકે છે. લક્ષ્મીબાઈની જેમ કન્યા ગુરુકુળ ઊભાં કરી શકે છે.

મનુષ્યની બુદ્ધિની ભ્રષ્ટતાએ તેની ગતિવિધિઓને ભ્રષ્ટ, પાપી અને અપરાધી બનાવી દીધી છે. તે જે કંઈ કમાય છે તે તરત જ અયોગ્ય કાર્યોમાં નાશ પામે છે. પોતાને તો બદનામી અને પાપનું પોટલું જ મળે છે. આ સમુદાયના વિચારોને કોઈ બદલી શકે, તેમની રીતિનીતિ અને દિશાધારાને બદલી શકે તો એ જ લોકો એટલા બધા મહાન બની શકે, એટલાં મહાન કાર્યો કરી શકે કે તેમનું અનુકરણ કરીને લાખો લોકો ધન્ય બની શકે અને જમાનો બદલાતો જોઈ શકે.

આજે મારી જે સાવિત્રી સાધના ચાલી રહી છે તેના માધ્યમથી જે અદૃશ્ય મહાવીરો ઉત્પન્ન કરવામાં આવી રહ્યા છે, તેઓ છાનામાના અસંખ્ય લોકોના અંતઃકરણમાં ઘૂસી જશે. એમની અનીતિને છોડાવીને જ જંપશે અને એવાં રત્નો મૂકીને આવશે કે તેઓ પોતે પણ ધન્ય બની જશે અને 'યુગ પરિવર્તન' જે અત્યારે કઠિન દેખાઈ રહ્યું છે તેને કાલે સરળ બનાવી શકે.

# મનીષીરૂપે મારી પ્રત્યક્ષ ભૂમિકા

મનુષ્ય પોતાની અંતઃશક્તિના સહારે સુષુપ્તને જાગૃત કરી આગળ વધી શકે છે. આ જેટલું સાચું છે એટલું જ સાચું એ પણ છે કે તપ-તિતિક્ષાથી પ્રખર બનાવેલું વાતાવરણ, શિક્ષણ, સાંનિધ્ય, સત્સંગ, પરામર્શ અને અનુકરણ પણ એટલી જ સશક્ત ભૂમિકા ભજવી શકે છે. જોવા મળે છે કે કોઈ સમુદાયમાં તદ્દન સામાન્ય વર્ગના મર્યાદિત શક્તિસંપન્ન માણસો એક પ્રચંડ પ્રવાહના સહારે અશક્ય પુરુષાર્થને પણ શક્ય કરી બતાવે છે. પ્રાચીનકાળમાં મનીષીઓ અને મુનિઓ આ જ ભૂમિકા ભજવતા હતા. તેઓ યુગસાધનામાં વ્યસ્ત રહીને કલમ અને વાણીનું સશક્ત તંત્રના માધ્યમથી જનમાનસના ચિંતનને નવી દિશા આપતા હતા. આવી સાધના અનેક ઉચ્ચસ્તરનાં વ્યક્તિત્વોને જન્મ આપતી હતી, એમની સુષુપ્ત શક્તિને જગાડીને, તેમને નવી દિશા આપીને સમાજમાં ઈચ્છિત પરિવર્તન લાવતી હતી. શરીરની દૃષ્ટિએ સામાન્ય દેખાતી વ્યક્તિ પણ પ્રતિભા, કૌશલ્ય અને ચિંતનની શ્રેષ્ઠતાથી પૂર્ણ દેખાતી હતી.

સર્વવિદિત છે કે અધ્યાત્મક્ષેત્રની પ્રતિભાવાન વ્યક્તિઓ તરીકે મુનિ અને ઋષિ એ બે વર્ગોની જ ગણતરી થતી રહી છે. ઋષિ એ છે જે તપશ્ચર્યા દ્વારા કાયાને ચેતના સાથે જોડીને તેનાં પરિણામો દ્વારા જનસમુદાયને લાભ પહોંચાડે. મુનિ એને કહેવામાં આવે છે જે ચિંતન, મનન અને સ્વાધ્યાય દ્વારા જનમાનસના પરિષ્કારનું કાર્ય કરવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. એક પવિત્રતાનું પ્રતીક છે, બીજું પ્રખરતાનું. બંનેને તપસાધનામાં વ્યસ્ત રહીને સૂક્ષ્મતમ બનવું પડે છે, જેથી પોતાના સ્વરૂપને વધારે વિરાટ અને વ્યાપક બનાવીને ખુદને આત્મબળસંપન્ન બનાવીને યુગચિંતનના પ્રવાહને વળાંક આપી શકે. મુનિઓને પ્રત્યક્ષ

સાધનોનો ઉપયોગ કરવાની સ્વતંત્રતા હોય છે, ઋષિઓ માટે તે અનિવાર્ય નથી. તે તો પોતાના સૂક્ષ્મ રૂપમાં પણ વાતાવરણને આંદોલિત તથા સંસ્કારિત બનાવી રાખી શકે છે.

લોકવ્યવહારમાં મનીષી શબ્દનો અર્થ એવો મહાપ્રાજ્ઞ સમજવામાં આવે છે, જેનું મન પોતાના કાબૂમાં હોય. જે પોતાના મનથી સંચાલિત થતો નથી, પણ પોતાના વિચારો દ્વારા મનને ચલાવે છે, તેને મનીષી કહેવામાં આવે છે અને એવી પ્રજ્ઞાને મનીષા કહેવામાં આવે છે. શાસ્ત્રકારોનું કથન છે કે, 'મનીષા અસ્તિ યેષાં તે મનીષીનઃ ।' પણ સાથે એવુંય કહ્યું છે, **'મનીષી નસ્તુ ભવન્તિ પાવનાનિ ન ભવન્તિ ।'** અર્થાત્ મનીષી તો ઘણા બધા હોય છે. મોટા મોટા બુદ્ધિમાન હોય છે. -બુદ્ધિમાન હોવું જુદી વાત છે અને પવિત્ર- શુદ્ધ અંતઃકરણ રાખવું એ જુદી વાત છે. આજે સંપાદક, બુદ્ધિજીવી, લેખક, અન્વેષક અને પ્રતિભાશાળી વૈજ્ઞાનિકો તો અનેક છે, દેશ-વિદેશમાં ફેલાયેલા છે, પણ તેઓ મનીષી નથી. કેમ ? કારણ કે તેમણે તપ શક્તિ દ્વારા, અંતઃશોધન દ્વારા પવિત્રતા પ્રાપ્ત કરી નથી.

સાહિત્યની આજે ક્યાંય ખોટ છે ? આજે જેટલાં પત્ર- પત્રિકાઓ છપાય છે, જેટલું સાહિત્ય રોજ વિશ્વભરમાં છપાય છે તે પહાડ જેટલી સામગ્રીને જોતાં લાગે છે કે મનીષીઓ વધ્યા છે અને વાચકો પણ વધ્યા છે, પણ આ બધાનો પ્રભાવ કેમ પડતો નથી ? કેમ લેખકની કલમ ફક્ત કુત્સાને ભડકાવવામાં જ વ્યસ્ત રહે છે તથા એ જ સાહિત્યને વાંચીને સંતોષ પામનારાઓની સંખ્યા કેમ વધે છે ? એનાં કારણો શોધવાં હોય તો ત્યાં જ આવવું પડશે. જ્યાં કહેવામાં આવ્યું હતું, **'પાવનાનિ ન ભવન્તિ ।'** જો આટલા મોટા પ્રમાણમાં ઉચ્ચસ્તરીય ચિંતનને ઉત્કૃષ્ટ બનાવનાર સાહિત્યની રચના કરવામાં આવી હોત અને એની ભૂખ વધારવા માટેની યોગ્યતા લોકસમુદાયના મનમાં પેદા કરવામાં આવી હોત તો શું આજે સમાજમાં મોજૂદ છે એ વિકૃતિઓ જોવા મળત ? આ જીવનની સમસ્યાઓનું સમાધાન જો શક્ય છે તો તે યુગ મનીષાના હાથે જ થશે.

મેં આગળ પણ કહ્યું છે કે જો નવો યુગ આવશે તો વિચારોના પરિષ્કાર દ્વારા જ, ક્રાન્તિ થશે તો તે લોહી અને લોઢાથી નહિ, પણ વિચારોથી વિચારોને કાપીને થશે. સમાજનું નવનિર્માણ સદ્‌વિચારોની પ્રતિષ્ઠા દ્વારા સંભવ બનશે. અત્યાર સુધીમાં જેટલી મલિનતા સમાજમાં ઘૂસી છે તે બુદ્ધિમાનો દ્વારા જ ઘૂસી છે. દ્વેષ, ઝઘડા, જાતિવાદ, વ્યાપક નરસંહાર જેવાં કાર્યોમાં બુદ્ધિમાનોએ જ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. જો તેઓ સન્માર્ગગામી હોત, તેમનાં અંતઃકરણ પવિત્ર હોત, તપશક્તિનું બળ તેમને મળ્યું હોત તો તેમણે વિધેયાત્મક વિજ્ઞાનપ્રવાહને જન્મ આપ્યો હોત, સદ્‌સાહિત્ય રચ્યું હોત અને એવાં જ આંદોલનો ચલાવ્યાં હોત. હિટલરે જ્યારે નિત્શેના 'સુપરમેન' રૂપી અધિનાયકને પોતાનામાં સાકાર કરવાની ઈચ્છા કરી તો સૌ પ્રથમ તેણે સમગ્ર રાષ્ટ્રના વિચારપ્રવાહને એ દિશામાં વાળી દીધો. અધ્યાપક અને વૈજ્ઞાનિકોનો વર્ગ નાઝીવાદનો ચુસ્ત સમર્થક બન્યો, તો તેની નિષેધાત્મક વિચારસાધના દ્વારા તેને 'મીનકેમ્ફ'ના રૂપમાં આરોપિત કરી, ત્યાર બાદ તેણે સમગ્ર રાષ્ટ્રનો અભ્યાસક્રમ તથા છાપાઓની દિશાધારાને પોતાની ઈચ્છા પ્રમાણે બદલી નાખ્યાં. જર્મન રાષ્ટ્ર જાતિવાદના અહંકારમાં તથા સર્વશ્રેષ્ઠ જાતિનું પ્રતીક હોવાના ગર્વોન્માદમાં ઉન્મત્ત થઈને વ્યાપક નરસંહાર કરીને નષ્ટ થયું. આ પણ એક મનીષાએ આપેલા વળાંકનું પરિણામ છે. આ વળાંક જો સાચી દિશામાં વાળ્યો હોત તો આવા સમર્થ અને સંપન્ન રાષ્ટ્રને ક્યાંથી ક્યાં લઈ જઈ શકાયું હોત.

કાર્લ માર્ક્સે તમામ અભાવોમાં જીવન જીવીને અર્થશાસ્ત્રરૂપી એવા દર્શનને જન્મ આપ્યો જેણે સમગ્ર સમાજમાં ક્રાંતિ કરી. મૂડીવાદી કિલ્લાના કાંગરા ખરતા ગયા અને સામ્રાજ્યવાદ પોણા ભાગની ધરતી ઉપરથી નષ્ટ થઈ ગયો. 'દાસ કેપિટલ' રૂપી આ રચનાએ એ નવયુગનો શુભ આરંભ કર્યો, જેમાં શ્રમિકોને પોતાના અધિકારો પ્રાપ્ત થયા અને મૂડીના સમાન વિતરણનો નવો અધ્યાય ખૂલ્યો. જેમાં કરોડો વ્યક્તિઓને સુખ અને આનંદની તથા સ્વાવલંબી જિંદગી જીવવાની

સ્વતંત્રતા મળી. રુસોએ પ્રજાતંત્રનો પાયો નાખ્યો. આનો મૂળ સ્રોત રાજાશાહી અને સામ્રાજ્યવાદના ચાહકોની રીતિનીતિમાંથી પ્રગટ્યો.

જો રુસોની વિચારધારાનો વ્યાપક પ્રભાવ લોકસમુદાય ઉપર પડ્યો ન હોત, તો મતાધિકારની સ્વતંત્રતા, બહુમતીના આધારે પ્રતિનિધિત્વ વગેરે વિકસિત થયાં ન હોત. 'બળિયાના બે ભાગ'ની નીતિ બધે જ ચાલતી. કોઈ વિરોધ પણ દર્શાવી શકતું ન હતું. જાગીરદારો અને વંશપરંપરા પ્રમાણે રાજા બનનાર અણઘડોનું જ વર્ચસ્વ હતું. આને એક પ્રકારની મનીષા પ્રેરિત ક્રાંતિ જ કહેવી જોઈએ. જોતજોતામાં મૂડીવાદ સમાપ્ત થઈ ગયો. શોષક વર્ગનો સફાયો થઈ ગયો. આના સંદર્ભમાં હું કેટલીય વાર લિંકન અને લ્યુથર કિંગની સાથેસાથે એ મહિલા હેરએટ સ્ટોનો ઉલ્લેખ કરતો રહ્યો છું, જેની કલમે કાળા લોકોને ગુલામીની ચુંગાલમાંથી મુક્ત કરાવ્યા. પ્રત્યક્ષતઃ આ યુગ મનીષાની જ ભૂમિકા છે.

બુદ્ધની વિવેક અને નીતિમત્તા પર આધારિત વિચારક્રાંતિ અને ગાંધી, પટેલ, નહેરુ દ્વારા પેદા કરવામાં આવેલ સ્વાતંત્ર્ય આંદોલનની આંધી એ પરોક્ષ મનીષાનાં પ્રતીક છે, જેણે પોતાના સમયમાં એવો પ્રચંડ પ્રવાહ ઉત્પન્ન કર્યો જેનાથી યુગ બદલાતો ગયો. તેમણે કોઈ વિચારોત્તેજક સાહિત્યની રચના કરી હોય એવું પણ બન્યું નથી. તો પછી આ બધું કેવી રીતે શક્ય બન્યું ? જ્યારે એમણે મુનિ કક્ષાની ભૂમિકા નિભાવી, પોતાની જાતને તપાવીને વિચારોમાં શક્તિ પેદા કરી અને તેનાથી વાતાવરણને પ્રભાવિત કર્યું ત્યારે જ આ થઈ શક્યું.

પરિસ્થિતિ આજે પણ વિષમ છે. વૈભવ અને વિનાશના હીંચકે ઝૂલતી માનવજાતિને ઉગારવા માટે આસ્થાઓના મર્મસ્થળ સુધી પહોંચવું પડશે અને માનવ ગરિમાને ઉગારવા દૂરદર્શી વિવેકશીલતાને જગાડે તેવો પ્રચંડ પુરુષાર્થ કરવો પડશે. સાધનો આ કાર્યમાં યોગદાન આપશે એમ વિચારવું એ નરી મૂર્ખતા છે. દુર્બળ આસ્થાવાળા અંતઃકરણને તત્ત્વદર્શન અને સાધનાપ્રયોગના ખાતરની જરૂર છે. અધ્યાત્મવેત્તાઓ આ મરુસ્થળને સંભાળવાની જવાબદારી પોતાના ઉપર લે છે તથા સમયે સમયે વ્યાપેલી ભ્રાંતિઓમાંથી માનવજાતને

ઉગારે છે. અધ્યાત્મની શક્તિ વિજ્ઞાન કરતાં પણ વધુ છે. અધ્યાત્મ જ વ્યક્તિના અંતઃકરણમાં ઘર કરી ગયેલી વિકૃતિઓની સામે લડીને તેને નાબૂદ કરનારાં સક્ષમ તત્ત્વોની પ્રતિષ્ઠા કરી શકે છે. મેં વ્યક્તિત્વમાં પવિત્રતા અને પ્રખરતાનો સમાવેશ કરવા માટે મનીષાને જ મારું માધ્યમ બનાવીને ઉજ્જ્વળ ભવિષ્યનું સ્વપ્નું જોયું છે.

મેં મારા ભાવિ જીવનક્રમ માટે જે મહત્ત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે તેમાં મુખ્ય છે લોકચિંતનને સાચી દિશા આપવા માટે એક એવો વિચારપ્રવાહ ઊભો કરવો, જે કોઈ પણ સંજોગોમાં અવાંછનીયતાને ટકવા જ ન દે. આજે જનસમુદાયના દિલ અને દિમાગમાં જે દુર્મતિ ઘૂસી ગઈ છે, તેનું પરિણામ એવી સ્થિતિ રૂપે દેખાઈ રહ્યું છે, જેને જટિલ અને ભયાનક કહી શકાય. આવા વાતાવરણને બદલવા માટે વ્યાસની જેમ બુદ્ધ; ગાંધી અને કાર્લ માર્ક્સની જેમ;માર્ટિન કીંગ લ્યૂથર, અરવિંદ અને મહર્ષિ રમણની જેમ ભૂમિકા ભજવનાર ઋષિઓ અને મુનિઓની જરૂર છે. જેઓ પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રયાસો દ્વારા વિચારક્રાંતિનું પ્રયોજન પૂરું કરી શકે. આ પુરુષાર્થ અંતઃકરણની પ્રચંડ તપસાધના દ્વારા જ સંભવ બની શકે છે. આનું પ્રત્યક્ષ રૂપ યુગમનીષાનું જ હોઈ શકે, જે પોતાની શક્તિથી જેને યુગાન્તરીય કહી શકાય એવું ઉત્કૃષ્ટ કક્ષાનું સાહિત્ય રચી શકે. અખંડ જ્યોતિના માધ્યમથી આજથી છેંતાલીસ વર્ષ પહેલાં સંકલ્પ લીધો હતો તેને અતૂટ નિભાવતા રહેવાની મારી નૈતિક જવાબદારી છે.

યુગઋષિની ભૂમિકા પરોક્ષ સ્વરૂપમાં નિભાવતા રહીને એ સંશોધનોની પૃષ્ઠભૂમિ બનાવવાનું મને મન હતું. જે વૈજ્ઞાનિક અધ્યાત્મનું પ્રત્યક્ષ રૂપ આ તર્ક, તથ્ય, પ્રમાણોને આધાર માનનાર સમુદાય સમક્ષ મૂકી શકું. આજે ચાલી રહેલાં વૈજ્ઞાનિક સંશોધનો એમની પાસેથી દિશા લઈને સાચા માર્ગ ઉપર ચાલી શકે તો મારો પ્રયત્ન સફળ થયો ગણાશે. આત્માનુસંધાન માટે સંશોધન કાર્ય કેવી રીતે ચાલવું જોઈએ ? સાધના-ઉપાસનાનો વૈજ્ઞાનિક આધાર કયો છે ? મનની શક્તિઓના વિકાસમાં સાધના ઉપચાર કઈ રીતે મદદરૂપ થાય છે ? ઋષિકાલીન

આયુર્વિજ્ઞાનને પુનર્જીવિત કરી શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને કેવી રીતે અખંડ બનાવી શકાય છે? ગાયત્રીની શબ્દશક્તિ તેમ જ યજ્ઞાગ્નિની ઊર્જા કેવી રીતે વ્યક્તિત્વને સામર્થ્યવાન તથા પવિત્ર અને કાયાને જીવનશક્તિ સંપન્ન બનાવીને પ્રતિકૂળતાઓ સામે લડવામાં સમર્થ બનાવી શકે? જ્યોતિર્વિજ્ઞાનના પુરાતન પ્રયોગો દ્વારા આજના માનવસમુદાયને કેવી રીતે લાભાન્વિત કરી શકાય ?આવા અનેક પ્રશ્નોને મેં અથર્વવેદીય ઋષિપરંપરા હેઠળ ચકાસીને નવીન સ્વરૂપમાં રજૂ કર્યા છે. મેં એની શુભ શરૂઆત કરીને બુદ્ધિજીવી લોકોને એક નવી દિશા આપી છે, એક આધાર ઊભો કર્યો છે. પરોક્ષ રીતે હું સતત તેનું પોષણ કરતો રહીશ. સમગ્ર વૈજ્ઞાનિક સમુદાય આ દિશામાં વિચારતો થાય અને આત્મિક શોધમાં પોતાની પ્રજ્ઞાને નિયોજિત કરીને ધન્ય બની શકે તેવો મારો પ્રયત્ન રહેશે. સમગ્ર માનવજાતિને મારી મનીષા દ્વારા તથા શોધ-સંશોધનના નિષ્કર્ષો દ્વારા લાભાન્વિત કરવાનો મારો સંકલ્પ સૂક્ષ્મીકરણ તપશ્ચર્યાની સ્થિતિમાં વધુ પ્રખર બની રહ્યો છે. આનું ફળ તો આવનારો સમય જ બતાવશે. ⊙

## મારી ભવિષ્યવાણી - 'વિનાશ નહિ, સર્જન'

આવનાર સમય અનેક સંકટોથી ભરેલો છે. આ વાત વિવિધ તત્ત્વવેત્તાઓએ પોતપોતાની દૃષ્ટિ પ્રમાણે અલગ અલગ રીતે જોરદાર શબ્દોમાં કહી છે. ખ્રિસ્તીઓના ધર્મગ્રંથ બાઈબલમાં જે 'સેવન ટાઈમ્સ'માં પ્રલયકાળ જેવી વિપત્તિ આવશે એવું વર્ણન છે તે બરાબર અત્યારનો જ સમય છે. ઈસ્લામ ધર્મમાં ચૌદમી સદીના અંતમાં મહાન સંકટોનો ઉલ્લેખ છે. 'ભવિષ્ય પુરાણ'માં અત્યારના આ સમયમાં ભયંકર આપત્તિઓ તૂટી પડવાનો સંકેત છે. શીખોના 'ગુરુ ગ્રંથ સાહેબ'માં પણ આવી જ અનેક ભવિષ્યવાણીઓ છે. કવિ સુરદાસે પણ આ સમયમાં જ મુશ્કેલીઓ આવશે એવા સંકેતો કર્યા હતા. ઈજિપ્તના પિરામિડોમાંથી આવા જ શિલાલેખો પ્રાપ્ત થયા છે. ભારતના અનેક ભવિષ્યવેત્તાઓએ અધ્યાત્મના આધારે અને દૃશ્ય ગણિત - જ્યોતિષના આધારે એવી આગાહીઓ કરી છે કે અત્યારના સમયમાં ભયંકર ઊથલપાથલ થશે.

પશ્ચિમના દેશોમાં જે ભવિષ્યવેત્તાઓની આણ પ્રવર્તે છે અને જેમની ભવિષ્યવાણીઓ ૯૯ ટકા સાચી પડે છે તેમાં જિન ડિક્સન, પ્રો. હરાર, એંડરસન, જહોન બાબેરી, કીરો, આર્થર, ક્લાર્ક, નોસ્ટ્રાડેમસ, મધર શિમ્પટન, આનંદાચાર્ય વગેરેએ અત્યારના સમયના સંદર્ભમાં જે કંઈ શક્યતાઓ વ્યક્ત કરી છે તે ભયાનક છે. થોડાક સમય પહેલાં કોરિયામાં આખી દુનિયાના ભવિષ્યવેત્તાઓનું એક સંમેલન યોજાયું હતું. તેમાં પણ ભય પમાડે તેવી ભયાનક શક્યતાઓની આગાહી કરવામાં આવી હતી. ટોરેન્ટો-કેનેડામાં સમગ્ર વિશ્વના ભવિષ્યવિજ્ઞાન વિશેષજ્ઞો (ફ્યુચરાન્ટાલોજિસ્ટો) નું એક સંમેલન યોજાયું, જેમાં પ્રવર્તમાન પરિસ્થિતિનું નિરીક્ષણ કરતાં કહ્યું હતું કે ખરાબ દિવસો ખૂબ જ નજીક આવી ગયા છે. ખગોળશાસ્ત્રીઓએ જણાવ્યું છે કે અત્યારે સૂર્ય પર પડતા ધબ્બાઓ ઝડપથી વધી રહ્યા છે તે અને સૂર્યગ્રહણો થઈ રહ્યાં છે તે બંને પૃથ્વીવાસીઓ માટે હાનિકારક છે.

સામાન્ય બુદ્ધિના લોકો પણ જાણે છે કે ઘોડાપૂરની જેમ વધી રહેલ વસતિના કારણે ભવિષ્યમાં અન્ન-જળ તો શું, પણ સડકો પર ચાલવા માટે રસ્તો પણ નહિ મળે. ઔદ્યોગિકીકરણ - યાંત્રીકરણની આંધળી હરણફાળના કારણે અત્યારે હવા અને પાણી પણ ખૂટવા લાગ્યાં છે અને ઝેરી બની રહ્યાં છે. ખનિજ તેલ, કોલસો અને અન્ય ધાતુઓનો ખજાનો પચાસ વર્ષ સુધી ચાલે તેટલો પણ નથી રહ્યો. અણુપ્રયોગોના કારણે ઉત્પન્ન થતાં વિકિરણોને લીધે વર્તમાન જનસમુદાય અને આવનાર પેઢી કેન્સર જેવા ભયાનક રોગોમાં સપડાય તેવો ભય છે. જો અણુયુદ્ધ થયું તો ફક્ત માણસોનું જ નહિ, પરંતુ અન્ય પ્રાણીઓ અને વનસ્પતિઓનું પણ નિકંદન નીકળી જશે. અસંતુલિત તાપમાનના કારણે ધ્રુવો ઉપરનો બરફ પીગળવાની અને સમુદ્રમાં તોફાન આવવાની તથા હિમયુગ ફરી શરૂ થઈ જવાની અનેક સંભાવનાઓ બતાવવામાં આવી રહી છે. અનેક પ્રકારનાં સંકટોનાં અસંખ્ય કારણો વિદ્યમાન છે. આ સંદર્ભમાં સાહિત્ય ભેગું કરો તો તેમાં એવી સંભાવનાઓ સુનિશ્ચિત દેખાઈ આવે છે, જેના કારણે આ વર્ષોમાં ભયંકર ઊથલપાથલ થાય. ઈ.સ.

૨૦૦૦માં યુગ પરિવર્તનની ઘોષણા છે. આવા સમયમાં પણ વિકાસ પહેલાં વિનાશ, ઘાટ આપતાં પહેલાં ગાળવાની સંભાવનાનું અનુમાન કરી શકાય છે. ગમે તે બાજુથી વિચાર કરો, પ્રત્યક્ષદર્શી અને ભાવનાશીલ મનીષી - ભવિષ્યવેત્તાઓ અત્યારના સમયમાં વિશ્વસંકટને વધારે ભયાનક થતું જુએ છે.

પત્રકારો અને રાજનીતિજ્ઞો પણ ચિંતામાં ઘેરાયા છે. તેઓ પણ વિચારે છે કે અત્યારે જે સંકટો મનુષ્યજાતિની સામે આવીને ઊભાં છે તેવાં સંકટો માનવીય ઉત્પત્તિના સમયમાં પણ આવ્યાં નહોતાં. શાંતિ પરિષદ જેવી અનેક સંસ્થાઓ એ બાબત અંગે પ્રયત્નશીલ છે કે મહાવિનાશનું જે સંકટ માનવજાતિ ઉપર છવાયેલું છે તેને કોઈ પણ પ્રકારે ટાળવું, નાની મોટી છૂટક છૂટક લડાઈઓ તો વિવિધ ક્ષેત્રોમાં થતી રહે છે. ઠંડું યુદ્ધ ગમે ત્યારે વિશ્વયુદ્ધમાં ફેરવાઈ શકે છે.

ભૂતકાળમાં પણ દેવાસુર સંગ્રામો થતા રહ્યા છે, પણ જનજીવનના સર્વનાશની પ્રત્યક્ષ સંભાવનાનો સર્વસંમત આવો પ્રસંગ આ પહેલાં ક્યારેય આવ્યો નથી.

આ સંકટોને ઋષિકલ્પ સૂક્ષ્મધારી આત્માઓ સારી રીતે જોઈ રહ્યા છે અને સમજી રહ્યા છે. એવા સમયે એ આત્માઓ મૌન રહી શકે નહિ. ઋષિઓનું તપ સ્વર્ગ, મુક્તિ તથા સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે નથી હોતું. આ ઉપલબ્ધિઓ તો આધ્યાત્મિક જીવનમાં પ્રવેશ કરનારા સ્થૂળ શરીરધારીઓ પણ પ્રાપ્ત કરી લે છે. આ તો મહામાનવોને મળતી વિભૂતિઓ છે. ઋષિઓને ભગવાનનું કામ સંભાળવું પડે છે અને તેઓ તે પ્રયત્નને પોતાનું લક્ષ્ય માનીને સતત સંલગ્ન રહે છે.

મારી ઉપર જે ઋષિનો, દૈવીસત્તાનો અનુગ્રહ છે, તેમણે તમામ કાર્યો લોકમંગલ નિમિત્તે કરાવ્યાં છે. શરૂઆતનાં ૨૪ મહાપુરશ્ચરણો પણ આ નિમિત્તે કરાવ્યાં છે, જેથી આ કક્ષાની આત્મિક સમર્થતા પ્રાપ્ત થઈ શકે અને તેના આધારે લોકકલ્યાણનાં અતિમહત્ત્વપૂર્ણ કાર્યો પૂરાં કરવામાં કોઈ જ મુશ્કેલી ન પડે.

વિશ્વ ઉપર છવાયેલાં સંકટને ટાળવાની એમને ચિંતા છે. ચિંતા જ નથી, પ્રયત્નો પણ કર્યા છે. આ પ્રયત્નોમાં મારા વ્યક્તિત્વને પવિત્રતા

અને પ્રખરતાથી ભરી દેવાનો પણ સમાવેશ થાય છે. આધ્યાત્મિક સામર્થ્ય આના આધારે જ વિકસિત થાય છે.

ઉપાસનાનું વર્તમાન ચરણ સૂક્ષ્મીકરણની સાવિત્રી સાધનારૂપે ચાલી રહ્યું છે. આ પ્રક્રિયાની પાછળ કોઈ વ્યક્તિ વિશેષની ખ્યાતિ, સંપદા, વરિષ્ઠતા કે વિભૂતિ નથી. માનવીય સત્તા અને તેના ગૌરવના લથડિયાં ખાતા પગને સ્થિર કરવા એ જ એકમાત્ર પ્રયોજન છે. પાંચ વીરભદ્રોના ખભાઓ ઉપર પોતાના ઉદ્દેશ્યને લાદીને તેને સંપન્ન પણ કરી શકે છે. હનુમાનના ખભા ઉપર રામ - લક્ષ્મણ બંને બેસીને ફરતા હતા. આ તો શ્રેષ્ઠતા આપવા પૂરતું છે. આને માધ્યમ સ્વીકારવાની પસંદગી કહી શકાય.એક ગાંડીવ ધનુષ્યના આધારે આટલું મોટું વિશાળ મહાભારતનું યુદ્ધ કેવી રીતે લડી શકાયું ? સામાન્ય બુદ્ધિથી વિચારીએ તો તે અશક્ય જ લાગે, પણ ભગવાનની જે ઈચ્છા હોય છે તે તો કોઈ ને કોઈ રીતે પૂરી થાય જ છે. મહાબલી હિરણ્યકશિપુને નૃસિંહ ભગવાને ફાડી નાખ્યો હતો, એમાં પણ ભગવાનની જ ઈચ્છા હતી.

આ વખતે પણ મારી પોતાની અનુભૂતિ એવી છે કે અસુરતા દ્વારા ઉત્પન્ન થયેલ વિભીષિકાઓને સફળ થવા દેવામાં આવશે નહિ. પરિવર્તન એ રીતે થશે કે જે લોકો આ મહાવિનાશમાં જોડાયા છે, એની રચના કરી રહ્યા છે તેઓ ફરી જશે અથવા તેમને ફેરવનારાઓ નવા પેદા થશે. વિશ્વશાંતિમાં ભારતની ચોક્કસ કોઈ મોટી ભૂમિકા હોઈ શકે છે.

સમસ્ત સંસારના અગ્રગણ્ય, શક્તિશાળી અને વિચારશીલ લોકોને એક જ શંકા છે કે વિનાશ નજીક આવી રહ્યો છે. મારા એકલાનું જ કહેવું છે કે ઊલટાને ઊલટાવીને સીધું કરવામાં આવશે. મારા ભવિષ્યકથનને ખૂબ જ ગંભીરતાપૂર્વક સમજી લેવું જોઈએ. પ્રચંડ તોફાની પ્રવાહ વિનાશની ઘટાઓને આગામી દિવસોમાં ઉડાડીને ક્યાંય લઈ જશે અને અંધકાર ચીરીને પ્રકાશ બહાર આવતો જોઈ શકાશે. આ ઋષિઓનાં પરાક્રમોથી જ શક્ય છે. આમાં કેટલીક પ્રત્યક્ષ અને કેટલીક પરોક્ષ ભૂમિકા મારી પણ હોઈ શકે છે.

સામાન્ય માણસોની ઈચ્છાશક્તિ પણ કામ કરે છે એવું પણ માનવું જોઈએ. લોકમતનો પણ પ્રભાવ પડે છે. જે લોકોના હાથમાં અત્યારે વિશ્વના વાતાવરણને બગાડવાની ક્ષમતા છે, તેમણે જાગૃત લોકમતની સામે ઝૂકવું જ પડશે. લોકમતને જાગૃત કરવાનું અભિયાન 'પ્રજ્ઞા આંદોલન' દ્વારા ચાલી રહ્યું છે. તે ક્રમશઃ આગળ વધતું જશે અને શક્તિશાળી બનતું જશે. આનો પ્રભાવ દરેક પ્રભાવશાળી ક્ષેત્રની સમર્થ વ્યક્તિઓ ઉપર પડશે અને તેમનું મન બદલાશે કે પોતાનાં કૌશલ્યો અને ચાતુર્યને વિનાશની યોજના બનાવવાના બદલે વિકાસના કાર્યમાં વાપરવાં જોઈએ. પ્રતિભા એક મહાન શક્તિ છે. તે જ્યાં પણ અગ્રેસર થાય છે ત્યાં ચમત્કાર બતાવતી જાય છે.

વર્તમાન સમસ્યાઓ એકબીજા સાથે સંકળાયેલી છે. એક સાથે બીજીનો ઘનિષ્ઠ સંબંધ છે. પછી તે પર્યાવરણ હોય કે યુદ્ધસામગ્રીની જમાવટ, વધતી અનીતિ હોય કે ભ્રષ્ટાચાર, દુષ્કાળ હોય કે ભયંકર રોગચાળા જેવી કુદરતી આપત્તિઓ. એકને ઉકેલવામાં આવે અને બાકીની બધી ગૂંચવાયેલી પડી રહે એમ ન બની શકે. બધાના ઉકેલ શોધવા પડશે અને જો સાચા મનની ઈચ્છા હશે તો તેનો ઉકેલ આવીને જ રહેશે.

શક્તિઓમાં બે જ મુખ્ય છે. તેના જ માધ્યમથી કાં તો નિર્માણ થાય છે કાં તો નાશ. એક છે શસ્ત્રબળ - ધનબળ. બીજું છે બુદ્ધિબળ - સંગઠનબળ. છેલ્લા ઘણા લાંબા સમયથી શસ્ત્રબળ અને ધનબળના આધારે મનુષ્યોને પાડવામાં આવ્યા, અયોગ્ય રીતે દબાવવામાં આવ્યા, જે મનમાં આવ્યું તે મુજબ તેમની પાસે કરાવવામાં આવી રહ્યું છે. આ છે રાક્ષસી શક્તિ. આગામી દિવસોમાં દૈવી શક્તિએ આગળ આવવાનું છે અને બુદ્ધિબળ અને સંગઠનબળના પ્રભાવનો અનુભવ કરાવવાનો છે. સાચી દિશામાં ચાલવાથી દૈવી શક્તિ શું શું કરી શકે છે તેની અનુભૂતિ બધાને કરાવવાની છે.

ન્યાયનીં સ્થાપના થાય, સર્વ દિશામાંથી નીતિને માન્યતા મળે. બધા લોકો હળીમળીને રહે અને વહેંચીને જ ખાય - આ સિદ્ધાંતને લોકો દ્વારા ખરા મનથી સ્વીકારવામાં આવશે તો પછી નવી દિશા મળશે, નવા ઉપાયો

સૂઝશે, નવી યોજનાઓ બનશે. નવા પ્રયાસો થશે અને અંતે લક્ષ્ય સુધી પહોંચવાના ઉપાયો તૈયાર થઈ જશે.

'આત્મવત્ સર્વ ભૂતેષુ' અને 'વસુધૈવ કુટુમ્બકમ્' આ બે જ સિદ્ધાંતો એવા છે જેને અપનાવી લેવામાં આવે તો તાત્કાલિક એ સમજાવા લાગશે કે અત્યારના સમયમાં કઈ અવાંછનીયતાને અપનાવવામાં આવી છે અને તેને છોડવા માટે કયા પ્રયત્નો કરવા પડશે, કયા પ્રકારનો સંઘર્ષ કરવો પડશે. માનવીનું સામર્થ્ય અપાર છે. તે જે કરવાનો નિશ્ચય કરે અને ઔચિત્યના આધારે અપનાવી લે તો કોઈ કાર્ય એવું કઠિન નથી, જેને પૂરું ન કરી શકાય.

આગામી દિવસોમાં એક વિશ્વ, એક ભાષા, એક ધર્મ અને એક સંસ્કૃતિનું રાષ્ટ્ર બનવાનું છે. જાતિ, લિંગ, વર્ણ અને ધનના આધારે માનવીય ઓળખની વિષમતાનો અંત હવે નજીક આવી ગયો છે. તેના માટે જે કંઈ કરવું જરૂરી છે તે સૂઝશે પણ ખરું અને વિચારશીલ લોકો દ્વારા પરાક્રમપૂર્વક કરવામાં પણ આવશે. એ સમય નજીક છે. તેની આપણે સૌ ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ શકીએ છીએ.

## ૨૨. જીવનના ઉત્તરાર્ધનાં કેટલાંક મહત્ત્વપૂર્ણ નિર્ધારણ

સખત અને કઠિન પરીક્ષામાં ઉત્તીર્ણ થવાથી જ કોઈના મહિમા અને ગરિમાની જાણકારી મળે છે.પ્રતિસ્પર્ધામાં ઉત્તીર્ણ થવાથી જ પદાધિકારી બની શકાય છે. રમતગમતમાં જે બાજી મારે છે તે જ ઈનામ જીતે છે. અગ્નિમાં તપાવ્યા પછી જ સાચા સોનાની ઓળખાણ થઈ શકે છે. હીરાને એટલા માટે કીમતી સમજવામાં આવે છે કે તે સામાન્ય આરીથી લોખંડના ઓજારથી કપાતો નથી. મોરચા પર વિજય મેળવીને પાછા ફરનારા સેનાપતિને સન્માન સાથે એવૉર્ડ એનાયત કરવામાં આવે છે.

પડકારોનો સ્વીકાર કરનાર જ સાહસિક કહેવાય છે. એમણે દુઃખો-વિપત્તિઓમાંથી પાર થઈને જ પોતાની શ્રેષ્ઠતા સાબિત કરવી પડે છે. યોગી,તપસ્વી જાણીબૂજીને જ ઉગ્ર તપસ્યા કરે છે. જે દુષ્ટો કૃષ્ણનું

વાસ્તવિક સ્વરૂપ ઓળખી ગયા તેઓ શરૂઆતથી જ એમને હેરાન કરવા લાગ્યા. બકાસુર,અઘાસુરો, કાલીનાગ, કંસ વગેરે અનેક સામે લડવું પડ્યું. પૂતના તો બાળપણમાં જ એમને ઝેર આપવા આવી હતી. આખી જિંદગી એમને દુષ્ટતા સામે સંઘર્ષ કરવો પડ્યો. મહાનતાનો માર્ગ એવો જ છે, જેના પર ચાલનારે ડગલે ને પગલે જોખમ ખેડવાં પડે છે. દધીચિ, ભગીરથ, હરિશ્ચંદ્ર અને મયૂરધ્વજ વગેરેનાં ગુણગાન એમના તપ-ત્યાગના કારણે જ ગવાય છે.

ભગવાન જેને સાચા મનથી પ્રેમ કરે છે તેણે અગ્નિ પરીક્ષામાંથી પસાર થવું પડે છે. ભગવાનનો પ્રેમ જાદુગરની જેમ ચમત્કાર જોવા -બતાવવામાં નથી. મહત્ત્વાકાંક્ષાઓની પૂર્તિ પણ ત્યાં થતી નથી.

મારા અંગત જીવનમાં ભગવાનની કૃપા સતત વરસતી રહી છે. જ્યારે રમવા-કૂદવાના દિવસો હતા ત્યારે ચોવીસ લાખનાં મહાપુરશ્ચરણોનો અત્યંત કઠોર સાધનાક્રમ આપવામાં આવ્યો હતો. ત્યાર પછી સંગઠન, સાહિત્ય, જેલ, પુણ્ય-પરમાર્થનાં એકએકથી કઠિન કામ સોંપવામાં આવ્યાં. સાથેસાથે એ વાતની પણ પરખ થતી રહી કે જે કામ કરવામાં આવ્યું તે એના સ્તરને અનુરૂપ થયું કે નહિ ? સાંસારિક ખ્યાતિ મેળવવા માટે ઢોંગ-આડંબર તો નથી રચ્યો ને ? એની પણ સમય પર પરીક્ષા લેવામાં આવી.આદ્યશક્તિ ગાયત્રીને યુગશક્તિ રૂપે વિકસિત અને વિસ્તૃત કરવાની જવાબદારી સોંપીને એ જાણી લેવામાં આવ્યું કે એક બીજે પોતાને ગાળીને નવા ૨૪ લાખ સહયોગી-સમર્થક કેવી રીતે બનાવી લીધા ? એમના દ્વારા ૨૪૦૦ પ્રજ્ઞાપીઠો વિનિર્મિત કરાવવાથી માંડીને સતયુગી વાતાવરણ બનાવવા અને પ્રયોગ-પરીક્ષણોની શૃંખલા અદ્ભુત - અનુપમ સ્તર સુધીની બનાવી લેવામાં આત્મસમર્પણ જ એકમાત્ર આધારભૂત કારણ રહ્યું. ઈંધણ જ્વલંત જ્વાળા બનીને ભભૂકે છે તો તેનું કારણ ઈંધણનું અગ્નિમાં સમર્પિત થઈ જવાને જ માની શકાય છે.

આજે જ્યારે ૭૫ વર્ષોમાંથી પ્રત્યેક આ રીતે તપતાં તપતાં વિતાવી લીધાં તો એક મોટી કસોટી શિરે નાંખી. તેમાં નિયંતાની નિષ્ઠુરતા ન શોધવી

જોઈએ, પણ એમ વિચારવું જોઈએ કે તેમણે આપેલી પ્રખરતાના પરીક્ષણક્રમમાં વધુ વેગ લાવવાની વાત ઉચિત સમજવામાં આવી.

હીરકજયંતીના વસંત પર્વ પર આકાશમાંથી એક દિવ્ય સંદેશ ઊતર્યો. એમાં 'લક્ષ્ય' શબ્દ હતો અને પાંચ આંગળીઓનો સંકેત, જો કે આ એક કોયડો હતો, પણ એને ઉકેલતાં વાર ન લાગી. પ્રજાપતિએ દેવ, દાનવ અને માનવોને એક વાર એક શબ્દનો ઉપદેશ આપ્યો હતો - 'દ'. ત્રણેય ચતુર હતા. એમણે એ સંકેતનો સાચો અર્થ કાઢી પોતાની સ્થિતિ અને આવશ્યકતાને અનુરૂપ લીધો. દેવતાઓએ 'દમન', દૈત્યોએ 'દયા', માનવોએ દાનના રૂપમાં એ સંકેતનું ભાષ્ય કર્યું, જે સર્વથા ઉચિત હતું.

એક એક લાખની પાંચ શૃંખલાઓનું સર્જન કરવાનો સંકેત થયો. એનું તાત્પર્ય છે કળીમાંથી કમળની જેમ ખીલવું. હવે મારે આ જન્મની પૂર્ણાહુતિમાં પાંચ હવ્યનો સમાવેશ કરવો પડશે. તે આ પ્રકારે છે. (૧) એક લાખ કુંડીનો ગાયત્રી યજ્ઞ. (૨) એક લાખ યુગ સર્જકો તૈયાર કરવા અને એમને પ્રશિક્ષણ આપવું. (૩) એક લાખ અશોક વૃક્ષોનું આરોપણ. (૪) એક લાખ ગ્રામતીર્થોની સ્થાપના. (૫) એક લાખ વર્ષના સમયદાનનો સંચય.

આ પાંચેય કાર્યો એકએકથી કઠિન લાગે છે અને સામાન્ય મનુષ્યની શક્તિથી બહાર, પરંતુ વાસ્તવમાં એવું નથી. આ કામ સરળ પણ છે અને શક્ય પણ છે. આશ્ચર્ય એટલું જ છે કે જોનારા એને અદ્ભુત અને અનુપમ કહેશે.

વસ્તુસ્થિતિ એ છે કે મિશનની પત્રિકાઓની ગ્રાહક સંખ્યા લગભગ ૪ લાખ જેટલી છે. સૌ કોઈ ભાવનાશીલ છે, તો પણ એમાંથી દરેક ચાર પરિજનની પાછળ એકની પાસે એવી આશા રાખી શકાય કે તે નવસર્જનના આ મહાપર્વ પર પોતાના કર્તવ્યનું પાલન કરે અને એવાં કામ કરી બતાવે કે જેની તાતી જરૂરિયાત છે અને આશા રાખવામાં આવી છે.

**(૧) એક લાખ ગાયત્રી યજ્ઞ :** બધા વરિષ્ઠ પ્રજ્ઞાપુત્રોએ પોતાનો જન્મદિવસ ઘર આંગણે ઊજવવો પડશે. એમાં એક નાની વેદી બનાવીને ગાયત્રી મંત્રની ૧૦૮ આહુતિઓ તો આપવી જ પડશે. એની સાથેસાથે

સમયદાન - અંશદાન આપવાની પ્રતિજ્ઞા લેવી પડશે અને એનું પાલન પણ કરવું પડશે. સ્વભાવમાં પ્રવેશી ગયેલા દુર્ગુણોમાંથી ઓછામાં ઓછા એકને છોડવો પડશે અને સત્પ્રવૃત્તિ વધારવા માટે ઓછામાં ઓછો એક સદ્‌ગુણ ધારણ કરવો પડશે. આ પ્રમાણે અંશદાનથી ઝોલા પુસ્તકાલય ચાલવા લાગશે અને ભણેલા લોકોને યુગ સાહિત્ય વંચાવવા તથા અભણોને વાંચી સંભળાવવાનો ક્રમ ચાલુ થઈ જશે. પોતાની કમાણીનો એક અંશ પરમાર્થનાં કાર્યોમાં વાપરવાની પ્રતિજ્ઞાનું પાલન કરવાથી દરેક પ્રજ્ઞાસંસ્થાનના કાર્યક્રમ ચાલુ થઈ જશે.

દરેક ગાયત્રી યજ્ઞની સાથે જ્ઞાનયજ્ઞ જોડાયેલો છે. આ અવસર પર કુટુંબી, સંબંધી, મિત્ર, પાડોશી વગેરે સૌને બોલાવવા જોઈએ. જ્ઞાનયજ્ઞના રૂપમાં સુગમ સંગીત તથા અવસરને અનુરૂપ પ્રવચન કરવાની વ્યવસ્થા કરવી જોઈએ. યજ્ઞવેદીનો મંડપ પોતાની કળાકુશળતાનો ઉપયોગ કરીને ઓછા ખર્ચે સારી રીતે શણગારી શકાય છે. વેદીને લીંપવામાં આવે અને રંગોળી પૂરવામાં આવે તો તે આકર્ષક બની જાય છે. એક ઠેકાણે એક લાખ કુંડોનો યજ્ઞ કરવાથી એનો પ્રભાવ આસપાસના વિસ્તારમાં જ પડશે, પરંતુ જો એક લાખ ઘરોમાં યજ્ઞ થાય તો એનો પ્રભાવ દેશવ્યાપી પડશે, ૧ લાખ x ૧૦૮= લગભગ ૧ કરોડ આહુતિઓ. આ સંખ્યા ઓછામાં ઓછી છે. એનાથી વધારે આહુતિઓ આપી શકાય તો ૨૪૦ સુધી આપી શકાય છે. અતિથિસત્કારમાં ખર્ચ કરવાની મનાઈ છે. એટલા માટે દરેક અમીર કે ગરીબ વ્યક્તિ સૌથી ઓછા ખર્ચે આ યજ્ઞ કરી શકે છે.

યુગસંધિની વેળા સન ૨૦૦૦ સુધી છે. હજુ એમાં લગભગ ૧૪ વર્ષ બાકી છે. એક લાખ કાર્યકર્તાઓ દર વર્ષે જન્મદિવસ ઊજવે તો એક લાખ નાના યજ્ઞો થાય. દેખાદેખીમાં બીજા લોકો પણ જન્મદિવસ નિમિત્તે યજ્ઞ કરાવશે. આ રીતે દર વર્ષે કેટલાય લાખ યજ્ઞો અને કરોડો આહુતિઓ થઈ શકે છે. એનાથી વાયુમંડળ અને વાતાવરણ બંને શુદ્ધ થશે. સાથે જન માનસનો પરિષ્કાર કરનારી અનેક સત્પ્રવૃત્તિઓ આ અવસરે લેવામાં આવેલ અંશદાન - સમયદાનના સંકલ્પના આધારે સુવિકસિત થતી જશે.

(૨) **સંજીવની વિદ્યાનું પ્રશિક્ષણ :** શાંતિકુંજમાં એવી વ્યવસ્થા કરવામાં આવનાર છે કે ૧૦૦૦ શિબિરાર્થીઓને નિયમિતપણે શિક્ષણ આપી શકાય. આ પ્રશિક્ષણમાં વ્યક્તિત્વનો વિકાસ, પ્રતિભાનું જાગરણ, કુટુંબમાં સુસંસ્કારિતા અને સમાજમાં સત્પ્રવૃત્તિઓ વધારવા જેવા મહત્ત્વપૂર્ણ વિષયો ભણાવવામાં આવશે. આશા રાખવામાં આવે છે કે આ પ્રશિક્ષણમાં જે કાંઈ શીખવવામાં આવશે, જે પ્રેરણા આપવામાં આવશે તે જેને સાધનાના તત્ત્વજ્ઞાનનો સાર કહી શકાય તેવી હશે. આશા રાખવી જોઈએ કે જે કોઈ આ સંજીવની વિદ્યા ભણશે તે પોતાનામાં નવા પરિવર્તનનો અનુભવ કરશે અને નેતૃત્વશક્તિનો વિકાસ કરશે, જે દરેક ક્ષેત્રમાં સફળતા આપી શકે. આ શિક્ષિત કાર્યકર્તાઓ પોતપોતાના ક્ષેત્રમાં પાંચસૂત્રી યોજનાનું સંચાલન કરશે.

મિશનની પત્રિકાના વાચકો તો ગ્રાહકોની સરખામણીમાં પાંચગણા વધારે છે. પત્રિકા ઓછામાં ઓછી પાંચ વ્યક્તિઓ વાંચે છે. આમ, પ્રજ્ઞાપરિવારની સંખ્યા ૨૪-૨૫ લાખ થઈ જાય છે. આમાં શિક્ષિત વર્ગનાં નર-નારી છે. તમામને આ પ્રશિક્ષણમાં સામેલ થવાનું આમંત્રણ આપવામાં આવ્યું છે. દર પચીસે એક વિદ્યાર્થી મળે તો સંખ્યા એક લાખ જેટલી થઈ જાય છે. યુગસંધિની અવધિ સુધીમાં આટલા શિક્ષાર્થી વિશેષ રૂપે લાભ લઈ ચૂક્યા હશે. તેમને માત્ર શાળાના વિદ્યાર્થીઓ ન માનવા જોઈએ, પરંતુ જે ઉચ્ચસ્તરીય જ્ઞાન મેળવીને તેઓ પાછા ફરશે તો તેમનું વ્યક્તિત્વ મહામાનવ સ્તરના યુગનેતૃત્વની પ્રતિભાથી ભરપૂર હશે એવી આશા રાખી શકાય.

આ શિક્ષણ મે, ૧૯૮૯થી શરૂ થયું છે. તેની વિશેષતા એ છે કે શિક્ષાર્થીઓ માટે નિવાસ, પ્રશિક્ષણની જેમ ભોજન પણ નિઃશુલ્ક છે. સ્વેચ્છાપૂર્વક કોઈ કંઈ આપે તો તેનો અસ્વીકાર કરવામાં આવતો નથી, પણ અમીર-ગરીબનો ભેદ કરનારી શુલ્ક પરિપાટીને આ પ્રશિક્ષણમાં પ્રવેશવા જ નથી દીધી. પ્રાચીન કાળનાં વિદ્યાલયો, વાલી અને અધ્યાપકની બેવડી ભૂમિકા નિભાવતાં હતાં. આ પ્રયોગને પણ તે પ્રાચીન વિદ્યાલય પ્રણાલીનું પુનર્જીવન કહી શકાય.

જીવનની બહુમુખી સમસ્યાઓનું સમાધાન, પ્રગતિના પથ પર આગળ વધવાનું રહસ્ય ઉપરાંત ભાષણકળા, સુગમ સંગીત, જડીબુટ્ટી વિજ્ઞાન,

પૌરોહિત્ય શિક્ષણ, સ્વાસ્થ્ય, ગૃહઉદ્યોગોની જાણકારી વગેરે વિવિધ વિષયો પણ સામેલ કરવામાં આવ્યા છે. જેથી એનો પ્રત્યક્ષ અને પરોક્ષ લાભ પોતે ઉઠાવી શકે અને બીજાને પણ આપી શકે.

અનુમાન છે કે આગામી ૧૪ વર્ષમાં એક લાખ જેટલા છાત્રોના ઉપર્યુક્ત પ્રશિક્ષણ અંગે ભારે ખર્ચ થશે. ઘણુંખરું તો ભોજનખર્ચ જ એક કરોડ જેટલું થશે. નવું મકાન, ફર્નિચર, વીજળી વગેરેનું નવું ખર્ચ જે વધશે તે પણ આનાથી ઓછું નહિ હોય. આશા છે કે યાચના કર્યા વિના ભારે ખર્ચ વહન કરીને અત્યાર સુધી નિભાવેલું વ્રત આગળ પણ નિભાવતા રહી શકાશે અને આ સંકલ્પ પણ પૂરો થઈને રહેશે. આ ઉચ્ચસ્તરીય શિક્ષણમાં ૨૫ લાખનો સમાવેશ થવો જરા પણ કઠિન નથી, પરંતુ તેમ છતાંય પ્રતિભાવાનોને પ્રાથમિકતા આપવાની શોધ અને પૂછપરછ કરવી પડી છે અને પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ પાસે તેમનો વિસ્તૃત પરિચય માગવામાં આવ્યો છે.

**(૩) એક લાખ અશોક વૃક્ષોનું આરોપણ :** વૃક્ષારોપણનું મહત્ત્વ સૌ કોઈ જાણે છે. વાદળોને ખેંચીને વરસાદ પાડવો, જમીનનું ધોવાણ અટકાવવું, જમીનની ફળદ્રુપતા વધારવી, પ્રાણવાયુ પૂરો પાડવો, પ્રદૂષણનું શોષણ કરવું, છાંયડો, પ્રાણીઓને આશ્રય, ઈમારતી લાકડું, બળતણ વગેરે કેટલાય લાભો આપણને વૃક્ષો દ્વારા મળે છે. ધાર્મિક અને ભૌતિક દૃષ્ટિએ વૃક્ષારોપણને એક ઉચ્ચ કોટિનું પુણ્યકાર્ય માનવામાં આવે છે.

વૃક્ષોમાં અશોકનું પોતાનું આગવું મહત્ત્વ છે. સમ્રાટ અશોકની જેવું એનું ગુણગાન ગાઈ શકાય. હનુમાનજીએ પણ અશોક ઝાડ પર આશ્રય લીધો હતો. સીતાજીને પણ અશોકવાટિકામાં જ રાખવામાં આવ્યાં હતાં. આયુર્વેદમાં પણ સ્ત્રીરોગો માટે અશોક રામબાણ ઔષધિ રૂપ માનવામાં આવે છે. તે પુરુષોમાં બળ અને તેજ વધારવામાં વિશેષ રૂપે લાભદાયક છે. સાધના માટે અશોકવનમાં રહેવામાં આવે છે. એની શોભા અસાધારણ છે. જો જનતાને અશોક વૃક્ષના ગુણ સમજાવવામાં આવે તો દરેક વ્યક્તિ અશોકવાટિકા તો નહિ પણ પોતાના આંગણામાં અશોકનું એક ઝાડ તો ઉગાડી શકે છે.

એક લાખ અશોક વૃક્ષો વાવવાનો સંકલ્પ પૂરો કરવા માટે જો પ્રજ્ઞા પરિજનો ઉત્સાહ સાથે પ્રયત્ન કરે તો નિશ્ચિત પણે સફળતા મળે જ. સામૂહિક શક્તિ મહાન છે. એની આગળ કોઈ અવરોધ ટકી શકતો નથી. અશોકવાટિકાઓને મંદિર જેવી પ્રતિષ્ઠા આપવામાં આવશે. બિહારના હજારી નામના ખેડૂતે સ્વપ્રયત્ને એક હજાર આંબાનો બાગ તૈયાર કર્યો હતો. પછી એવું કોઈ કારણ નથી કે એક લાખ વૃક્ષ વાવવાનો સંકલ્પ પૂરો ન થાય. એના રોપા શાંતિકુંજમાંથી આપવાનો નિશ્ચય કરવામાં આવ્યો છે અને દરેક પ્રજ્ઞા પરિજનને કહેવામાં આવ્યું છે કે તેઓ અશોક વાટિકા તૈયાર કરવા-કરાવવામાં કોઈ ઊણપ ન રહેવા દે. એનાથી હવા શુદ્ધ થવાનું કાર્ય શાશ્વત શાસ્ત્રસંમત યજ્ઞ સમાન જ સમજવું. યજ્ઞનો પ્રભાવ થોડો સમય પડે છે, જ્યારે વૃક્ષ તો કેટલાંય વર્ષો સુધી રાતદિવસ વાયુ શુદ્ધ કરે છે.

**(૪) દરેક ગામ એક યુગતીર્થ :** જ્યાં સત્કાર્યો થતાં રહે છે એ સ્થાનોની અર્વાચીન કે પ્રાચીન ગતિવિધિઓ જોઈને આદર્શવાદી પ્રેરણા મળતી રહે છે. એ સ્થાનોને તીર્થ કહેવામાં આવે છે. શ્રદ્ધાળુ માણસો જે દર્શનીય સ્થાનોની તીર્થયાત્રા કરે છે, એ સ્થાનો અને ક્ષેત્રોની સાથે કોઈ એવો ઈતિહાસ જોડાયેલો છે કે જેમાં સંયમશીલતા – સેવા ભાવનાનું સ્વરૂપ પ્રદર્શિત થાય છે. પ્રસ્તુત તીર્થોમાં ક્યારેક ઋષિઆશ્રમો પણ રહ્યા છે, ગુરુકુળ આરણ્યકો ચાલ્યાં છે અને પરમાર્થ સંબંધી વિવિધ કાર્ય થતાં રહ્યાં છે.

આજે પ્રખ્યાત તીર્થ બહુ થોડાં છે. ત્યાં પર્યટકોની ભીડ વધારે રહે છે. પુણ્યકાર્યોનો ક્યાંય પત્તો નથી. આ પરિસ્થિતિઓમાં તીર્થભાવનાને ફરીથી જગાડવા માટે એવું વિચારવામાં આવ્યું છે કે ભારતના દરેક ગામને એક નાના તીર્થ રૂપે વિકસિત કરવામાં આવે. ગામનું તાત્પર્ય અહીં શહેરો સાથે દ્વેષ કે ઉપેક્ષા ભાવ રાખવાનો નથી, પરંતુ ગામડાંના પછાત તથા ગરીબ વર્ગને આગળ લાવવાનો હેતુ છે. માતૃભૂમિનો પ્રત્યેક કણ દેવતા છે. દરેક ગામ અને ઝૂંપડી પણ. જરૂર એ વાતની છે કે એમના માથા પર લાગેલું પછાતપણું ધોવામાં આવે અને સત્પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવામાં આવે. આટલું કરવાથી ગામડાંમાં નવો પ્રાણ ફુંકાશે. 'દરેક ગામ

તીર્થ બને' યોજનાનો હેતુ છે - 'ગ્રામોત્થાન', ગ્રામસેવા અને ગ્રામવિકાસ. આ કાર્ય પૂરા મનથી કરવામાં આવે અને મહેનતને ગ્રામદેવતાની પૂજા માનવામાં આવે. આ તીર્થસ્થાપના થઈ. આ કામ ગામલોકો અને બહારના સેવાભાવી કાર્યકર્તાઓ હળીમળીને પૂરું કરી શકે છે. પછાતપણાના પ્રત્યેક પાસાં સામે ઝઝૂમવા અને પ્રગતિના પ્રત્યેક પાસાંને ઉજાગર કરવા માટે જરૂરી છે કે ગામની સાર્થક પદયાત્રા કરવામાં આવે, જનસંપર્ક કરવામાં આવે અને યુગચેતનાનો અલખ જગાવવામાં આવે.

દરેક ગામને તીર્થ રૂપમાં વિકસિત કરવા માટે તીર્થયાત્રા ટોળીઓ કાઢવાની યોજના છે. પદયાત્રાને સાઈકલ યાત્રાના રૂપમાં માન્યતા આપવામાં આવી છે. ત્રણ સાઈકલ સવારોની એક ટુકડી પીળાં વસ્ત્રો પહેરીને, ગળામાં પીળો થેલો લટકાવીને, સાઈકલો પર પીળા રંગનાં કમંડળ લટકાવીને પ્રવાસ પર નીકળશે. આ પ્રવાસ ઓછામાં ઓછા દસ દિવસના-પંદર દિવસના અથવા વધારેમાં વધારે એક મહિનાના હશે. યાત્રા માટે સૌથી પહેલાં એક રૂપરેખા બનાવવામાં આવશે. યાત્રા જ્યાંથી શરૂ થશે ત્યાં આવીને સમાપ્ત થશે. સવારે પાણી પીને ટોળી નીકળશે. રસ્તામાં આવતાં ગામોની દીવાલો પર આદર્શ વાક્ય લખશે. નાના ડબ્બામાં રંગ હશે.સુંદર અક્ષરે લખવાનો અભ્યાસ પહેલેથી જ કરી લીધો હશે. (૧) હું બદલાઈશ-યુગ બદલાશે (૨) હું સુધરીશ-યુગ સુધરશે (૩) નર ને નારી એક સમાન, જાતિ, વંશ સર્વ એકસમાન. જ્યાં જે વાક્ય યોગ્ય લાગે ત્યાં બ્રશથી લખતા જશે.

જ્યાં રાત્રિરોકાણ કરવાનું નક્કી કર્યું હોય ત્યાં શંખ-ઘડિયાળથી ગામની પરિક્રમા કરવામાં આવે અને જાહેરાત કરવામાં આવે કે અમુક જગ્યાએ તીર્થયાત્રા મંડળીનાં ભજન-કીર્તન થશે.

એક દિવસના આ કીર્તનમાં એક બાજુ ગામલોકોને સુગમ સંગીતના માધ્યમથી ભક્તિરસમાં તરબોળ કરવામાં આવશે અને બીજી બાજુ એ પણ બતાવવામાં આવશે કે ગામને સજ્જનતા અને પ્રગતિના માર્ગ પર આગળ વધારવા માટે શું કરવું જોઈએ. પ્રૌઢશિક્ષણ, બાળસંસ્કાર શાળા, સ્વચ્છતા, વ્યાયામશાળા, શાકવાટિકા, કુટુંબનિયોજન, નશાબંધી,

સહકારિતા, વૃક્ષારોપણ વગેરે સત્પ્રવૃત્તિઓનું મહત્ત્વ સમજાવીને બતાવવામાં આવશે કે સૌ ગામલોકો ભેગા મળીને આ કાર્યક્રમોને કેવી રીતે અમલમાં મૂકી શકે છે અને એનો લાભ ઉઠાવી શકે છે.

સંભવ હોય તો સભાના અંતમાં ઉત્સાહી પ્રતિભાશાળી લોકોની એક સમિતિ બનાવી દેવામાં આવે તો વધુ સારું. બીજા દિવસે સવારે ગામની એકતા અને પવિત્રતાના પ્રતીક રૂપે એક અશોક વૃક્ષ રોપવામાં આવે. આ અશોક દેવમૂર્તિ, ઉપયોગિતા અને ભાવનાની દૃષ્ટિએ બહુ જ ઉપયોગી છે.

એક લાખ ગામોમાં આ આંદોલનના વિસ્તાર માટે શાંતિકુંજે પહેલું પગલું ભર્યું છે. એના માટે સંચાલન કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી છે. ત્યાં ત્રણ નવી સાઈકલો, ત્રણ નાના ડબ્બા, બિસ્તરા, સંગીતનાં સાધનો અને યુગસાહિત્ય રાખવામાં આવ્યાં છે. થોડા દિવસની તાલીમ પછી સમયદાનીઓ આ સાધનોની મદદથી યાત્રા પર નીકળી શકશે. જ્યારે દરેક ગામમાં ઓછામાં ઓછી એક વ્યક્તિ દરરોજ સમયદાન અને અંશદાન આપીને ગામલોકોને યુગસાહિત્ય વંચાવવાનું વ્રત લેશે ત્યારે આ કાર્યક્રમ સફળ થયો કહેવાશે. જે ગામમાં આ રચનાત્મક કાર્યક્રમો ચાલશે તે ગામ ટૂંક સમયમાં પ્રગતિના રાજમાર્ગ પર દોડવા લાગશે. આ છે તીર્થભાવના – તીર્થ સ્થાપના. એના માટે એક હજાર કેન્દ્ર સ્થાપવાની યોજના છે. એક કેન્દ્ર સંચાલક પોતાના ક્ષેત્રની જવાબદારી સંભાળશે. કેન્દ્રમાં તીર્થયાત્રા માટેનાં જરૂરી સાધનસગવડો રાખવામાં આવશે. સમયદાનીઓને તાલીમ આપવામાં આવે અને એક ટુકડી પોતાનો પ્રવાસ પૂરો કરીને આવે ત્યાં સુધી બીજી ટુકડી તૈયાર કરવામાં આવે અને એને બીજા ગામના પ્રવાસ પર મોકલવામાં આવે. વિચારવામાં આવ્યું છે કે દરેક પચાસ માઈલના ક્ષેત્રમાં એક તીર્થમંડળ બનાવવામાં આવે અને એમાં જેટલાં ગામ આવતાં હોય તેમાં વર્ષે બે વાર તીર્થયાત્રાની ટુકડીઓ મોકલવામાં આવે. આ બધી વ્યવસ્થા ક્ષેત્રસંચાલકે સંભાળવાની રહેશે. એમની નિમણૂક શાંતિકુંજથી કરવામાં આવશે.

દેશમાં સાત લાખ ગામડાં છે, પરંતુ અત્યારે વર્તમાન પરિસ્થિતિ જોતાં એક લાખ ગામડાં જ હાથ પર લેવામાં આવ્યાં છે. ૨૪ લાખ પ્રજ્ઞા પરિજનો

એક લાખ ગામોમાં ફેલાયેલા હશે. તેમની મદદથી આ કાર્યક્રમ સરળતાથી સંપન્ન થઈ શકે છે. ત્યારબાદ એ હવા સમગ્ર દેશમાં ફેલાઈ શકે છે. ક્રમિક ગતિએ ચાલવું અને શક્ય હોય તેટલું તરત જ કરતાં જઈને આગળની યોજનાને વિસ્તાર દેતાં ચાલવું એ બુદ્ધિમત્તાનું કામ છે.

**(૫) એક લાખ વર્ષનું સમયદાન :** જેટલા વિશાળ અને બહુમુખી યુગ પરિવર્તનની કલ્પના કરવામાં આવી છે, એના માટે સાધનોની તુલનામાં શ્રમ અને સહયોગની વધારે જરૂર પડશે. ફક્ત સાધનોથી જ કામ થઈ જતું હોત તો અબજો રૂપિયાનો ખર્ચ કરતી સરકારો આ કામને પણ હાથમાં લઈ શકતી હોત. ધનવાન લોકો પણ આ કામ કરી શકત. યાદ રાખવું જોઈએ કે ફક્ત સાધન અને રૂપિયાથી દરેક કામ થઈ શકતાં નથી. લોકોની ભાવના જગાડવી, પોતાની પ્રામાણિકતા, અનુભવશીલતા, યોગ્યતા અને ત્યાગભાવનાનો જનતાને વિશ્વાસ આપવો પડે છે. જો જનતાના ગળે આટલી વાત ઊતરી જાય તો જનકલ્યાણનાં કાર્યોમાં બીજાને પ્રોત્સાહિત કરીને એમનો અમૂલ્ય સહકાર મેળવી શકાય છે. બાકી તો મોટો પગાર અને ભરપૂર સગવડો આપીને પણ પછાત તથા ગરીબ જનતાને આદર્શવાદી કામ કરવા માટે તૈયાર કરી શકાય નહિ. જે ભાવનાશીલ હોય તે જ બીજાની ભાવના જગાડી શકે છે. સર્જનાત્મક કાર્યોમાં હમેશાં કર્મવીરો જ આગળ રહે છે.

વાત પર્વત જેટલી ભારે છે, પરંતુ સાથે જ રાઈ જેટલી સરળ પણ છે. જો વ્યક્તિ સાદું જીવન જીવે અને કુટુંબને સ્વાવલંબી, સુસંસ્કારી બનાવવાની જવાબદારી પૂરી કરે તો સમજવું જોઈએ કે સેવાસાધનાના માર્ગમાં જે મુશ્કેલી હતી તે દૂર થઈ ગઈ. વિચારશીલ વ્યક્તિ મનથી નક્કી કરી લે તો જનકલ્યાણ માટે, યુગપરિવર્તન માટે દરરોજ ઓછામાં ઓછા બે કલાકનો સમય આપી શકે છે. પ્રાચીનકાળમાં બ્રહ્મચારી, વાનપ્રસ્થો અને સદ્‌ગૃહસ્થો આવું સાહસ કરતા હતા. ગુરુ ગોવિંદસિંહે પોતાના શિષ્યોમાંથી દરેક ગૃહસ્થનો મોટો દીકરો સિપાઈ બનાવવા માટે માગ્યો હતો. આ કારણે જ શીખોનો ઇતિહાસ વીજળીની જેમ ચમકે છે. દેશના રક્ષણ માટે અને આબરૂ બચાવવા માટે લાખો લોકોએ બલિદાનો આપ્યાં અને મુશ્કેલીઓ વેઠી. આ પરંપરા બુદ્ધ અને ગાંધીના જમાનામાં પણ સક્રિય હતી. વિનોબાનું સર્વોદય આંદોલન

આના આધારે ચાલ્યું હતું. સ્વામી વિવેકાનંદ, દયાનંદ વગેરેએ સમાજને અસંખ્ય ઉચ્ચસ્તરીય કાર્યકર્તાઓ આપ્યા હતા. આજની સૌથી મોટી આવશ્યક્તા એ જ છે. સમયની માગ એવા મહામાનવોની છે, જે પોતે આગળ વધે અને બીજાને આગળ વધારે.

માની લીધું કે આજે સમાજ સ્વાર્થી અને સંકુચિત થઈ ગયો છે, તો પણ એટલું તો માનવું જ પડશે કે આ ધરતીને 'વાંઝણી'તો ન જ કહી શકાય. ૬૦ લાખ સાધુબાવા ધર્મના નામે ઘરબાર છોડીને ભટકી શકે તો પછી એવું કોઈ કારણ નથી કે મિશનની એક લાખ વર્ષની સમયદાનની માગણી પૂરી ન થઈ શકે. એક વ્યક્તિ જો દરરોજ બે કલાકનું સમયદાન આપી શકે, તો એક વર્ષમાં ૭૨૦ કલાક થાય છે. ૭ કલાકનો દિવસ માનવામાં આવે તો એક વર્ષમાં ૧૦૩ દિવસ થઈ જાય છે. જો કોઈ વ્યક્તિ ૨૦ વર્ષની ઉંમરમાં આ સંકલ્પ લે અને ૭૦ વર્ષ સુધી એનું પાલન કરે તો આ ૫૦ વર્ષના કુલ પાંચ હજાર દિવસ થાય છે. એનો અર્થ થયો ૧૪ વર્ષ એક લાખ વર્ષનો સમય પૂરો કરવા માટે એવા ૧૦૦૦૦૦ / ૧૪ = ૭૧૪૩ લોકો પોતાના જીવનમાં જ એક લાખ વર્ષની સમયદાનની માગણી પૂરી કરી શકે છે. આ તો એક નાનો હિસાબ થયો. મિશનમાં એવા પરિજનોની ખોટ નથી, જે આજે પણ સાધુ બ્રાહ્મણ જેવું પરોપકારી જીવન જીવી રહ્યા છે અને પોતાનો બધો સમય યુગપરિવર્તનની યોજનાઓમાં આપી રહ્યા છે. આજે પણ એવા હજારો બ્રહ્મચારી અને વાનપ્રસ્થીઓ છે. એમનો પણ સમય ગણવામાં આવે તો સમયનો આંક એક લાખ વર્ષને પણ વટાવી જાય છે.

વાત એટલા પૂરતી સીમિત નથી. પ્રજ્ઞા પરિવારના એવા કેટલાય ઉદારચેતા છે. જેમણે હીરકજયંતીના અનુસંધાનમાં સમયદાનના આગ્રહ અને અનુરોધને દૈવી નિર્દેશ માન્યો છે અને પોતાની પરિસ્થિતિઓ સાથે તાલમેળ બેસાડીને એક વર્ષથી માંડીને પાંચ વર્ષ સુધીનો સમય આપ્યો છે. એવા લોકો પણ અસંખ્ય છે, જેઓ પ્રવાસ પર તો જઈ નથી શકતા, પરંતુ ઘરે રહીને જ અવારનવાર મિશનની ગતિવિધિઓને અગ્રગામી બનાવવા સમય આપતા રહેશે. સ્થાનિક ગતિવિધિઓ સુધી જ સીમિત રહીને નજીકના કાર્યક્ષેત્રને પણ સંભાળતા રહેશે.

પુરુષોની જેમ સ્ત્રીઓ પણ આ સમયદાનના યજ્ઞમાં ભાગ લઈ શકે છે. શારીરિક અને બૌદ્ધિક બંને પ્રકારનો શ્રમ કરીને સ્ત્રીઓ મહિલાસમાજમાં નવચેતના જગાડી શકે છે. અભણ સ્ત્રીઓ પણ ઘરોની આગળ પાછળ શાકવાડી લગાડી શકે છે. જેમના પર કૌટુંબિક જવાબદારી નથી, શારીરિક રીતે સ્વસ્થ અને સ્ફૂર્તિવાન છે, તેઓ શાંતિકુંજના ભોજનાલયમાં કામ કરી શકે છે અને અહીંના વાતાવરણમાં રહીને આશાતીત સંતોષભર્યું જીવન જીવી શકે છે.

પ્રચારાત્મક, રચનાત્મક અને સુધારાત્મક કાર્યક્રમોમાં એવાં કેટલાંય કામ છે, જે પોતપોતાની પરિસ્થિતિઓને અનુરૂપ કરી શકાય છે. પ્રચારાત્મક સ્તરનાં કાર્યો (૧) ઝોલા પુસ્તકાલય (૨) જ્ઞાનરથ (૩) સ્લાઈડ પ્રોજેક્ટર પ્રદર્શન, ટેપરેકોર્ડરથી યુગસંદેશ અને યુગસંગીત જનજન સુધી પહોંચાડવું (૪) દીવાલ પર આદર્શ વાકયો લખવાં (૫) સાઈકલયાત્રામાં સામેલ થવું. સંગીત, સાહિત્ય તથા કળાના માધ્યમથી પણ ઘણું કામ થઈ શકે છે. સાધનદાનથી પણ અનેક સત્પ્રવૃત્તિઓનું પોષણ થઈ શકે છે. રચનાત્મક કામોમાં (૧) પ્રૌઢશિક્ષણ - પુરુષોની રાત્રિ પાઠશાળા, સ્ત્રીઓની મધ્યાહ્ન પાઠશાળા (૨) બાળ સંસ્કારશાળા (૩) વ્યાયામશાળા (૪) સ્વચ્છતા અભિયાન (૫) વૃક્ષારોપણ વગેરે. સુધારાત્મક કાર્યોમાં કુરિવાજો, અનૈતિકતા, અંધવિશ્વાસ વગેરે દૂર કરવાં તે મુખ્ય છે.(૧) નાતજાત, ઊંચનીચ (૨) પડદાપ્રથા (૩) દહેજ (૪) નશાબાજી (૫) ફૅશનના નામે નકામું ખર્ચ. બાળલગ્ન વગેરે કુપ્રથાઓ નાબૂદ કરવા માટે શક્ય તેટલા પ્રયત્નો કરવા. ઉપરાંત શારીરિક, માનસિક, આર્થિક, કૌટુંબિક, સામાજિક, ધાર્મિક તથા સાંસ્કૃતિક ક્ષેત્રો સાથે સંબંધિત કેટલાય કાર્યક્રમો એવા છે કે કોઈ પણ ક્ષેત્રમાં અને કોઈપણ સ્થિતિમાં તેનો અમલ કરવાને અવકાશ છે. જેમને નવસર્જન માટે સમય આપવો છે, તેમણે પોતાની યોગ્યતા અને પરિસ્થિતિ અનુસાર કોઈક કામ પસંદ કરી લેવું જોઈએ. આ તમામ કાર્યોના પ્રયાસ અને પ્રગતિ સમયદાન પર આધારિત છે.

એક લાખ વર્ષનો સમય એમ તો કહેવા- સાંભળવામાં બહુ વધારે લાગે છે, પરંતુ જ્યારે બધા પરિજનો ભેગા મળીને એના માટે કમર કસે છે, ત્યારે દરેકના ભાગમાં થોડોક જ સમય આવે છે.

**મોટું અનુદાન - મોટું વરદાન :** ફોલ્લાની રસી સોય ભોંકીને પણ કાઢી શકાય છે, પણ મગજમાં કે હૃદયમાં ઘૂસી ગયેલી ગોળી કાઢવા માટે કુશળ દાક્તર અને કીમતી યંત્રોની જરૂર પડે છે. કરોળિયાનું પેટ એક માખીથી ભરાઈ જાય છે પણ હાથીને દરરોજ બે-ચાર મણ શેરડી જોઈએ. કૂવામાંથી કોઈ પણ વ્યક્તિ ઘડો પાણી ખેંચી શકે છે, પણ સ્વર્ગમાંથી ધરતી પર ગંગાનું અવતરણ કરવા ભગીરથ જેવું તપ અને શિવની જટાઓનો આધાર હોવો જોઈએ, વૃત્રાસુરનો વધ કરવા માટે ઋષિ દધીચિનાં હાડકાંમાંથી વજ્ર બનાવવું પડ્યું હતું. નાનાં કામ સાધારણ મનુષ્યોના સહકારથી, ઓછાં સાધનોથી થઈ શકે છે, પરંતુ મહાન કાર્યો માટે વિશાળ યોજનાઓ બનાવીને આગળ વધવું પડે છે. ધરતીની તરસ બુઝાવવા અને સમુદ્રની સપાટી જાળવી રાખવા માટે હજારો નદીઓનું પાણી એમાં સતત પડવું જોઈએ.

પરિવર્તન અને નિર્માણ બંને કષ્ટસાધ્ય છે. ભ્રૂણ જ્યારે શિશુરૂપે ધરતી પર આવે છે તો પ્રસવપીડાની સાથે થતો રક્તસ્રાવ પથ્થરદિલને પણ પીગળાવી દે છે. પ્રસ્તુત પરિસ્થિતિઓના દૃશ્ય અને અદૃશ્ય બંને પક્ષ એવા છે, જેના કણકણમાંથી મહાવિનાશનો પરિચય મળે છે. સમયની આવશ્યકતા એટલી મોટી છે કે ઘણાબધાએ ઘણુંબધું કરવું જોઈએ. વિનાશ સામે ઝઝૂમવા અને વિકાસને પ્રત્યક્ષ કરવા માટે અસામાન્ય વ્યક્તિત્વ, અસામાન્ય કૌશલ્ય અને અસીમ સાધન જોઈએ. એટલાં અસીમ કે જેને ભેગાં કરવાનું કોઈ વ્યક્તિ કે સમુદાય માટે કઠિન છે. એ તમામ સરંજામને ભેગો કરવાનું માત્ર પરમેશ્વરના હાથમાં છે. હા, એટલું અવશ્ય છે કે નિરાકારને સાકાર જીવધારીઓમાં નિયોજિત રણનીતિની અને કૌશલભરી વ્યવસ્થાની જરૂર પડે છે. એ પણ પરિમાણમાં. એવાં કાર્યોનું સંયોજન તો સ્રષ્ટાની વિધિવ્યવસ્થા જ કરે છે, પરંતુ એનું શ્રેય શ્રદ્ધાવાન સાહસિકોને મળી જાય છે. હનુમાન અને અર્જુનની શક્તિ એમણે પોતે ઉપાર્જિત કરેલી ન હતી,

તેઓ સ્રષ્ટાનું કામ કરતાં કરતાં તેના સામર્થ્યને પ્રાપ્ત કરી શક્યા. અર્જુનને જો સારથિનું સમર્થન ન રહ્યું હોત, તો મહાભારત કેવી રીતે જીતી જાત ? હનુમાન પોતે જો બળવાન હોત તો સુગ્રીવ સાથે ઋષ્યમૂક પર્વત પર છૂપાછૂપા ન ફરતા હોત. સમુદ્રને લાંઘવાનું, લંકાને બાળવાનું, પર્વત ઉખાડવાનું સામર્થ્ય એમને અમાનતરૂપે એટલા માટે મળ્યું હતું કે તેઓ રામકાજમાં સમર્પિત હતા. કોઈ અંગત મનોકામના માટે કોઈ ભક્તે માગ્યું છે તો નારદ-મોહ વખતે મળેલા ઉપહાસની જેમ તેણે તિરસ્કૃત થવું પડ્યું છે.

મહાન પરિવર્તન સાથે જોડાયેલા નવસર્જનનું ઉભયપક્ષીય કાર્ય એવું છે કે જેને સંપન્ન કરવા માટે એટલાં સાધન જોઈએ, જેનું વિવરણ શબ્દોમાં કરી શકાતું નથી. એ ભેગાં કરવાનાં છે, ભેગાં થશે પણ.

અભીષ્ટ પ્રયોજનની મહાનતાને સંપૂર્ણ રૂપમાં આંકી શકાતી નથી. એના કેટલાય કાર્યક્રમો છે. પ્રસ્તુત સંકટ કે સંકલ્પ આ જ પ્રકારનો છે જે અવતરણ પર્વ પર ગત વસંત પંચમીએ પ્રકટ થયો. સગવડની દૃષ્ટિએ એને પાંચ ભાગોમાં વહેંચી દેવામાં આવ્યો છે. (૧) એક લાખ યજ્ઞ (૨) એક લાખ નરરત્ન (૩) એક લાખ અશોક વાટિકા (૪) એક લાખ ગ્રામતીર્થ (૫) એક લાખ વર્ષનું સમયદાન સંકલન. આ પાંચ કામ ધરતીને માથા ઉપર ઉઠાવવા જેટલાં ભારે છે. કોઈ પણ મનુષ્યનું મગજ એની યોજના વિચારી શકતું નથી, તો પછી એને હાથમાં લેવાની વાત વિચારી જ કેવી રીતે શકાય ? આ દેવકાર્ય છે, જે મારા જેવી તુચ્છ વ્યક્તિ કદાપિ કરી શકે નહિ. આ પરમ સત્તાનું કામ છે અને તે કઠપૂતળીની જેમ પ્રજ્ઞાપરિવારને નચાવી રહ્યા છે.

સારું તો એ છે કે આ ગોવર્ધનને હળીમળીને ઊંચકવામાં આવે. સારું તો એ છે કે સમુદ્ર સેતુ બાંધવામાં ખિસકોલીની જેમ યથાસંભવ ફાળો આપીને યશ કમાવામાં આવે. આ યોજનામાં ફાળો આપવાથી પ્રજ્ઞા પરિજનોને લાભ જ થશે. જેટલું ગુમાવશે એના કરતાં મળશે વધારે. બીજને થોડીક ક્ષણો જ ગળવાનું કષ્ટ સહેવું પડે છે. તે પછી તો વધવાનો, હરિયાળા થવાનો અને ફૂલવાફાલવાનો આનંદ જ આનંદ છે. વૈભવ જ વૈભવ છે. સ્વતંત્રતા-સંગ્રામમાં જેઓ આગળ આવીને કૂદી પડ્યા તેઓ આઝાદી પછી મિનિસ્ટર બનવાથી માંડીને પેન્શનના લાભ મેળવી શક્યા, આજનો અવસર પણ

આવો જ છે, જેમાં લીધેલી ભાગીદારી મણિમુક્તકોની ખાણને કોડીના મૂલે ખરીદી લેવા સમાન છે. જેનું શ્રેય, યશ અને વૈભવ સુનિશ્ચિત છે, જે હસ્તગત કરવામાં કંજૂસાઈથી વધુ બીજું કંઈ થઈ શકે નહિ.

## ત્રણ સંકલ્પોની મહાન પૂર્ણાહુતિ

અમે જેવું કર્યું છે તે આ પુસ્તકમાં સમય સમય પર બતાવવામાં આવ્યું છે. જેવો અમારા ગુરુનો આદેશ મળ્યો છે તેવા અમારા સંકલ્પો બન્યા, પાક્યા અને ફલિત થતા ગયા છે. ૧૯૮૬ના વર્ષનો ઉત્તરાર્ધ મારા જીવનનું મહત્ત્વપૂર્ણ સોપાન છે. આ વર્ષના અંતની સાથે મારા ૭૦ વર્ષની હીરકજયંતીનો અધ્યાય પૂરો થાય છે. જેની પૂર્ણાહુતિનો સમય પણ આવી પહોંચ્યો છે. અખંડ જ્યોતિ પત્રિકા, જે આ મિશનની પ્રેરણા રહી છે, જેના કારણે આ વિશાળ પરિવાર ઊભો થયો છે, તે હવે પચાસમાં વર્ષમાં પ્રવેશ કરી રહી છે. તેની સુવર્ણજયંતી આ ઉદ્દેશ્યથી ઊજવવામાં આવી રહી છે. ત્રણ વર્ષથી અમારી સૂક્ષ્મીકરણ સાધના ચાલી રહી છે. તેને સાવિત્રી સાધના અથવા ભારતવર્ષની દેવશક્તિની કુંડલિની જાગરણ સાધના પણ કહી શકાય છે. સાધકગણ પોતાની સ્વર્ગમુક્તિ, રિદ્ધિ-સિદ્ધિ માટે સાધના કરે છે, પરંતુ મારી સાધના વિશુદ્ધ લોકમંગલનાં પ્રયોજનો માટે જ છે, જેનાથી આપણા દેશની ગરિમા જ વધે એટલું જ નહિ, પરંતુ ધરતી પર ફેલાયેલ અનેક અભાવો, સંકટો તથા મુશ્કેલીઓનું નિરાકરણ પણ થઈ શકે.

આ ત્રણ મહાન અનુષ્ઠાનોની પૂર્ણાહુતિ એક વિશેષ ધર્માનુષ્ઠાન દ્વારા કરવામાં આવી રહી છે. ૨૪ લાખનાં ૨૪ મહાપુરશ્ચરણની પૂર્ણાહુતિ પર સન ૧૯૫૮માં અમોએ ૧૦૦૦ કુંડી યજ્ઞ કર્યો હતો, જે અવિસ્મરણીય બની ગયો હતો. આ વખતે ત્રણ મહાન સાધનાઓની પૂર્ણાહુતિ આખા ભારતમાં કુલ ૧૦૦૦ સ્થાનોએ ૧૦૮ કુંડીય યજ્ઞ તેમજ યુગનિર્માણ સંમેલનોના રૂપમાં થશે. એક વર્ષમાં એક હજાર યજ્ઞોના માધ્યમથી એક લાખ યજ્ઞોનો મારો સંકલ્પ પણ પૂર્ણ થશે. સાથેસાથે જુદાં જુદાં ક્ષેત્રોના વાતાવરણનું પરિશોધન કરવામાં, સમૃદ્ધિ અને પ્રગતિમાં સહાયતા કરશે.

એવું ન સમજવામાં આવે કે આ બધા સંકેત, આદેશ કોઈ વ્યક્તિ - વિશેષ માટે છે એટલે તેણે જ પૂરા કરવા જોઈએ. અત્રે એવું સમજવું જોઈએ કે આવો મોટો ભાર કોઈ વ્યક્તિ તો ઉઠાવી શકે નહિ અને તેને લક્ષ્ય સુધી પહોંચાડી પણ શકે નહિ. આ વ્યક્તિ વસ્તુતઃ સમુદાય છે, જેને આજની પરિસ્થિતિમાં પ્રજ્ઞા પરિવાર જેવો નાનો એકમ સમજી શકાય છે, પરંતુ આગામી દિવસોમાં આ ઉદારચેતાઓની મહાન બિરાદરી હશે. આ યશસ્વી વર્ગમાં સહયોગી થવું, તેને સોંપેલ કામોમાં ભાગ લેવો તે નસીબદારો માટે એક અલૌકિક વરદાન છે. જે પોતાના ભાગમાં આવતું કામ કરીને ઉપર પ્રમાણેનું અનુદાન પ્રાપ્ત કરે છે.

યુગસંધિ ૨૦૦૦ સુધી ચાલશે. ત્યાં સુધી મારે સ્થૂળ અથવા સૂક્ષ્મ શરીરથી સક્રિય રહેવાનું છે. મને સોંપેલ બધાં કામોને પૂરાં કરીને જ જવાનું છે. પરિજનોએ અત્યાર સુધી બધાં જ મહત્ત્વપૂર્ણ કાર્યોમાં સાથ- સહકાર આપ્યો છે અને કદમ સાથે કદમ મિલાવીને ચાલતા રહ્યા છે. વિશ્વાસ કરવામાં આવે છે કે આ અગ્નિપરીક્ષાના સમયમાં તેઓ સાથ- સહકાર છોડશે નહિ. પાછું વળીને જોશે નહિ. આ શ્રેયસાધનામાં બધા પ્રાણવાનોની પૂરેપૂરી ભાગીદારી રહેશે. ⊙

# ૨૩. આત્મીયજનોને અનુરોધ અને એમને આશ્વાસન

સાધનાથી ઉપલબ્ધ થયેલ વધારાની શક્તિને વિશ્વના મૂર્ધન્યવર્ગને ઢંઢોળવામાં અને ઊલટાવીને સીધું કરવામાં ખર્ચી નાખવાની મારી ઈચ્છા છે. દોરાને સોયમાં પરોવનારા મળી ગયા હોત તો સોનામાં સુગંધ ભળત, નહિતર હમેશાં અપરિચિતની સ્થિતિમાં બેસી રહેવામાં તકલીફ પડતે. મૂર્ધન્યોમાં સત્તાધીશો, ધનવાનો, વૈજ્ઞાનિકો અને મનીષીઓનો ઉલ્લેખ છે. આ લોકો સર્વોચ્ચ સ્તરના પણ હશે અને સામાન્ય કક્ષાના પણ હશે. જો સર્વોચ્ચ સ્તરના લોકોની સૂક્ષ્મતા તીક્ષ્ણ હશે તો તેઓ અહંકારી અને આગ્રહી હશે. આથી હું એકલા

ઉચ્ચવર્ગને જ નહિ, પણ મધ્યમવૃત્તિવાળા લોકોની સાથે ચારેય વર્ગના લોકોને મારી પકડમાં લઈ રહ્યો છું, જેથી વાત નીચેથી ઉપર સુધી પહોંચી શકે.

બીજો વર્ગ જાગૃત આત્માઓનો છે. એમનું ઉત્પાદન ભારત ભૂમિમાં હમેશાં થતું રહ્યું છે. મહામાનવ, ઋષિ, મનીષી, દેવતા વગેરે અહીં જેટલા જન્મ્યા છે તેટલા બીજે ક્યાંય જન્મ્યા નથી. આથી મને વધારે સરળતા રહેશે. હું એવા પ્રયત્નો કરીશ કે જ્યાં પણ પૂર્વસંચિત સંસ્કારોવાળા આત્માઓ નજરે પડશે તેમને સમયનો સંદેશો સંભળાવીશ. યુગધર્મ બતાવીશ. લોકોને સમજાવીશ કે આ સમય મોહ-લોભમાં કાપકૂપ કરવાનો અને થોડામાં નિર્વાહ કરી સંતોષ માનવાનો છે. જે કંઈ હાથમાં છે તેને વાવી, ઉગાડીને હજારગણું કરવામાં આવે. હું એકલો જ ઊગીને મોટો થઈને તથા સુકાઈને ખલાસ થઈ જાઉં તો તે એક દુર્ઘટના બની કહેવાશે. એકમાંથી હજાર બનવાની વાત વિચારી છે અને કહેવામાં આવી રહી છે તો તેનું પ્રત્યક્ષ પરિણામ પણ હજારગણું મોટું હોવું જોઈએ. પ્રજ્ઞા પરિવાર વિશાળ છે. વળી ભારતભૂમિની ઉત્પાદનશક્તિ પણ ઓછી નથી. આ સિવાય મારી યોજના વિશ્વવ્યાપી પણ છે. એમાં એકલું ભારત જ નહિ, સમગ્ર સંસાર આવી જાય છે. આથી વિચાર ક્રાંતિની પ્રક્રિયાને પરિસ્થિતિ અનુસાર વ્યાપક બનાવવા માટે જાગૃત આત્માઓનો સમુદાય વિશ્વના દરેક દેશમાં મળે એવો પ્રયાસ ચાલી રહ્યો છે. કાર્યપદ્ધતિ ક્ષેત્રીય વાતાવરણને અનુરૂપ બનતી રહેશે, પણ લક્ષ્ય એક જ હશે - 'બ્રેઈન વોશિંગ', વિચાર પરિવર્તન - પ્રજ્ઞા અભિયાન. હું તીરની જેમ સડસડાટ કરતો લક્ષ્ય સુધી પહોંચવાનો પ્રયત્ન કરીશ. જેનામાં આવા પ્રકારની ચીવટ હશે તેને અનુભવ થશે કે મને કોઈ જગાડી રહ્યું છે. ઢંઢોળી રહ્યું છે, ખેંચી રહ્યું છે, બાંધી રહ્યું છે. આમ તો આવા લોકો સમયની માગ પ્રમાણે અંતરાત્માની પ્રેરણાથી જાગી જતા હોય છે. બ્રાહ્મમુહૂર્તમાં કૂકડો પણ બાંગ પોકારવા માટે ઊઠી જાય તો એવું કોઈ કારણ નથી કે જેમનામાં પ્રાણચેતના ભરેલી છે તેઓ મહાકાળનું આમંત્રણ ન સાંભળે તથા પેટ-પ્રજનનની જવાબદારી

અને અભાવગ્રસ્તતાનું બહાનું બતાવતા રહે. સમયનો પોકાર અને મારી વિનંતીનો સંયુક્ત પ્રભાવ થોડોક પણ ન પડે એવું બની શકે જ નહિ. વિશ્વાસ રાખવામાં આવ્યો છે કે આ સ્તરનો એક શાનદાર વર્ગ તૈયાર થઈને આગળ આવશે અને સામે જ કટિબદ્ધ ઊભેલો નજરે પડશે.

ત્રીજો વર્ગ પ્રજ્ઞા પરિવારનો છે. તેની સાથે મારો વ્યક્તિગત સંબંધ છે. લાંબા સમયથી એક યા બીજા બહાને સાથે રહેવાના કારણે સંબંધો એવા ગાઢ બની ગયા છે કે તે ક્યારેય નષ્ટ થઈ શકે તેમ નથી. આનાં અનેક કારણો છે. પહેલું કારણ એ છે કે મને કેટલાય જન્મો યાદ છે, જ્યારે લોકોને નથી. જેમની સાથે પૂર્વજન્મોના ગાઢ સંબંધો છે તેઓને સંયોગવશ અથવા તો પ્રયત્નપૂર્વક મેં પરિજનોના રૂપમાં એકઠા કરી લીધા છે અને એ લોકો કોઈ ને કોઈ રીતે મારી આસપાસ ભેગા થઈ ગયા છે. એમને અખંડ જ્યોતિ પોતાના ખોળામાં લઈ રહી છે. સંગઠનના નામે ચાલી રહેલ રચનાત્મક કાર્યક્રમો પણ આ જ સંદર્ભમાં આકર્ષણ ઉપજાવી રહ્યા છે. આ સિવાય બાળક અને માબાપની વચ્ચે જે સાહજિક વાત્સલ્યનું આદાનપ્રદાન થતું હોય છે તે પણ મારી અને એમની વચ્ચે ચાલતું રહ્યું છે. બાળકો સ્વાભાવિક રીતે વડીલો પાસે કંઈક ને કંઈક ઈચ્છતાં રહેતાં હોય છે. ભલે પછી મોઢે માગે કે ઈશારો કરીને માગે. બાળકોની અપેક્ષા વધારે મોટી હોય છે. ભલે પછી તે ઉપયોગી હોય કે બિનઉપયોગી, જરૂરી હોય કે બિનજરૂરી. તેમને તે આપીને જ શાંત કરી શકાય છે. તેમનામાં એ સમજણ નથી હોતી કે આના પૈસા વ્યર્થ જશે અને વસ્તુ પણ કંઈ કામમાં નહિ આવે. જ્યાં સુધી બાળકો બૌદ્ધિક રીતે પરિપક્વ થતાં નથી અને ઉપયોગિતા- અનુપયોગિતા વચ્ચેનું અંતર સમજતાં નથી, ત્યાં સુધી બાળકો અને વડીલો વચ્ચે આ પ્યારભરી ખેંચતાણ ચાલતી રહે છે. મારી સાથે પરિજનોનો એક એવો સંબંધ પણ ચાલતો રહ્યો છે.

માન્યતા એટલે માન્યતા જ. હઠ એટલે હઠ. ભલે પછી પ્રત્યક્ષ સંબંધો ન હોય પણ પૂર્વસંચિત સંબંધોનું દબાણ હોય. આપણી બધાંની વચ્ચે એક એવું પણ જોડાણ છે કે જે વિચાર-વિનિમય, સંપર્ક-સાંનિધ્ય સુધી જ સીમિત રહેતું નથી, એવું પણ ઈચ્છે છે કે વધારે આનંદમાં રહેવાનું કોઈક સાધન, કોઈક તક પ્રાપ્ત થાય. ઘણાની સામે ઘણી

બધી મુશ્કેલીઓ હોય છે. કેટલાય ભ્રમજંજાળમાં ફસાયેલા હોય છે. કેટલાયને છે તેનાથી વધારે સારી સ્થિતિ જોઈએ છે. કારણ ગમે તે હોય પણ જોવામાં આવ્યું છે કે મોટાભાગના લોકો ઈચ્છાઓ અને આકાંક્ષાઓ લઈને આવે છે. બોલીને અથવા બોલ્યા વિના માગણીઓ વ્યક્ત કરે છે. સાથે વિચારે પણ છે કે અમારી વાત યથાસ્થાને પહોંચી ગઈ છે. એનો વિશ્વાસ એમને ત્યારે જ થાય છે, જ્યારે તેમનું કાર્ય સંપૂર્ણ યા અડધું પૂર્ણ થાય છે.

માગનાર અને દાતાનો સંબંધ બીજો છે. બાળકો અને માબાપોની બાબતમાં આ વાત લાગુ પડતી નથી. વાછરડું દૂધ ન પીએ તો ગાયની ખરાબ હાલત થાય છે. માત્ર ગાય જ વાછરડાને આપતી નથી. વાછરડું પણ ગાયને કંઈક આપે છે. જો આવું ન થતું હોત તો કોઈ માબાપ બાળકને જન્મ આપવાની, તેના લાલન-પાલનમાં સમય બગાડવાની, તેની પાછળ ખર્ચ કરવાની ઝંઝટમાં પડત નહિ.

ગાયત્રી પરિવાર, પ્રજ્ઞા પરિવાર વગેરે નામો તો કહેવા પૂરતાં જ રાખ્યાં છે. તેના સભ્યપદ માટે નોંધણી રજિસ્ટર તથા સમયદાન અને અંશદાનનાં બંધનો પણ છે, પણ વાસ્તવિકતા કંઈક જુદી જ છે, જેને આપણે બધા જ સારી રીતે જાણીએ છીએ. આ છે જન્મજન્માંતરોની સંચિત આત્મીયતા. તેની સાથે જોડાયેલ અનેક પ્રસંગો અમને યાદ છે. પરિજનો એને યાદ રાખી શક્યા નહિ હોય. વળી તેઓ વિશ્વાસ પણ ધરાવે છે કે પરસ્પર આત્મીયતાની એવી મજબૂત દોરીથી બંધાયેલા છીએ કે તે કેટલીક વાર તો માત્ર હલબલાવીને જ રાખી દે છે. એકબીજાની વધારે નજીક આવવા, એકબીજા માટે કંઈક કરી છૂટવા આતુર હોય છે. આ કલ્પના નથી વાસ્તવિકતા છે. જેની બંને પક્ષોને સતત અથવા અવારનવાર અનુભૂતિ થતી રહે છે.

આ ત્રીજો વર્ગ છે બાળકોનો. એમની મદદથી મિશનનું થોડું ઘણું કામ થયું છે, પણ તે બાબત ગૌણ છે. મુખ્ય પ્રશ્ન એક જ છે કે એમને હસતાં-ખેલતાં જોવાનો આનંદ કેવી રીતે મળે ? અત્યાર સુધી તો

મિલન, પરામર્શ, સત્સંગ, સાંનિધ્ય વગેરે દ્વારા આ ભાવસંવેદનાની તુષ્ટિ થતી હતી, પણ હવે તો નિયતિએ એ સગવડ પણ છીનવી લીધી છે. હવે પરસ્પર મિલનનો અધ્યાય પૂર્ણ થઈ રહ્યો છે. આમાં કોઈ સમયની કમી કે વ્યવસ્થાને લગતું કારણ નથી. વાત એટલી જ છે કે આનાથી સૂક્ષ્મીકરણ સાધનામાં અવરોધ ઊભો થાય છે. મન ભટકવા લાગે છે અને જે સ્તરનું દબાણ અંતઃકરણ પર પડવું જોઈએ તે પડતું નથી. પરિણામે એ લક્ષ્યની પૂર્તિમાં અવરોધ ઊભો થાય છે, જેની સાથે સમસ્ત મનુષ્યજાતિનું ભાગ્ય-ભવિષ્ય જોડાયેલું છે. મારી પોતાની મુક્તિ, સિદ્ધિ અથવા સ્વર્ગપ્રાપ્તિને લગતું કારણ હોત તો તેને ભવિષ્યમાં કરીશું તેમ કહીને ટાળી દીધું હોત, પણ સમય એવો વિકટ છે કે તે એક ક્ષણની પણ છૂટ આપતો નથી. ઈમાનદાર સૈનિકની જેમ મોરચો સંભાળવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. એટલા માટે સૂક્ષ્મીકરણના સંદર્ભમાં મારે મારી સાધના માટે પરિજનોને એકલા છોડી દેવા જોઈએ.

બાળકો - પ્રજ્ઞા પરિજનોને મારું એટલું જ આશ્વાસન છે કે જો તેઓ તેમના ભાવસંવેદના ક્ષેત્રને થોડું વધારે પરિષ્કૃત કરી દે તો અત્યારે જે નિકટતા છે તેના કરતાં વધારે ગાઢ નિકટતાનો અનુભવ કરશે. કારણ કે મારું સૂક્ષ્મ શરીર ઈ.સ. ૨૦૦૦ સુધી વધારે પ્રખર બનીને જીવશે. જ્યાં એની જરૂર હશે ત્યાં વિના વિલંબે તે પહોંચી જશે. એટલું જ નહિ, સ્નેહ-સહયોગ, પરામર્શ-માર્ગદર્શન જેવાં પ્રયોજનોની પૂર્તિ પણ કરતું રહેશે. મુશ્કેલીઓમાં મદદ કરવાની, બાળકોને ઊંચે ઉઠાવી આગળ વધારવાની મારી પ્રકૃતિમાં સહેજ પણ ફરક નહિ પડે. આ લાભ પહેલાંની સરખામણીમાં વધારે મળી શકે તેમ છે.

મારા ગુરુદેવ સૂક્ષ્મ શરીરથી હિમાલયમાં રહે છે. સતત ૬૧ વર્ષથી મેં તેમનું સાંનિધ્ય અનુભવ્યું છે. આમ તો આંખો દ્વારા જોવાની તક તો સમગ્ર જીવનમાં ત્રણ જ વાર પ્રાપ્ત થઈ છે અને તે પણ ત્રણ ત્રણ દિવસ માટે જ. ભાવ-સાંનિધ્યમાં શ્રદ્ધાની ઉત્કૃષ્ટતા રહેવાથી તેનું પરિણામ એકલવ્યના દ્રોણાચાર્ય, મીરાંના કૃષ્ણ અને રામકૃષ્ણનાં કાલીદર્શન જેવું હોય છે. મને

પણ આ લાભ સતત મળતો રહ્યો છે. જે પરિજનો પોતાની ભાવસંવેદના વધારતા રહેશે તેઓ ભવિષ્યમાં મારી સમીપતાનો અનુભવ અપેક્ષા કરતાં વધારે કરતા રહેશે.

બાળકો વડીલો પાસે કંઈક ઈચ્છે તે બરાબર છે, પણ વડીલો બાળકો પાસે કંઈ જ ન ઈચ્છે એવું નથી. નિયત સ્થળે મળમૂત્ર ત્યાગવાની, શિષ્ટાચાર સમજવાની, હસવા-હસાવવાની, વસ્તુઓને ગમે તેમ ન વિખેરવાની તથા ભણવા જવા જેવી અપેક્ષાઓ તેઓ રાખતા હોય છે. જેટલું શક્ય હોય તેટલું તો તેમણે પણ કરવું જોઈએ. મારી અપેક્ષાઓ પણ એવી જ છે. ગોવર્ધન ઊંચકનારે પોતાના અબુધ ગોવાળિયાઓની મદદથી જ ગોવર્ધન પર્વતને ઊંચકી બતાવ્યો હતો. હનુમાનની વાત કોઈએ ન સાંભળી તો તે પોતાના સાથી રીંછ અને વાનરોને લઈ આવ્યા. નવનિર્માણના ખભા પર લદાયેલી જવાબદારીઓને વહન કરવા માટે હું એકલો સમર્થ બની શકતો નથી. આ હળીમળીને પાર પાડી શકાય તેવું કાર્ય છે. આથી જ્યારે સમજુ લોકોમાંથી કોઈ હાથમાં ન આવ્યું તો આ બાળપરિવારને લઈને મંડી પડ્યો અને જે કંઈ, જેટલું પણ બની શક્યું તેટલું કરતો રહ્યો. અત્યાર સુધીની પ્રગતિનો આ જ ટૂંક સાર છે.

હવે વાત આવે છે ભવિષ્યની, મારે મારાં બાળકો માટે શું કરવું જોઈએ તેનું હમેશાં ધ્યાન રાખતો રહ્યો છું અને જ્યાં સુધી ચેતનાત્મક અસ્તિત્વ રહેશે ત્યાં સુધી યાદ અપાવવા જેવી વાત એ જ છે કે મારી આકાંક્ષા અને આવશ્યકતાને ભૂલવામાં ન આવે. સમય નજીક છે. આમાં દરેક પરિજનનું સમયદાન, અંશદાન મારે જોઈએ. જેટલું મળી રહ્યું છે તેના કરતાં વધારે પ્રમાણમાં, કારણ કે જે કંઈ કરવાનું છે તેના માટે તાત્કાલિક કામ શરૂ કરવાનું છે. વળી મોટાં કામો માટે મોટા માણસો જોઈએ અને વિશાળ સાધનસામગ્રી જોઈએ. મારા પરિવારની દરેક વ્યક્તિ મોટી છે. લઘુતાનું તો તેણે મહોરું પહેરી રાખ્યું છે. મહોરું ઉતારે એટલી જ વાર છે. ઉતાર્યા પછી તેનો અસલી ચહેરો દેખાશે. ઘેટાંના ટોળામ ઊછરેલા સિંહનાં બચ્ચાંની વાત મારા પ્રજ્ઞા પરિજનોમાંથી દરેકને

લાગુ પડે છે અથવા લાગુ પડી શકે છે.

મને મારા માર્ગદર્શકે એક જ સેકંડમાં ક્ષુદ્રતાનો વાઘો ઉતરાવીને મહાનતાનો શણગાર પહેરાવી દીધો હતો. આ કાયાકલ્પમાં માત્ર એટલું જ થયું કે લોભ અને મોહના કાદવમાંથી હું બહાર આવી ગયો. જેની તેની સલાહ અને આગ્રહની ઉપેક્ષા કરવી પડી અને આત્મા તથા પરમાત્માના સંયુક્ત નિર્ણયને માથે ચડાવવાનું સાહસ કરવું પડ્યું છે. એકલા ચાલવાનો આત્મવિશ્વાસ જાગ્યો અને આદર્શોને ભગવાન માની આગળ વધ્યો. આ પછી ક્યારેય એકલા રહેવું પડ્યું નથી કે નથી ક્યારેય સાધનવિહીન સ્થિતિનો આભાસ થયો. સત્યનું અવલંબન સ્વીકારતાં જ અસત્યનો પડદો ચિરાતો ગયો.

પરિજનોને મારો એ જ અનુરોધ છે કે મારી જીવનચર્યાને પ્રસંગોના ક્રમની દૃષ્ટિથી નહિ, પણ નિરીક્ષકની દૃષ્ટિથી વાંચવી જોઈએ કે એમાં દૈવી કૃપાના અવતરણથી 'સાધનાથી સિદ્ધિ' વાળો પ્રસંગ જોડાયો કે નહિ ? આ જ રીતે એ પણ જોવું કે બીજાઓને સ્વીકારવા યોગ્ય આધ્યાત્મિકતા રજૂ કરીને હું ૠષિપરંપરા અપનાવવા માટે આગળ વધ્યો કે નહિ ? જેને જેટલી યથાર્થતા પ્રાપ્ત થાય તે તેટલી જ માત્રામાં અનુમાન કરશે કે અધ્યાત્મ વિજ્ઞાનનું વાસ્તવિક સ્વરૂપ આ જ છે. આંતરિક પવિત્રતા અને બાહ્ય પ્રખરતામાં જે જેટલા આદર્શોનો સમન્વય કરશે તે એ વિભૂતિઓ દ્વારા તેટલો લાભાન્વિત થશે, જે આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન અને ક્રિયા વિજ્ઞાન સાથે જોડવામાં અને બતાવવામાં આવી છે.

મારા તમામ પ્રજ્ઞા પરિજનોમાંથી દરેકના નામે મારી આ જ વસિયત અને વારસો છે કે મારા જીવનમાંથી કંઈક શીખે. કદમોની યથાર્થતા શોધે. સફળતા તપાસે અને જેનાથી જેટલો થઈ શકે તેટલો અનુકરણનો, અનુગમનનો પ્રયાસ કરે. આ નફાનો સોદો છે, ખોટનો નહિ.

મુદ્રક : યુગ નિર્માણ યોજના, મથુરા-૩